આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિ રચિત

# શ્રીચંદ્ર કેવલીનો રાસ

## ભાગ-૨

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક ટ્રસ્ટ,
અમદાવાદ

ॐ

આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિ રચિત

# શ્રીચન્દ્ર કેવલીનો રાસ

(અપર નામ શ્રી આનંદમંદિર રાસ)

## ભાગ : ૨

• પ્રકાશક •

શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા

અમદાવાદ-૧૪

● પ્રકાશક/પ્રાપ્તિસ્થાન ●

**૧. જિતેન્દ્રભાઈ કાપડિયા**
અજંતા પ્રિંટર્સ
૧૭/બી, સત્તર તાલુકા સોસાયટી,
પોસ્ટ : નવજીવન
અમદાવાદ–૩૮૦ ૦૧૪
ફોન : (ઑ.) ૨૭૫૪૫૫૫૭ (રહે.) ૨૬૬૦૦૯૨૬

**૨. શરદભાઈ શાહ**
બી/૧, વી. ટી. એપાર્ટમેન્ટ
કાળાનાળ, દાદા સાહેબ સામે,
ભાવનગર–૩૬૪૦૦૧ (સૌરાષ્ટ્ર)
ફોન : ૨૪૨૬૭૯૭

**૩. વિજય બચુભાઈ દોશી**
૬૦૨, દત્તાણી નગર,
બોરિવલી (વેસ્ટ)
મુંબઈ - ૯૨

ટાઈપ સેટિંગ :
ડીસ્કેન કૉમ્પ્યુ આર્ટ, કાશી એસ્ટેટ, આણંદ
ફોન : (૦૨૬૯૨) ૨૫૫૨૨૧

મુદ્રક
ભગવતી ઑફસેટ, અમદાવાદ
ફોન : (૦૨૬૯૨) ૨૫૫૨૨૧

પ્રથમાવૃત્તિ
પ્રત ૩૦૦
વિ.સં. ૨૦૬૬

# પ્રકાશકીયમ્

આ શ્રીચન્દ્ર કેવલીનો રાસ પહેલાં શ્રાવક ભીમશી માણેક દ્વારા બાળબોધ લિપિમાં છપાયો હતો અને તે પછી વાગડ સમુદાયના સાધ્વીજી મહારાજની પ્રેરણાથી કપૂરચંદ રણછોડ-દાસ વારૈયાએ રાસની કડીની નીચે ગુજરાતી ગદ્યમાં અર્થ લખીને પ્રકાશિત કર્યો હતો.

અત્ર આ રાસ બે ભાગમાં મૂળ માત્ર પ્રકાશિત થાય છે. આમ તો આ રાસના અલગ ભાગ નથી, પણ પુસ્તકનું દળ વધી જવાથી બે ભાગ રૂપે પ્રકાશિત કરીએ છીએ. અમુક અમુક શબ્દ અઘરાં આવે છે પણ તે આગળ પાછળના સંદર્ભથી સમજી જવાય છે; છતાં ન બેસે અથવા ન સમજાય તો તે અમારો દોષ છે. વિદ્વાનો મને ક્ષમા કરે.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ સ્થિત અશોકકુમાર જૈને આખો રાસ કડી પ્રમાણે ગોઠવીને કંપોઝ કર્યો છે, અને ઝીણવટથી સુધારી આપ્યો છે. અમુક સ્થળે કઠણ શબ્દોના અર્થો શોધીને પાદટીપમાં ઉમેર્યા છે. પોતાની માતાની સેવા કરીને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમનો પરિચય જસવંત ગિરધરના સુપુત્રો દ્વારા થયો છે.

—પ્રકાશક

# આવકાર વચન

શ્રીચન્દ્ર કેવલી રાસ એક માણવા જેવી રચના છે. આચાર્ય જ્ઞાનવિમલ સૂરિ મહારાજ ખૂબ નિખાલસતા ધરાવે છે, સાથે સાથે ખૂબ જ અનુકરણીય કક્ષાનો ગુણાનુરાગ છે.

તેઓ પ્રારંભમાં જ લખે છે :

**બુદ્ધિહીણ છું આળસુ, પણ પ્રેરે મુજ તેહ,**
**તેણે હેતે ઉદ્યમ કરું, ઉત્તમ ગુણશું નેહ. ૧૮**

'બુદ્ધિહીન' એ વાક્ય નમ્ર વચન કહીએ, તો પણ ઉત્તમ જનોનાં ગુણનો અનુરાગ તેમનામાં દેખાય છે. કદાચ તેઓમાં પણ ગુણો હોય છતાં ગુણોનો નેહ, અનુરાગ જ તેમની પ્રેરયિત્રી છે. તેનાથી પ્રેરિત થઈને જ તેઓ આ રાસ રચવાનો ઉદ્યમ કરે છે.

માણસે જીવનમાં ગુણો કેળવેલા હોય કે નહીં, પણ તેણે ગુણાનુરાગને તો કેળવવો જ જોઈએ.

આખો રાસ વાર્તા કથનની દૃષ્ટિએ સ્વાદુ સ્વાદુ પુરઃ પુરઃ જેમ વાંચતા જાવ, તેમ તેમ પછી શું ? પછી શું ? એવી ઉત્તરોત્તર જિજ્ઞાસાની વાર્તારસની ખાણ જેવો છે.

લખવાની બહુ અનુકૂળતા ન હોઈ આ વાતમાં આટલેથી જ અટકુ છું.

શ્રાવક ભીમસિંહ માણેકની પ્રસ્તાવના આ સાથે આપી છે એટલે વિશેષ લખવાની જરૂર પણ નથી.

પોષ વદિ પાંચમ, વિ.સં. ૨૦૬૬
સુલસા રો હાઉસ, આંબાવાડી,
અમદાવાદ-૧૫

એ જ લિ.
પ્ર૦

## શ્રુતલાભ

આ શ્રીચંદ્રકેવલી રાસ (ભાગ ૧-૨)
ના મુદ્રણનો સંપૂર્ણ લાભ મેમનગર, અમદાવાદના
શ્રી સુમતિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે લીધો છે
તે ખૂબ અનુકરણીય છે.

# ॥ अथ चतुर्थोऽधिकारः प्रारभ्यते ॥

## ॥ દોહા ॥

ચંદ્રકળા [1]નિલવટ ધરે, આદિ શક્તિ ઉદામ;
આતમ ભાવે તે થઈ, પ્રગટે અક્ષય ધામ. ૧

તેહ શક્તિ છે શાંભવી, વ્યાપી ત્રિભુવન માંહ;
તે વિણુ પુરુષારથ નહીં, સાધનને ઉચ્છાહ. ૨

તેહ શક્તિ પ્રભુ પદ રમે, પદ્માવતી પ્રતીત;
વૈરોટ્યા ધરણેંદ્ર બિહુ, સેવા કરે વિનીત. ૩

તે શ્રીપાર્શ્વ પરમેશ્વરુ, પ્રણમું પ્રેમ મયાલ;
કહું ચોથો અધિકાર હવે, મીઠો જેમ સુરસાલ. ૪

દાન શીલ તપ એ ભલાં, પણ ભાવે ભાવિત હોય;
તો શિવતરુનું ફળ દીએ, જગમાંહિ એમ જોય. ૫

ધર્મ અર્થ વળી કામ છે, એહ ત્રિવર્ગ જગ સાર;
પણ મોક્ષે જો મેલીએ, તો ચારે વર્ગ ઉદાર. ૬

ધર્મ વર્ગને સાધવા, જિમ ચારે પરમંગ;
તે માટે ગુરુરાજની, કૃપા થકી કહું ચંગ. ૭

રાજ્ય [2]પ્રાજ્ય સુખ ભોગવે, જિમિયા જે ઘૃતપૂર;
તિમ સુખ વેદે ખેદમાં, મદના સમરે પૂર. ૮

એક દિન મિત્ર સહિત થઈ, અશ્વયુગલ તિહાં લીધ;
લક્ષ્મણ મંત્રીને દેશની, ભલામણ બહુ દીધ. ૯

કહે હું આવીશ તુરતમાં, ચિંતિત કામ કરેય;
એ સવિ જનપદ પ્રમુખની, સારી ખબર કરેય. ૧૦

## ॥ ઢાળ પહેલી ॥

(રાગ આશાવરી–નાયક મોહ નચાવીઓ–એ દેશી)

શીખ ભલામણ દેઈને, ચાલ્યા શ્રીચંદ્ર ગુણચંદ્ર રે;
મૂક્યો દેશ તે તુરતમાં, ચાલે જેમ અહમેંદ્ર રે;
અહો અહો નેહની પ્રબળતા, દુર્બળતા હોયે દેહ રે;
નેહ નિવિડ નરનારીને, નેહ તો દુખનું ગેહ રે.અહો૦ ૧

---

૧. કપાળ ૨. અધિક

વિકટ અટવીમાંહે ગયા, જોતાં તેહના ભાવ રે;
તરુતલ સૂતો [1]કાપડી, વૃદ્ધ શરીર પ્રસ્તાવ રે.અહો૦ ૨

અતિસાર રોગે પીડિયો, એકાકી નિરાધાર રે;
કરુણા કરી [2]પડિગણ કરે, બહુ ઔષધ ઉપચાર રે.અહો૦ ૩

દૂરે ભિલ્લોનાં ગામથી, વિવિધૌષધ તિહાંથી આણ રે;
સ્નાનાભ્યંગન સાચવે, દેશ કાલ દ્રવ્ય જાણ રે.અહો૦ ૪

હર્ષિત થઈ અવધૂત ભણે, દીસે છે મુજ ભાગ્ય રે;
અંત અવસ્થાએ તુમ સમા, મળીયા આવી લાગ રે.અહો૦ ૫

જગ નિર્હેતુક ઉપકારીયા, તુમ સમ નર જગમાંહિ રે;
રત્નગર્ભા તિણે કારણે, પૃથિવી નામ ધરાય રે.અહો૦ ૬

યતઃ—दो पुरिसे धरई धरा, अहवा दोई वि धारिया धरणी
उवयारे जस्स मई, उवयारो जं न विसरई १
याचमानजनमानसवृत्तेः पूरणाय बत जन्म न यस्य
तेन भूमिरतिभारवतीयं, न द्रुमैर्न गिरिभिर्न समुद्रैः २

**ભાવાર્થઃ**–(૧) બે પ્રકારના પુરુષો વડે જ ધરતી ટકી છે–એક તો જેની ઉપકાર કરવાની વૃત્તિ છે અને બીજો જે કરેલ ઉપકારને વીસરતો નથી. આ બે ન હોય તો ધરતી ટકે નહીં, નષ્ટ થઈ જાય. (૨) યાચના કરનારા માણસની મનોવૃત્તિને પૂરવા માટે જેનો જન્મ નથી, તો ખેદકારક જ છે; કારણ કે તેના જન્મથી ભૂમિને ભાર લાગે છે. ઝાડો થકી, પર્વતો થકી અને સમુદ્ર થકી ભાર લાગતો નથી.

તે ભણી મુજ પાસે અછે, વર પારસ પાષાણ રે;
ભુવનમાંહે તે દોહિલો, દઉં હું તેહ ગ્રહાણ રે.અહો૦ ૭

કહે કુમર હવે તેહને, ઉપકાર કરી કુણ હાર રે;
ઉપકૃતિથી ઉપગારડો, [3]ઈહે તેહ ગમાર રે.અહો૦ ૮

વળતું ભાખે કાપડી, લાંપડી વાત મ બોલો રે;
ચાપડી માંહે શું અછે, બાપડી તનું શું ખોલો રે.અહો૦ ૯

ઉછીનું નથી વાળતો, તુમ સમ અવર ન ઠામ રે;
પાત્ર જાણીને આપીએ, લીયો જેમ કરું પ્રણામ રે.અહો૦૧૦

૧. કાર્પાટિક, સંન્યાસી ૨. પરિચર્યા ૩. ઇચ્છે

જેહના ફરસ થકી હુવે, લોહાદિક સવિ ધાત રે;
સુવર્ણપણું તે [૧]ઉપલ લહે, દુર્લભ એહની જાત રે.અહો૦૧૧

મેદિની અનૃણ કરાવજો, કરજો દીન ઉદ્ધાર રે;
મુજ મઠ એક કરાવજો, મહિમા જૈન વિહાર રે.અહો૦૧૨

બહુ હઠ કરી પારસ દીએ, નિઝામો તેણે તેહ રે;
મૃત ઠામે તસ મઠ કરાવ્યો, પાળ્યું વચન ધરી નેહ રે.અહો૦૧૩

અનુક્રમે આઘા ચાલીયા, આવ્યું એક ઉદ્યાન રે;
વંશજાલ દીઠી તિહાં, અષ્ટોત્તર શત પર્વ માન રે.અહો૦૧૪

પક્વ સરલ ઉન્નત અછે, શાસ્ત્રોક્ત લક્ષણયુત રે;
તેહ વિદારીને લીએ, મૌક્તિક[૨] યુગલ પવિત્ત રે.અહો૦૧૫

મિત્ર પ્રત્યે નૃપ એમ કહે, વૃદ્ધ મણિ નર જાણી રે;
નારી તે છે લઘુ મણિ, નર માદા નામે જાણી રે.અહો૦૧૬

એહનો ગુણ તે જાણીએ, નર રાખીજે પાસ રે;
નારી ધન લેઈ આપીએ, પરને કરી વિશ્વાસ રે.અહો૦૧૭

નારી નર પાસે આવે, પણ એ ધન છે દુષ્ટ રે;
પરને છેતરવા ભણી, ન કરે કામ એ શિષ્ટ રે.અહો૦૧૮

તિહાંથી આઘા ચાલીયા, મેહેલી [૩]પાલીનો અંત રે;
શ્રી પર્વતગિરિ તુંગ છે, કનકાભિધપતિ તંત રે.અહો૦૧૯

ગિરિ દેખીને મોહીયા, જોવે તે ચોપખેર રે;
ગિરિ ગહ્વરને વનહ દરી, તરુવન રાજિ સમીર રે.અહો૦૨૦

તૃષાક્રાંત થયા જિસ્યે, જોયે જલનાં ઠામ રે;
તેણ સમે તરુણી રુદતી સુણી, તસ દુઃખ મેટણ કામ રે.અહો૦૨૧

તે જોવાને તે ગયા, વિષમ ઠામે ગિરિશૃંગ રે;
દુઃખણી ભિલ્લડી દેખીને, પૂછે દુઃખનું અંગ રે.અહો૦૨૨

વળી જલસ્થાનક પૂછિયું, દેખીને ઉત્તમ દોય રે;
જલભૃત લોહનો કુંભ છે, આગળ આણી ઢોય રે.અહો૦૨૩

તેણે જળ તે પીધું નહીં, અનુચિત કુલ વ્યવહાર રે;
ભિલ્લીએ જલથાનક કહ્યું, તિહાં ગયા દોય કુમાર રે.અહો૦૨૪

૧. પથ્થર ૨. મોતીનું જોડું, બે મોતી ૩. પલ્લી

સ્નાન પાન કરી સુખ લહ્યાં, આવી બેઠા તરુછાય રે;
તવ તેહનું દુઃખ પૂછિયું, કહે કિરાતી તિણ ઠાય રે.અહો૦૨૫

એ શ્રીગિરિને આગળે, દૂરે વીણાપુર નયર રે;
પદ્મનાભ નર તેહનો,તે નયરને પાસે વળી નયર રે.અહો૦૨૬

તેહનો નૃપ તેહને ઘરે, એક છે [1]સોવન-કુંભ રે;
ચોરે અપહર્યો અન્યદા,પગ આવ્યો ચોરનો લંભ રે.અહો૦૨૭

તસ સુભટે મમ પતિ ધર્યો, ચોર તે હુંતો અન્ય રે;
સમજાવ્યો સમજે નહીં, તેહ નરેશ્વર શૂન્ય રે.અહો૦૨૮

તે દેવાની [2]છતી નથી, અને વળી જૂઠું આળ રે;
તેણે દુઃખે રોઉં હું દુઃખિણી, કડુઓ કર્મ જંજાલ રે.અહો૦૨૯

કહે શ્રીચંદ્ર ભદ્રે સુણો, જે [3]અયકુંભ તે આણો રે;
તુરત રિક્ત કરી આણીઓ, ફરસ્યો પારસ પાષાણો રે.અહો૦૩૦

અગ્નિયોગે કંચન ઘટ કરી, દીધો ભિલ્લડી હાથ રે;
તે લેઈ રાજાને દીઓ, છોડાવ્યો પ્રાણનાથ રે.અહો૦૩૧

નિષ્કારણ ઉપગારીયા, ચિરંજીવો એ સંત રે;
સવિ વૃત્તાંત પતિને કહ્યો, હર્ષ્યો કિરાત અત્યંત રે.અહો૦૩૨

શ્રીચંદ્ર તિહાંથી ચાલીયા, વીણાપુરમાં જાય રે;
ગઢ મઢ મંદિર પ્રમુખની, શોભા નિરખી સુખ થાય રે.અહો૦૩૩

સૂર્યવતી સુત સુંદરુ, મિત્ર તે વસ્ત્રે વીંઝે રે;
[4]વેદિકાએ બેઠા આવીને, દેખી નયર મન રીઝે રે.અહો૦૩૪

હવે તિહાં પૂર્વ સારિકા તણો, જીવ ઇહાં ઉપ્પન્નો રે;
પદ્મનાભ નૃપ અંગજા, પદ્મશ્રી થઈ ધન્નો રે.અહો૦૩૫

મંત્રિ સુતા કમલશ્રીયા, સાથે પરમ છે નેહ રે;
બેહુ ક્રીડા કરી શહેરમાં, આવંતી સસનેહ રે.અહો૦૩૬

નિજ ઘરે તે જાતાં અછે, બેઠા શ્રીચંદ્રને દીઠ રે;
મોહી [5]થગિત થઈ રહી, જ્ઞાનવિમલ મતિ જિટ્ઠ રે;
મલિયાં પૂરવ ઇષ્ટ રે.અહો૦૩૭

---

૧. સુવર્ણકુંભ ૨. શક્તિ ૩. લોઢાનો કુંભ ૪. ઓટલા પર ૫. સ્થગિત, સ્થિર

## ॥ દોહા ॥

તિણ વેળાયે દાખવે, બાવના ચંદન લેઈ;
કચોલું સશિખા ભર્યું, નિજ સખી હાથે દેઈ. ૧

લેઈ ગઈ રાજા આગળે, કિશું એ કુણ મૂકણહાર;
કહે સખી આ પુરનો ધણી, પદ્મનાભ નૃપ સાર. ૨

પદ્માવતી તેહની પ્રિયા, પુત્રી પદ્મશ્રી નામ;
તેણે મૂક્યું છે તુમ ભણી, સફળ કરો કરે પ્રણામ. ૩

તેહ સુણી નૃપ ચિંતવે, નહીં એ ભોગને કાજ;
કિંતુ નિજાશય દાખવા, એ સવિ કીધો સાજ. ૪

અથવા દક્ષ પરીક્ષતા, હેતે મૂક્યું પ્રાહે;
એમ ચિંતીને [૧]કનીનિકા, મુદ્રા મૂકે તે માંહે. ૫

સખી વિસર્જી તે ગઈ, કરે કચોલું દીધ;
હરખી કન્યા ચિત્તમાં, જાણ્યું કારજ સિદ્ધ. ૬

વળી છૂટાં કુસુમ મોકલે, કની કુમરને તામ;
પાછાં ગૂંથી મોકલ્યાં, નૃપતિ છે મન અભિરામ. ૭

કહે ગુણચંદ્ર એહ શી કલા, નૃપ કહે સુણ પરમાર્થ;
ચંદન પરે વર નર ભર્યું, એહ સહરે વર સાર્થ. ૮

મુદ્રા રત્ન પરે માહરું, થાનક ભાવી જાણ;
એહ સમસ્યા દાખવી, કુમરી આશય જાણ. ૯

છૂટક કુસુમ પરે અછું, નિર્ગુણ ને અસહાય;
ગુણયુત નરની સંગતે, માલા શીશ ધરાય. ૧૦

એહવું સૂચ્યું જાણીને, [૨]પ્રાગ્ ભવ સ્નેહ નિબંધ;
નૃપ પુત્રીએ વર વર્યો, મંત્રિપુત્રી ઇમ અનુબંધ. ૧૧

તેણે તેહ વિલોકીઓ, તેણે પણ તિહાં તેહ;
બેહુ જણ દૃષ્ટિસરાગથી, વાધ્યો પ્રબળ સનેહ. ૧૨

હવે તે પુત્રી બિહુ ગઈ, નિજ નિજ ગેહ મઝાર;
પિતરને ભાવ જણાવવા, હર્ષિત હૃદય મઝાર. ૧૩

---

૧. કનિષ્ઠિકા, સૌથી નાની આંગલી ૨. પૂર્વ

એહવે પદ જોતો થકો, પાછળ આયો કિરાત;
નિજ સ્ત્રી કેરાં વયણથી, રોમાંચિત થયું ગાત. ૧૪
વેદિકાએ બેઠા દેખીયા, ચરણે કરી પ્રણામ;
આ હું તે છું ભિલ્લડો, તુમે દીધું જીવિત દાન. ૧૫

**॥ ઢાળ બીજી ॥**

(સકળ સદાફળ આપે એ—એ દેશી)

આગ્રહ કરી બહુ ભાવે એ, નિજ ઠામે તે લાવે એ;
જાવે એ, ઉલટ ધરી ઉદ્યાનમાં એ. ૧
દ્રાખ સહકારની સાખ એ, શુભ ફળ કેરાં લાખ એ;
ચાખે એ, સ્વાદ કરી તે બેહુ જણા એ. ૨
પૂછે નૃપ હવે વાત એ, એ બહુ ફળની જાત એ;
કેમ થાત એ, હેમંત ઋતુએ કહો એવડાં એ. ૩
કહે શબર સુણો સ્વામી એ, એ ફળની જાતિ બહુ પામી એ;
નામી એ, શીશે કરી જોડી ભણે એ. ૪
એણી ગિરે શિખર છે પંચ એ, તેહમાં એક અતિ ઊંચ એ;
પ્રપંચ એ, માતર શિખર તણો ઘણો એ. ૫
કોણ ઈશાન તેહની સુરી એ, વિજયાધિષ્ઠાયિની પ્રવરી એ;
અતિ ખરી, એ ગિરિની સહાય કરે એ. ૬

**અથ કિરાતકૃત સ્તવના**

(ચરણાલી ચામુંડા રણ ચડે—એ દેશી)

ચરણાલી પાલી નવિ પુલે, સિંહ યાનાદિ નવ રોલે;
વિજયા વિજયાધિક રાતડી, નયને કરી દુશમન ઢોલે. ચ૦૧
મહા માયા આદિ શક્તિ છે, માતંગી ચંગી દેહા;
વીસ હચ્છી સચ્છ કરે ગ્રહી, રાખે રાક્ષસ સસનેહા. ચ૦૨
ધજ બંધી ધરતીમાં એણે, ગુણ સંધી ધનુષ ટંકારે;
દુર્જ્જન જન દોષી લબાડ જે, તેહને ઝાડ પર ઉડાડે. ચ૦૩
શ્રીગિરિ પર્વત રખવાલિકા, ગોપાલિકા ગાવે ગીત;
બલિ બાકુલ ભોગ લેવે ઘણા, મણા કિસિય નહીં બહુ નીત. ચ૦૪

મુક્તાફળ હારની પંતિઓ, મનું તારા ગ્રહગણ જ્યોતિ;
સીત વસનાભૂષણભૂષિતા, ટાલંતી દુશમન છાતી. ૨૦૫

પરમેશ્વરી શંબરી શંકરી, શર્વાણી સુખકર છાય;
ભગવતી ભવાની ભાસુરી, જગદંબા અંબા માય. ૨૦૬

રક્ત ચંદન સિંદૂર રંગશું, ચર્ચીજે છાકમ છોલ;
બલિ પૂજા પૂજિત પાર્વતી, ત્રિપુરા તારા રંગરોલ. ૨૦૭

તુજ નયન કટાક્ષે નિરખીયા, પરખીયા પોહવી પ્રભુ વાતા;
તેજાળા વહાલા જગતના, તે માતા છે સુખશાતા. ૨૦૮

**ઇતિ કિરાતકૃત વિજયા ગીતં**

**॥ પૂર્વ ઢાળ ॥**

તે સુરી ચૈત્યને આગળે, તરુઅર એક સદા ફળે;
તસ ફળ, સ્વાદુ અમૃતને ધિગ્ કરે એ. ૭

એ પર્વત અતિ તુંગ છે, એક મારગનો સંગ છે;
તિહાં પ્રસંગ છે, મુજ વિણુ અવર ન કોઈનો એ. ૮

વૃદ્ધ વચનથી હું લહું, વસ્તુ કોશાદિક છે બહુ;
નિર્વહું, એ ગિરિની સવિ વાતડી એ. ૯

પાઉં ધારો આગળ થાઉં, એહ મનોરથ ચાહું;
નિર્વાહું, તે કહોને તુમો શિર ધરી એ. ૧૦

મિત્ર સહિત નૃપ ગિરિ ચઢે, સાથે કિરાત ચલ્યો દૃઢે;
અતિ ગૂઢે, ગુહા શૃંગવન અતિ ઘણાં એ. ૧૧

એક અછે તિહાં [1]પલ્વલ, ભરિયું છે નિર્મલ જલ;
ઉત્પલ્લ, કમલપરિમલે વાસીયું એ. ૧૨

સમિત્ર નૃપતિ સ્નાન આચરે, સરસ સદાફળ વાવરે;
અતિ ખરે, વિજયા સુરીના શિખરથી એ. ૧૩

પક્વ અપક્વ જે ગોસ્તની, આમ્ર કદંબની બહુ બની;
અતિ ઘણી, કદલી નાલેરી તણી એ. ૧૪

ખર્જ્જુરી રાજાદની, જંબૂ જંબીરી પણ ઘણી;
પુરધણી, આગળ આણી ઢોયવા એ. ૧૫

૧. તળાવડું

સાધુ માધુર્યે પૂરિયાં, બીજપૂર બહુ ચૂરિયાં;
અંકૂરિયાં, જામ નારિંગ તણાં ફળાં એ. ૧૬
દાડિમ ફનસ ને ચારોલી, ક્ષીરામલક મેવા મળી;
આમિલી, આંબલી પીલૂ પીલડાં એ. ૧૭
કરણાં વઅણાં અતિ ઘણાં, ગૂંદાં શૃંગાટક બદરીડાં;
ટીમણીડાં, વાલુંકી ચિર્ભટ તણા એ. ૧૮
મૃદ્વિકાસવ પાનક, નિર્મલ જલ જિહાંનક;
આનક, પરે ગુંજે નિર્જરણાં તિહાં એ. ૧૯
એલા લવિંગ લવલાદલાં, નાગવલ્લી તણાં દલાં;
કોમલાં, જાતિકોશ શુભ કેવડા એ. ૨૦
જાઈ જૂઈ માલતી, કુંદ મચકુંદ સોહાવતી;
ભાવતી, કુસુમ જાતિ આગલ કરે એ. ૨૧
તે સઘળાં સફળાં કર્યાં, પ્રસન્ન કરી સવિ તે ધર્યાં;
શિરે ધર્યાં, ચંપક કેતકી માલતી એ. ૨૨
ભૂધરે ભૂધર ભાવીઓ, ચિત્તમાંહિ અતિ ઠાવીઓ;
જણાવીઓ, તિણે કિરાત સવિ માંહિનો એ. ૨૩
લહી આદેશ સુરી તણો, વાશ્યો નગર સોહામણો;
અતિ ઘણો, મહિમા જાણ્યો ગિરિ તણો એ. ૨૪
સમયે શ્રી જિનવર તણું, અતિ ઉત્તંગ સોહામણું;
ચોગુણું, કરાવીશે નિજ ઘર થકી એ. ૨૫
દિન કેતાએક તિહાં રહી, ભિલ્લને શીખ દેઈ સહી;
તુરંગ વહી, ચાલ્યા આગળ બેહુ જણા એ. ૨૬
પંથે આતપ પીડિયા, સરોવર પાળે [૧]સંઠિયા;
કુંઠિયા, મને નહીં બેહુ જણા એ. ૨૭
એહવે એક [૨]અધ્વગ તિહાં, આવે કુમર અછે જિહાં;
કહે કિહાંથી, આવ્યા તસ પૂછિયું એ. ૨૮
તસ કર [૩]પંજર એક છે, કીરયુગલ માંહે રુચે;
કિહાં ગછે, પૂછે તે પંથી પ્રતે એ. ૨૯

૧. સ્થિત થયા, બેઠા ૨. મુસાફર ૩. પાંજરું

કીરયુગલ બોલાવીઓ, શાસ્ત્ર નિપુણ એમ ભાવીઓ;
પામીઓ, ચિત્ત પ્રમોદ પ્રતે ઘણું એ. ૩૦
પૂછે કિહાં એ પાવિયો, અથવા વિક્રયે લાવિયો;
સોંપાવીઓ, કુણહી કોઈને હેજથી એ. ૩૧
તે કહે નંદ નયર ધણી, હરિષેણ રાજા બહુ ગુણી;
તેહ તણી, તારાલોચના નંદની એ. ૩૨
વીણાપુર નૃપ નંદિની, પદ્મશ્રી છે ગુણધણી;
તેહ તણી, સખી છે તિણે તેહને એ. ૩૩
કીરયુગલ એ મોકલ્યું, મુજ હાથેથી અટિકલ્યું;
તિહાં ભલ્યું, ચિત્ત માંહોમાં તેહનું એ. ૩૪
મુજ મુખે તેણીયે કહાવીયો, સ્વયંવર દિને જે નર આવીયો;
લાવીયો, તે કર્મે તાહરે વર ગુણનીલો એ. ૩૫
માહરે પણ વર તે વરવો, એ નિશ્ચય મને એમ ધરવો;
નિસ્તરવો, જમવારો તુજ પ્રીતિશું એ. ૩૬
અધ્વગે એ વાર્ત્તા કહી, કીરયુગલને સંગ્રહી;
ગહ ગહી, ચાલ્યો વીણાપુર ભણી એ. ૩૭
નૃપ અનેક તિહાં આવશે, સ્વયંવર મંડપ શોભાવશે;
પાવશે, અતિ બહુ માન નૃપતિ તણાં એ. ૩૮
તે દિન ઉપર જાઈશું, સ્વયંવર ભેલા થાઈશું;
આયશું, એહવો ચિત્તમાં ભાવીયો એ. ૩૯
એહવે કોઈ આવી કહે, સ્વયંવર મંડપ નિર્વહે;
કૃત બહુ, ઉચ્છવ વીણાપુર હોવે એ. ૪૦
સ્વયંવર દેખણને હેતે, મિત્ર સહિત નૃપ બહુ હેતે;
સંકેતે, જાએ તિહાં ઉલટ ધરી એ. ૪૧
નૃપ સામંત મંત્રીસર, બેઠા અનેક રાજેસર;
કેસર, ચર્ચિત અંગ સુગંધલાં એ. ૪૨
વિસ્મય દેખી પામીયા, એ કુણ આવ્યા ધામીયા;
કામીયા, સ્વયંવરમંડપ દેખવા એ. ૪૩

ગ્રહગણમાં જિમ ચંદ્રમા, તેજવંતમાં [1]અર્યમા;
નહીં સમા, એહના ગુણથી આગલા એ. ૪૪

જ્ઞાનવિમલ મતિ જેહની, પુણ્ય દિશા હોયે તેહની;
મેહની પરે, તે સહુને સોહામણા એ. ૪૫

**॥ દોહા ॥**

મંડપ માંહિ આવીયા, જબ શ્રીચંદ્ર કુમાર;
[2]હરિ વૈતાલિકે ઓલખ્યા, બોલે જયજયકાર. ૧

દાને કીર્તિ વધે ઘણી, દાને દોલત હોય;
દાન કિહાંયે દીધું હતું, અફળ ન થાયે કોય. ૨

काव्यं (शार्दूल०)

पात्रे पुण्यनिबंधनं तदितरे दीने दयाख्यापकं,
मित्रे प्रीतिविवर्धनं रिपुजने वैरापहारक्षमं;
भट्टादौ च यशस्करं नरपतौ सन्मानसंपादकं,
भृत्ये भक्त्यतिशायि दानमफलं श्रीचंद्र न क्वापि ते. १

ભાવાર્થઃ–પાત્રમાં દીધેલું દાન પુણ્યને બાંધનારું છે તથા દીન જનને દીધેલું દાન દયાને દેખાડનારું છે, મિત્રને આપેલું દાન પ્રીતિ વધારનારું છે, વૈરી જનને આપેલું દાન વૈરને નાશ કરનારું છે, પંડિતને દીધેલું દાન યશકારક છે, રાજાને દીધેલું દાન સન્માનને સંપાદન કરનારું છે, ચાકરને દીધેલું દાન આપણી પર ભાવ ધરનારું છે; માટે હે શ્રીચંદ્ર! તમારું આપેલું દાન કાંઈ નિષ્ફળ નથી.

છંદ હાટકી

જે પરનારી સહોદર સુંદર, દુઃસ્થિત જન આધાર;
જે કાયર નર શરણાગત વર, વજ્ર પંજર અનુકાર. ૧

જે નિષ્કારણ મેઘ તણી પરે, કરતા બહુ ઉપગાર;
તે શ્રીચંદ્ર સદા જયવંતો, અર્થિત સુરસહકાર. ૨

**॥ પૂર્વ દોહા ॥**

એમ નિસુણી નૃપ ઉત્તમે, દીધું તસ બહુ દાન;
ઉચિત ન ચૂકે સયણ તે, જેહને જેહ પ્રધાન. ૩

કહે મિત્ર પ્રતે રાજવી ઇહાં, જણાવ્યાનું નહીં કામ;
એમ ચિંતી ઉત્તર દિશે, ચાલ્યા નિશિ પડી તામ. ૪

૧. સૂર્ય ૨. હરિ નામનો એક ભાટ, ચારણ

મધ્ય રાત્રિ એક યક્ષઘરે, સૂતા નિર્ભય ચિત્ત;
પરભાતે ઊઠ્યા જિસે, નૃપ કહે મિત્ર પવિત્ર. ૫

મેરુગિરે સુરતરુ તળે, કોઈ અદ્ભુત સ્ત્રી આવી;
લક્ષ્મી વા કુલદેવતા, બ્રાહ્મી અંકે મુજ લાવી. ૬

સાંપ્રતિ દીઠું સ્વપ્ન એ, કોઈ અદ્ભુત ફળ થાય;
ઇહાં કાંઈ સંશય નહીં, કોઈ મહા સુખ થાય. ૭

એમ કહી પંથે ચાલીયા, અટવીમાંહે જાય;
આગળ જાતાં એક સ્ત્રી, દૃષ્ટિ મેળાપક થાય. ૮

ભયથી ચકિત વરલોચના, ભૂષણભૂષિત દેહ;
ભવ્ય અરુણ [1]અંશુક ધર્યાં, ઝરતાં નીર નીરેહ. ૯

વેગ થકી તે આવતી, સધવ સગર્ભા નાર;
શ્રીચંદ્રે નિરખી નયન, અમૃતાંજન અનુકાર. ૧૦

સહસા દેખી ચાલીયા, સામા ધરી ઉત્સાહ;
પદ પ્રણમીને એમ કહે, એણે ઠામે કિમ માય. ૧૧

આવો આવો માતજી, મ કરો દુઃખ લગાર;
ભય સઘળા ભાંજી ગયા, ફળ્યા મનોરથ સાર. ૧૨

કેમ એકલડાં કેમ ઇહાં, આવ્યાં એણી વાર;
ભાગ્ય અમારાથી મળ્યાં, ભૂખ્યાં અન્ન સંભાર. ૧૩

**॥ ઢાળ ત્રીજી ॥**

(આજ નિહેજો રે દીસે નાહલો–એ દેશી)

તેહ વચન સુણી દેખી કુમરને, હરખી હૃદયે અત્યંતજી;
યક્ષને ચૈત્યે રે મંડપ આવીને, બેસે જેહવે સંતજી. ૧

સયણ સખાઈ રે ભાગ્યબળે મળે, રાનમાંહે હોયે લીલાજી;
ભાગ્યે વાહલાં રે વહેલાં હળિમળે, હોયે વયણ વસીલા જી.સ૦ ૨

શ્રીચંદ્રાભિધ દીઠી મુદ્રિકા, દેખી ઓળખી હરખેજી;
પૂછે શ્રીચંદ્ર કહો તિહાં, સુરગુરુ સરિખો પરખેજી.સ૦ ૩

લેઈ ઉત્સંગે રે હર્ષ [2]નયન-જલે, નવરાવી તસ અંગજી;
ગાઢ સ્વરશું રુદન કરે ઘણું, લૂવે વસ્ત્ર સુચંગજી;
રૂપે જીત્યો અનંગજી.સ૦ ૪

---

૧. રેશમી વસ્ત્ર ૨. આંસુથી

કહે સુણ વહાલા રે સૂર્યવતી અછું, જાણે એ હું માયજી;
તું સુત માહરો રે બાર વરસે થયો, મેલો ભાગ્યપસાયજી.સ૦ ૫
પાહાનો[1] છૂટો રે હર્ષ પ્રકર્ષથી, આલિંગ્યો દૃઢ હોયજી;
હર્ષે ઘેલી મળી એ માવડી, શ્રીચંદ્ર સન્મુખ જોયજી.સ૦ ૬
કહે શ્રીચંદ્ર એકાકીપણે, અરુણ વસ્ત્રનો ભાવજી;
એહ અવસ્થા રે આવી કિણી પરે, વનમાંહિ કુણ લાવેજી.સ૦ ૭
આપ ચરિત કહે સૂર્યવતી તિહાં, આપ વિવાહથી માંડીજી;
ગણક નિમિત્ત શશિ સુહણાદિકે, ઇંદુપાન નૃપ રચવાડીજી.સ૦ ૮
જનમનામ મુદ્રા સુમવાટિકા, મોચન સુરવચ જાણીજી;
જ્ઞાની સાધુ વચને સવિ આગળું, ચરિત કહે સવિ વાણીજી.સ૦ ૯
અનુક્રમે હમણાં રે ગર્ભપ્રભાવથી, દોહદ વિષમો થાવેજી;
રક્ત [2]દીર્ઘિકામાંહિ નાહવું, ક્રીડા કરું ઉચ્છાહેજી.સ૦૧૦
તે દોહલો નૃપે સચિવ જણાવીઓ, [3]લાક્ષારસને પ્રપંચેજી;
વાવમાંહે હું બહુ પરે ક્રીડતાં, ભટ રહ્યા પાસે ન ખંચેજી.સ૦૧૧
રમી વિરમીને થાકી તટે રહી, [4]આમિષભ્રાંતિ રક્ત વસ્ત્રેજી;
ભારંડ પંખી રે નભ લેઈ ચલ્યો, સુભટ વિફળ થયાં શસ્ત્રેજી.સ૦૧૨
ભ્રમણ કરી અહોરાત્રિ તે પંખીએ, આવી શિલા પરે મૂકેજી;
નમોऽર્હત્ એણી પરે બોલતી, કુલ વ્યવહાર ન ચૂકેજી.સ૦૧૩
શુદ્ધિ ને શાન બેહું કિહાંયે ગઈ, ખગ બગની પરે ધીઠજી;
રાત નિગમી રે એક દરીમાંહે, દુઃખિયાં નયણ ન નીઠજી.સ૦૧૪
ચાલી પ્રભાતે રે દુષ્ટ શ્વાપદ તણા, શબ્દ સુણી ભય પામીજી;
કંપતી દોડતી શ્વાસ ભરી ઘણું, આ અટવી મેં પામીજી.સ૦૧૫
ભાગ્યબળે સંપ્રતિ સુત તુમે મળ્યા, હર્ષ જલધિ થયો પૂરજી;
આજ અભિગ્રહ સવિ પૂરા થયા, દીઠો સુત મુખ નૂરજી.સ૦૧૬
મુજ તુજ વિરહ તણું દુઃખ આકરું, તુજ પિતાને થાશેજી;
તે તો જ્ઞાની રે જાણે મન તથા, કેમ તસ કાલ ગમાશેજી.સ૦૧૭

---

૧. પારસો, સ્તનમાંથી દૂધ છૂટવું ૨. જલાશય ૩.લાખનું પાણી જે લોહી જેવું લાલ હોય ૪. માંસની ભ્રાંતિથી

સુણીયાં માડી કેરાં વયણડાં, સ્તુતિ કરવાને લાગોજી;
માડી માહરે રે પુણ્યતરુ ફળ્યો, તુમચો વિરહો ભાગોજી.સ૦૧૮

ધન્ય કૃતપુણ્ય રે કૃતકૃત્ય હું થયો, નયણે દીઠી માડીજી;
વાદળ પાખે રે જલધર વૃષ્ટિ થઈ, પુણ્યની વાડી જાડીજી.સ૦૧૯

દ્રાખ સુધારસ નવનીત ને શશી, લેઈ તેહનો સારજી;
માતા કેરું હૃદય ઘડ્યું વિધે, એહવું નીતિમાં સારજી.સ૦૨૦

यतः—ऊढा गर्भप्रसवसमये दुःखमत्युग्रशूलं
पथ्याहारैः स्नपनविधिभिः स्तन्यपानप्रयत्नैः
विष्टामूत्रप्रभृतिमलिनैः कष्टमासाध्य माता
त्रातः पुत्रः कथमपि यया स्तूयते सैव माता १

**ભાવાર્થ:**–પ્રથમ ગર્ભના પ્રસવમાં દુઃખ ધારણ કરનારી અને અત્યંત તદનંતર પથ્ય આહાર વડે, સ્નાનવિધિઓએ, તથા સ્તનપાનાદિક પ્રયત્નોએ, વિષ્ટામૂત્રાદિક મલિનતાના સહન કરવા વડે, એમ હરકોઈ પ્રકારનાં દુઃખ સહન કરીને જે માતા દ્વારા પુત્રની રક્ષા કરાય છે તે માતા જગતમાં વખણાય છે તેમાં શી નવાઈ?

શ્રીગુણચંદ્રે રે સકળ ચરિત્ર કહ્યું, ચર્યાના અધિકારજી;
સૂર્યવતી માતા તવ હરખીયાં, નૃપ કહે શો વિસ્તારજી.સ૦૨૧

એહવે આવ્યો રે જન અવલોકતાં, પગલે પગલે જામજી;
અશ્વ સહિત બેઠા બેહુ નિરખીયા, હરખ્યા કરીય પ્રણામજી.સ૦૨૨

તે બોલ્યા કહે મંત્રી નૃપ અછે, આવો આવો એથજી;
મંત્રી ગજ રથ તુરગ સહિત સવે, મળીયા હરખી તેથજી.સ૦૨૩

તેજાલે ભાલે કરી દીપતો, દેખી નૃપ કરે પ્રણામજી;
દેવ અવધારો રે બુદ્ધિસાગર નામે, સચિવ છું તન મન મામજી;
સચિવ અછું ગુણધામજી.સ૦૨૪

વીણાપુરનો રે નૃપતિ પદ્મ નામે, તસ પુત્રી જે તુમે દીઠીજી;
તે તુમશું છે અતિ અનુરાગિણી, થઈ તુજ વિરહે અંગીઠીજી.સ૦૨૫

મુજ પુત્રી પણ અનુરાગિણી થઈ, તુમ મંત્રીને દેખેજી;
એમ જાણીને રે મુજને મોકલ્યો, શુદ્ધિકરણ સંતોષેજી.સ૦૨૬

જોયાં સઘળે પણ નવિ પેખીયા, તેણે મનમાં વિખવાદજી;
હમણાં નિરખી રે અતિ આણંદીયા, કરો હવે અમ પ્રસાદજી.સ૦૨૭

સ્વયંવરે પણ બહુ નૃપ આવીયા, પુત્રી મન નવિ ભાસેજી;
કહે રાજા ઓલખીશ કહો કેણી પરે, લક્ષણથી સુપ્રકાશેજી.સ૦૨૮

કીરયુગલ પણ તિહાં કણે આણીયું, તારાલોચનાએ જેહજી;
પદ્મશ્રીને મૂક્યું પ્રીતિથી, સગાસયણ સસનેહજી.સ૦૨૯

પદ્મશ્રી નૃપ અંકે છે રહી, કીરયુગલ લીએ હાથેજી;
દેખી મૂર્ચ્છા પામી અતિ ઘણું, કીર સારિકા સાથેજી.સ૦૩૦

ચેતન પામી શીતલ વાયુથી, તાતે પૂછી વાતજી;
કેમ એ દેખી રે મૂર્ચ્છાને લહી, કહે મુજ સાંભરી જાતજી.સ૦૩૧

નયર કુશસ્થળ પાછળ હું હતી, સૂર્યવતીને પાસેજી;
કાબર હું હતી કોટિ દ્વીપની, જિનધર્મ કરું ઉલ્લાસેજી.સ૦૩૨

અઠાઈ મહોત્સવને અવસરે, શ્રી આદિદેવ પ્રસાદેજી;
જે દીઠો તે નરવર ધારીઓ, કરી અણસણ આહ્લાદેજી.સ૦૩૩

તે ઇહાં આવ્યો દીઠો મેં સહી, ધાર્યો વર મેં તેહજી;
અવર ન ધારું મનમાંહે કદા, જો હોયે ગુણનો ગેહજી.સ૦૩૪

એમ કહીને રે અશન તે નવિ કર્યું, ન પીએ નીર લગારજી;
એહવે હરિભટ્ટ આવ્યો એમ કહે, તે દીઠો સ્વયંવર મઝારજી.સ૦૩૫

રાતે મુજને રે એહ [1]પરઠ કરી, મોકલીયો બળયુતજી;
તુમ્હને દીઠા રે ભાગ્યબળે કરી, આવી કરો પવિત્રજી.સ૦૩૬

સૂર્યવતી રાણી પણ ઓલખી, ચાલ્યાં થઈ સસનેહેજી;
તિહાં આવ્યા તસ પુર ધણી આવીયો, મલીયાં હર્ષ સનેહેજી.સ૦૩૭

એહવામાંહે હરિભટ્ટ બોલીયો, ગાઈ તસ ગુણગ્રામજી;
જ્ઞાનવિમલ સૂરિ ભાખે એહવું, સુખ લહે પુણ્ય નિદાનજી.સ૦૩૮

**હરિભટ્ટેનોક્તં**

(કવિત છપ્પો)

પૂર્વે કુશસ્થળ નયર, જિનભવને દેખી,
સારિકા કરે નિદાન, ચારુ જિનધર્મને પેખી;
અણસણ કરી થઈ સ્વચ્છ, નયર વીણાપુર રાજા,
પદ્મ પદ્માવતી કંત, પદ્મશ્રી પુત્રી તાજા.

---

૧. ઠરાવ

પ્રથમા નિજ બુદ્ધે કરી, પછી જાતિસ્મરણે પેખીઓ,
તે શ્રીચંદ્ર જયો ચિરં, આજ નયણે મેં નિરખીઓ. ૧

गाहा

गभ्भेवर वीरसुए, सोणियरई दोहले तया जाये;
भारंडेणाणीया, सिरिगिरि पासंमि जा मुक्का. १

सा सूरियवई जणणी, मिलिया वरिसे दुवालसे जस्स;
सिरिपवयस्स नियमे, सो निवई जयउ सिरिचंदो. २

અર્થ–વીરસુતના ગર્ભપ્રભાવથી લોહીમાં સ્નાન કરવાનો દોહદ પૂર્ણ કરતાં, ભારંડ પક્ષીએ ઉઠાવીને શ્રીગિરિ પર્વત પર મૂકી દીધી, તે સૂર્યવતી માતા બાર વરસે પોતાના પુત્રને મળી, તે શ્રીચંદ્ર જયવંત વર્તો.

कणयपुरे कणयभ्भय, धूया कणगाउ लीई सहरज्जं;
पालई सुराई दीणं, नवलख्ख पहुय सिरिचंदो. ३

॥ દોહા ॥

સૂર્યવતી એમ સાંભળી, આપે તસ મહા દાન;
કહે જનની મુજ દેખતાં, કરો પાણિગ્રહ માન. ૧

માત તણો આગ્રહ લહી, કીધો તિહાં વિવાહ;
પદ્મશ્રી તારાલોચના, પરણી બહુ ઉત્સાહ. ૨

કમલશ્રી મંત્રીસુતા, પરણી ગુણચંદ્રેણ;
મંગલ વરત્યાં અતિ ઘણાં, પુણ્યપસાયે તેણ. ૩

કહે ચેટક નૃપ ગણ પ્રત્યે, પદ્મશ્રીને નેત;
ભવ પાછળે સારિકા હતી, પદ્મશ્રી વરદેત. ૪

તેણે શ્રીચંદ્ર નૃપતિ વર્યો, તે તો જુગતું સ્વામ;
પણ કમલશ્રી ગુણચંદ્રને, કિસ્યું સ્નેહનું ધામ. ૫

કહે ભગવન ભૂપતિ સુણો, એહનો પણ સંબંધ;
કહે કરુણારસના ધણી, ધુરથી પૂર્વ પ્રબંધ. ૬

ધરણ ગણક પહેલાં કહ્યો, તે વિમલાચલે જાય;
જપ તપ ધ્યાન થકી તિહાં, હત્યા-પાપ મુકાય. ૭

શ્રીદેવી પહેલી પ્રિયા, ધરણે મારી જેહ;
સમાધાન મરણે કરી, નરભવ ફરી લહી તેહ. ૮

સુંદર શેઠ તણી સુતા, નંદપુરે તસ નામ;
જિનદત્તા તે જિનમતે, વાસિત થઈ અભિરામ. ૯

યૌવન પામી પણ પતિ, ઇચ્છા હૃદયે ન થાય;
જનક સાથે સંઘ લેઈને, શત્રુંજય યાત્રાએ જાય. ૧૦

કરતો તીર્થની સેવના, ઘરણો દીઠો જામ;
પૂરવ ભવના યોગથી, પ્રસન્ન થયું મન તામ. ૧૧

જાતિસ્મરણ તિહાં લહે, જાણી ઘરણ નિજ કંત;
વિધિપૂર્વક પણ સેવતો, દેખી રાગ અત્યંત. ૧૨

ઘરણે પણ કર્યાં [૧]ખામણાં, બંધાણો વળી પ્રેમ;
ઘરણે અણસણ આદર્યું, સંલેખના કરે એમ. ૧૩

તીર્થ ભક્તિ મહિમા થકી, ગુણચંદ્ર થયો નિરાબાધ;
બાળપણે બ્રહ્મચારિણી, ધરતી ચિત્ત સમાધ. ૧૪

જિનદત્તા મરીને થઈ, સંપ્રતિ કમલશ્રી એહ;
પાણિગ્રહણ થયું એહને, એ પણ પૂર્વ સનેહ. ૧૫

**॥ ઢાળ ચોથી ॥**

(તુંગીયાગિરિ શિખર સોહે—એ દેશી)

એમ સુણી ગણધર તણાં વયણાં, કહે ચેટક રાય રે;
કર્મ કીધાં સુકૃત દુષ્કૃત, તે ભોગવે ક્ષય થાય રે. ૧

ભાવીએ એમ ભાવ આણી, જાણીએ જિનધર્મ રે;
નેહ આતમભાવથી લહે, પરમ પદનાં શર્મ રે. ભા૦ ૨

હવે શ્રીચંદ્ર તિહાં રાજા, થયા પ્રૌઢ પ્રતાપ રે;
કરે ધર્મનાં ક્ષેત્ર પુષ્ટાં, ટાળે વ્યસનના વ્યાપ રે. ભા૦ ૩

હવે કુશસ્થળ પુરે મૂકે, કરભીભૃત બહુ ભાર રે;
બુદ્ધિસાગર સચિવને સવિ, કહે એમ સમાચાર રે. ભા૦ ૪

કનકપુરે લખમણ મંત્રીને, કહી ઇહાંની શુદ્ધિ રે;
પછી પિતાને ગામ જઈને, સકળ કહેવી શુદ્ધિ રે. ભા૦ ૫

શ્રીગિરિને ભિલ્લડે તિહાં, કહી સોવન ખાણી રે;
ચંદ્રપુર તિહાં નયર વાસ્યું, તુંગ મંદિર શ્રેણિ રે. ભા૦ ૬

---

૧. ક્ષમાપના

ગઢ મઢ વિશાલા પોલ તોરણ, વાવિ સર આરામ રે;
કૂપ યૂપ ને થૂભ બહુલી, શસ્ત્રશાળા ઠામ રે. ભા૦ ૭

મધ્યશૃંગે ચાર દ્વારે, ચૈત્ય જિનનું કીધ રે;
મહોદય પદ હેતે તેહનું, ચંદ્રપતિ નામ દીધ રે. ભા૦ ૮

ભીમ અટવી સર્વ વાસી, ગામ ઠામ નિવેશ રે;
તે કિરાતને કૃત્યકારી, થાપીયો દીયે દેશ રે. ભા૦ ૯

સ્વર્ણખાણીને ફરસ પાહણ, યોગથી સવિ ભૂમિ રે;
ધર્મથાનકે કરે મંડિત, પુણ્યકરણી સીમ રે. ભા૦૧૦

દાનશાલા ધર્મશાલા, ચૈત્યમાલા શાલ રે;
ન્યાયધર્મની ઘંટા બાંધે, તેજે ઝાકઝમાલ રે. ભા૦૧૧

હવે એક દિન દાનશાલાએ, પથિક આવ્યો એક રે;
રાય પૂછે કિહાંથી આવ્યો, કહે કલ્યાણપુરથી છેક રે. ભા૦૧૨

કનકપુરમાંહે થઈને, આવીઓ હું આજ રે;
તે નગરનો સ્વામી કિહાંયે, ગયો છે નિજ કાજ રે. ભા૦૧૩

મંત્રી લખમણ રાજ કાજે, અછે બહુ સાવધાન રે;
પણ છ નૃપનું કટક લેઈ, આવીઓ ધરી માન રે. ભા૦૧૪

ગુણવિભ્રમ નૃપ સબળ થઈને, દેશરોધ કરેઈ રે;
સૈન્ય ચતુરંગ યુક્ત મંત્રી, થયો સન્મુખ લેઈ રે. ભા૦૧૫

એમ પંથક વયણ નિસુણી, કરી ગૂઢ વિચાર રે;
પદ્મનાભ પ્રમુખ ભૂપતિ, સાથે ગુણચંદ્ર સાર રે. ભા૦૧૬

પ્રયાણક ત્રિક સાથે આપે, ચાલીયા લેઈ સૈન્ય રે;
ચંદ્રહાસ અસિ તાસ આપ્યું, જસ પ્રભાવ ન દૈન્ય રે. ભા૦૧૭

તે વોલાવી વળ્યા પાછા, ફરી શ્રીગિરે જાય રે;
ગામ નગર જે આપ વસ્યાં, નિરખી બહુ સુખ થાય રે. ભા૦૧૮

અલ્પ સૈન્યે કોઈ ગામે, વસ્યાં રાત્રે આય રે;
નષ્ટચર્યાયે શ્રીચંદ્ર નૃપ, પથિકશાલાયે જાય રે. ભા૦૧૯

તિહાં અધ્વગ એક બોલ્યો, કરે મળી સવિ વાત રે;
ગતદિને હું કુંતલાભિધ, પુરે રહીઓ રાત રે. ભા૦૨૦

સુધન શેઠ છે કૃપણ તેહને, ચાર સુત વહુ ચાર રે;
મધ્ય રાત્રે તેહ ઉઠી, કરે સ્નાન શૃંગાર રે. ભા૦૨૧

ગઈ વાટમાંહિ શમી તરુ, તેહ ઉપર બેસે રે;
ગઈ કિહાં એ પાછી આવી, હું રહ્યો ભયે તે દેશ રે. ભા૦૨૨

તિહાં થકી હું આજ આવ્યો, જોયણ પંચ તે ગામ રે;
તેહ પ્રવૃત્તિ શ્રીચંદ્રની સુણી, કર્યું મન ઉદ્દામ રે. ભા૦૨૩

સૈન્ય મૂકી તિહાં પહુતા, અદૃષ્ટ ગુટિકાયોગ રે;
સાંજ વેળાએ સુધનને ઘરે, રજની રહે ગત શોગ રે. ભા૦૨૪

મધ્ય રાતે ચાર વહૂયર, ચઢી તરુ કરી યાન રે;
માંહો માંહે કહે કિહાં જાવું, કહે એક કરી માન રે. ભા૦૨૫

ગતદિને જે વાત નિસુણી, તેહ જોવા હેત રે;
દ્વીપ કર્કોટકે અચરિજ, આજ અછે સંકેત રે. ભા૦૨૬

ચાલવું એમ કહી ચાલી, ભણી યોગિની મંત્ર રે;
શ્રીચંદ્ર પણ તરુમૂલ દૃઢ થઈ, રહ્યો જોવા તંત્ર રે. ભા૦૨૭

તતકાલમાં કર્કોટ દ્વીપે, ઊતર્યા ધરી રંગ રે;
તેહ તરુ સુસ્થાને મૂકી, જોઈ પુર નિઃસંગ રે. ભા૦૨૮

ભૂપ પણ તેણે પંથે પુરમાં, [૧]ક્રીડવાને જાય રે;
વિવિધ થાનકે પણ તે ગઈ, ભૂપ મન અચરિજ થાય રે. ભા૦૨૯

હવે નૃપતિ સિંહદ્વાર ભાગે, વિવિધ ચંદ્રની [૨]ભાતિ રે;
પ્રૌઢ મંડપમાંહે ચિત્રિત, દીપિકા અદ્ભુત કાંતિ રે. ભા૦૩૦

વિવિધ મુક્તાફળ બિરાજિત, પાદ પીઠ પ્રધાન રે;
સજ્જ સિંહાસન દેખી ચિંતે, વિજય વિમાન જાણે નિદાન રે. ભા૦૩૧

નૃપતિ દેખી ચિત્ત ચિંતે, ભોગ્ય વસ્તુને યોગ્ય રે;
શૂન્ય સિંહાસન ન શોભે, મહાવીરને ભોગ્ય રે. ભા૦૩૨

શયન આસન યાન વાહન, શસ્ત્ર શાસ્ત્રાશન પાન રે;
એમ સાધારણ સહુને, જેમ પુણ્યવંત નિધાન રે. ભા૦૩૩

મુખ થકી ગુટિકા નિકાસી, બેઠો નિર્ભય હોય રે;
ખડ્ગ હાથે સત્ત્વ સાથે, ગિરિશિખર હરિ પરે જોય રે. ભા૦૩૪

---

૧ રમવાને ૨. શોભા, કાંતિ

પાસે તસ એક થાળ ભરીયો, નાગવલ્લીદલેણ રે;
તાસ સ્વાદન કરી આદર્શે, જોવે વદન ચિરેણ રે. ભા૦૩૫

એહવામાં જવનિકાંતરે, પુરુષ બેઠા દક્ષ રે;
આવી જય જય રવે બોલ્યા, ભલે થયા પરતક્ષ રે. ભા૦૩૬

કેઈ નર વાજિત્ર[૧]વાજે, કેઈ કરે સંગીત રે;
કેઈ કહે મુખ ભાગ્ય અમચાં, જ્ઞાનવિમલ સૂરિ હેત રે;
ફળ્યા સુકૃત સંકેત રે. ભા૦૩૭

**॥ દોહા ॥**

એહવે સુભટે પરિવર્યો, આવ્યો ગ્રામાધીશ;
નિરખી શ્રીચંદ્ર ઊઠિયા, પ્રણમે [૨]નામે શીશ. ૧

ગ્રામાધીશે કુમરને, લેઈ ઉત્સંગે ઠાય;
જ્યોતિ ઝગામગ કુમરતનુ, દેખી વિસ્મય થાય. ૨

અમ ભાગ્યે તુમો આવીયા, વિણ બાદલ વિણ ગાજ[૩];
વરષાની પરે નીપન્યું, તુમ દર્શન મહારાજ. ૩

કહે હું કર્કોટ દ્વીપનો, રવિપ્રભ નામે રાય;
નવ પુત્રી છે માહરે, તેહનાં એ નામ સુહાય. ૪

અથ નામાનિ–

કનકસેના[૧] [૨]કનકપ્રભા, કનકમંજરી[૩] નામ;
કનકાભા[૪] [૫]કનકસુંદરી, [૬]કનકમાલા ગુણખાણ. ૫

કનકરમા[૭] ને [૮]મનોરમા, [૯]સ્વર્ણાભા ઇતિ નામ;
યૌવન પામી દેખીને, ચિંતાતુર થયો તામ. ૬

यतः–जातेति पूर्व महतीव चिंता, कस्मै प्रदेयेति ततः प्रवृद्धा
दत्ता सुखं स्थास्यति वा नवेति, कन्यापितृत्वं किल हंत कष्टम् १

गाहा–जम्मंतीए सोगो, वड्ढंति एव वड्ढए चिंता;
परणीयाए दंडो, जुवतिपिया निच्चिओ दुखियो. २

निय घर सोसा, पर गेह मंडणी, कुलकलंक कलिभवणं;
जेहि न जाया धूया, ते सुहिया जीवलोगम्मि. ३

---

૧. વગાડે ૨. નમાવે ૩. ગર્જના

**ભાવાર્થઃ**–(૧) પ્રથમ કન્યાના પિતાને દીકરી ઉત્પન્ન થાય, ત્યારે જ ચિંતા થાય, પછી મોટી થયે કયા વરને દેવી એ ચિંતા થાય. તેને દીધા પછી વળી સુખથી રહેશે કે નહીં રહે? એમ ચિંતા થાય, માટે કન્યાના પિતાને હા! મોટું કષ્ટ છે. (૨) જે જન્મે છે ત્યારથી શોક આપે છે, જેમ ઉંમરમાં વધે છે તેમ ચિંતા વધે છે, એને પરણાવવી એ પણ એક પ્રકારનો દંડ છે. ખરેખર! યુવાન કન્યાનો પિતા દુઃખી જ છે. (૩) જે પોતાના ઘરને શોષે છે, બીજાના ઘરને મંડિત કરે છે, કુળને કલંકિત કરનારી છે અને પાપનું ઘર છે, એવી કન્યાને જેણે જન્મ નથી આપ્યો તે આ સંસારમાં સુખી છે.

**॥ દોહા ॥**

સભામાંહે નિમિત્તિયો, પૂછ્યો મેં એક વાર;
એ સવિનો વર એક હોશે, કિંવા ભિન્ન ભરતાર. ૭

તેણે જોઈને એમ કહ્યું, એ સવિનો વર છે એક;
કોઈ પરદ્વીપથી આવશે, મહોટો નરપતિ છેક. ૮

નામ ઠામનું મુજ નહીં, એહવું નિર્મલ જ્ઞાન;
પણ અહિનાણ કહું અછું, જાણી નિમિત્ત અનુમાન. ૯

દશમી દિનની મધ્યનિશે, આવી મળશે તેહ;
કરો સામગ્રી લગ્નની, વેળા લીધ સુસનેહ. ૧૦

સજી સામગ્રી તસ કહે, દિન પણ તેહિ જ આજ;
એ સિંહાસન અલંકર્યું, સીધાં વંછિત કાજ. ૧૧

સંપ્રતિ સુંદર લગ્ન છે, દોષ અઢાર નિકલંક;
કન્યાનો કરગ્રહ કરો, જેમ રોહિણી મૃગાંક. ૧૨

બહુ આગ્રહથી નવ કની, કરપીડન તતકાલ;
તે નિરખણને આવીયા, નગરલોક અસરાલ. ૧૩

ચાર વહૂ જે શેઠની, જોવા આવી જામ;
તે દેખીને તે કહે, અહો યોગ્ય અભિરામ. ૧૪

ચિંતે કુમર એ જાયશે, તો ઇહાં રહ્યો કેમ કરેશ;
એ સાથે જાઉં તો ભલું, શૂનો છે મુજ દેશ. ૧૫

એમ ચિંતી પાનેતરે, વસ્ત્રાંચલે લખે એમ;
પ્રતાપસિંહ નૃપસુત અછું, શ્રીચંદ્ર કુશસ્થલે ખેમ. ૧૬

કુંકુમશું અક્ષર વળી, લખી વિવાહની કેડિ;
સૌધ ઊર્ધ્વ ભૂમે જઈ, ચિંતે ન કરું જેડિ. ૧૭

કનકસેના કરમુદ્રિકા, દેઈ લેઈ નિજ વેશ;
વપુચિંતાનો મિષ કરી, નિસરીયા ધરી વેશ. ૧૮

**॥ ઢાળ પાંચમી ॥**

(નવ ગજ ફાટો ઘાઘરો રે, દશ ગજ ફાટો ચીર રે, હઠીલા વયરી,
ધસમસ પડે ગોરી ઘાઘરે હો લાલ.—એ દેશી)

શમી તરુ પાસે આવીયા રે, જેહવે ધરીય ઉમાહ રે, હઠીલા રાણા.
ભલું તુમ્હારું ભાગ્ય છે હો લાલ.
પહેલાં આવી ષટ્ વર્ણની રે, દીઠો તેણીએ તેહ રે હઠીલા રાણા.
ભલું તુમ્હારું ભાગ્ય છે હો લાલ.૧

યોગિની ખર્પરા ને ઉમા રે, ચારે વહૂઅર તેહ રે.હ૦
ખર્પરા ઉમયાને કહે રે, એ ચારે વહૂ કૃપણને ગેહ રે.હ૦ ભ૦ ૨

એ દુઃખિણી મનની હુંતી રે, એક દિન ગઈ તસ ધામ રે.હ૦
ભિક્ષાભોજન બહુ દિયું રે, તૂઠી હું તેણે બહુ મામ રે.હ૦ ભ૦ ૩

એહને વિદ્યા શીખવી રે, તેણે મન ગમતું થાય રે.હ૦
અરે ભદ્રે એ ઉમયા અછે રે, શિક્ષણી માહરી મન ભાય રે.હ૦ ભ૦ ૪

પ્રથમ ધણી નાઠે હુતે રે, અપર પતિ મુજ બળ કીધ રે.હ૦
એ અમ્હ ભગતિ છે ઘણું રે, જાણ્યો એ પણ સિદ્ધ રે.હ૦ ભ૦ ૫

અચરિજ જોવા ઇહાં આવીયા રે, ભલે મળીયાં મોરી માય રે.હ૦
હવે કિહાં જાશો તે કહો રે, વહૂઅર કહે પડી પાય રે.હ૦ ભ૦ ૬

યોગિની કહે અમે જાયશું રે, કુશસ્થલ પુરે આજ રે.હ૦
વહૂઅર પૂછે તિહાં શું અછે રે, કૌતુક મોરી માય રે.હ૦ ભ૦ ૭

ખર્પરા કહે તેહનો ધણી રે, પ્રતાપસિંહ રાજાન રે.હ૦
સૂર્યવતી તેહની પ્રિયા રે, છે હમણાં સાધાન રે.હ૦ ભ૦ ૮

દોહલો તેહને ઉપનો રે, ગર્ભ તણે અનુસાર રે.હ૦
નાહું રુધિર ભરી વાવડી રે, પૂર્યો બુદ્ધિ પ્રચાર રે. હ૦ ભ૦ ૯

ભરી અલતારસ વારીશું રે, વસન થયા તસ રક્ત રે. હ૦
અપહરી ભારંડ પંખી રે. હ૦
તેણે વિયોગે દુઃખી રાજિયો રે, મરવા કરે છે ધંખી રે. હ૦ ભ૦૧૦

ચિતા રચાવીને દાઝતો રે, રાખ્યો છે સચિવ પરિવાર રે.હ૦
આજ લગે તે જીવતો રે, અછે પ્રભાતે થયે વાર રે.હ૦ ભ૦૧૧

સૂર્યવતીના પુત્રને રે, દેજો એ માહરું રાજ રે.હ૦
સચિવને કહી ઉદ્યાનમાં રે, ગોત્રદેવી આગે કરી સાજ રે.હ૦ભ૦૧૨

કાષ્ઠભક્ષણ[1] કરશે સહી રે, તદા કહેશે કોઈ દેવ રે.હ૦
તે વારે રાજા સ્વસ્થો હુશે રે, સપરિવાર તતખેવ રે.હ૦ભ૦૧૩

તેહ વિનોદને જોયવા રે, જાશું અમો ઉજમાલ રે.હ૦
એમ સુણી મૂકી ઉમા ખર્પરા રે, વહુઅર ગઈ તતકાલ રે.હ૦ભ૦૧૪

તરુતલે આવી ચિંતવે રે, જઈએ આપણે તે ઠામ રે.હ૦
પણ થોડી છે [2]યામિની રે, તો હોયે જોવા કામ રે.હ૦ભ૦૧૫

મુખ ભાગ્યે યોગિની મળી રે, જાણી એ મેં વાત રે.હ૦
વિઘન નિવારું તાતનું રે, તો સહી એહનો [3]જાત રે.રં૦ભ૦૧૬

એમ ચિંતી વૃક્ષે ચઢ્યો રે, ગુટિકાંજનને યોગ રે.હ૦
ક્ષણમાં કુશસ્થલ પામીયા રે, દેખે મળ્યાં બહુ લોગ રે.હ૦ભ૦૧૭

વનમાંહે સામગ્રી કરી રે, દીઠી તેણી વાર રે.હ૦
અવધૂત વેશે નિમિત્તિયો રે, થઈ આવ્યો વનહ મઝાર રે.હ૦ભ૦૧૮

હવે નૃપ સ્નાનમજ્જન કરી રે, ગોત્રદેવી પગે લાગ રે.હ૦
ચિતા પાસે આવ્યો જિસે રે, પરજલતી છે આગ રે.હ૦ભ૦૧૯

એહવે તેહ નિમિત્તિયો રે, કહે કરી ઊંચો હાથ રે.હ૦
[4]પડખ પડખ તું મતિમંત રે, તેહ સુણે ભૂનાથ રે.હ૦ભ૦૨૦

રાજા તેહને વિધે થકી રે, પૂજી પ્રણમી પાય રે.હ૦
કાંઈ જાણે છે કિંવા મુખરતા રે, દાખો કોઈ ઉપાય રે.હ૦ભ૦૨૧

તિથિપત્ર જોઈ સ્વરજ્ઞાનથી રે, જાણું તુજ દુઃખ ભૂપ રે.હ૦
મન ચિંતવ્યું સવિ જાણીએ રે, અમો છું બ્રહ્મસ્વરૂપ રે.હ૦ભ૦૨૨

સૂર્યવતી છે જીવતી રે, શુભ ઠામે પુત્ર સમેત રે.હ૦
થોડા દિનમાંહે હવે રે, મળશે તુજને હેત રે.હ૦ભ૦૨૩

૧. કાષ્ઠમાં બળી મરવું ૨. રાત ૩. પુત્ર ૪. પ્રતીક્ષા કર

દિન અષ્ટકમાં આવશે રે, કુશલ ખેમ સમાચાર રે.હ૦
સચિવ પ્રમુખ હરખ્યા ઘણું રે, તુમ્હ વાણી સુધાથી સાર રે.હ૦
અમ્હને દીધ આધાર રે.હ૦ભ૦ ૨૪

ગોત્રદેવીએ આણીઓ રે, એહ નિમિત્તક રત્ન રે. હ૦
સત્યવચન એ થાયશે રે, કરજો એહના યત્ન રે. હ૦ભ૦ ૨૫

ચેટાલી સુરીને સ્તવી રે, પેસારે પુરમાંહિ રે. હ૦
ઉત્સવ સાથે નિમિત્તિયો રે, આવે નૃપતિ ઉત્સાહ રે. હ૦ભ૦ ૨૬

હવે છાનો શ્રીચંદ્ર વનમાં ગયો રે, તરુ યોગિની નવિ દીઠ રે. હ૦
મનમાં ચિંતે માહરે રે, કાર્ય થયું મન ઇટ્ઠ રે. હ૦
જનક ઉગરીયો વિશિષ્ટ રે. હ૦ભ૦ ૨૭

મધ્યાહ્ને ભૂખ્યો થયો રે, યોગી યોગનું ધ્યાન રે. હ૦
રાજાએ વિધિશું જમાવીયો રે, પૂછે નૃપ યોગનિદાન રે. હ૦
લઘુવયે શું થયું જ્ઞાન રે. હ૦ભ૦ ૨૮

કહે યોગી ધ્યાન સાધવા રે, કરવા પરઉપગાર રે. હ૦
સાધીએ લઘુવયે તો ભલું રે, સંતના એ આચાર રે. હ૦ભ૦ ૨૯

પણ [1]જઠર પિઠર કેડે પડ્યું રે, તે પૂરે હોય સમાધિ રે. હ૦
અન્ન તે દેહ આધાર છે રે, દેહથી બુદ્ધિ અગાધ રે. હ૦ભ૦ ૩૦

તેહથી તત્ત્વચિંતા હોવે રે, તેહથી ઉપજે ધ્યાન રે. હ૦
ધ્યાનથી લય ગુણ ઉપજે રે, તેહથી હોય એક તાન રે. હ૦ભ૦ ૩૧

काव्य (मंदाक्रांता)

देहः स्नेहः स्वरमधुरता, बुद्धिलावण्यलज्जाः
प्राणानंगः पवनसमता क्रोधहानिर्विलासाः
धर्मः शास्त्रं सुरगुरुनतिः शौचमाचारचिंता
भक्तापूर्णे जठरपिठरे प्राणिनां संभवंति १

ભાવાર્થઃ–મનુષ્યનું પેટ જો ભોજનથી ભરેલું હોય, તો દેહ, સ્નેહ, સ્વરનું મધુરપણું, બુદ્ધિ, લાવણ્ય, લજ્જા, પ્રાણ, કામદેવ, વાયુની સમતા, ક્રોધનો નાશ, અનેક વિલાસ, ધર્મ, શાસ્ત્ર, દેવગુરુને પ્રણામ, પવિત્રતા, આચારની ચિંતા, એ સર્વ સંભવે છે. ૧

---

૧. જઠરાગ્નિ

તેહ ભણી અન્ન જોઈએ રે, અવર તે ભોગવિલાસ રે. હ૦
યોગીને ભવસુખ ભાસિયા રે, એ તો કર્મના પાશ રે. હ૦ભ૦ ૩૨

તે ભણી યોગને સેવીએ રે, યોગ તે પરમ રસાંગ રે. હ૦
યોગ તે શુભ પરિણામે મળે રે, સાધંતે અષ્ટાંગ રે. હ૦ભ૦ ૩૩

યમ નિયમ પ્રણિધાનશું રે, આસન પ્રાણાયામ રે. હ૦
પ્રત્યાહાર ને ધારણા રે, એ [1]અષ્ટાંગ યોગ નામ રે. હ૦ભ૦ ૩૪

એહના ભેદ અછે ઘણા રે, જાણે જે હોયે જાણ રે. હ૦
જ્ઞાનવિમલ ગુરુ સેવથી રે, લહીએ તસ મંડાણ રે. હ૦ભ૦ ૩૫

**॥ દોહા ॥**

કહે યોગી યુગતે કરી, પવનસાધના ભેદ;
નિદ્રા વિકથા હાસ્ય ને, આસન કેરા ભેદ. ૧

એ ચારે જયે સાધીએ, ધ્યાનારંભ વિચાર;
બ્રહ્મબીજ સંભારીએ, એહનાં સ્થાન ઉદાર. ૨

આધાર લિંગ નાભે હૃદયે, કરકમલે કંઠદેશ;
એ સ્વરસ્થાનક જાણીએ, પત્ર દોય સુવિશેષ. ૩

સોલ બાર દસ દસ દળે, દ્વાદશ ષટ્ વળી ચાર;
એ સંખ્યાએ વર્ણના, જાણીજે આધાર. ૪

યતઃ–आधारे लिंगनाभौ हृदि करकमले कंठदेशे ललाटे
द्वेपत्रे षोडशारे द्विदशदश दलेद्वादशार्द्धे चतुष्टे
नासांते वालमध्ये डफ कठसहिते कंठदेशे स्वराणा–
मित्येवं ब्रह्मबीजं सकलजनहितं ब्रह्मरूपं नमामि १

**अस्यार्थः**–गुदमूले आधारचक्रं चतुर्दलं। तत्र च शषसः मध्ये हकारः ।१।। लिंगमूले स्वाधिष्ठानचक्रं षट्दलं षट्कोणबलः ।।२।। नाभौ ग्रणिपूर्वकं चक्रं दशदलं ।।३।। डफहृदये अनाहतचक्रं द्वादशदलं ४ कंठे ग्रीवायां विशुद्धिचक्रं षोडशदलं। अ आह प्रमुख स्वरस्थापना। ललाटे अज्ञानचक्रं अक्षयं प्रणवः अनादिबीजं। इत्येतत्पुरुषाकारमयं ब्रह्मबीजं शिरसि प्रणवः चतुर्दश स्वराः ललाटे ककारादिव्यंजनपर्यन्तद्वात्रिंशद्दलं द्विर्वारं षोडश-दलमित्यर्थः यरलवशषसरूपं षट् चक्रद्वयं द्वादशारं इत्यादि गुरुगम्यं ज्ञेयं ।।

---

૧. અન્યત્ર યોગના આઠ અંગ આ પ્રમાણે છે–યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

**॥ દોહા ॥**

અહોનિશ એહવી વારતા, વિવિધ ગોષ્ઠિનો મેલ;
નૈમિત્તિક સાથે કરે, દિવસ ગમે એમ ગેલ. ૫

એ અંગજ છે માહરો, મન નવિ જાણે કાંય;
લઘુવયથી પણ યોગનો, પૂર્ણ લહે આમ્નાય. ૬

એણે નિજ જન્મનું સાધિયું, ફળ એમ ભાખે રાય;
નૈમિત્તિક પણ નયરમાં, મર્મ જોવે સવિ ઠાય. ૭

ક્યારે જાયે નિજ ઘરે, ક્યારે શ્રીપુર જાય;
ક્યારે શેઠ નિજ માતના, પૂછે સુખ સમુદાય. ૮

હવે જયાદિક ચિંતવૈ, પ્રિયા દુઃખથી રાય;
આપણ હી મરતો હુતો, ટલતી સહેજે બલાય. ૯

પણ એ નૈમિત્તિયા થકી, ચિરંજીવિત થયો ભૂપ;
પણ આપણ મન ચિંતવ્યું, કિમ હોશે અર્થરૂપ. ૧૦

ચાર માંહે એક બોલીઓ, આઠ દિવસની સીમ;
કુશલ ક્ષેમની વારતા, આવશે એ નીમ. ૧૧

ચાર દિવસમાં કીજિયે, લાખ તણું ઘર એક;
પંચમ દિવસે રાયને, પેસારીજે છેક. ૧૨

શુભ મુહૂર્ત અપવર્ગમાં, થાપીજે જિહાં ભૂપ;
દ્વાર દેઈને જગાવીએ, અનલ મહાચિદ્રૂપ. ૧૩

કાર્ય સીઝશે આપણું, રાજ્ય હોશે નિજ હાથ;
પણ જાણે નહીં બાપડા, પુણ્ય અછે જસ સાથ. ૧૪

તસ માઠું નવિ નીપજે, જો કરે કોડિ ઉપાય;
પરને જેહવું ચિંતીએ, તેહવું નિજ ઘર થાય. ૧૫

**॥ ઢાળ છઠી ॥**

(કરતાં સેતી પ્રીતિ સહુ હોંશે કરે રે કે સહુ૦– એ દેશી)

હવે તે મંત્ર પ્રચ્છન્ન, સુણે અદૃશ્ય થઈ રે કે સુણે અદૃશ્ય થઈ રે;
જોઈ મર્મ રહસ્ય તે, થાનકમાં જઈ રે કે થા૦
તેહ કુમરની કુબુદ્ધિ, [1]જતુગૃહ માંડિયું રે કે જ૦
પૂજ્ય વિનય વ્યવહાર,–પણું સવિ છાંડિયું રે કે પ૦ ૧

---

૧. લાક્ષાગૃહ

અવધૂતે પણ તામ, પ્રતિજ્ઞા કેલવી રે કે પ્ર૦
આવી નિજ ઉતારે, સુરંગ યોગ મેલવી રે કે સુ૦
જિહાં લગે લાખનું ગેહ, તિહાં લગે તે કરે રે કે તિ૦
કોઈ ન જાણે તેમ, બિહું ઘરને ધરે રે કે બિ૦ ૨

ચાર દિને થયો પૂર્ણ, આવાસ તે લાખનો રે આ૦
પંચમ દિને શુભ મુહૂર્ત્ત, જોઈ પંચ સાખીનો રે કે જો૦
હવે નૃપ તે ઘરમાંહિ, પેસે અવધૂતશું રે કે પે૦
કુમર જયાદિક જાણે, બેહુને [૧]ધૂતશું રે કે બે૦ ૩

દેઈ દ્વાર નિજ ગેહનું, નૃપતિ નિમિત્તિયો રે કે નૃ૦
સુખ દુઃખ કેરી વાત, કરે એક ચિત્તિયો રે કે ક૦
એહવે પ્રેર્યો અગ્નિ, દાવાનલ સારીખો રે કે દા૦
તે જાણી કહે ભૂપ, અસમંજસ ઓળખ્યો રે કે અ૦ ૪

કહે જ્ઞાની અવધૂત, સુણો નૃપ તાહરા રે કે સુ૦
રાજ્ય લુબ્ધ એ પુત્ર, વૈરી તુજ કાયરા રે કે વૈ૦
તેણે એ કીધું કામ, આપણને મારવા રે કે આ૦
કહે રાજા હવે કેમ, આપોપું તારવા રે કે આ૦ ૫

તાતહત્યાના કારક, ધિક્ એ નંદના રે કે ધિ૦
કહે રાજા હવે આપ, ઉગારશું કેમ મના રે કે ઉ૦
કહે યોગી જિમ રાખે, આપ મહાવ્રતી રે કે આ૦
વિષય દાવાનલમાંહે, ખેમ શુભ પરિણતિ રે કે ખે૦ ૬

તેમ આપણે ઉગરશું, કિસી ચિંતા નથી રે કે કિ૦
દેખાડી તે સુરંગ, સુરંગે તાનથી રે કે સુ૦
પરજળીયો જવ અનળ, મહાબળે પવનને રે કે મ૦
કહે યોગી પાદપ્રહાર, દીઓ એણે [૨]ગમે રે કે દી૦ ૭

જ્ઞાની સહિત તે ભૂપ, સુરંગમાં નીકળ્યા રે કે સુ૦
જીવિત દાનના દાયક, સુધા અટકળ્યા રે કે સુ૦
એહવે લાખનું ગેહ, ભસ્મ થયું પરજલી રે કે ભ૦
તે સાંભળી નૃપ ચિંતે, વિઘન ગયું સહુ ટળી રે કે વિ૦ ૮

અહો અહો જ્ઞાનીનું જ્ઞાન, અમાન ગુણે ભર્યું રે કે અ૦
ભૂપ પ્રશંસે વારંવાર, એહિ જ ચિત્તે ધર્યું રે કે એ૦

૧. ઠગશું ૨. દિશામાં

એ યોગીનાં સંગમથી, હું ઊગર્યો રે કે હું૦
ધિગ્ ધિગ્ સુત પરતક્ષ, એ વંશ મેલો કર્યો રે કે એ૦ ૯

એમ ચિંતી નિજ ધામ, ગયો મન સુખ કરી રે કે ગ૦
ભૂપ નિમિત્તિક મૃત્યુ, વાત એ વિસ્તરી રે કે વા૦
હાહાકાર અપાર, થયો તે નયરમાં રે કે થ૦
છત્ર ઉપાડે તામ, જયાદિક વયરમાં રે કે જ૦ ૧૦

ચારે ચાર કષાય, કરે અતિ દુર્ગમા રે કે કરે૦
આવી સભામાં તામ, કરે કલી સંભ્રમા રે કે ક૦
સચિવ પ્રમુખ પુરલોક, થયા સવિ આકુલા રે કે થ૦
રાજવરગ પણ સુખ, નિસર્ગથી વ્યાકુલા રે કે નિ૦ ૧૧

શોકાકુલ સવિ લોક, થોક થોકે મિલ્યા રે કે થો૦
ન હોય કામનો મેલ, જેમ છાશ ને બાકુલા રે કે જે૦
કિહાં હાહારવ બુંબ, રુદિત કિહાં પીટણાં રે કે રુ૦
કિહાં નહિ ગાન ને તાન, ન ચંદન છાંટણાં રે કે ન૦ ૧૨

દેખી એણી પરે નયર, નિમિત્તિક તવ કહે રે કે નિ૦
સ્વામી તુમ છતે લોક, કહે એમ નિર્વહે રે કે ક૦
હણીયું પુર એ સર્વ, લૂંટારા એ લૂંટશે રે કે લૂં૦
[1]ભાંડાગાર અપાર, ક્ષણેકમાં ખૂટશે રે કે ક્ષ૦ ૧૩

નિસુણી એ યોગી વયણ, રાજા તવ ધસમસ્યો રે કે રા૦
અંગરક્ષકને તેડીયા, જાણી ચિત્ત હસ્યો રે કે જા૦
જીવંતો નિજ સ્વામી, જાણી ભટ ધાઈયા રે કે જા૦
મૂચ્છર્ગિત જિમ જંતુ, ફરી જીવિત પાઈયા રે કે ફ૦ ૧૪

થઈ સન્નદ્ધ સુબદ્ધ, કરે રણ ભૂમિયા રે કે ક૦
કાષ્ઠ [2]પંજરમાં ચાર, જયાદિક [3]ખેપિયા રે કે જ૦
જેમ [4]સંજલણ કષાય, દહે ધ્યાન [5]પંજરે રે કે દ૦
મુનિવર આપ સ્વરૂપ, લહીને સંચરે રે કે લ૦ ૧૫

તિણ પરે ચામર છત્ર, સુશોભિત નૃપ થઈ રે કે સુ૦
નૈમિત્તિક યુત [6]તખત, બેઠા તે ગહગહી રે કે બે૦
સુખ પામ્યા સવિ લોક, ગઈ શોક આપદા રે કે ગઈ૦
ઘર ઘર મંગલ માલ, થઈ સુખસંપદા રે કે થઈ૦ ૧૬

---

૧. ખજાનો ૨. પાંજરામાં ૩. પૂર્યા ૪. સંજ્વલન ૫. ઠાઠડીમાં ૬. સિંહાસન

કંચન કોડિ રતન્ન, યતન કરી દીએ રે કે ય૦
પણ નૈમિત્તિક તેહ, લેશ પણ નવિ લીએ રે કે લે૦
કહી મુખ એવી વાણી, કાર્ય થયા પછી રે કે કા૦
લેશે સુણો મહારાજ, નથી અમો લાલચી રે કે ન૦ ૧૭

કરી ઉપકારને ઈહે, તસ ઉપગારડો રે કે ત૦
તે તો ન સંત કહાય, હોય લોભી જડો રે કે હો૦
વળી લઈ યોગના દંભ, હોયે જો લોભિયો રે કે હો૦
તે તો ધર્મ પિશાચ, મોહાદિકે થોભિયો રે કે મો૦ ૧૮

વળી એહવી લૌકિક નીતિ જે, પ્રીતિ હોયે ઘણી રે કે પ્રી૦
તસ ધન કેરી આથ તે, પરની નવિ ગણી રે કે પ૦
લેયણ દેયણ રીતિ એ, પ્રીતિ કારમી રે કે પ્રી૦
ભૂપતિ એહવી વાત, અમોને નવિ ગમી રે કે અ૦ ૧૯

તવ કહે ભૂપતિ નિમિત્તિક, એ સાચું કહ્યું રે કે એ૦
પણ મેં તુમથી જીવિત, બિહું વારે લહ્યું રે કે બિ૦
અર્ધ રાજ્ય લીઓ સ્વામિ, [1]અનૃણ મુજને કરો રે કે અ૦
તુમે છો મોટા સંત, એ વિનતિ ચિત્ત ધરો રે કે એ૦ ૨૦

વારંવાર કહે ભૂપ, લીએ નવિ યોગિયો રે કે લી૦
પરઉપકારી શિરોમણિ, સુકૃતનો ભોગિયો રે કે સુ૦
એમ કરતાં દિન સાત, વોલ્યા હવે જેટલે રે કે વો૦
[2]કરભી સૈન્ય રાજદ્વારે,–આવ્યું, સુણ્યું તેટલે રે કે આ૦ ૨૧

બુદ્ધિસાગર પરધાન, [3]દૌવારિકે વિનવ્યો રે કે દૌ૦
ભૂપ તણો આદેશ, લહી માંહે ઠવ્યો રે કે લહી૦
ગુપ્તવેષ તે કુમર, દેખી મન હરખીયો રે કે દે૦
બુદ્ધિસાગર એ મંત્રી, આપનો પરખીયો રે કે આ૦ ૨૨

॥ ઢાળ ॥

(નદી યમુનાકે તીર, ઉડે દોય પંખીયાં–એ દેશી)

રાજા પૂછે તામ, કિહાંથી આવીયા;
મૂકી આગળ પત્રને, આપ જણાવીયા;
તુમ્હ નંદન શ્રીચંદ્ર, નરેશનો હું અછું;
બુદ્ધિસાગર નામ, મંત્રિ તેહને બહુ રુચું. ૨૩

૧. ઋણરહિત ૨. હાથી ૩. દ્વારપાળ

સૂર્યવતી પુત્રવંતી, કુશળ ખેમે અછે;
ભૂપ અછે શ્રીચંદ્ર, તે ગુણચંદ્ર યુક્ત છે;
જયવંતું તસ રાજ્ય, પ્રવર્ત્તે છે ઘણું;
શોભાનો સમુદાય, કહો કેતો ભણું. ૨૪

કનકપુર છે એક, શ્રીચંદ્ર રાજા તણું;
તિહાં છે લખમણ મંત્રિ, લેઉં તસ ભામણું;
તેહને મલીને આજ, આવ્યો હું તુમ પદે;
વિગ્રહ છે તેણે નયર, ઉદંત તે સવિ વદે. ૨૫

શ્રીચંદ્ર ગુણચંદ્ર દોય, પાણિગ્રહણ કરે;
બે કન્યા શ્રીચંદ્રને, ગુણચંદ્ર એક વરે;
એણી પરે સઘળી વાત, જણાવી સાદરે;
મીઠી જાણે નિવાત, સુણી મનમાં ઠરે. ૨૬

લેખ વાંચીને તામ, દીએ સહુને કરે;
શેઠ પ્રધાન સેનાપતિ, સહુ એ શિર ધરે;
રાણી પુત્રની પ્રાપ્તિ, સુણી આનંદિયા;
એહવે બોલ્યા હરિભટ્ટ, પ્રમુખ જે બંદિયા. ૨૭

સવિશેષે જે ચરિત્ર, પવિત્ર કહ્યાં ઘણાં;
દીધાં તિહાં બહુ દાન, રાખી ન કાંઈ મણા;
પુત્ર પ્રિયાની શુદ્ધિ,[1] લહી ઉત્સવ કરે;
નગરમાંહે આનંદ, ઘનાઘન વિસ્તરે. ૨૮

જેહ ધનંજય નામ, શ્રીચંદ્રનો સારથી;
તેહને મંત્રી એમ, કહે ઘણું [2]પ્રારથી;
ચંદ્રકળાને આણવી, પિતાના ઘર થકી;
શ્રીગિરિ નયરે તેહ, થાપેવી તુરતથી. ૨૯

નિસુણી એમ આદેશ, ધનંજય ચાલીઓ;
તિહાં જઈ કીધ આદેશ, તેણે સવિ પાળીઓ;
ચંદ્રકળા પરિવાર, સહિત આણી તિહાં;
શ્રીગિરિ વાસ્યું શહેર, મનોહર છે જિહાં. ૩૦

૧. સમાચાર ૨. વિનંતીપૂર્વક

એહવામાંહે વિનોદ, થયો તે સાંભળ્યો;
જયકલશાભિધ હસ્તી,આલાન થંભ આમળ્યો;
[1]આધોરણ સમુદાય, તે દૂર ઉડાડીયા;
ગઢ ઘર હાટના ઘાટ, સવે ઉપાડીયા. ૩૧

કરે મદના ગુલલાટ, કપાટ તે ભંજીયા;
ભલા ભલા શૂર સુભટ, તે તેણે ગંજીયા;
બુંબારવ આરાવ, જિસ્યો [2]જેઠ સિંધુનો;
નિસુણી કંપે ભૂપ, કહે એ સિંધુર ગંધનો. ૩૨

ઘર ઉપર ચઢી રાય, ભણે ગજને ગ્રહો;
અંકુશ તોમર આદિ જે, શસ્ત્ર ધરી રહો;
પ્રેરે સુભટને એમ, પરં કોઈ તસ મુખે;
જાવા ન હોયે સમર્થ, રહે નહીં કો સુખે. ૩૩

રથ તુરગ નર નારી, પશુ પેખે જિસે;
દોડે સન્મુખ હોઈ, તે પેખી સવિ નસે;
જેમ મંદર મથાન, મથ્યો દરિયો [3]હરી;
તેણી પરે મથિયું શહેર, કહેર કરે [4]કરી. ૩૪

રાજદ્વારે આવિયો, કુંજર મદ ભર્યો;
નૃપ પરિવારે જીવિત, સંશય ચિત્ત ધર્યો;
એહવે તે અવધૂત, ગયો ગજ [5]અંતિકે;
મા મા વારે ભૂપ, એ ગજ છે અંતિકે. ૩૫

ગજશિક્ષાનો દક્ષ, પોતાને ચીવરે;
સહુ દેખતાં તુરત, [4]કરી તે વશ કરે;
બેઠો ગજને ખંધ, તે સંધી સુખે લહી;
જ્ઞાનવિમલ મતિ જેહની, જીતે તે સહી. ૩૬

॥ દોહા ॥

ગજ ઉલ્લળીયો તેહને, પાતન કાજ તુરંત;
પણ તે થિર થઈને રહ્યો, યદ્યપિ છે ઉન્મત્ત. ૧

કળ બળથી પુર બાહિરે, કાઢ્યો તે ગજરાજ;
તરુ ઉન્મૂલે લોકને, બીવરાવે કરી ગાજ. ૨

---

૧. મહાવત ૨. ગંધહસ્તી ૩. વિષ્ણુએ ૪. હાથી ૫. પાસે

પેઠો મહા અટવી મધ્યે, ત્રણ દિવસ થયા જામ;
નિર્મદ થઈ ગિરિ[1]સન્નિધે, આવ્યો તિહાં ઉદ્દામ. ૩

સરોવર મોટું દેખીયું, કમલ ભ્રમરના વાસ;
ઊતરિયો ગજસ્કંધથી, શ્રીચંદ્ર ધરી ઉલ્લાસ. ૪

[2]નાઈ જલ પીએ ગલી, ધરી સ્વાભાવિક વેશ;
નામે ગજ બોલાવીયો, પદથી ચઢ્યો શમ્યો દ્વેષ. ૫

હવે રાજા નિજ બળ લઈ, પાછળ આવે જામ;
રાત્રે જોયો ભટે મળી, નવિ લાધું તસ નામ. ૬

પરભાતે નૃપને કહ્યું, કિહાંય ન લાધી શુદ્ધિ;
રાજા મનમાં દુઃખ ધરે, સંભારી તસ બુદ્ધિ. ૭

ગજરત્ન ગયું તે દુઃખ નથી, વળી ચિત્તે નહીં ખેદ;
પણ જ્ઞાની ઉપગારીયો, નર ગયો તે બહુ ખેદ. ૮

ત્રણ વાર જીવિત દિયું, કર્યો નગર ઉપગાર;
મેં કાંઈ વિનય ન સાચવ્યો, ધિક્ માહરો [3]જમવાર. ૯

નિર્લોભીને શે હોયે, ઉપગારે કરી માન;
જાવ જીવ લગે તેહનો, વિનય કરીજે ઠામ. ૧૦

એમ રાજા સ્તવના કરે, નિંદે અવિનય આપ;
ચિંતામણિ ગયો હાથથી, કેમ ટળે સબળ સંતાપ. ૧૧

એ દુઃખ કેહને દાખીએ, પશ્ચાત્તાપ વિલાપ;
કરતો ધરતો તસ ગુણા, ચિત્તમાં ધ્યાવે જાપ. ૧૨

**॥ ઢાળ સાતમી ॥**

(કંકણની દેશી—આવટકે કંકણ લીયો રે નણદી કંકણનું નહીં મૂલ,
કંકણ મોલ લીયો—એ દેશી)

હવે ગજ ખંધે તે ચઢ્યો રે, રાઉજી, જાય રે વનમાં જામ,
ગજને વશ કિયો.
તિહાં પલ્લીપતિ આવીયો રે, રા૦ શબર મળ્યા ઉદ્દામ. ગજ૦ ૧

તેહવો કુમર તેહવો કરી રે, રા૦ નિરખી અદ્ભુત વેશ. ગ૦
તે હાથી લેવા ભણી રે, રા૦ શબર આવ્યો તે દેશ. ગ૦ ૨

૧. પાસે ૨. નાહીને ૩. જન્મારો

હકારી જાયે કિહાં રે, રા૦ મૂકીએ [1]સિંધુ-રતન્ન. ગ૦
બાણ વરસે તે ભિલ્લડા રે, રા૦ કરતા અતિહી પ્રયત્ન. ગ૦ ૩

દેખી કુમર સામો થયો રે, રા૦ વંચે તેહનાં બાણ. ગ૦
સંજ્ઞા કરી ગજરાજને રે, રા૦ ગજ છે ચતુર સુજાણ.
ગજને લારિ લીયો. ૪

તરુ ઉન્મૂલી શાખા ગ્રહી રે, રા૦ લેઈ ઉપલના ખંડ. ગ૦
ભાજે તટ પરે ભિલ્લડા રે, રા૦ તાડ્યા તેહ પ્રચંડ. ગ૦
આપે રહ્યો અખંડ. ગ૦
શબર શસ્ત્ર શત ખંડ. ગ૦ ૫

એકલે આપ બળે બળી રે, રા૦ જીત્યા સઘળા ભિલ્લ. ગ૦
હરિ આગળ જિમ [2]જંબુકા રે, રા૦ નાઠા મેલી મીલ. ગ૦ ૬

નિર્ઘાટી સવિ શંબરા રે, રા૦ બેઠો તરુએ સચ્છાય. ગ૦
શોભે તરણિ તેજાલુઓ રે, રા૦ [3]શબરીઓ આવી ધાય. ગ૦ ૭

કોણે અમારા ભિલ્લડા રે, રા૦ જીત્યા લીલામાંહે. ગ૦
તે દેખીજે કેહવો રે, રા૦ ધરતી એમ મનમાંહે. ગ૦ ૮

એહવે ભિલ્લપતિ [4]સુતા રે, રા૦ મોહિની નામે જેહ. ગ૦
દેખી મોહી કહે તાતને રે, રા૦ આ ભવે પતિ મુજ એહ. ગ૦ ૯

અપર ધણી ઇચ્છું નહીં રે, રા૦ તે સુણી તેહનો તાત. ગ૦
આવી કુમરને પય નમી રે, રા૦ કર જોડી કહે વાત. ગ૦૧૦

તુમે મોટા છો ભૂપતિ રે, રા૦ ખમજો અમ અપરાધ. ગ૦
તુમને વરે એ મુજ સુતા રે, રા૦ અંગીકરો નિરાબાધ રે. ગ૦૧૧

ભૂપ કહે ભિલ્લરાજીયા રે, રા૦ સુણ એક વયણ એ સાચ. ગ૦
હું ક્ષત્રિય તુમો ભિલ્લડા રે, રા૦ કિહાં [5]મરકત ને કાચ. ગ૦૧૨

રાજકનીને મૂકીને રે, રા૦ કેમ પરણીશ હું એહ. ગ૦
એહ વિવાહ [6]કરંતડાં રે, રા૦ કુળ હોયે કલંકનું ગેહ. ગ૦૧૩

મોહિની તવ વળતું કહે રે, રા૦ તુમે કહ્યું તે સર્વ પ્રમાણ. ગ૦
વસ્ત્ર તુમારાને વરું રે, રા૦ તે આપો ગુણખાણ. ગ૦૧૪

૧.ગજરત્ન, શ્રેષ્ઠ હાથી ૨.શિયાલ ૩.ભીલડીઓ ૪. પુત્રી ૫. એક જાતનું મણિ ૬.કરતાં

શ્રીચંદ્રે તવ આપિયું રે, રા૦ વસ્ત્ર પોતાનું તાસ. ગ૦
તવ પાદુકા હૃદયે ધરી રે, રા૦ પૂરીશ મનની આશ. ગ૦૧૫

તુમ્હ ઘર બાહેર નિવેશમાં રે, રા૦ તિહાં રહી કરું બહિ કામ. ગ૦
કિંકરી હું થઈને રહું રે, રા૦ એમ રાખીશ મન ઠામ. ગ૦૧૬

જો એમ વિનતિ ન માનશો રે, રા૦ તો કરું અગ્નિપ્રવેશ. ગ૦
મોહનીનાં એમ વયણડાં રે, રા૦ સુણીને થયો નેહ લેશ. ગ૦૧૭

નિજ પાદુકા આપી તિસે રે, રા૦ ભિલ્લ કરે વિવાહ. ગ૦
એ અર્થે જે મેળવ્યું રે, રા૦ જે ધન તે ગ્રહો નાહ. ગ૦૧૮

ગજ રથ અશ્વ ને પાયકા રે, રા૦ રત્ન મૌક્તિક પટકૂલ. ગ૦
આણી આગળે ઢોઈયાં રે, રા૦ કુમર કર્યો અનુકૂળ. ગ૦૧૯

તિહાં સુવેગ રથ તુરગશું રે, રા૦ દેખી હરખ્યો ચિત્ત. ગ૦
તે હય પ્રભુ દેખી કરી રે, રા૦ હરખ્યા નિર્ધન જિમ વિત્ત. ગ૦૨૦

હર્ષારવ કરે હર્ષશું રે, રા૦ ફરશ્યા આપ કરેણ. ગ૦
અંગીકર્યા રથ તુરગને રે, રા૦ સંપ્રતિ સર્યું અવેણ. ગ૦૨૧

પૂછે એ કિહાંથી લહ્યા રે, રા૦ એ તો અદ્ભુત વાત. ગ૦
ભિલ્લ કહે એ સાંભળો રે, રા૦ એ પાળી છે જગ વિખ્યાત. ગ૦૨૨

કુંડળપુર પતિની અછે રે, રા૦ તેહના છું અમો ભિલ્લ. ગ૦
ચોર તણી આજીવિકા રે, રા૦ ધાડ કરું કરી લીલ. ગ૦૨૩

એક દિન માર્ગે જાયતાં રે, રા૦ ગાયન કેરાં વૃંદ. ગ૦
તે પાસે રથ એ હતો રે, રા૦ હય સંયુત રાજેંદ્ર. ગ૦૨૪

તે ગાયન નાશી ગયા રે, રા૦ રથ આણ્યો અમ પાસ. ગ૦
તે દિનથી હય દુબલા રે, રા૦ દુઃખીયા મૂકે નિઃશ્વાસ. ગ૦૨૫

અહોરાત્રિ નયણે ઝરે રે, રા૦ નીર તણા [1]પરવાહ. ગ૦
એ સવિ મોહનીના અછે રે, રા૦ દ્રવ્ય ને સુભટ અથાહ. ગ૦૨૬

મેં સવિ એ કલ્પ્યું અછે રે, રા૦ કરમોચનને કાજ. ગ૦
પણ એ હય કેમ દુઃખીયા રે, રા૦ તે કહો અમને [2]રાજ. ગ૦૨૭

---

૧. પ્રવાહ ૨. રહસ્ય

કહે કુમર [1]શબરેશને રે, રા૦ એ માહરે હુતી [2]આથ. ગ૦
વાયુવેગ મહાવેગ એ રે, રા૦ સુવેગ નામે રથ સાથ. ગ૦૨૮

હમણાં પણ એ લેઈશે રે, રા૦ જેમ એ સુખીયા થાય. ગ૦
બીજું તો પાછળ જાણશે રે, રા૦ એમ ભાખે નરરાય. ગ૦૨૯

વળી એ સુભટમાંહિ અછે રે, રા૦ ક્ષત્રિય જયકુંજર નામ. ગ૦
તેહને તિહાં સારથિ કર્યો રે, રા૦ હાથીને ભલાવે તામ. ગ૦૩૦

કહે એહને લેઈ થાપજો રે, રા૦ કુશસ્થલને દેશ. ગ૦
અથવા વળી કુંડળપુરે રે, રા૦ થાપજો કહી સંદેશ. ગ૦૩૧

સંપ્રતિ માહરે જાયવું રે, રા૦ કનકપુરે છે કામ. ગ૦
મુદ્રાનામ જણાવીયું રે, રા૦ જ્ઞાનવિમલ ગુણધામ. ગ૦૩૨

॥ દોહા ॥

હવે હિતશિક્ષા તેહને, હિત જાણી કહે સાર;
ઉત્તમ સંગતિ ગુણ કરે, લહીએ શુભ આચાર. ૧

કેતાએક નર એહવા, સ્વારથના સવિ યાર;
પણ ઉત્તમ નિસ્વારથે, કરતા છે ઉપકાર. ૨

ધર્મ સમાન ન કો અછે, હિતકારી જગમાંહ;
ભવસમુદ્ર તરવા ભણી, ધર્મ તે [3]પોત અથાહ. ૩

માનવ ભવ પામી કરી, નવિ જાણે જે ધર્મ;
તે દુઃખીયા ભવ ભવ રુલે, નવિ પામે શિવશર્મ. ૪

પાપમૂલ હિંસા અછે, તે તજતાં સુખ થાય;
હિંસા નરક દુઃખદાયિની, હિંસા ભવ દુઃખદાય. ૫

॥ ઢાળ આઠમી ॥

(ચોપાઈની દેશી)

હિંસા મૂલ અછે આરંભ, આરંભે વાધે બહુ દંભ;
પરપ્રાણી નિજ પરે દેખીએ, તો સંસારને ઉવેખીએ. ૧

તેહમાં વળી ચઉ પર્વ વિશેષ, જાણી આરંભ કીજે રેખ;
ધારીજે જિનનાં કલ્યાણ, વળી પંચ પર્વ તણાં અહિઠાણ. ૨

૧. ભીલપતિ ૨. પૂંજી ૩. જહાજ

यदुक्तं—श्राद्धदिनकृत्ये

छण्हं तिही मा मज्जे, का तिहि अज्जवासरो;
किंवा कल्लाणगं अज्ज, लोगनाहाण संतियं. १

सिद्धांतेप्युक्तमस्ति

अट्ठमी चउदसी पुण्णिमाय, तह अमावासा हवई पव्वं;
मासंमि पव्वछक्कं, तिन्निय पव्वाईं पख्खंमि. १

बीया दुविहे धम्मे, पंचमी पंचणाणणाणट्ठं;
अट्ठमी अट्ठकम्म महणी, चउद्दसी चउद्द पुव्वाइं. २

विष्णुपुराणे

चतुर्दशाष्टमी चैव, अमावास्या च पूर्णिमा;
पर्वाण्येतानि राजेंद्र, रविसंक्रांतिरेव च. १

तैलस्त्रीमांससंभोगी पर्वस्वेतेषु यः पुमान्;
विण्मूत्रभोजनं नाम, प्रयाति नरकं मृतः. २

શ્લોકાર્થરૂપ ચોપાઈ

(અહીં દરેક ચોપાઈ પૂરી થઈને જે અંક આવે, તે અંક ચોપાઈની સંખ્યાના જાણવા,
તથા તે પછી આડી લીટી કરીને જે અંક આપ્યા છે
તે શ્લોકનો અર્થ જ્યાં પૂરો થાય તેના જાણવા.)

વિષ્ણુ પુરાણે પણ ભાખીયાં, પર્વ ચાર એહી જ દાખીયાં;
જિણ દિવસે સૂરજ સંક્રમે, તિણ દિન હિંસાથી તે નરકે ભમે. ૩/૧

પર્વદિને તેલ માંસ સ્ત્રીભોગ, જેહ કરે તે દુર્જન લોક;
તસ ભોજન વિટ્ મૂત્ર સમાન, નરકે જાયે તેહ નિદાન. ૪/૨

यदुक्तं महाभारते—

घातकश्चानुमंता च, भक्षकः क्रयविक्रयी
लिख्यंते प्राणिघातेन, पंचाप्येते युधिष्ठिर ३
यावंति पशुरोमाणि, पशुगात्रेषु भारत
तावद्वर्षसहस्त्राणि, पच्यंते पशुघातकाः ४

મહાભારત માંહે હિંસા તણી, સઘળે દિવસે નિષેધ જ ભણી;
ઘાતક આજ્ઞાદાયક વળી, અનુમંતા ને ભક્ષક ધણી. ૫

ક્રયવિક્રયના કારક જેહ, એ સઘળાએ ઘાતક તેહ;
હિંસાને પાપે પચાય, નરકમાંહે સુણ યુધિષ્ઠિર રાય. ૬/૩

જેટલા પશુતનુએ રોમરાય, તેટલા હજાર વરસ સમુદાય;
પશુઘાતક તે નરકે જાય, તેહમાંહે તે દુઃખે પચાય. ૭/૪
મનુસ્મૃતિમાં એ કહિયાં પર્વ, હિંસા ટાળો ઇહાં કને સર્વ;
બ્રહ્મચારી એહ વાસરે હોય, તે દ્વિજ બ્રહ્મ લહે હિત હોય. ૮

उक्तं च—महाभारते शांतिपर्वणि

यूपं छित्वा पशून् हत्वा, कृत्वा रुधिरकर्दमं;
यद्येवं गम्यते स्वर्गे, नरके केन गम्यते. ५

मार्कण्डेयपुराणे

जीवानां रक्षणं श्रेष्ठं, जीवा जीवितकांक्षिणः
तस्मात् समस्तदानेभ्यो,—ऽभयदानं प्रशस्यते ६

तत्रैव मार्कण्डेयपुराणे—पुष्पाण्युक्तान्यष्टौ

अहिंसा प्रथमं पुष्पं, पुष्पमिंद्रियनिग्रहः
सर्वभूतदयापुष्पं, क्षमापुष्पं विशेषतः ७
ध्यानपुष्पं तपःपुष्पं ज्ञानपुष्पं तु सप्तमं
सत्यं चैवाष्टमं पुष्पं, तेन तुष्यंति देवताः ८

यदुक्तं महाभारते

यूकामुत्कुणदंशादन्, ये सदा ज्ञानिनस्तथा
पुत्रवत्परिरक्षंति, ते नराः स्वर्गगामिनः ९
आतपादौ च ये घ्नंति, ते वै नरकगामिनः
जीवानां सर्वथा कार्या, रक्षा चैवापराधिनां १०

यदुक्तं उत्तरमीमांसा मध्ये

विंशत्यंगुलमानं तु, त्रिंशदंगुलमायतौ
तद्वस्त्रं द्विगुणीकृत्य, गालयित्वा पिबेज्जलं ११
तस्मिन्वस्त्रस्थितान् जीवान्, स्थापयेज्जलमध्यतः
एवं कृत्वा पिबेत्तोयं, स याति परमां गतिं १२
दृष्टिपूतं न्यसेत्पादं, वस्त्रपूतं पिबेज्जलं
सत्यपूतं वदेद्वाक्यं, मनःपूतं समाचरेत् १३
सप्तग्रामेषु यत्पापं, अग्निना भस्मसात्कृते
तदेतत् जायते पापं, मधुबिंदुप्रभक्षणात् १४

विष्णुपुराणे

ग्रामाणां सप्तके दग्धे, यत्पापं जायते किल
तत्पापं जायते [1]पार्थ, जलस्यागलिते सति १५

संवत्सरेण यत्पापं, कैवर्त्तस्येव जायते
एकाहेन तदाप्नोति, अपूतजलसंग्रही १६

यः कुर्यात्सर्वकर्माणि, वस्त्रपूतेन वारिणा
स मुनिः स महासाधुः, स योगी स महाव्रती १७

यदुक्तमितिहासपुराणे

अहिंसा परमं ध्यानं, अहिंसा परमं तपः
अहिंसा परमं ज्ञानं, अहिंसा परमं सुखं १८

अहिंसा परमं दानं, अहिंसा परमो दमः
अहिंसा परमो यज्ञो, अहिंसा परमं शुभं १९

तमेव ह्युत्तमं धर्म, अहिंसा धर्मलक्षणं
ये चरितं महात्मानो, विष्णुलोकं व्रजंति ते २०

यदुक्तं कूर्मपुराणे—नगपडलग्रंथे

अभक्ष्याणि ह्यभक्ष्याणि, कंदमूलं विशेषतः
नूतनोदयपत्राणि, वर्जनीयानि सर्वतः २१

मद्यपाने मतिभ्रंशो, नराणां जायते खलु
न धर्मो न दया तेषां, न ध्यानं न च सत्क्रिया २२

मद्यपाने कृते क्रोधो, मानं लोभश्च जायते
मोहश्च मत्सरश्चैव, दुष्टभाषणमेव च २३

वारुणीपानतो यांति, कीर्त्तिकांतिमतिश्रियः
विचित्रा चित्ररचना, वाञ्छंति कज्जलादिव २४

भूतार्त्तवन्नरीनर्त्ति, राराटीति सशोकवत्
दाहज्वरार्त्तवद्भूमौ, सुरापो लोलुठीति च २५

---

૧. કુંતીનું બીજું નામ પૃથા હતું તેના પુત્ર તે પાર્થ. યુધિષ્ઠિર, અર્જુન અને ભીમ એ ત્રણે પાર્થ કહેવાય છે.

इत्यादियोगग्रंथे

मद्यं पीत्वा ततः कश्चित्, मांसं च स्पृहयेन्नरः
कश्चिद्वधं करोत्युक्त, जंतुसंघातघातकः २६

मद्ये मांसे मधुनि, नवनीते तक्रतो बहिः
उत्पद्यंते विपद्यंते, सुसूक्ष्मा जंतुराशयः २७

पुत्रमांसं वरं भुक्तं, न तु मूलकभक्षणं
भक्षणान्नरकं याति, वर्जनात्स्वर्गमाप्नुयात् २८

आगमेप्येवमेव

मज्ज मिय मसंमिय, णवनीयंमिं चउथ्थए
उपज्जंति असंखेया, तवन्नातच्छ जंतुणो २९

मार्कण्डेयपुराणे

यो ददाति मधु श्राद्धे, मोहितो धर्मलिप्सयो
स याति नरकं घोरं, खादकैः सह लंपटैः ३०

तत्रैव इतिहासपुराणे

यस्तु वृंताककालिंग, मूलकानां च भक्षणं
अंतकाले स मूढात्मा न स्मरिष्यति मां प्रिये ३१

यस्मिन् गृहे सदन्नार्थी, मूलकं पच्यते जनैः
स्मशानतुल्यं तद्वेश्म, पितृभिः परिवर्जितं ३२

पद्मपुराणे

गोरसं माषमध्ये तु, मुद्गादिकं तथैव च
भक्ष्यमाणं भवेन्नूनं, मांसतुल्यं युधिष्ठिर ३३

अस्तंगते दिवानाथे, आपो रुधिरमुच्यते
अन्नं मांससमं प्रोक्तं, मार्कण्डेन महर्षिणा ३४

चत्वारो नरकद्वाराः, प्रथमं रात्रिभोजनं
परस्त्रीगमनं चैव, संधानानंतकायिके ३५

हृन्नाभिपद्मसंकोच, – श्चंडरोचिरया यतः
न शुद्ध्यंति तथा रात्रौ, भोजनं तु विशेषतः ३६

अथाभक्ष्यनामानि (गाथा)

महु मज्ज मंस णवणीय, पंचुंबरी रयणभुत्त संधाणं
विस हिम करगा मट्टी, कच्चगोरस विदल णंताई ३७

पुप्पिय चोली फणसो,अणाय फलफुल्ल तुच्छ बहुबीई
इय बावीस अभक्खे, वज्जेवज्जियस्स पत्तफले ३८

पंपोट बिल्लपिकाई, मरीगण फणस गुंदाई
खसपसपिल्लु सेलर, गंगेट्टय पक्कगोल्हेय ३९

पण मउर कुठंबइ, जंबु टिंबरु अपक्ककरम छेटे
वाल्होलिमहुय धामणी, गुरुबेट्टारे भुलूणतिले ४०

नविलेमिउधारे, जलगलिय मख्खयपील चमूहे
दुदिणुट्टदहियफागुण, उधंभ एमिनेव तिले ४१

अमरिमियं मन्न यं, नहु भुंजै कालवेलई दईआ
गममणो न हु भख्खे, देव गुरुदिट्ठि गयने व ४२

अथानंतकाय (गाथा)

सव्वाओ कंदजाई, सुरणकंदो य वज्रकंदो य
आलू तह पिंडालु, अल्ल हलिद्दाल कच्चूरो ४३

सतावरी विराली, कुमारी तह थोहरी गलोईआ
विरुहा लसणं वंस करिल्ला, गज्जर तह लोयणं लोढा ४४

मूयर सूयरवल्ली, मठमा ढक विच्छुलाय भूमिरुहा
मलयकोमल विल्ली, वज्जति अणंताइं ४५

यदुक्तं मनुस्मृति मध्ये

सायंप्रातर्द्विजातीनां, नाशनं स्मृतिनोदितं
प्रातराभोजनं कुर्या, – दग्निहोत्रमोविधिः
पृथिव्यामप्यहं पार्थ, वायावग्नौ जलेऽप्यहं
वनस्पतिगतश्चाहं, सर्वमात्ममयं जगत् ४६

तन्मां सर्वगतं ज्ञात्वा, न हिंस्येत कदाचन
अहं सर्वस्य तुल्यत्वं, भजामि कल्पप्रोज्जितः ४७

इति परमते श्लोका उक्ताः

ચોપાઈ

શાંતિપર્વમાં પહેલે પાદ, હિંસા બોલી મહાવિષાદ;
પ્રાણીઘાતે જો ધર્મ ને સ્વર્ગ, તો અધર્મનો કુણ અન્ય વર્ગ. ૯

યજ્ઞથંભ ઉપાડી પશુ હણી, રુધિર કર્દમ કરી ભૂમિકા ઘણી;
એમ કીધે જો સ્વર્ગે જાય, તો નરકનો કોણ ઉપાય.૧૦/૫

વળી માર્કંડેય પુરાણે કહ્યું, સર્વોત્કૃષ્ટ જીવ રક્ષણ કહ્યું;
સર્વ જીવને જીવિત ચાહ, મરણ નામથી દુઃખ અથાહ.૧૧

સર્વ દાનમાં અભય પ્રધાન, જેહથી લઈએ સ્વર્ગવિમાન;
વયરવિરોધ તે વાધે નહીં, એક અહિંસા ઉત્તમ લહી.૧૨/૬

અષ્ટ પુષ્પ વળી બોલ્યાં તિહાં, પ્રથમ અહિંસા ઇંદ્રિયદમ જિહાં;
સંભૂત દયા ને ક્ષમા/૭ ધ્યાન જ્ઞાન સત્ય તપ છે આઠમા.૧૩

એહ ફૂલ જે વરત સદા, તેહને અમર [1]તુસે થઈ મુદા.૧૪/૮

વળી મહાભારતે બોલ્યું અછે, તે તો યુધિષ્ઠિરને મન રુચે;
જૂ માકડ લીખ દંશ ને મસા, જે તનુને પીડે જીવ વસ્યા.૧૫

પુત્ર પેરે તે પાળે જેહ, સ્વર્ગે જાયે માનવ તેહ; /૯
દેઈ આતપ તસ પીડા કરે, તે પ્રાણી નરકે સંચરે.૧૬

પાણી ગળતાં જયણા કહી, ઉત્તર મીમાંસામાંહે લહી; /૧૦
વીશ અંગુળ માને ને ત્રીશ, લાંબું પહોળું ગલણું જગીશ.૧૭

પટવસ્ત્ર તે બેવડ કરી, ગળે નીર જતનાએ ધરી;
સંખારો જુજુઓ ધરો, ખારાં મીઠાં ભેલ મત કરો.૧૮/૧૧

જે જે જળનાં હોયે ઠામ, તે તેહમાં મૂકીએ અભિરામ;
જે વારે પીજે પાણી ભલું, તે તિવારે ગળવું નિર્મલું.૧૯/૧૨

ભૂંયે પગ જોઈ મૂકીએ, વસ્ત્રપૂત જળ પીવું ન ચૂકીએ;
સત્યપૂત વાણી બોલીએ, મન પાવન કારજ ખોલીએ.૨૦/૧૩

મધુબિંદુ ન ખાઈએ આપ, એહના બોલ્યાં મહોટાં પાપ;
સાત ગામ બાળે જે હોય, એક મધુબિંદુ ભક્ષણે જોય.૨૧/૧૪

અણગળ ઘટ પાણી વાવરે, સાત ગામ તે [2]જ્વાલણ કરે;
તેહ પાપથી પરભવે થાય, નારક કૂતર બગલ [3]બિલાય.૨૨/૧૫

૧. તુષ્ટમાન થાય. ૨. બાળે, જલાવે ૩. બિલાડી

માછી વરસ લગે માંડે જાલ, પાડે મચ્છ કચ્છ સુકુમાલ;
એક દિન અણગલ નીર પીધ, એટલું પાપ બોલ્યું પરસિદ્ધ.૨૩/૧૬

સર્વ કાર્ય ગળ્યા જલશું કરે, તે નિશ્ચે સ્વર્ગે સંચરે;
તે યોગી મુનિ સાધુ સુજાણ, એહવું બોલ્યું વિષ્ણુ પુરાણ.૨૪/૧૭

જીવ-અહિંસા પરમ છે ધ્યાન, પરમ તપ ઉત્કૃષ્ટું દાન;
જ્ઞાન પરમપદ પરમ છે યજ્ઞ, ભવિપ્રાણી રહો તેહમાં મગ્ન.૨૫/૧૯

જેહ અહિંસા પાળે ધર્મ, નવિ બાંધે તે વૈરનું કર્મ;
જેહ અહિંસાને આચરે, વિષ્ણુલોકમાં તે સંચરે.૨૬/૨૦

વળી અભક્ષ્ય ભક્ષવાં ન કિમે, અભક્ષ ભખંતો નરકે ભમે;
કંદમૂલનાં મહોટાં પાપ, પાર્થને કહે હરિ આપો આપ.૨૭/૨૧

[૧]મદ્યપી લોક અકારજ કરે, ભલાં કામ તે નવિ આચરે;
જ્ઞાન શૌચ તપ બળ ને બુદ્ધિ, ન રહે તેહની કાંહી શુદ્ધિ.૨૮/૨૨

મતિભ્રંશ થાવે અતિ ઘણો, ક્રોધ માન મદ મત્સર તણો;
મોહ દુષ્ટ ભાષણતા ઘણી, ન ગણે નારી પરની આપણી.૨૯/૨૩

કાંતિ કીર્ત્તિ મતિ શ્રીનો નાશ, જિમ ચિત્રામનો કાજલે નાશ; /૨૪
ભૂત પરે તે નાચે મુદા, આરાટ આક્રંદ પાડે સદા.૩૦

જે મદ્યપીને માંસને મુણે, માંસાહારી પરને હણે; /૨૫
અરે પાર્થ હરિ ભણે જે જન્ન, તે મુજને ન સંભારે અધન્ન.૩૧/૨૬

મદ્ય માંસ મધુ ને નવનીત, કડાહ રુધિર પુટ તક્ર પ્રતીત;
એહથી બાહેર જવ નીસરે, અનંત જંતુ ઉપજે ને મરે.૩૨/૨૭

હિંસાવર્દ્ધન માંસ કહાય, માંસ થકી ધર્મશ્રદ્ધા જાય;
દુઃખાગાર કહ્યું જે માંસ, તેહ ભણી ન કરો આશંસ.૩૩
/૨૮-૨૯

[૨]તિલ સર્ષપ માને ભક્ષે જેહ, નિશ્ચે નરકગામી હોય તેહ;
યાવત્ ચંદ્ર દિવાકર હોય, તિહાં લગે પાપ ન છૂટે સોય.૩૪

જે શ્રાદ્ધ મધુબિંદુ દિયે, ચિંતે ધર્મ તણી મતિ હિયે;
તે ખાદકશું નરગે જાય, સાત વાર વળી [૩]અંત્યજ માંય.૩૫

---

૧. દારુ પીનારો ૨. તલ અને સરસવ જેટલું માંસ જે ખાય તે અવશ્ય નરકે જાય. ૩. ચાંડાલ

પ્રાયે વ્યસન સઘળાં તેહને, માંસસુરા ભક્ષણ જેહને. /30
વળી ઇતિહાસ પુરાણે કહ્યું, હરિએ તે તે પાર્થે સદહ્યું.૩૬

વળી [૧]વૃંતાક કાલિંગ મૂલકા, કંદવૃંદ તણા ભક્ષકા;
અંતકાલે તસ હું વેગલો, ગૌરીને કહે ઈશ્વર ગુણનીલો.૩૭/૩૧

મૂલો જેહને ઘરે પકાય, તે સમશાન સમ ઘર કહેવાય;
પિતર તેહથી અલગા રહે, એમ માર્કંડ ઋષીશ્વર કહે.૩૮/૩૨

પદ્મપુરાણે વિદલના દોષ, તે ટાલી કરો પુણ્યનો પોષ;
ગોરસ કાચા માષ ને મુગ, પ્રમુખ વિદલ જો ભખે નિસ્સૂગ.૩૯

માંસ સમાન તે થાયે સહી, પાર્થ આગે હરિએ વાચ કહી;
તે જાણીને જો વર્જીએ, તો ભવિ ભવ દુઃખને તરજીએ.૪૦/૩૩

રયણીભોજને લાગે પાપ, લહીએ મહોટા અતિ સંતાપ;
તે માર્કંડ પુરાણે સાખ, પૂછે પાર્થ હરિ કહે મુખ આપ.૪૧

રવિ અસ્ત પામે જિણે સમે, અન્ન માંસ જળ રુધિર હોય તિમે; /૩૪
ચાર નરક કેરાં છે દ્વાર, રયણીભોજન ને પરનાર.૪૨

અથાણાં જેહમાં બહુ કાલ, જેહમાં જીવ તણી હોયે જાલ;
એહનાં બોલ્યાં છે બહુ પાપ, તેહ ખાવાના ન કરો વ્યાપ.૪૩
/૩૫-૩૬

હવે અભક્ષ્યનાં બોલું નામ, અનંતકાય તિમ લહો નિદાન;
વડ પીંપલ ઉંબરનાં ફળાં, કઠુંબર ને વળી પીપરા.૪૪

મદ્ય માંસ મધુ માખણ હીમ, કરહા તુચ્છ ફળાં વિષનીમ;
માટી સર્વ [૨]રાઈભોયણાં, બહુબીજાં અને વળી રીંગણાં.૪૫/૩૭

અનંતકાય અથાણાં લાગ, ચલિત રસ ઘોલવડાં ત્યાગ;
અજાણ્યાં ફળ ફૂલ સવાદ, જાણી નર ન કરે આસ્વાદ.૪૬/૩૮

અનંતકાય બોલ્યાં બત્રીશ, ન ભખે તેહ નર લહે જગીશ;
વજ્રકંદ સૂરણનો કંદ, આર્દ્ર હલદ્ર વિરહાલી કંદ.૪૭/૪૩

આલુ કચૂરો ને કુંઆર, લોઢાં લસણ અને થોહાર;
ગિરિકર્ણા ને વંશ કરેલ, લૂણી કંદ સતાવરી મેલ.૪૮/૪૪

---

૧. રીંગણાં ૨. રાત્રિભોજન

આર્દ્ર મોથ આદુ ગાજરી, રતાલુ પિંડાલુ ખરી;
મૂલા વિરુહા અમૃતવલ્લિ, લૂણા તરુની અંતરછલિ.૪૯

થેગ વથુલો સુરિ આંબલી, ખિલ્લોડા ને સૂયંર મલી;
આલુ ને કોમલ સવિ પત્ર, ગલો પલ્યંક ભૂમિકા છત્ર.૫૦

એ સઘળાને જે પરિહરે, તે નિશ્ચે ભવસાયર તરે; /૪૫
અદત્તાદાન નવિ લીજે સહી, ચોરી વ્યસન નરકગતિ કહી.૫૧

સ્મૃતિમાં કહ્યા છે સર્વ નિષેધ, એહનો વિવેક રાખીજે વેધ;
સાંજે પ્રભાતે અતિ ન કરે અશન, મધ્યાહ્ને પણ તેહિજ જતન.૫૨

મધ્ય ટાલી જે ભોજન કરે, તે દ્વિજ અગ્નિહોત્ર વિધિ ધરે;
મિત્રદ્રોહ સ્વામીનો દ્રોહ, તેમ વિશ્વાસઘાત સંદોહ.૫૩

કીધા ગુણનો જે કરે ઘાત, તેહને નરક તણો ઉતપાત;
ઠામ ઠામ છે જીવસમુદાય, વ્યાપક વિષ્ણુ છે સઘલે ઠાય.૫૪/૪૬

તે મારે દુહવાયે હરિ, એહ વાત સ્મૃતિમાંહે ખરી;
તે જાણીને કરવી દયા, જેમ લઈએ ઠાકુરની [૧]મયા.૫૫/૪૭

અરે શબરેસર સુણો સંઘાત, [૨]સોયે વાતે એક જ વાત;
જો એહનાં વિરમણ કીજીએ, જ્ઞાનવિમલ મતિ ગુરુવચ પીજીએ.૫૬

## ॥ દોહા ॥

એમ ઉપદેશ દેઈ ઘણો, શબર કર્યા અનુકૂલ;
ધર્મ તણે રસ રંગિયા, જેમ પાશીત પટકૂલ. ૧

ચિંતામણિ સમ તુમ તણો, દર્શન વચન વિલાસ;
ભલે પધાર્યા ભાગ્યથી, પહોતી અમ મન આશ. ૨

કહે કુશસ્થલ સ્થાનકે, જાઉં જેવારે વેગ;
તિવારે એ [૩]કની સુભટ [૪]મુખ, અંગીકરશું [૫]નેગ. ૩

એમ કહી બહુ શિક્ષા દઈ, લેઈ સુવેગ રથ તામ;
સાથે કુંજર સારથી, ચાલ્યા નિજ પુર ઠામ. ૪

વાટે સંધ્યાને સમે, કુંડલપુર ઉદ્યાન;
ઉદ્યાને રથ મૂકી ગયા, નગરવિલોકન કામ. ૫

૧.કૃપા ૨.સો વાતોના સારરૂપ આ એક જ વાત છે. ૩.કન્યા ૪. પ્રમુખ, વગેરે ૫. ભેટ

જોતાં જોતાં બાહિરે, યક્ષ તણો છે ઠામ;
તિહાં જઈ સૂતો સ્થિર મને, કુમર લેઈ પ્રભુનામ. ૬

એહવે આવી નૃપસુતા, સરસ્વતી ઇતિ નામ;
સામગરી વિવાહની, તે લેઈ અભિરામ. ૭

સુનામિકા સુરૂપિણી, બેહુ સખી છે સાથ;
સૂતો દેખીને કહે, ઊઠ ઊઠ પ્રાણનાથ. ૮

શ્રીદત્ત સુત સોહામણા, વરીએ કની સુજાણ;
ઊઠ્યો આળસ છોડીને, કની પરણી તિણ ઠાણ. ૯

જેહને સાથે સુકૃત છે, તે જાણો તિહાં જાય;
કરતલ[1] દીપકની પરે, લક્ષ્મી હોય સહાય. ૧૦

यतः–यद्यपि कृतसुकृतलवः प्रयाति गिरिकंदरांतरेषु नरः
करकलितदीपकलिकां, विलोक्यं लक्ष्मीस्तमनुयाति १

**ભાવાર્થઃ**–જો સુકૃતનો લેશ પણ કરનારો પ્રાણી, ગિરિગુફામાં જાય છે તો ત્યાં પણ તેના હસ્તમાં રહેલી દીપકલિકા સમાન રેખા જોઈને લક્ષ્મી તેની પછવાડે જાય છે.

પરણીને પાછાં ફરી, સુતા થઈ નિશ્ચિંત;
તે પતિ પ્રત્યે કહે એહવું, સુણ સુણ વચન એકંત. ૧૧

**॥ ઢાળ નવમી ॥**

(કરેલણાં ઘડ દેને–એ દેશી)

પ્રભો! બાહિર [2]કરભી અછે, ચાલો તેણે બેસી;
કોઈક દેશે જાઈએ, જિહાં ન લહે કોઈ નિવેશ;
વચન અમ સુણ લે રે.
નહીં ઇહાં રહેવા લાગ, ચિંતો એમ મહાભાગ. વ૦ ૧

કહે કુમર સંપ્રતિ અછે, રયણી અંધારી ઘોર;
પાલા પણ ન ચલી શકું, શો એવડો કરો સોર. વ૦ ૨

કરભી હાંકી ન જાણીએ, એ તો પંથ નીશૂલ;
ઝોકાર્યો ઝૂકે નહીં, એ સુખનો પ્રતિકૂલ. વ૦ ૩

થઈ પ્રભાતે જાણશે, સઘળી દિશિનો મર્મ;
સઘળાં સાથે આવશે, કીધાં શુભાશુભ કર્મ. વ૦ ૪

૧. હથેલી ૨. હથિની

વચન સુણીને એહવું, ચિંતે મનમાં બાલઙ;
જાણ્યો હતો તે એ નહીં, એ કોઈ અવર જંજાલ. વ૦ ૫

[1]રતનપ્રદીપે જોઈને, કહેવા લાગી તેહ;
ચંદનાલિપ્ત ભાલસ્તલે, કોણ છો તુમો ગુણગેહ. વ૦ ૬

કુશસ્થલથી આવીયો, છું [2]અધ્વગ પાદવિહાર;
તુમો કોણ કિહાંથી આવ્યા, શો ભય છે કહો સાર. વ૦ ૭

એક સખી કહે સાંભળો, અરિમર્દન પુરરાય;
સુતા તેહની એ યક્ષની, અર્ચા કરે સદાય. વ૦ ૮

એક દિન જનક ઉત્સંગમાં, બેઠી દેખી જામ;
મંત્રીને કહે એ સમો, વર જુઓ પુરુષ પ્રધાન. વ૦ ૯

એહવે એક યાચક તિહાં, બોલ્યો કરી ગુણગ્રામ;
કુશસ્થલ પુર રાજીયો, પ્રતાપસિંહ જસ નામ. વ૦૧૦

તસ સુત શેઠ ઘરે વસ્યો, શ્રી શ્રીચંદ્રકુમાર;
દાતા ભોક્તા સાહસી, ગુણમણિ રયણ ભંડાર. વ૦૧૧

સંપ્રતિ રિસાવી ગયો, તે નરરત્ન અમૂલ;
તે સુણી નૃપ મૌને રહ્યો, પણ મનમાં અનુકૂલ. વ૦૧૨

તેહવે રયણીએ અન્યદા, યક્ષ સુપનમાં આવી;
કન્યાને કહે એહવું, ચિંતા કાંઈ ન લાવી. વ૦૧૩

આજ થકી દિન પાંચમે, લગ્નવેળાયે જાણી;
વર આણીને મેળવું, મ કરીશ મનમાં કાણિ. વ૦૧૪

તેહ સ્વપ્ન અમ આગળે, કહ્યું એણે ધરી પ્રેમ;
તે નિસુણીને અમે કહ્યું, તે સુણજો ધરી ખેમ. વ૦૧૫

એહ જ પુરમાંહે સચિવનો, પુત્ર અછે શ્રીદત્ત;
તે કુમરીનો રાગીઓ, પણ કુમરીને ન ચિત્ત. વ૦૧૬

તેણે અમને લોભાવીયાં, લોભે લક્ષણ જાય;
કૂટ બુદ્ધિ કરીને કહ્યું, કુમરી આગળ આય. વ૦૧૭

૧. રત્નદીપકથી ૨. મુસાફર

શ્રીદત્તે પણ એહવું, સ્વપ્ન લહ્યું છે દેવ;
તે નિસુણી કન્યા કહે, યક્ષવાણી થઈ હેવ. વ૦૧૮

તે વાણી સાચી હયો, ઇમ કહી સઘળો સાજ;
નિશે મેલીને આવીયા, પણ નવિ સીધું કાજ;
વિતથ સરઘનગાજ. વ૦૧૯

કાંઈક સંભ્રમ જાણીને, રાખ્યો પિતાએ ગેહ;
આવણને દીધો નહીં, તસ કર્મે દીધો છેહ;
કપટનું કેતુ દેહ. વ૦૨૦

એમ સુણી ભૂપસુતા કહે, હું વંચી તુમને તેણ;
તે અનિષ્ટ વર નવિ થયો, વંચી નવિ કર્મેણ. વ૦૨૧

ભાગ્ય અછે હજી માહરું, તુમને દીધા યક્ષ;
તુમ્હી જ વર મન માનીયા, રૂપ કામ પ્રત્યક્ષ. વ૦૨૨

પણ આપણ ઇહાં રહેતાં થકાં, કરશે પિતા અનર્થ;
તેહ ભયથી ક્યાંય જાઈએ, સીઝે આપણો અર્થ. વ૦૨૩

તે નિસુણી કુંવર કહે, તે પણ માનવ રૂપ;
હું પણ માનવ રૂપ અછું, શો ભય કરો મન ભૂપ. વ૦૨૪

જોઈએ તે [૧]કેહવો અછે, બળ કેહવું છે તાસ;
ભાવી હોય તે નીપજે, શું હોય ભયથી નાશ. વ૦૨૫

થયું પ્રભાત સજળે કરી, ધોવે નિજ મુખ જામ;
ભાનુ પરે ભાલ દેખીને, હરખી કન્યા થયું મન ઠામ. વ૦૨૬

એહવે યક્ષ અર્ચક તિહાં, આવી દીઠું સર્વ;
તુરત જઈ ભૂપ વીનવ્યો, ચઢીયો નૃપતિને ગર્વ. વ૦૨૭

નૃપ આદેશે આવીઓ, ચતુરંગ બળ તેણે ઠામ;
તે દેખી કંપે કની, કહે પતિ કર મન ઠામ. વ૦૨૮

ભદ્રે! મન બીએ [૨]મતી, એ [૩]વરાક કુણ [૪]માત;
શું જાઉં એ ઉપરે, એ ભટ કાયર ગાત. વ૦૨૯

પાછળ મંત્રી આવીયો, કહે રે કોણ તુજ સ્થાન;
ન કહે કાંઈ નામાદિકે, ગણે ન કિણને જ્ઞાન. વ૦૩૦

---

૧. કેવું ૨. મત, ના ૩. બિચારો ૪. માત્ર

હક્કા કરીને હાંકીયા, નાઠા જંબુકિનાશ;
એહવે ભૂપતિ આવીયા, લેઈ સૈન્ય પ્રકાશ. વ૦૩૧

કની કહે એ તાત છે, શું કરશે મુજ એહ;
ન જાણીએ એ ભીતિ છે, કોણશું કીધો નેહ. વ૦૩૨

પ્રિયાને હર્ષ કરવા ભણી, દેખાડે નિજ નામ;
મુદ્રામાંહે દેખીને, હરખી પરખી તામ. વ૦૩૩

રત્નસાર લેઈ કરી, કાંઈક પ્રિયાને હાથ;
દેઈ અંજન કરી વાનરી, લીધી તેહની આથ. વ૦૩૪

સખી તે સાહમું જોઈ, કિમ જીતશે એ સાથ;
જન સવિને ઠેકી ગયો, સાહમો થઈ ભૂનાથ. વ૦૩૫

આગળ તે પાછળ કરે, પાછળ કરે તે પાસ;
કેઈ હાથે કેઈ પાયશું, કેઈ નાખે નિઃસાસ. વ૦૩૬

મંથાણે [1]દધિને મથે, તેમ [2]ચમૂ દધિ તામ;
ભૂપતિને આવી અડ્યો, જાણે કોઈ [3]હરિ ઉદ્દામ. વ૦૩૭

આરોહી ગજ ઉપરે, પાડ્યો નૃપને જોર;
લેઈ ખડ્ગને બાંધીઓ, કરતા બહુ જન સોર. વ૦૩૮

નીસરીઓ તે રણ થકી, પસર્યો તસ જસવાદ;
જ્ઞાનવિમલ ગુરુ સાન્નિધ્યે, ટલે સઘળો વિખવાદ. વ૦૩૯

**॥ દોહા ॥**

એહવે એક બંદી જને, ઓલખીયો શ્રીચંદ;
બોલે કર ઊંચા કરી, જય જય તું જિમ ઇંદ. ૧

ગાહામાંહે ગુણ કહે, જેહનાં સત્ય ચરિત્ર;
ગુણીના ગુણ પઢતાં થકાં, રસના હોય પવિત્ર. ૨

तथाहि–**चोर गिहाओ जेणं, बंभपिया बालपुत्त विरह हया;**
**बहिया नियपिय रहिया, सो धीरो जयउ सिरिचंदो. १**

**कुंडलपुरस्स रज्जं, चंदमुहराय कनि परिणयणं;**
**जक्खवयणओ विहिय, चंदपुर वासियं जेण. २**

---

૧. દહીં ૨. સેના ૩. ભયંકર સિંહ

सो कुंडलपुर [1]अहिवई, सिरिचंदो जयउ पयावसिंह सुयो;
संफुसई जस्स तईया, जक्खो भत्तीई पायतले. ३
युगलं जेणय महिंदणयरे, खाय खणंमिजए;
ઇત્યાદિક ગુણ કીર્ત્તના, સુણીને દે બહુમાન;
પૂર્ણ કર્યો તે બંદીને, કુમર સમયનો જાણ. ૩
જઈ વનમાં રથ બેસીને, વેગે વળ્યા તેણીવાર;
ઠામ ઠામ લીલા કરે, અહો સુકૃત સંભાર. ૪
સચિવે બંધન છોડિયાં, હવે અરિમર્દન રાય;
બંદીથી શ્રીચંદ્ર લહ્યો, આનંદ અધિક ન માય. ૫
ધીર વીર માની અહો, કન્યાનો પતિ જાય;
તેડી આવે તે ઇહાં, જિમ મુજને સુખ થાય. ૬
ચોપખેર તે નીસર્યા, તેડવાને યોદ્ધાર;
પણ કિહાંએ પામ્યો નહીં, જેમ ચાતક મુખ વારિ. ૭
દેખી પુત્રી વાનરી, ઝરતી નયણે નીર;
સખી મુખથી સવિ સાંભળ્યાં, તાસ પરાક્રમ ધીર. ૮
રાજા તસ ગુણ સ્તવી કહે, વત્સે! મ ધર તું દુઃખ;
સેનાયુત કોશસ્થલે, મૂકી તુજ કરું સુખ. ૯
એમ કહી ભટને ઉચિત દઈ, આવ્યા નયર મઝાર;
વિવાહ ઉત્સવ અધિકશું, વિસ્તારશું તેણી વાર. ૧૦

## ॥ ઢાળ દશમી ॥

(હંસલો ભલો/અથવા રાજુલ બેઠી માલીએ–એ દેશી)

હવે તિણ દિન જાતાં થકાં, શુભ શકુને હો શ્રીચંદ્ર નરિંદ તો;
કોઈ અટવી આવી વચે, વડ હેઠે હો નિશિ રહે આનંદ તો;
પુણ્યવંત સોભાગીઓ, સુખકારી હો છે જાસ [2]દીદાર તો;
પગ પગ નવનિધિ સંપજે, નવિ પામે હો તે દુઃખ લગાર તો. પુ૦ ૧

પહેલો આપ સૂએ સાથરે, તિહાં જાગે હો [3]કુંજર છે સહાય તો;
પછે તે સૂતો સારથી, આપ જાગે હો કરી ખડ્ગ સચ્છાય તો. પુ૦ ૨

૧. અધિપતિ ૨. દેખાવ, દર્શન ૩. સારથીનું નામ

એહવે મૃદુ માદલ ધ્વનિ, સુણિ ઉઠ્યો હો તે દિશિ ઉદ્દેશ તો;
સુરત જણાવીને ચલ્યો, તે સ્વરને હો થાપી હૃદિ દેશ તો. પુ૦ ૩

આગળ એક ગિરિને વને, તે માંહે હો છે યક્ષનું ચૈત્ય તો;
મંડપદ્વાર દીધાં અછે, માંહે ગાયે હો શ્રીચંદ્રચરિત્ર તો. પુ૦ ૪

તે નિસુણી મન ચિંતવે, એ અચરિજ હો દીસે છે કાંઈ તો;
કુણ શ્રીચંદ્ર કુણ ગાયના, સુણવાને હો રહ્યો દ્વાર છિપાય તો. પુ૦ ૫

કપાટછિદ્રે[1] તે જુવે, તવ દેખે હો મદનસુંદરી ત્યાંહિ તો;
કન્યા આઠ સમેત છે, [2]હઈએ હરખ્યો હો તપ્યો પામી છાહ તો. પુ૦ ૬

સંગીત કનીને શીખવે, તાલ મૂર્ચ્છના હો લયનો સ્વર દાન તો;
મદના કન્યાને તિહાં, નૃત્યાદિકે હો હસ્તકનાં માન તો. પુ૦ ૭

તેહ પ્રભાતે નીસરી, આઠ કન્યા હો લેઈ પરિવાર તો;
ભલું થયું જે પ્રિયા મળી, એમ ચિંતી હો થયો પૂઠે કુમાર તો;
ગુટિકાનો હો કરી વદન પ્રચાર તો. પુ૦ ૮

ગિરિદરી વિવરમાં પેશીઓ, મણિદીપે હો જ્યોતિ ઝાકઝમાલ તો;
નયર પાતાળમાં પેખીઓ, જોવાને હો થયો તે ઉજમાલ તો. પુ૦ ૯

સૌધક[3] ઉપર મદના રહી, સુણો [4]સહીયો હો એક માહરી વાચ તો;
વામ નયન ફૂરકે ઘણું, પતિમેળો હો થાય તો એ સાચ તો. પુ૦૧૦

અથવા સંદેશો તેહનો, ઇહાં આવે હો એહનો નિરધાર તો;
રત્નચૂલા સખી મુખ્ય છે, તે કહેવા હો લાગી તેણી વાર તો. પુ૦૧૧

મુજને પણ વામ નેત્રની, થાયે ચેષ્ટા હો મનને સુખદાય તો;
જે દિનથી ઇહાં આવ્યા તુમો, તપ કીધાં હો આંબિલ સમુદાય તો. પુ૦૧૨

તપથી મન ઇચ્છિત હુવે, જે દુર્ગમ હો તે સહેલું થાય તો;
તુમ તપના પ્રભાવથી, જાણીજે હો હવે મન સુખ થાય તો. પુ૦૧૩

એહવે કોઈ સખી આવીને, રત્નવેગા હો તુમ માતા જેહ તો;
તેડે છે ભોજન ભણી, સહુ આવો હો કહ્યું [5]જામે નેહ તો. પુ૦૧૪

કહે મદના ભૂખી નથી, તુમે જાઓ હો બહેન કરો [6]ભુક્તિ તો;
તે કહે તુમ વિના નવિ જમું, એહવે માતા હો આવી કરે ઉક્તિ તો. પુ૦૧૫

૧.દરવાજાના કાણામાંથી ૨.હૃદયમાં ૩.મહેલ ૪.સખીઓ ૫.જામે=માતા ૬.ભોજન

હે પુત્રી ! કેમ જિમતી નથી, આ શું આલી હો કહે મદના તામ તો;
અંબે ! રતિ કિહાંય ન ઉપજે, તિણ હેતે હો નહીં ભોજન કામ તો. પુ૦૧૬

ખગી[1] કહે મુજ પુત્રી એ સવિ, તુજ ભર્ત્તા હો વર્યો એણીએ તેહ તો;
નૈમિત્તિકનાં વચણથી, રાજ્ય લહીશે હો તેહથી ગુણગેહ તો. પુ૦૧૭

હું દુઃખિણી દોભાગણી, અટવીમાંહે હો મૃત્યુ લહ્યો ભરતાર તો;
સ્થાનભ્રષ્ટતા નિપની, દુઃખ લહીએ હો જે લખ્યું કિરતાર તો. પુ૦૧૮

વિદ્યાસાધનને ગયા, દેવરસુત હો તસ ખબર ન કાંય તો;
કુશસ્થલની પણ શુદ્ધિ નહીં, ઇહાં આવ્યા હો દિનકટણી થાય તો. પુ૦૧૯

તું તો ડાહી જાણતી, કેમ થાયે હો હઠ કરી દુઃખ કાજ તો;
જેહથી ટાઢક ચાહીએ, તેહથી હો હોયે તાપનું કાજ તો. પુ૦૨૦

તેહ ભણી ભોજન કીજીએ, નવિ કીજે હો કોઈને અંતરાય તો;
તોયે હઠ મૂકે નહીં, ખગી તેહને હો ઉત્સંગે લાય તો. પુ૦૨૧

રોવે તસ દુઃખે દુઃખિણી, પ્રીતડલી હો જગે એહવી હોય તો;
પ્રીતિ તે પરમ બંધન અછે, એણે બંધને હો બાંધ્યા સહુ કોય તો. પુ૦૨૨

તે જાણી કુમર મન ચિંતવે, જે હણીઓ હો ખગને અણજાણ તો;
તેહની એ પત્ની અછે, પણ રાગિણી હો માહરે વિષે જાણ તો. પુ૦૨૩

વૈર તો મુજશું નવિ વહે, એમ જાણી હો પુર બાહેર તામ તો;
રૂપ પ્રગટ કરી આપણું, પેસરાવ્યો હો [2]વેત્રીએ તેણી ઠામ તો. પુ૦૨૪

મુદ્રિકા દીએ તે વેત્રીને, માંહે મૂક્યો હો હરખ્યો તે કુમાર તો;
સુવેગા આવી તિહાં, અતિ સુંદર હો દેખીને આકાર તો. પુ૦૨૫

કોણ તુમો કિહાંથી આવીયા, એમ પૂછે હો જન કહે શ્રીચંદ્ર તો;
તેટલે મદના સખીયુતા, આવીને હો ઓળખીઓ અમંદ તો. પુ૦૨૬

હર્ષે ધાઈને કહે, અરે અંબે હો તું વધામણી દેય તો;
તુજ જામાતા આવીઓ, જસ ઇચ્છા હો કરતા નિત્યમેવ તો. પુ૦૨૭

હરખી તે વિદ્યાધરી, માંહે તેડી હો થુણે શ્રીચંદ્ર રાય તો;
ભાગ્યબળે ઇહાં આવીયા, એ મદના હો સ્મરતી અહોરાય[3] તો. પુ૦૨૮

સખી આદેશે પુત્રિકા, આઠે ઠવે હો તસ ગળે વરમાલ તો;
હવે નૃપ પૂછે વિદ્યાધરી, [4]આસ્થિત હો કેમ દુઃખ વિકરાલ તો. પુ૦૨૯

---

૧. વિદ્યાધરી ૨. દ્વારપાલ ૩. દિનરાત ૪. ફેલાયેલું

હે હે વીર શિરોમણિ, વિદ્યાધરી હો કહે સુણો એક વાત તો;
વૈતાઢ્યે એક નગર છે, મણિભૂષણ હો નામે વિખ્યાત તો. પુ૦૩૦

રત્નચૂડ રાજા તિહાં, યુવરાજા હો મણિચૂડ ઇતિ નામ તો;
રત્નવેગા મહાવેગા બેહુ, અમો તેહની હો તરુણી ઉદ્દામ તો. પુ૦૩૧

રત્નચૂલા ને મણિચૂલિકા, પુત્ર એહના હો પુત્રી છે ચાર તો;
રત્નકાંતાદિક જાણીએ, ભાણેજી હો એ સુંદરાકાર તો. પુ૦૩૨

એકદા ગોત્ર વિદ્યાધરે, સુગ્રીવે હો ઉત્તરને નાથ તો;
કૂડ કરીને કાઢીયા, તે બિહુ જીતી હો રાજ્ય કીધું હાથ તો. પુ૦૩૩

સર્વ લેઈ ધન આપણું, સકુટુંબે હો એ નગર પાતાલ તો;
રહીએ કહીએ કેહને, દુઃખ સહીએ હો માનવ સુકમાલ તો. પુ૦૩૪

હવે રત્નચૂડ નિજ દેશ વાળવા, તસ હેતે હો અટવીમાં જાય તો;
ચંદ્રહાસ વિદ્યા સાધવા, વિધિપૂર્વક હો રહી અધોમુખી થાય તો. પુ૦૩૫

કુણહીકે જે તિહાં મારીઓ, તે દેખી હો અમે થયાં વિચ્છાય તો;
તેહની પ્રેતક્રિયા[1] કરી, ફરી આવ્યાં હો રહીયાં ઇણ ઠાય તો. પુ૦૩૬

રત્નચૂડ પિતુસુ દુઃખથી, રત્નધ્વજ હો અટવીમાં ફીરંત તો;
રત્નચૂલા ભાઈ વડો, તિહાં દીઠો હો મદનાનો કંત તો. પુ૦૩૭

અજુઆલાનો ભ્રમ કરી, ઇહાં આણી હો મદના તેણી વાર તો;
થાપી મેં પુત્રી કરી, શીલવંતી હો રહે શુભ આચાર તો. પુ૦૩૮

પતિ ચરિત્ર નિત્યે કહે, અનુરાગિણી હો કીધી એ બાળ તો;
તિહાં નિશ્ચય એહવો કર્યો, પતિ કરવો હો એહી અવર તે આળ તો. પુ૦૩૯

કાયર[2]મસાગત બહુ કરે, પણ[3] સુકૃતીને હો આવે સવિ કાજ તો;
ચાવે દાંત રસ જીભ લે, તેમ એ તાહરે હો થઈ ભોગને સાજ તો;
જ્ઞાનવિમલથી હો હવે લાધશે કાજ તો. પુ૦૪૦

## ॥ દોહા ॥

હવે એક દિન મણિચૂડ [4]ખગ, પૂછે નિમિત્તક જાણ;
ગયું રાજ્ય કેમ આવશે, કિમ અમને ગુણખાણ. ૧

આઠ કન્યાનો કોણ હશે, વર કેહવો મહારાય;
કહે નિમિત્તિક આઠ કની તણો, એક વર હોશે ઇણ ઠાય. ૨

---

૧. મરણોત્તર ક્રિયા ૨.મશાગત=મહેનત ૩. પુણ્યશાળીને ૪.વિદ્યાધર

તે મહા સત્ત્વ ગુણી બલી, વાલશે તે તુમ રાજ;
અપ્રતિચક્રાને સાધને, હુયે યોગી સુખ કાજ. ૩

તે નિસુણી બેહુ ગયા, રત્નચૂલ મણિચૂલ;
વિદ્યાસાધન ઉમહ્યા, ષટ્માસી તસ મૂલ. ૪

વચન પવિત્ર સાધન બહુ, જાણી સુરગિરિએ જાય;
નંદન વનમાંહે અછે, ચાર માસ તસ ઠાય. ૫

શેષ બે માસી થાકતી, અછે અવધિ સંકેત;
ભાગ્ય થકી તુમે આવીયા, પરણો કની ધરી હેત. ૬

આગ્રહથી શ્રીચંદ્ર નૃપ, વરે કન્યાને તામ;
તેહ સહિત ભોજન કરે, ભોજન પછી લહે નામ. ૭

ખગી કહે, કેમ એકલા આવ્યા ઇહાં શે યોગ;
નિજ ચરિત્ર તેહને કહે, જેહવો ઉચિતને યોગ. ૮

રત્નવેગા કહે ઇહાં રહો, સુખે કરી મન ઠામ;
[1]મણિચૂલાગમ જિહાં લગે, ભાવી હિતને કામ. ૯

કહે શ્રીચંદ્ર માતા તમે, કહ્યું તે સર્વ પ્રમાણ;
પણ માહરે બહુ કાર્ય છે, એ અવિલંબ પ્રમાણ. ૧૦

છું ઉત્સુક ઉતાવળો, કાર્યનો અપરવાર;
કનકપુરે જાવા અછું, દિયો આજ્ઞા કાર્ય વિચાર. ૧૧

વિદ્યા સાધી આવે યદા, તદા જણાવજો તેહ;
ભાવીભાવ હોશે સહી, મન ધરજો નિઃસંદેહ. ૧૨

ભલું થયું આજ માહરે, જે તુમ સંગતિ મેલ;
થયું જેમ[2]પય ને સિતા, એ કોઈ પૂર્વ શુભ ખેલ. ૧૩

ખગી કહે મદના તણો, વિરહ મ પડજો સ્વામ;
તે ભણી એ અંગીકરી, જાઓ પછે નિજ ઠામ. ૧૪

તે કહે માતા એ સહી, સર્વ અછે સ્વાધીન;
પણ તુમ રાજ્ય સ્થિતિ પછી, હોશે સર્વ અદીન. ૧૫

હમણાં સવિ ઇહાં રહો, કહેવું ન ઘટે કાંય;
મદનાને સાથે ગ્રહી, ચાલે શ્રીચંદ્ર રાય. ૧૬

---

૧. મણિચૂલનું આગમન  ૨. દૂધ અને સાકર

રત્નચૂલા રોતી કહે, પિયુનો પાલવ ઝાલી;
મદનાને વળી તુમ તણો, વિરુઈ વેદન ટાળી. ૧૭

અમને રહેવું નવિ ઘટે, આવીશું તુમ સાથ;
પતિવ્રતાને પતિ સમી, અવર ન બોલી [1]આથ. ૧૮

કહે શ્રીચંદ્ર સવિ તે ખરું, પતિ કહ્યું કરે તે પ્રમાણ;
અવધિ કહી જેમ તેમ કરી, તિહાં રાખી દેઈ પાણિ. ૧૯

દીધું મન લીધું વયણ, સીધું જાણી કાજ;
કીધું નિજ મનમાનીયું, પીધું જેમ મધુ ગજરાજ. ૨૦

## ॥ ઢાળ અગિયારમી ॥

(આસણરા યોગી—એ દેશી)

શીખ લેઈને શ્રીચંદ્ર ચાલ્યા, ખગી પ્રમુખ પાછા વાળ્યા હો;
હોજો તુમને વારુ.
આવ્યા તેહ [2]વડે જિહાં સૂતા, સજ્જિત રથ સંયુત્તા હો. હો૦ ૧

ચાલે કનકપુર નગર ઉદ્દેશી, શુભદેશી વળી શુભવેશી હો; હો૦
પથી વાત કરે માંહોમાંહે, ગહી ગહી નિજ ભુજ માંહોમાંહે હો. હો૦ ૨

જાતાં જાતાં અટવી આવી, દીઠી રુદ્રપુરી ચિત્ત ભાવી હો; હો૦
તિહાં ઉપવનમાં જઈ બેઠા, તિહાં બહુ જનને દીઠા હો. હો૦ ૩

તેહ નગરનો નાયક પેખ્યો, ગજ રથ તુરંગે લેખ્યો હો; હો૦
એક પાસે [3]ચય અનલ વિહૂણી, તસ પાસે એક કની [4]દૂણી હો. હો૦ ૪

દુઃખે પીડી હૃદયમાં ભીડી, જેમ વ્યંજન માથે મીંડી હો; હો૦
એક પાસે અદ્ભુત નર બાંધ્યો, તલારે તેહને સાંધ્યો હો. હો૦ ૫

તે દેખી રથ શ્રીચંદ્ર રાખે, તરુતલે એ શું મુખ ભાખે હો; હો૦
વનપાલકને શ્રીચંદ્ર પૂછે, એ પ્રબંધ કહો શું છે હો. હો૦ ૬

તે કહે સંત શિરોમણિ નિસુણો, રુદ્રપલ્લી નગરી એ પભણો હો; હો૦
વજસિંહ છે તેહનો રાજા, ક્ષેમવતી પ્રિયા તસ તાજા હો. હો૦ ૭

પુત્રી હંસાવલી છે એહવે, શેષ સંબંધ કહે જેહવે હો; હો૦
તેહવે કુમર રથ અદ્ભુત જાણી, મૂક્યો સચિવ કહે વાણી હો. હો૦ ૮

એહવે હરિબંધુ અંગદ આવ્યો, દેખી શ્રીચંદ્રને સુખ પાવ્યો હો; હો૦
ઓળખીને તેહનો યશ બોલે, કોઈ નહીં શ્રીચંદ્ર તોલે હો. હો૦ ૯

---

૧ પૂંજી, ધન ૨. વડ નીચે ૩. અગ્નિ વગરની ચિતા ૪. દુઃખી

यतः–कणगज्जयस्स रज्जं, पुत्ती कणगावली य कणगपुरे
विलसई सुण दिणंदो, नवलख्ख वई सुसिरिचंदो १
वीणाउरम्मि वरिओ, सुयजीव पउमसिरि निवसुएहिं
जाईसर उवलख्खिय, सिरिचंदो जयउ जिण चंदो २

છપ્પો

શ્રીગિરિ પર્વત કૂટ, પંચ છે અતિહિ ઉતંગા,
ગિરિસુરી વિજયા નામે, પ્રથમ છે શિખર સુચંગા;
સદાફળ સહકાર, સાર છે તેહને પાસે,
અગ્નિકોણે અગ્નિકુંડ, કનકની ખાણ વિભાસે.
મધ્ય કૂટે છે જિનગેહ કૂટ દુગ કેલીનું ઠામ છે;
ભિલ્લ રાય રક્ષક કર્યો, તે શ્રીચંદ્ર મનમાં રુચે. ૧

વળી શ્રીપર્વત શૃંગ, ચંદપુર પટ્ટણ વાસ્યું,
વિજયદેવિ આણંદ, જેહ સુહઠાણ વિલાસ્યું;
પુર મધ્યે એક ચૈત્ય, પ્રથમ જિનનું મણિ કેરું,
ચોબારું અતિ ચારુ, જોયતાં જાણે મેરુ.
ધર્મ કર્મ કરતા ઘણા જમવારો સફલો કરે;
તે શ્રીચંદ્ર નરિંદની, કીર્ત્તિ જગમાં વિસ્તરે. ૨

**॥ પૂર્વ ઢાલ ॥**

બંદીમુખથી શ્રીચંદ્ર જાણ્યો, સચિવ જઈ તેડી આણ્યો હો; હો૦
પુત્રીયુત નૃપ સન્મુખ જાવે, નૃપ જાણી શ્રીચંદ્ર આવે હો. હો૦૧૦

નતિ થુતિ કરી માંહોમાંહે જે, શ્રીચંદ્ર પણ બહુ તેજે હો; હો૦
ઉચિત સ્થાન મદનાને મૂકે, બેઠો વિનય ન ચૂકે હો. હો૦૧૧

કન્યાને દુઃખ કારણ પૂછે, વજ્રસિંહ નૃપ સવિ સૂચે હો; હો૦
નવલખ દેશનો કનકસેન ભૂપ, કનકાવતી સુતારૂપ હો. હો૦૧૨

મુજ પુત્રી હંસાવલી નામ, તેહ સાથે સખીપણું અભિરામ હો; હો૦
તે દેશના સ્વામી તુમે હુઆ, વર કનકાવલીના હુવા હો. હો૦૧૩

તે નિસુણી મુજ પુત્રી ભાખે, કહે એહવું સહુની સાખે હો; હો૦
જે કનકાવલીએ પતિ ધાર્યો, મેં પણ તે અંગીકાર્યો હો. હો૦૧૪

તે જાણી હવે વિશ્રુત મંત્રી, મોકલ્યો એમ આમંત્રી હો; હો૦
લખમણ મંત્રીથી વાત તુમારી, પરદેશ ગયાની અવધારી હો. હો૦૧૫

આવી સચિવે તે વાત જણાવી, સુણી કની બહુ દુઃખ પાવી હો; હો૦
અહોનિશ તુમચું નામ સંભારે, મળવું તે ભાગ્ય અનુસારે હો. હો૦૧૬

હવે કુંડલપુર નૃપનો બેટો, કપટ કુવિદ્યાનો ઘેટો હો; હો૦
હંસાવલીનો તે થયો રાગી, ચંદ્રસેનને કુમતિ તે જાગી હો. હો૦૧૭

પુત્રીની એ પ્રતિજ્ઞા જાણી, તુમ વિદેશે એમ ચિત્ત આણી હો; હો૦
વિણ પૂછે ત્યાંથી નીસરીઓ, નિશિ કનકપુરે સંચરીઓ હો. હો૦૧૮

ખબર લઈ તુમચી સવિ તેણે, કૂટ બુદ્ધે કરી એણે હો; હો૦
એક ભૃત્યશું એકલો આવ્યો, શ્રીચંદ્ર નામ ધરાવ્યો હો. હો૦૧૯

વેશ ધર્યો તુમચો રહી છાનો, દીએ દાન અને બહુમાનો હો; હો૦
તેહ કપટ તો અમે નવિ લહિયું, શ્રીચંદ્ર એ સવિ કહિયું હો. હો૦૨૦

કન્યા પણ મનમાં હરખાણી, જુઓ કર્મ તણી સહિ નાણી હો; હો૦
કર્યો વિવાહ છલને યોગે, પણ સુખ તો કર્મને ભોગે હો. હો૦૨૧

એહવે કોઈક વણિજ ઇહાં આવ્યો, તેણે [1]ઉદંત જણાવ્યો હો; હો૦
તે વારે એહને કૂટ્યો ને બાંધ્યો, મનવંછિત તસ નવિ સાધ્યો હો. હો૦૨૨

સર્વ યથાસ્થિત ચરિત્ર તે ભાખ્યું, હું શ્રીચંદ્ર નહીં તે [2]આખ્યું હો; હો૦
હું કુંડલેશ તણો સુત નામે, ચંદ્રસેન છઉં અભિરામે હો. હો૦૨૩

તે જાણી પુત્રી થઈ દુઃખિણી, વિવાહ થયો વિષમી કરણી હો; હો૦
મંત્રી પ્રમુખ સચિવ સવિ દુઃખીયા, હવે કેમ થાયે તે સુખીયા હો. હો૦૨૪

એહવે સત્યંગદ ભટ આવ્યો, તેણે તુમ ગુણરાશિ સુણાવ્યો હો; હો૦
દુઃખવિધુરા બાલા જડસંજ્ઞા, થઈ હતી તે બહુવિજ્ઞા હો. હો૦૨૫

કાષ્ઠભક્ષણ કરવા થઈ સામી, તે પણ ઇહાં છે હરામી હો; હો૦
ચોર પરે તે બાંધ્યો દીસે, ખોઈ એણે જનમ જગીશે હો. હો૦૨૬

અહો વિશ્વસઘાતીની છલતા, અહો ક્રૂરતા કામની જલતા હો; હો૦
અહો દીર્ઘ અદર્શિતા એહની, અહો અજ્ઞાનતા અમની હો. હો૦૨૭

यतः—अति उत्सुक उतावला, ते विणसाडे कज्ज
दूध थकी जो नीपजे, तो न विलोवे अज्ज

અર્થ—જે અતિ ઉત્સુક અને ઉતાવલા હોય તે પોતાનું કાર્ય બગાડે છે. ઉતાવલથી કાર્યસિદ્ધિ થતી નથી. દૂધથી જો સીધું ઘી મળતું હોય

૧ સમાચાર ૨. કહ્યું

તો માખણ વલોવવાની મહેનત આર્યલોકો શા માટે કરે? અર્થાત્ ઉતાવલ કરીને દૂધ વલોવે તો દૂધ બગડી જાય અને ઘી ન મળે.

काव्यं–सहसा विदधीत न क्रिया,–मविवेकः परमापदां पदं
वृणुते हि विमृश्यकारिणं, गुणलुब्धाः स्वयमेव संपदः १

**અર્થઃ**–વિવેક વિના સહસા કાંઈ કામ કરવું નહીં, કારણકે અવિવેક છે, તે પરમ આપત્તિનું સ્થાનક છે; વળી વિચારીને કામ કરનાર મનુષ્યને તેના ગુણોએ કરી લોભ પામેલી એવી સર્વ સંપત્તિઓ પોતે જ આવી વરે છે.

તે નિસુણી કહે શ્રીચંદ્ર રાજા, વજ્રસિંહ નૃપ પ્રત્યે તાજા હો; હો૦
એહ તુમારો દોષ ન કોઈ, વિષમ કર્મગતિ હોઈ હો. હો૦૨૮

જીવ ને કર્મ અનાદિ સંબંધ, સમયે સમયે નવો બંધ હો; હો૦
કિહાંએક બળિયું કર્મ કિહાંએ, જીવ તે બળિયો કિહાંએ હો. હો૦૨૯

यतः–कत्तवि जीवो बलीयो, कत्तवि कम्माई हुंति बलियाइं
जीवस्सय कम्मस्सय, पुव्व निबद्धाई वईराइं १

તેહવી બુદ્ધિ તેહવી સહાય, જેહવી ભવિતવ્યતા થાય હો; હો૦
પરમ દુઃખ અસહન તે જાણી, કરુણા તે ઉપર આણી હો. હો૦૩૦

બંધનથી છોડાવી તે પાસે, થાપ્યો ભૂપ ભુજાની ઉલ્લાસે હો; હો૦
અરે! સ્ત્રીને કાજે એ શું છળ કીધું, કુળને [1]મહેણું દીધું હો. હો૦૩૧

સુકુલ જન્મને એહવું ન ઘટે, જે કીજે તે ભોગવ્યા વિણુ ન મિટે હો; હો૦
એમ ઉપદેશ દેઈને વાર્યો, બંધન દુઃખથી ઉગાર્યો હો. હો૦૩૨

સંત તણી કરુણા સવિ જગમાં, વિસ્તરતાં છે વગમાં હો; હો૦
લિખિત લેખ જે હોયે લલાટે, તે લહી ઇહાં કોય ન પાડે હો. હો૦૩૩

કહે કન્યાને હવે પ્રતિબોધહ, ભદ્રે મ મ કર દુઃખ પ્રબંધહ હો; હો૦
માનવ જન્મ એ દુર્લભ લહીએ, હત્યા કલંક ન વહીએ હો. હો૦૩૪

મન ચિંતવ્યો નવિ હોવે ભરતા, વચન અંગીકૃત પણ નિરતા હો; હો૦
પાણિગ્રહણે જેહ આદરિયો, તે ભર્ત્તા નારીએ વરિયો હો. હો૦૩૫

એક વાર ચઢે કાષ્ઠની હાંડી, પછે ચઢે થાયે ભાંડી હો; હો૦
પણ કાયે જલ સજ્જનની વાણી, જિમ એક વાર કહેવરાણી હો. હો૦૩૬

૧. કલંક

તેમ કુલસ્ત્રી એક વાર વિવાહી, ફરીને તે અવર ન થાઈ હો; હો૦
એહ પણ ભૂપતિ પુત્ર છે તાજો, ફરી વાત કરે હવે લાજો હો. હો૦૩૭

यतः—सकृज्जल्पंति राजानः सकृज्जल्पंति साधवः
सकृत्कन्या प्रदीयंते त्रिण्येतानि सकृत् सकृत् १

**ભાવાર્થઃ**—રાજા એક જ વાર હુકમ કરે છે, સાધુ પણ એક જ વાર બોલે છે, કન્યા પણ એક જ વાર અપાય છે; અર્થાત્ એ ત્રણ વાનાં એક જ વાર થાય છે, ફરી ફરીને થતાં નથી.

તેહ ભણી આપઘાત ન કરવો, બાલ મરણે નવિ મરવો હો; હો૦
જ્ઞાનવિમલ ગુરુ વયણ સંભાળે, હોયે તસ ઘર મંગલ માલે હો. હો૦૩૮

**॥ દોહા ॥**

કહે હંસાવલી સાંભળો, જે તુમે કહ્યું તે સત્ય;
પણ કુલવંતી મન ધર્યો, તેહિ જ કંત પ્રશસ્ત. ૧

તે ભણી મન વચને વર્યો, તેહિ જ હોય પ્રમાણ;
કાયાએ પણ મને નહીં, જેહ નીપજ્યું અજાણ. ૨

ગીત નૃત્ય આચારમાં, નવિ ગાયું તસ નામ;
તો પણ અંગીકૃત હુયે, જો પશ્ચિમ ઊગે ભાણ. ૩

વિપર્યાસબુદ્ધિએ ગ્રહ્યું, સાચ જાણીને જેહ;
તે વિપર્યાસ ટળ્યા થકી, શું ન મૂકીજે એહ? ૪

મણિ ભ્રાંતે કાચ સંગ્રહ્યો, અપરીક્ષકથી કેણ;
તે કાચ છોડી [1]પાચ લે, શું તસ કહો અયેણ. ૫

તુમ ભ્રાંતે મેં કર ગ્રહ્યો, બુદ્ધિ તુમારી લાજ;
તે અપર જબ જાણિયો, તવ મૂકતાં શી લાજ? ૬

મનમાં વર્યો તે છોડીએ, કેવલ ભ્રાંતે કોય;
ફરસ્યો નવિ લેખે હુયે, હૃદય વિમાસી જોય. ૭

વળી સાહિબ તુમે જે કહ્યું, એહવી જગતની રૂઢિ;
ચોથે મંગલ વરતીએ, તેહિ જ વર હોયે ગૂઢ. ૮

તે તો અવરને જાણજો, કુલ તરુણી નહીં એમ;
વચન મને જે આદર્યો, તે પતિ અવરનો [2]નેમ. ૯

૧. રત્ન ૨. નિયમ, ત્યાગ

જે મનમાંહિ ધ્યાઈયો, ફળ પણ તેહવું થાય;
દેવ આગે જે બલિ કર્યું, તે ભોજન નવિ થાય. ૧૦

બંધ મોક્ષનું હેતુ છે, માનવને મન એવ;
આલિંગને સરખી હુયે, બહેન ને સ્ત્રી સ્વયમેવ. ૧૧

દુર્દ્ધર મન વ્યાપાર છે, મનને હાથે બંધ;
ક્ષણ ઇક માંહે સાતમી, ક્ષણમાં મોક્ષ પ્રબંધ. ૧૨

यतः—आगमेऽपि

मण वावारो गुरुओ, मण वावारो जिणेहि पन्नत्तो
अहणेई सत्तमीओ, अहवा सिद्धि पराणेई १

मन एव मनुष्याणां, कारणं बंधमोक्षयो
यथैवालिंग्यते भार्या, तथैवालिंग्यते स्वसा २

**ભાવાર્થ:–** ૧. મનનો વ્યાપાર મોટો છે. જિનેંદ્રે એ પ્રકારે મનનો વ્યાપાર વર્ણવ્યો છે. મન એક ક્ષણમાં સાતમી નરકે લઈ જાય છે અને એક ક્ષણમાં સિદ્ધિ પમાડે છે. ૨. મન છે તે મનુષ્યને બંધનું અને મોક્ષનું કારણ છે, જેમ ભાર્યાનું આલિંગન થાય છે, તેમ જ બહેનનું પણ આલિંગન કરાય છે; પણ બન્નેનું ફળ જુદું છે.

કહે શ્રીચંદ્ર હવે તે પ્રતે, વસ્તુ તણો પરાવર્ત્ત;
હોયે પણ વિવાહિયો, નરનો ન હોયે આવર્ત્ત. ૧૩

સાકર ભ્રાંતે દૂધમાં, [1]ખેપવીયું હોયે લૂણ;
તે જાણે પણ અન્યથા, કરવાને કહો [2]કૂણ. ૧૪

મીઠા પાણીને ભ્રમે, [3]કણિકા ખારે નીર;
મેલી પણ મીઠી ન હુયે, તેમ વિવાહિત વીર. ૧૫

કરમેલાપક જેહનો, થયો ભ્રાંતે અથ જાણ;
તે તેહનો ભર્તા થયો, અપરને પરસ્ત્રી વાણ. ૧૬

**॥ ઢાળ બારમી ॥**

(મરુદેવી માતા એમ ભણે—એ દેશી)

એમ નિસુણી કન્યા કહે, સુણો સાહિબ મોરી વાતજી;
[4]ચિત્ત વાચાએ તુમ વર્યો, અવર સવે નર તાતજી. એ૦ ૧

૧ નાખ્યું ૨. કોણ ૩. ચોખા (સાકરના બદલે ચોખા ખારા પાણીમાં નાખે તેમ)
૪. મન અને વચનથી

જો પરણી એણે છલ કરી, પણ મુખે ન કહું એ કંતજી;
સતી અથવા અસતી અછું, તે જાણે શ્રી ભગવંતજી. એ૦ ૨

એમ કરતાં જો તુમો ગણો, મુજને [1]પરતરુણી ભાવેજી;
તો મુજ શરણ એ ચય[2] હજો, અથવા તપસ્યા અનુભાવેજી. એ૦ ૩

અપર કાર્ય માહરે નહીં, કૃત કર્મ ન છૂટે કિમહીજી;
જે અંતરાય મેં બાંધીઓ, ઉદયે આવ્યું તે ઇમહીજી. એ૦ ૪

તિહાં શ્રીચંદ્ર એમ સાંભળી, શીલ દૃઢતા તાસ પ્રશંસેજી;
નિગ્રહ યોગ્ય તે કુમર છે, પણ અનુકંપા મન હીસેજી. એ૦ ૫

મૂકાવી નૃપને કહે, એ મોહ તણી રાજધાનીજી;
વિષયે પ્રાણી રોલવ્યા, કુણ રાજા રંક ને માનીજી. એ૦ ૬

ધન જીવિત ભોગ અશનના, અણતૃપતા સઘલા પ્રાણીજી;
ગયા જાશે અને જાય છે, ફરતા છે ચઉ ગતિ ખાણિજી. એ૦ ૭

મદન પિશાચ છલે સદા, મધ્યત્રિવલી પંથ વિચાલેજી;
પીવર કુચ યુગ ચોતરે, તરુણીનાં નયણ નિહાલેજી. એ૦ ૮

यदुक्तं–धनेषु जीवितव्येषु स्त्रीषु चाहारकर्मसु
अतृप्ताः प्राणिनः सर्वे, याता यास्यंति यांति च १
मध्यत्रिवलित्रिपथि, पीवरकुचचत्वरे च चपलदृशां
छलयति मदनपिशाचः पुरुषस्य मनोपि च स्खलितं २

**ભાવાર્થઃ–૧.** ધનમાં, જીવિતવ્યમાં, સ્ત્રીઓમાં, આહાર કર્મોમાં, સર્વે પ્રાણીઓ અતૃપ્ત ગયા છે, જશે અને જાય છે. ૨. ચપલ દૃષ્ટિવાલી સ્ત્રીઓના મધ્ય ત્રિવલી રૂપ ત્રણ માર્ગને વિષે જાડા અને મોટા એવા કુચ પર્વતરૂપ ચોતરામાં બેઠો એવો કામદેવરૂપ પિશાચ પુરુષના મનને સ્ખલિત કરે છે.

પિષ્ટની મધુની ગુડ તણી, મદિરા કહી તીન પ્રકારજી;
ચોથી સુરા છે કામિની, જેણે મોહ્યું જગત એ સારજી. એ૦ ૯

મદિરા તો પીધી મદ કરે, સ્ત્રી મદિરા તો દીઠે મોહેજી;
દૃષ્ટિ મદિરા જાણીએ, તે માટે તેહ ન જોવેજી. એ૦૧૦

પંથ ચાર બોલ્યા અછે, નારીના વિષય પ્રસંગેજી;
સુ સંકટ ને વિષમ વળી, મહાપંથ સમપંથ રંગેજી. એ૦૧૧

ત્રણ પંથે જાવું નહીં, સમપંથે જાવું બોલ્યુંજી;
તે જાણીને આપણું, શીલરત્ન તે કંચન તોલ્યુંજી. એ૦૧૨

પરસ્ત્રી છે સંકટપથા, વિધવા તે વિષમપંથ કહીએજી;
મહાપંથ તે વેશ્યા કહી, સમપંથ તે નિજ સ્ત્રી લહીએજી. એ૦૧૩

મંદરૂપ[૧] પરસ્ત્રી હોયે, તોહે પણ વિકૃતિ કરાવેજી;
જેમ [૨]આતુરને અપથ્ય તે, મનમાં સુખકારક થાવેજી. એ૦૧૪

વાર્યો પણ તે નવિ રહે, હિત શીખ ન મનમાં આવેજી;
લાજ મર્યાદા કુલ તણી, તે લોપી જિહાં તિહાં જાવેજી. એ૦૧૫

ઇંદ્રિયમાં જીહ મોહની, કર્મમાં વ્રત બંભ જાણોજી;
ગુપ્તિમાંહિ મનોગુપ્તિ જે, એ ચારે દુઃખે જિતાણોજી. એ૦૧૬

યતઃ–अख्खाणसणी कम्माण, मोहिनी तहव्वयाण बंभव्वयं
गुत्तिणय मणगुत्ती, चउरो दुखेण जिप्पंति १

અર્થ–ઇંદ્રિયોમાં રસના (જીભ), કર્મમાં મોહનીય કર્મ, વ્રતોમાં બ્રહ્મચર્ય, ત્રણ ગુપ્તિમાં મનોગુપ્તિ–એ ચારે દુઃખે કરીને જિતાય છે.

પુષ્પ ફળ સુરા માંસના, મહિલાના રસ જે છોડેજી;
મલતાને વળી જાણતા, જે વિરમે તે ભવ મોડેજી. એ૦૧૭

તે દુષ્કર કારક કહ્યા, જનમાં વંદન યોગ્ય તેહજી;
રત્નગર્ભા પૃથિવી કહી, તે કારણે ધરો ધર્મ નેહજી. એ૦૧૮

યતઃ–पुप्फफलाणं च रसं, सुराई मंसाण महिलियाणं च
जाणंता जे विरया, ते दुक्करकारयं वंदे १

અર્થ–પુષ્પ, ફળ, સ્વાદ, સુરા, માંસ, સ્ત્રી અને પરિચિતથી વિરમવું, નિર્મોહી થવું તે દુષ્કર છે, તે કરનાર વંદનીય છે.

વિમાનવાસ છે સોહિલો, એકછત્રધરા રાજ્ય સોહિલુંજી;
પણ સંસારમાં જીવને, બોધિ રત્ન અછે ઘણું દોહિલુંજી. એ૦૧૯

પંચ વિષય મણિ ગેહ છે, એ તરુણી તરુણ વય સોગેજી;
એહવામાં જે થિર રહ્યા, મન વચ તનુ ત્રિક યોગેજી. એ૦૨૦

યતઃ–सुलहो विमाणवासो, एगच्छत्ता विमेइणी सुलहा
दुलहा पुण जीवाणं, जिणंदवर सासणे बोही १

૧ અલ્પ રૂપ, થોડું રૂપ ૨. દુઃખી, રોગી

એમ જિનધર્મનાં વયણડાં, નિસુણી આયતિ હિતકારીજી;
નૃપ મંત્રી પ્રમુખા સવે, ચમકાર્યા ડહાપણ ભારીજી. એ૦૨૧

શ્રીચંદ્રને ચરણે નમી, ચંદ્રસેન કહે મુખ વાણીજી;
તું મુજ જીવિત દાયકુ, હું કિંકર દિયો શિર પાણિજી. એ૦૨૨

હંસાવલી પણ એમ કહે, પહેલાં તુમે મુજ મન હરિયુંજી;
હવણાં વળી ધર્મદેશના, દેઈ સુણી મન ઉલ્લસિયુંજી. એ૦૨૩

જીવદ[૧] ધર્મદ[૨] તુમે થયા, તુમ વાણીને અનુભાવેજી;
દેવ તો શ્રીઅરિહંત છે, દયા મૂળ ધર્મ ગુરુ તુમો ભાવેજી. એ૦૨૪

હવે મુજને હોજો નિર્મલું, શીલરત્ન સદા ગુણ ભરિયુંજી;
શીલ પરમ તનુભૂષણં, શીલ નિવૃત્તિકર ભવ તરિયુંજી. એ૦૨૫

શીલની લીલા જે અછે, તે ત્રિભુવનમાં ન સમાયેજી;
શીલે સુર નર કિંકરા, વળી ભવ ભય ભાવઠ જાયેજી. એ૦૨૬

यतः–सीलं चिय आभरणं, सीलं रूवं च परम सोहग्गं
सीलं चिय पंडितत्तं, सीलं चिय निरुवमं धम्मं १

**ભાવાર્થઃ**–શીલ છે તે જ આભરણ છે, શીલ છે તે જ રૂપ છે, શીલ છે તે પરમ સૌભાગ્ય છે, શીલ છે તે જ પંડિતપણું અર્થાત્ શ્રેષ્ઠ બુદ્ધિ છે અને શીલ છે તે જ નિરુપમ ધર્મ છે.

વજ્રસિંહ નૃપ હવે કહે, રૂપ લાવણ્ય ગુણ બહુ દેખીજી;
ધીર વીર કોટીરનો, મન વચન સુણો મુખ પેખીજી. એ૦૨૭

હંસાવલી વિવાહનો, અમ મનોરથ મનમાં રહીઓજી;
કૃપણ ધન વિધવા યૌવન, પરે [૩]એહલે થાયે વહીઓજી. એ૦૨૮

ચંદ્રાવલી લઘુ બહેન છે, એહની તેહને તુમો પરણીજી;
અમ મનના મનોરથ ફળે, તુમથી છે સોભાગિણી ઘરણીજી. એ૦૨૯

હંસાવલી મદના તણે, આગ્રહથી નૃપ વચ માનીજી;
પરણી કની તે તિહાંકણે, થઈ આનંદમાં રાજધાનીજી. એ૦૩૦

બહુ સંપદ લેઈ ચલ્યા, બિહુંશું શ્રીચંદ્ર રાજાજી;
જેમ [૪]રતિપ્રીતિશું સ્મર રહે, વળી નયનશું નાસિકા તાજાજી. એ૦૩૧

૧. જીવિત દેનારા ૨. ધર્મ દેનારા ૩. એળે જાય, ફોગટ જાય ૪. જેમ કામદેવ રતિ અને પ્રીતિ નામની બે સ્ત્રીઓ સાથે રહે છે તેમ

તેમ શોભે ધ્વનિ પૂરિયું, દિગચક્ર [1]ચમૂ ને પૂરજી;
તરણિ પરે તેજાલ છે, દિન દિન ચઢતું છે નૂરજી. એ૦૩૨

નવલખ જનપદ સીમાયે, ઉતારા આવી કીધાજી;
પદ્મનાભ ગુણચંદ્રજી લખમણ, સાહમા આવ્યા સીધાજી. એ૦૩૩

નિજ પતિ દેખી હરખીયા, થુણે પ્રણમે તેહના પાયજી;
માંહોમાંહિ તે કહે, સુખ દુઃખના જે સમુદાયજી. એ૦૩૪

ચરિત્ર વળી શ્રીચંદ્રનું, નૃપરાજે સઘળું દાખ્યુંજી;
તે સુણી સવિ મન ચિંતવે, એ પુણ્ય તણું ફળ ભાખ્યુંજી. એ૦૩૫

હવે ગુણચંદ્ર પ્રણમી કહે, દેવ દુર્જયે અરિયણ ધીઠોજી;
ગુણવિભ્રમ નામે[2]મેવાસી, એહ સરિખો અવર ન દીઠોજી. એ૦૩૬

એહને ઉપાય ઘણા દાખવ્યા, સામ દામ ભેદના જેહજી;
તે કીધા પણ વશ નવિ હુયે, જેમ થલમાં જલની રેહજી. એ૦૩૭

હવે સ્વામી તુમો આવીયા, સવિ વાતે જયજયકારજી;
થાશે એ નિશ્ચય અછે, જ્ઞાનવિમલ ગુણ આધારજી. એ૦૩૮

॥ દોહા ॥

કહે સ્વામી એ અમ પ્રતે, જે પહેલાં મુજ દેય;
તેહથી હવણાં દશ ગુણો, દંડ લેઉં એમ કહેય. ૧

વળી તુમ રાજ્યનું અર્ધ દ્યો, નહીંતર જાઓ વિદેશ;
એમ જુલમ કરતો અછે, કહેવરાવે સંદેશ. ૨

હવે અમ ભાગ્યે આવીયા, પૂજ્ય તુમારા પાય;
હવે અમો નિશ્ચિંત છું, હર્ષ્યો સવિ સમુદાય. ૩

શ્રીચંદ્ર નૃપ [3]સવિતા ઘણું, શોભે સૈન્ય આકાશ;
ચંદ્રહાસ કરમાં ગ્રહ્યું, દીપે તેજ પ્રકાશ. ૪

નાયક માથે સૈન્યને, તેહ ન ગંજ્યો જાય;
દિન દિન હોયે દીપતું, જેમ દીવાલી કાય. ૫

ગુણવિભ્રમે પણ સાંભળ્યું, આવ્યો શ્રીચંદ્ર રાય;
કંપ્યા મનમાં અતિ ઘણું, ચિંતે હવે કેમ રહાય. ૬

૧. સેના ૨. લૂંટારો ૩. સૂર્ય

એ પ્રતાપસિંહ નૃપ તણો, નંદન બલ [૧]ઉદ્દામ;
કેઈક મનમાં ચિંતવે, હવે કેમ રહેશે [૨]મામ. ૭

ચતુરાનન દૂત મોકલી, કહેવરાવે [૩]પરધાન;
પહેલાં તો જેમ નિપન્યું, તેહનું કિશું નિદાન. ૮

જ્યારે જેવું દેખીએ, ત્યારે તેમ વરતાય;
વેળા દેખી આપણી, રહીએ ભોલે ભાવ. ૯

એમ નિસુણી પાછું કહો, તે સામાન્યને હોય;
પણ સિંહાને કોઈ સમે, હીનાધિક નવિ જોય. ૧૦

તે નિસુણી રાજા કહે, થાયે રણ સાવધાન;
સિંહ શીયાલ પટંતરો, લાભે શે તિણ થાન. ૧૧

## ॥ ઢાળ તેરમી ॥

(રાજા નહીં મિલે—એ દેશી)

હવે શ્રીચંદ્ર નૃપ લેઈ આદેશ, ચાલ્યા સબળ દલ લેતા દેશ;
મોટા રાજવી;
અહો અહો મેરે સબલ દિવાજ, જેમ ઘન આવ્યો કરતા ગાજ; મો૦
શ્વાપદ પરે કેતા લહે કંપ, કેતા રે મનમાં ધરે અજંપ. મો૦ ૧

ચિત્રક પરે કેઈ કરે ચિતકાર, શશક પરે કેઈ કરે સિતકાર; મો૦
સૂકર પરે કેઈ મૂકે નિઃસાસ, મૃગ પરે કેઈક પામે ત્રાસ. મો૦ ૨

કોલાહલ થયો ઉઠ્યો રણધ્વાન, જેમ જલનિધિ જેઠી ઉલ્ધાન; મો૦
કેઈ જુવે ઝાડ ખાડ ને તાડ, કેઈ શરણાં ગ્રહે કરતા પાડ. મો૦ ૩

કેઈ સંભારે જનક ને માત, [૪]રખો રખો મુખે દાખે હે ભ્રાત; મો૦
દૂત મુખે શ્રીચંદ્ર કહાય, સુણો ગુણવિભ્રમ અનાડી રાય. મો૦ ૪

પૂર્વે કનકપુરના નૃપ પાસ, દંડ લીધા છે કરી ખોટા પાસ; મો૦
તે હમણાં શત ગુણ કરી [૫]લેશ, સરલ વક્ર થઈને તું [૬]દેશ. મો૦ ૫

નવિ આપે તો થાયે સજ્જ, જો તુજને હોય જીવિત [૭]કજ્જ; મો૦
હું આવ્યો સૂર્યવતીનો પુત્ર, હું છું તુજશું યમનો દૂત. મો૦ ૬

તે નિસુણી ગુણવિભ્રમ ભૂપ, અંતર કાયર પણ બહિ દૃઢ રૂપ; મો૦
સજ્જ થઈ આવ્યો રણખેત, શ્રીચંદ્ર પણ આવ્યા કરવાને નેત. મો૦ ૭

---

૧. ઉગ્ર ૨. લાજ ૩. પ્રધાન, મંત્રી ૪. રક્ષો, રક્ષા કરો ૫. લઈશ ૬. દઈશ ૭. કાર્ય

બેહુ દલમાં થાવે સંગ્રામ, સૂરજ પણ સાખી તિણ ઠામ; મો૦
કોઈ સંભારે સ્ત્રીનાં રે નયન, બાણે હણાતો પણ રહેતો ચયન. મો૦ ૮

ઇહાં તો કોઈ ન સાથી સયણ, જીતું તો કહેવાયે વયણ; મો૦
કોઈ કહે માહરી મહોટી જાત, તેણે ઇહાં ભાગું તો કહે રે ત્રિજાત. મો૦ ૯

એમ લાજે કેઈ કરે રે સંગ્રામ, ગજી ગજે તુરગી તુરગે રથી રથમાન; મો૦
સુર નર કિન્નર કેરા થાટ, ઊભા રહી જોવે તે ઠાઠ. મો૦૧૦

ઘંટા લાલા પરે જયશ્રી જાણ, ન વરે કોઈને જોઈ અહિઠાણ; મો૦
ગુણવિભ્રમે ગજ ચઢી [1]કોદંડ, હાથે લેઈ ધસે થઈ પરચંડ. મો૦૧૧

પદ્મનાભ નૃપ વજસિંહ ભૂપ, હરિષેણ લખમણ મંત્રી અનૂપ; મો૦
એ સવિને વેધ્યાં નિજ બાણ, ગુણવિભ્રમે ઇમ દાખ્યું પરાણ. મો૦૧૨

તે દેખી શ્રીચંદ્ર ભૂપાલ, કોપ્યો કાલ કૃતાંત વિક્રાલ; મો૦
કુંજરે ચઢી ચંદ્રહાસ કર લીધ, ધાયો જાણે મનુ મદિરા પીધ. મો૦૧૩

હીલોલે સેનાનો સિંધુ, કોણ તારે તે સમયે બંધુ; મો૦
જોવે અસુર સવિ એ શું નરસિંહ, એકલો નાનો અચલ અબીહ. મો૦૧૪

નવિ લહીએ એ કિહાંયે દોટ, કરશે હરશે એ કિહાં ચોટ; મો૦
લઘુ કલશું વરસે જે બાણ, તે કલ ન પડે થાયે હેરાણ. મો૦૧૫

એમ કરતાં રિપુ દ્વિપની પાસ, આવી પમાડે સુભટને ત્રાસ; મો૦
ગુણવિભ્રમ કહે તું છે બાલ, કાંરે ભરે તું [2]મુધા હવે આલ. મો૦૧૬

કહે શ્રીચંદ્ર થૂલ વપુએ શું થાય, કિહાં શૃગાલ કિહાં મૃગનો રાય; મો૦
થૂલ કૃશનું મહત્વ હેતુ ન કોય, સત્ત્વ હોયે તે સાહમું જોય. મો૦૧૭

ઘણા દિવસ થયા કરતાં અન્યાય, કાઢું રે શલ્ય દીયું શીખ પસાય; મો૦
મુજ વિણ કુણ દેવે હિત શીખ, ચરણે નમી કે માગીશ ભીખ. મો૦૧૮

તો મૂકું, નહીંતર તુજ પ્રાણ, ધરવાનો તાહરે સંશય જાણ; મો૦
એમ નિસુણી ગુણવિભ્રમ રાય, મૂકે ખડ્ગ શ્રીચંદ્ર શિર ધાય. મો૦૧૯

શસ્ત્ર આવતું દેખી રાય, ચંદ્રહાસથી તસ કીધો [3]ઘાય; મો૦
તેહ પડ્યું શતધા થઈ ખંડ, પણ શ્રીચંદ્ર તનુ રહ્યું રે અખંડ. મો૦૨૦

ધારબંધ મહિમા એ જાણ, શસ્ત્ર ન લાગે પુણ્ય પ્રમાણ; મો૦
ચંદ્રહાસથી કરનો છેદ, કીધો ન કીધો શિરનો છેદ. મો૦૨૧

૧ ધનુષ ૨ વ્યર્થ ૩. ઘા કર્યો

ઉત્તમ ચિત્તથી દયા ન જાય, કીજે જો વળી કોડિ ઉપાય; મો૦
ધનુષ્યપણચ્છશું કંઠ આકર્ષ, કરીને ગજથી પાડ્યો નિઃકર્ષ. મો૦૨૨

શ્રીચંદ્ર સુભટે મળીને રે તામ, ગુણવિભ્રમ નૃપ બાંધ્યો અનામ; મો૦
કાષ્ઠપંજરમાં દીધો વેગ, ગુણવિભ્રમને કરી ઉદ્વેગ. મો૦૨૩

શ્રીચંદ્ર નૃપ દલે જય જય શબ્દ, ઉચ્છલીઓ જાણે ભાદ્રથી અબ્દ; મો૦
કહે ઇહાં કોઈનો છે નહીં વંક, કર્મે રાજા કર્મે રંક. મો૦૨૪

જે જેહવું કરે તેહવું તેહ, પામે ઇહાં નહીં કોઈ સંદેહ; મો૦
જ્ઞાનવિમલ સૂરિની એ વાણ, સઘળે સુખ લહે પુણ્ય પ્રમાણ. મો૦૨૫

**॥ દોહા ॥**

તાસ સૈન્ય સવિ લૂંટિયું, સાર સાર ધન જાણ;
જિમ વ્રજમાં મહી લૂંટિયું, [૧]કાન્હડ લોકા વાણ. ૧

ખટ નૃપ જે એહવા હતા, આવી લાગ્યા પાય;
સેવે કર જોડી સદા, થુણે તું મહોટો રાય. ૨

સાત દેશ કલ્યાણપુરે, નિજ આજ્ઞા વર્ત્તાય;
મંત્રી પ્રમુખ સવિ થાપિયા, પોતાના જે કહાય. ૩

ત્યાંથી આઘા સંચર્યા, નવ નૃપ લેઈ સાથ;
નવ નિધિ પતિ પરે શોભતો, લેઈ બહુ બહુ આથ. ૪

શ્રીચંદ્ર ચંદ્રકલા વિશદ, જયશ્રી કંઠ શૃંગાર;
પેસારો પુરમાં કિયો, ઉત્સવ અનેક પ્રકાર. ૫

હવે જનનીપદ પ્રણમવા, ઉત્કંઠિત થયો રાય;
બે તરુણી સાથે ગ્રહી, ભૂપે પ્રણમિત પાય. ૬

મારગમાંહે આવતાં, શ્રીગિરિ પર્વત પાસ;
ચંદ્રપત્તનમાં સાંભળ્યું, સુણતાં થયો ઉલ્લાસ. ૭

સૂર્યવતીએ સુત જણ્યો, [૨]વર્દ્ધાપનિકા દીધ;
ઉત્સવ કીધો દેશમાં, સાહમીવાત્સલ્ય કીધ. ૮

ગીત નૃત્ય મંગલ ધવલ, તરિયાં તોરણ બાર;
બંદીજન મૂકાવિયા, સઘલે શત્રુકાર. ૯

---

૧. કૃષ્ણ ૨. વધામણી

ગુણવિભ્રમ નૃપ બંદીથી, મૂકી દીએ સન્માન;
શ્રીચંદ્ર પદ પ્રણમી કહે, હું તુમ કિંકર માન. ૧૦

ખમજ્યો મુજ અપરાધ એ, જે તુમ સામો થયો હેવ;
તું ગુણરાગી તું ગુણી, તું સાક્ષાત્ નરદેવ. ૧૧

એમ સુણીને પાસે ઠવી, ચંદ્રપુરે જઈ તામ;
જનની પદકજ સિંચતો, હર્ષ જલે અભિરામ. ૧૨

મંત્રી ભૂપ સામંત સવિ, વળી વહૂઅર અભિરામ;
તેણે સઘળે જનની નમી, રત્નગર્ભા ગુણ ગ્રામ. ૧૩

શ્રીચંદ્ર કેરું ચરિત્ર સવિ, સંભળાવ્યું કરી હર્ષ;
માતા પણ લીએ ભામણાં, શ્રીચંદ્ર ગુણ ઉત્કર્ષ. ૧૪

લઘુ ભ્રાતા ઉત્સંગ લેઈ, નેહ નયણે નિરખેવ;
નામ ઠવે વરવીર ઇતિ, વિધિપૂર્વક તતખેવ. ૧૫

નૃપ અવર લેખ મોકલી, તેડ્યા હતા જેહ;
પ્રીતિદાન ગજ તુરગ રથ, દીએ તેહને ધરી નેહ. ૧૬

## ॥ ઢાળ ચૌદમી ॥

(સાહિબ બાહુ જિનેસર વીનવું—એ દેશી)

હવે એક દિન આનંદશું, લેઈ ચતુરંગ અદૈન્ય હો; સાજન;
ચંદ્રકલા પદ્મિની પ્રિયા, વામાંગ વરચંદ્ર સૈન્ય હો; સાજન.૧

શ્રી શ્રીચંદ્ર નરપતિ જયો, અતિ અદ્‌ભુત શુભ કર્મ હો; સા૦
ઠામ ઠામ સંપદ લહે, ટાલે અશુભના મર્મ હો. સા૦શ્રી૦૨

સૂધા રાજ ધનંજય વળી, આવ્યા લેઈ ઋદ્ધિ હો; સા૦
માંહોમાંહે હરખીયા, દેખી બહુ બલ સિદ્ધિ હો. સા૦શ્રી૦૩

માતા પણ આનંદીયાં, દેખી સુત સોભાગ હો; સા૦
તિહાં સહુને રહેવા હેતે, આપે વહેંચી રાજ હો. સા૦શ્રી૦૪

વામાંગ માતુલને કરે, સઘળે ઠામ અધિકાર હો; સા૦
ધનંજય સેનાપતિ કરે, અવર અંગરક્ષક પરિવાર હો. સા૦શ્રી૦૫

પટ્ટદેવી રાણી ચંદ્રકલા, મલ્લ નામે જે ભિલ્લ હો; સા૦
કુંજરનો અધિપતિ કરી, શિક્ષા દીએ નિઃશલ્ય હો. સા૦શ્રી૦૬

શ્રીગિરિ પર્વતે થાપીયા, હવે શ્રીચંદ્ર ભૂપાલ હો; સા૦
નૃપ સવિને સાથે લેઈ, ઋદ્ધિ ઝાકઝમાલ હો. સા૦શ્રી૦૭

શ્રી જિનચૈત્યે આવીયા, પ્રણમે પ્રથમ જિણંદ હો; સા૦
રોમાંચિત કંચુક ઘણે, જેમ પુષ્ફિત મકરંદ હો. સા૦શ્રી૦૮

**॥ અથ જિનસ્તુતિઃ ॥**

(રાગ ધન્યાશ્રી—આજ મારા પ્રભુજી, સામું જોવો, સેવક કહીને બોલાવો—એ દેશી )

આજ મારા સાહિબ સુનજર કરીને, સેવક સામું નિહાળો;
જન્મ કૃતારથ જેણિ પરે થાવે, જાવે કલિમલ કાલો રે. આ૦૧

ભવભવ સંચિત દુઃકૃત દુર્ગતિ, પાતક પંક પખાલો;
જેહ અનાદિ અશુદ્ધ અફલતા, ગહન ગ્રથિલતા ગાલો રે. આ૦ ૨

પ્રભુ તુમ નામ ધ્યાન થિરતાયે, ન હોવે અરતિ ઉચાલો;
પર આશા પાશા વિષવેલી, સમ ભાવે પરજાલો રે. આ૦૩

ભક્ત વત્સલ શરણાગત પંજર, પ્રમુખ બિરુદ સંભાળો;
મૈત્રીભાવે ત્રિભુવન રાખો પણ, સેવકને પ્રતિપાળો રે. આ૦૪

આજથી પ્રભુદર્શને કરી જાણું, દીધો દુર્ગતિ તાળો;
બાહ્ય અભ્યંતર દુશમન જોરો, જન્મ મરણ ભય ટાળો રે. આ૦૫

પ્રભુ તુમ પદકજરજને તિલકે, શોભિત ભાલ સુહાલો;
જ્ઞાનવિમલ ગુણ ઉદય અધિક હોય, સમકિત સૂથ સુગાલો રે,
વૃદ્ધિ તણો વરસાલો રે. આ૦૬

**॥ ઢાળ પૂર્વની ॥**

જિન પ્રણમીને ચાલીયા, કુશસ્થલ નયર ઉદ્દેશ હો;સા૦
માત ભ્રાત પ્રિયા મિત્રશું, મોટી ઋદ્ધિ બલ દેશ હો.સા૦શ્રી૦ ૯

ગજ રથ તુરગ ને પાલખી,[૧]કરભ[૨]વેસર મહિષ ગોણ હો;સા૦
સુભટ પ્રમુખ બહુ સૈન્યશું, અવર કહો એ સમ કોણ હો.સા૦શ્રી૦૧૦

સૈન્યવર્ણનં

શેષ સીદાયે કચ્છપ નમે, ક્રોડ છીપે ધરા માંહિ હો;સા૦
અંબુધિ ક્ષોભે ગિરિ ગરે, દિગ્ગજ ક્રંદે પ્રાહિ હો.સા૦શ્રી૦૧૧

ક્ષુરાક્ષોદિત થલે જલ કરે, અગાધ સિંધુ રજે થાય હો;સા૦
ગહન તે પ્રાંગણ પરે કરે, રવિ પણ રજશું છાય હો.સા૦શ્રી૦૧૨

---

૧. કરભ=ઊંટ ૨. વેસર=ખચ્ચર

यतः–शेषः सीदति कूर्मराट् विलखति क्षोणीतलं मज्जति
क्षुभ्यंत्यंबुधयः पतंति गिरयः क्रंदंति दिग्दंतिनः
लुप्तं व्योमतलं दिशः कवलिता, रुद्धो रविः पांशुना
चक्रे तस्य चमूस्थले जलमहो त्रैलोक्यमप्याकुलं १

**અર્થઃ**–તે સૈન્યના જોરે કરી શેષનાગ ભાર ન ખમવાથી સિદાય છે, પૃથ્વીની નીચે રહેલા શેષની હેઠે કચ્છપ દુઃખ પામે છે, પૃથ્વીતલ જલમાં ડૂબે છે, સમુદ્રો ક્ષોભ પામે છે, પર્વતો પડે છે, દિગ્ગજો આક્રંદ કરે છે, આકાશતલ લુપ્ત થઈ ગયું છે, દિશાઓ ભૂખરી થઈ ગઈ છે, રવિ પણ ધૂળથી આચ્છાદિત થઈ ગયો છે, અને તુરગાદિકની ખુરીઓથી ખોદાયેલું પૃથિવીસ્થલ જળરૂપ થઈ ગયું છે. ઝાઝું શું કહીએ? તે સૈન્યે કરી ત્રણે લોક આકુલ વ્યાકુલ થઈ ગયેલા જણાય છે.

કિહાં શાલા કિહાં મઠ [1]પ્રપા, કિહાં વળી શત્રુકાર હો;સા૦
પૌષધશાલા સહજથી, કિહાં વળી જૈન વિહાર હો.સા૦શ્રી૦૧૩

પગ પગ તીરથ થાપતા, આવ્યા કનકપુરમાંહિ હો;સા૦
કેઈક દિન કિહાં કણે રહી, આવ્યા કલ્યાણપુર [2]બાહિ હો.સા૦શ્રી૦૧૪

ગુણવિભ્રમ નરપતિ તિહાં, ઉત્સવ કરે અપાર હો;સા૦
ગુણવતી પુત્રી તેહની, પરણે શ્રીચંદ્ર કુમાર હો.સા૦શ્રી૦૧૫

મદના વચણથી જાણીઓ, સ્વર્ણ પુરુષ વૃત્તંત હો;સા૦
સુણી સહુ અચરજ પામીયા, ધન ધન એ ભૂકંત હો.સા૦શ્રી૦૧૬

તે નૃપ તે કની સ્વર્ણ નર, લેઈ સઘલો સાથ હો;સા૦
પામ્યા અટવીમાં તે વડે, જિહાં અંતર્મણિ ગૃહ આથ હો.સા૦શ્રી૦૧૭

સાર રત્ન તિહાંથી ગ્રહી, ચાલ્યા આગે આવે હો;સા૦
રત્નચૂડ મૃત્યુથાનકે, અરિહંત ચૈત્ય કરાવે હો.સા૦શ્રી૦૧૮

તિહાંથી કાંતિપુરે આવીયા, તિહાં નરસિંહ રાજાન હો;સા૦
પુર પ્રવેશ મહોત્સવ કરે, સજ્જ થઈ સાવધાન હો.સા૦શ્રી૦૧૯

કાંતિ પાસે વડગામ છે, વસે ત્યાં ગુણધર નામ હો;સા૦
પાઠક પંડિત પ્રણમવા, જાયે શ્રીચંદ્ર સપ્રિય તામ હો.સા૦શ્રી૦૨૦

ગુરુ ગુરુપત્ની પદ નમી, કરે ભેટણું અતિ ચંગ હો;સા૦
તસ સુત તસ બાંધવ હતા, સત્કાર્યા મનરંગ હો.સા૦શ્રી૦૨૧

---

૧ પરબ ૨. બહાર

નૃસિંહ નૃપ પ્રિયંગુમંજરી, રાણી સાથે થાય હો;સા૦
તિહાંથી આઘા સંચર્યા, હવે હેમપુરે જાય હો.સા૦શ્રી૦૨૨

તિહાં મકરધ્વજ ભૂપ છે, મદનપાલનો બાપ હો;સા૦
વાત મદનસુંદરીની લહી, હરખ્યા ત્યાં બેહુ આપ હો.સા૦શ્રી૦૨૩

તેણે પણ બહુ ઉત્સવ કીયો, સાથે લેઈ ચાલ્યો રાય હો;સા૦
કાપિલપુરવરે આવિયા, તિહાં જિતશત્રુ રાય હો.સા૦શ્રી૦૨૪

તેણે પ્રવેશ ઉત્સવ ઘણો, કીધો સીધો કાજ હો;સા૦
માતાના આગ્રહ થકી, પરણે શ્રીચંદ્ર રાજ હો.સા૦શ્રી૦૨૫

કનકવતી [1]મુખ ચાર જે, કન્યા છે જુદી જુદી જેહ હો;સા૦
તે પરણીને ચાલીયા,
વચ્ચે વીણારવ ગાયને, સ્તવે આવી સસનેહ હો.સા૦શ્રી૦૨૬

વર્ણનનું કવિત્ત (છપ્પો)

તુંગ તુરંગ ખુર ક્ષુણ, પુહવી તલ થાણે થાપે;
કુંતપ્રોત દ્વિપ કુંભ, મૌક્તિકણ બીજને વાપે;
ધરે શ્રીચંદ્ર નરેંદ્ર, તુજ કર ખડ્ગ કુટુંબી;
લોકત્રય જય મંડપ, માંડવે આપ વિલંબી;
કીર્ત્તિલતા જે તાહરી, અસતી થઈ ત્રિભુવન ફરે;
તે કહો કિણ પરે દાખીએ, એમ જ યશ તુજ વિસ્તરે. ૧

काव्यं (शार्दूल०)

वल्गत्तुंगतुरंगनिष्ठुरखुरक्षुणे रणक्ष्मातले
निर्भिन्नद्विपकुंभमौक्तिककणव्याजेन बीजावली
खड्गस्ते वपति स्म कुंडलपते लोकत्रये मंडपान्
प्राप्ता प्रौढमसत्यकीर्तिलतिका गुल्मस्य निष्पत्तये १

ભાવાર્થઃ–હે રાજન્, દોડતા અને ઊંચા એવા જે ઘોડા તેની નિષ્ઠુર ખરીઓથી ખોદેલી એવી જે પૃથ્વી તેને વિષે વાવવા માટે મદોન્મત્ત હાથીના કુંભસ્થલને ભેદવા થકી નીકળેલાં મોતીઓને બીજરૂપ કર્યાં છે તેવી રીતે હે કુંડલપુરપતિ, તમારું ખડ્ગ ત્રણ લોકમાં વ્યાપ્ત થયેલા જયમંડપમાં તમારી સત્કીર્તિરૂપ લતાઓ ફળને માટે ફેલાયેલી છે. ૧

---

૧ પ્રમુખ, વગેરે

દોહા–તુમ કૃપાણ કરતે હુતે, જેહ પડ્યું રજ રેત;
તેહનો યમ તસ ઉગટણે, સર્પ તે ક્રૂર સંકેત. ૧

अस्यार्थ श्लोकः

त्वत्कृपाणविनिर्माण शेषद्रव्येण वेधसा
कृताः कृतांतसर्पास्तु तदुद्वर्त्तनवर्त्तिभिः १

**ભાવાર્થઃ**–હે શ્રીચંદ્ર! તમારું ખડ્ગ બનતાં બનતાં જે ભૂકો પડ્યો તેનો વિધાતાએ યમરાજા બનાવ્યો હોય એમ લાગે છે, તથા તે ખડ્ગના ઉગટણનો મેલ પડ્યો, તેના વિધાતાએ સર્પો બનાવ્યા. આ ઠેકાણે આ સર્વ ઉત્પ્રેક્ષા કરી છે.

**॥ પૂર્વ ઢાળ ॥**

ઇત્યાદિક સ્તવના કરી, શ્રીચંદ્ર દીએ પ્રીતિદાન હો;સા૦
પંચ લક્ષ સોવન દીએ, વસ્ત્રાભરણ અમાન હો.સા૦શ્રી૦૨૭

ગાયને રથ તે ઓળખ્યો, કહ્યો સઘલો સમાચાર હો;સા૦
તેહ વિસર્જ્યો ધન ગ્રહી, ગયો ઉતારે તિણ વાર હો.સા૦શ્રી૦૨૮

રાતે તસ્કરે આવીને, લીધો ગાયન માલ હો;સા૦
પ્રભાતે આવી પોકારીઓ, કહ્યો યથાસ્થિત ન આલ હો.સા૦શ્રી૦૨૯

તે નિસુણી શ્રીચંદ્ર નૃપ, જિતશત્રુ નૃપ સામું ભાલે હો;સા૦
ચોરે ધન લીયું તે કિશું, કહે કર જોડી ભાલે હો.સા૦શ્રી૦૩૦

સ્વામિન્ ચોર ઇહાં કણે ત્રણ છે, તે નવિ આવે ગ્રાહ[1] હો;સા૦
તેણે નગર સવિ [2]મુસીઉં, ચરિત્ર છે તાસ અથાહ હો.સા૦શ્રી૦૩૧

એમ સુણી વળી બમણું દીએ, ગાયનને ધન રાય હો;સા૦
તે ઉતારે ફરી ગયા, દાને યાચક ખુશી થાય હો.સા૦શ્રી૦૩૨

નિશે શ્રીચંદ્ર [3]ગુટિયોગથી, અદૃશ થઈ પુર માંહ હો;સા૦
ભમતાં ભમતાં પેખીયા, ત્રણ નર કેરી છાંહ હો.સા૦શ્રી૦૩૩

જેમ મુનિ એકાગ્રતા ગુટિ થકી, વશ કરવા ત્રણ યોગ હો;સા૦
સંયમ નયરમાંહિ ફરે, જ્ઞાનવિમલ ગુણ ભોગ હો.સા૦શ્રી૦૩૪

**॥ દોહા ॥**

નીરખી જોતાં તેહમાં, ઓળખિયા બિહુ ચોર;
રત્નખુરો ને લોહખુરો, ત્રીજો તો છે ઓર. ૧

૧. પકડમાં ૨. લૂંટ્યું ૩. ગુટિકાના યોગથી

મન માને તે ઇહાં હુઓ, જોઈએ હવે શું કાજ;
કરશે તેહને જોયવું, આળસ ન કરવું આજ. ૨

એહવે લોહખુરો [૧]લવે, રાજાએ દુગણો માલ;
દીધો છે તે લીજીએ, આપણ થઈ ઉજમાલ. ૩

વજ્જંગ હવે બોલીઓ, શું ભિક્ષુક લૂંટે થાય;
સાંભળીએ છે એહવું, જે આવ્યો છે રાય. ૪

તસ [૨]કોશે સોવન પુરુષ છે, તે લીજે જો આજ;
તો બીજી ચોરી કિસી, સીઝે આપણું કાજ. ૫

તુજમાં છે અવસ્વાપિની, વિદ્યા હું ધન ગંધ;
તુજ ભત્રિજમાં એકલો, એક વાર સંબંધ. ૬

દીઠું નયણે ન વીસરે, શબ્દવેધ પણ એમ;
તોશું આપણથી અછે, કાંઈ અગમ્ય કહો કેમ. ૭

લોહખુરો કહે તે ખરું, પણ એ મહોટા રાય;
ન્યાયી ધર્મી ને [૩]ભાગ્યધણી, [૪]દાતા-મુકુટ કહાય. ૮

તે માટે એ નૃપ તણું, લેઈ ન શકે કોઈ ધન્ન;
ઉદ્યમને અફળો હોયે, માનો મુજ વચન્ન. ૯

એમ [૫]મંતરણું તે કરી, [૬]લોહે મંત્રી ધૂલ;
લેઈને તે સંચર્યા, ગાયનગૃહ પ્રતિકૂલ. ૧૦

ચાલ્યા ત્રણ તે ઉદ્યમી, દેઈ [૭]યામિકને ઊંઘ;
ગાયનને ઘર તે ગયા, દ્રવ્ય લીએ ધન શુદ્ધ. ૧૧

મર્મ જાણ રાજા પ્રથમ, ગયો ગાયન ઘર તામ;
દીઠું સઘળું તેહનું, કરણી ચોરી કામ. ૧૨

તે ધન લેઈને વળ્યા, વિદ્યા લેઈ તતકાલ;
ભૂમિગૃહે ધન પેખીયું, ઉપર શિલા વિશાલ. ૧૩

દૃઢ કરી ધન પુર બાહિરે, સૂતા મઠમાં આવી;
યોગીનો વેશ લેઈને, મુખ તંબોળને ન્યાવ. ૧૪

---

૧. બોલે, કહે ૨.ભંડારમાં ૩. ભાગ્યશાળી ૪. દાનવીરશિરોમણિ ૫. મંત્રણા ૬. લોહખુરે ધૂળ મંતરીને સાથે લીધી ૭. પહેરેગીર, ચોકીદાર, સંત્રી

રાજા પણ સવિ તે જોઈ, ગયો ઘર તેણી વાર;
પ્રભાતે તે ગાયને, આવી કર્યો પોકાર. ૧૫

સ્વામી! ધન માહરું હર્યું, બમણું દીધું જેહ;
મુજ અભાગ્યના યોગથી, નાવ્યો દારિદ્ર [1]છેહ. ૧૬

દોષ કિશો દાતારનો, જો કર્મે નવિ હોય;
રત્ન સવે સુરે સંગ્રહ્યાં, શંકર કાલકૂટ જોય. ૧૭

**॥ ઢાળ પંદરમી ॥**

(કોઈલો પર્વત ધૂંધલો રે લો–એ દેશી)

હવે આસ્થાન સભા સજી રે લો, કરી રોષાલાં નયણ રે;
કુશસ્થલ રાય;
જિતશત્રુ નૃપ સન્મુખે રે લો, જોઈ કહે કડુવાં વયણ રે.કુ૦ ૧

રઢિયાલા હોયે રાજવી રે લો, ન સહે પરનું તેજ રે;કુ૦
તેજી ન ખમે તાજણો રે લો, ન સહે રવિ શશિ હેજ રે;કુ૦
રઢિયાલા હોયે રાજવી રે લો. ૨

અરે તાહરી પ્રતિષ્ઠા કિસી રે લો, જે એમ પુર મુસાય રે;કુ૦
જિહાં જન સુખ પામે નહીં રે લો, તે શો નૃપતિ કહાય રે.કુ૦ ર૦ ૩

નિશિ રાજા અંધ રાજા અછે રે લો, હોલીનો રાજા જેમ રે;કુ૦
તેહથી પણ હીણો જિહાં રે લો, [2]પરજા ન પામે ખેમ રે.કુ૦ ર૦ ૪

જિતશત્રુ નૃપ નીચું જોઈ રે લો, જો ધરતી દિયે માગ રે;કુ૦
તો પેસું એમ ચિંતવે રે લો, જોવે ચિહું દિશિ લાગ રે.કુ૦ ર૦ ૫

આપ કરે બીડું ગ્રહી રે લો, કહે કોઈ ઝાલો જેહ રે;કુ૦
સભા સકલ સુણીને રહ્યા રે લો, નવિ ઝાલે કોઈ તેહ રે.કુ૦ ર૦ ૬

દાય ઉપાય કરી ગ્રહે રે લો, એ ચોરીની [3]આથ રે;કુ૦
તસ વિવાહ પહેરામણી રે લો, દિયે એમ ભણે ભૂનાથ રે.કુ૦ ર૦ ૭

સભાજન કહે રાયજી રે લો, એમ બીડાં બહુ વાર રે;કુ૦
દીધાં લીધાં અફળાં થયાં રે લો, જેમ ખલને ઉપગાર રે.કુ૦ ર૦ ૮

હવણાં તુમ આગળ ગ્રહે રે લો, એહવો કોઈ ન વીર રે;કુ૦
સર્વ સચિંતા થઈ રહ્યા રે લો, નૃપ મંત્રી સુભટ જે ધીર રે.કુ૦ ર૦ ૯

---

૧. અંત ૨. પ્રજા ૩. લક્ષ્મી

એમ મધ્યાહ્ન થયા જિસે રે લો, માતા કહેવરાવે સંદેશ રે;કુ૦
દેવપૂજન ને ભોજને રે લો, હોયે [1]અસૂર નિવેશ રે.કુ૦૨૦૧૦

સહુ ભૂખ્યું બેસી રહ્યું રે લો, તે ભણી આવો વેગ રે;કુ૦
ક્ષુધા સમ નહીં વેદના રે લો, ક્ષુધાથી હોયે ઉદ્વેગ રે.કુ૦૨૦૧૧

काव्यं (शार्दूल०)

या सद्रूपविनाशिनी श्रुतहरी पंचेंद्रियोत्कर्षिणी
चक्षुःश्रोत्रललाटदैन्यकरणी वैराग्यमुत्पाटिनी
बन्धूनां त्यजनी विदेशगमनी चारित्रविध्वंसिनी
सेयं बाधति पंचभूतदमनी प्राणापहारी क्षुधा १

ભાવાર્થઃ-સારા રૂપને નાશ કરનારી, સાંભળેલાના સ્મરણને નાશકારક, પંચેંદ્રિયોને ખેંચનારી, આંખ, કાન અને લલાટને દીન કરનારી, વૈરાગ્યને ઉત્પન્ન કરનારી, સગાનો ત્યાગ કરાવનારી, પરદેશ મોકલનારી, ચારિત્રને નાશ કરનારી, પંચ મહાભૂતને દમન કરનારી, પ્રાણને હરનારી, એવી જે ક્ષુધા, તે હાલ મને બાધ કરે છે.

કવિત્ત (છપ્પો)

જવ [2]અસશન તવ રંગ, તામ તપ સંયમ તપીએ,
જવ અસશન તવ રંગ, જાપ ગાયિત્રી જપીએ;
જવ અસશન તવ રંગ, તામ હસી નારી બોલાવે,
જવ અસશન તવ રંગ, તાસ ઘર ધર્મ સુહાવે.
અન્ન દેવ સવિ આગલો, અન્ન વિણ કાંઈ ન સાંભરે;
કવિરાજ એણી પરે ઉચ્ચરે, અન્નૌષધિ સવિહુ [3]શિરે. ૧

દુહો—અન્ન વિણ પહિન પરહુણો, અન્ન વિણ કાય ન પોષ;
અન્ન વિણ ઘડીય ન જીવિયે, અન્ન વિણ મૂઆ ન મોક્ષ. ૧

## ॥ પૂર્વ ઢાળ ॥

મંત્રી મુખે તે જણાવીઓ રે લો, માહરે અભિગ્રહ એહ રે;કુ૦
બીડું ગ્રહ્યા વિણ નવિ જમું રે લો, નિશ્ચય જાણો એહ રે.કુ૦૨૦૧૨

તે ભણી મા તુમો સહુઅને રે લો, જમાડજો એ મુજ આણ રે;કુ૦
પૂર્ણ પ્રતિજ્ઞા એ થયે રે લો, જમશું એ મંડાણ રે.કુ૦૨૦૧૩

કહે ગુણચંદ્ર સ્વામી એહવું રે લો, સહસા ન કહીએ એમ રે;કુ૦
ચોરી પ્રગટ [4]કિહાંરે હુશે રે લો, નવિ લહીએ તે તેમ રે.કુ૦૨૦૧૪

૧ મોડું ૨. અશન, ભોજન ૩. ઉપર, મોટી ૪. ક્યારે

તે સુણી વેગે ઊઠિયા રે લો, સાથે સવિ રાજાન રે;કું૦
વન ક્રીડાને કારણે રે લો, આવ્યા જિહાં ઉદ્યાન રે.કું૦૨૦૧૫

તિણ પાસે મઠ મોટકો રે લો, તિહાં બેઠા યોગી ચઉ પંચ રે;કું૦
તેહમાં ત્રણ તે દેખીયા રે લો, તાંબૂલે રક્ત મુખ સંચ રે.કું૦૨૦૧૬

રાજા બેઠા મઠ વેદિકા રે લો, તેડાવ્યા યોગી સર્વ રે;કું૦
આશીર્વાદ દેઈને રહ્યા રે લો, ઉભા આગળ કરી ગર્વ રે.કું૦૨૦૧૭

કહો તુમમાં યોગી કેહા રે લો, ભોગી કુણ કહેવાય રે;કું૦
[1]મરકલડું કરી હેજશું રે લો, પૂછે તેહુને રાય રે.કું૦૨૦૧૮

તે કહે અમો યોગી અછું રે લો, ભોગી તુમો મહારાય રે;કું૦
કહે રાજા તાંબૂલની રે લો, શોભા કેમ મુખ થાય રે.કું૦૨૦૧૯

તે ત્રણે શામમુખા થયા રે લો, અપરના મુખ સિત[2] હોય રે;કું૦
પાપી શંકાયે સદા રે લો, આપે મુદ્રિત જોય રે.કું૦૨૦૨૦

ભ્રૂસંજ્ઞાથી બાંધીયા રે લો, તે ગુણચંદ્ર કુમાર રે;કું૦
નમો અર્હંતાણં કહીને ગયા રે લો, રાજા તે મઠહ મઝાર રે.કું૦૨૦૨૧

કહે રાજા એ મઠમાં ઘણા રે લો, આવે બહુલા પંથિ રે;કું૦
તે ભણી ધર્મશાલા કરો રે લો, મઠ પાસે મહોટી ઉમંથ રે.કું૦૨૦૨૨

નૃપ આદેશ થકી [3]ખણે રે લો, પૃથિવિ મલીય સુભટ્ટ રે;કું૦
શિલા ઉપાડી હેઠે ખણે રે લો, ભૂમિગૃહ દેખે સુઘટ્ટ રે.કું૦૨૦૨૩

હેમ માણિક રત્નાદિકે રે લો, કાઢી કીધા ઢગ્ગ રે;કું૦
ઓળખીને લીઓ આપણું રે લો, જે જેહનું ધન વગ્ગ રે.કું૦૨૦૨૪

સ્વામી એ ધન ચોરીતણું રે લો, પહેલાં પછે સર્વ રે;કું૦
એહનો કોણે ટાળ્યો નહીં રે લો, પ્રભુ વિણ ચોરનો ગર્વ રે.કું૦૨૦૨૫

અહો અહો ભાગ્ય પડૂરતા રે લો, અહો અહો બુદ્ધિનો જોર રે;કું૦
અહો પ્રતિજ્ઞા ધીરતા રે લો, વશ કીધા જેણે ચોર રે.કું૦૨૦૨૬

એમ બહુ જન પ્રણમે થુણે રે લો, લોકોત્તર ગુણ દેખ રે;કું૦
વીણારવાદિક જે નરા રે લો, કહે લીઓ ધન સંપેખ રે.કું૦૨૦૨૭

જિતશત્રુ નૃપને [4]વશ કર્યા રે લો, તેણે સમે ત્રણે ચોર રે;કું૦
વિવિધ પ્રહારે તાડિયા રે લો, પાટુ પ્રમુખે જોર રે.કું૦૨૦૨૮

• ૧. મંદ હાસ્ય ૨. સફેદ, ૩.ખોદે ૪.સોંપી દીધા

પણ તસ પાસે ન નીકળ્યું રે લો, ચોર તણું અહિનાણ રે;કુ૦
તલાર સુભટે તે આણીયા રે લો, શૂલિ દેવણ અહિઠાણ રે.કુ૦૨૦૨૯

કૃપાવંત શ્રીચંદ્રજી રે લો, આવી તેહને પાસ રે;કુ૦
પૂછે તુમો કુણ કુણ અછો રે લો, કહો સત્ય જો જીવિત આસ રે.કુ૦૨૦૩૦

પણ તોહે સાચું નવિ ભણે રે લો, તવ કહે ભૂધવ[1] વાત રે;કુ૦
અહો લોહખુરા કેમ [2]નોલખે રે લો, મુજને તું કેમ ઘાત રે.કુ૦૨૦૩૧

પુત્રી સહિત તુને મૂકીઓ રે લો, જીવતો મહેંદ્રપુર સીમ રે;કુ૦
તુજમાં છે અવસ્વાપિની રે લો, નિદ્રા વિદ્યા સીમ રે.કુ૦૨૦૩૨

રત્નાકર પ્રતે નૃપ ભણે રે લો, આમ્ર તણાં ફળ ખાત રે;કુ૦
તે સવિ તુજને વીસર્યું રે લો, કહે ત્રીજો કુણ એ જાત રે.કુ૦૨૦૩૩

કિશું સ્વરૂપ છે તુમ તણું રે લો, તે દાખો થઈ વેગ રે;કુ૦
નૃપ પદ પ્રણમીને કહે રે લો, ટાળી મન ઉદ્વેગ રે.કુ૦૨૦૩૪

માતા પિતા ગુરુ દેવતા રે લો, રાજા આગે સાચ રે;કુ૦
ઇહાં જૂઠું નવિ ભાખવું રે લો, એહવી નીતિની વાચ રે.કુ૦૨૦૩૫

જ્ઞાનવિમલ સૂરિ એમ ભણે રે લો, જે બુદ્ધિથી થાયે કામ રે;કુ૦
તે બળથી નવિ સંપજે રે લો, [3]બુદ્ધે વાધે મામ રે.કુ૦૨૦૩૬

**॥ દોહા ॥**

ખમો અપરાધ એ અમ તણો, લોહખુરો કહે વાણ;
તુમો ઉપગારી પરગડા, તુમ આધારે પ્રાણ. ૧

હે નૃપ! લોહજંઘો હતો, તેહના સુત એ ત્રણ;
વજ્રખુર લોહખુર રત્નખુર, ચોરકલાયે પ્રવીણ. ૨

કુંડલ ટોલક પર્વતે, વલી મહેંદ્રપુર સીમ;
તિહાં[4] અવસ્થિતિ અમતણી, કુલથિતિ લોપું ન નીમ. ૩

તેહમાં પહેલાને હુતી, વિદ્યા દોય વિશાલ;
તાલોદ્ઘાટણી અવસ્વાપિની, તે તો પામ્યો કાલ. ૪

તેહનો સુત એ તેહવો, વજ્રજંઘ ઇતિ નામ;
પિતાએ અદૃશ ગુટિકા તણો, દીધો યોગ અભિરામ. ૫

૧. ભૂપતિ ૨. ન ઓલખે ૩. બુદ્ધિએ ૪. રહેઠાણ

તે ગુટિયોગ એ પાસથી, ગયો દીસે છે જેણ;
લોહખુરો હું જાણજો, એહ સ્વરૂપ એમ તેણ. ૬

આજ થકી હવે અમ તણા, સ્વામી છો નિરધાર;
જેમ ઉચિત હુયે તિમ કરો, ઉપગારી શિરદાર. ૭

એમ સુણી તે સનમાનીયા, પ્રતિબોધ્યા કહી ધર્મ;
આપ તણે પાસે ઠવ્યા, છંડાવી દુષ્કર્મ. ૮

હવે મહેંદ્રપુરે ગયા, કરતા હર્ષ અપાર;
ઉઠત બેસત ચલત સવિ, ઠામે મુખ નવકાર. ૯

ચતુષ્પર્વી પોસહ કરે, પંચ પર્વ ભણે જ્ઞાન;
ખટપર્વી તપ આદરે, સપ્ત ક્ષેત્રે ધન માન. ૧૦

દેવાર્ચાદિ ક્રિયા કરે, શ્રીચંદ્ર નૃપને સંગ;
મહેંદ્રપુર નૃપ તે થયો, આસ્તિક ધર્મે સુચંગ. ૧૧

તે [1]દરી મધ્યે ધન હતું, કાઢી કરે કૃતાર્થ;
સુલોચના કરગ્રહ કર્યો, વિસ્તરે શ્રીચંદ્ર નાથ. ૧૨

હવે ચૌદ નૃપ સાથશું, ગુણચંદ્રને કહે એમ;
કુંડળપુરથી આણવું, સૈન્ય સકલ ધરી પ્રેમ. ૧૩

વળી મંત્રી છે ચાર જે, લખમણ અને સુધીર;
રાજસુંદર બુદ્ધિસાગરુ, બુદ્ધિ યુક્ત વડવીર. ૧૪

મૂકે તેહને વધામણી, દેવા કાજ ઉદાર;
પ્રતાપસિંહ નૃપ જનકને, પૂજ્ય ભક્તિ ચિત્ત ધાર. ૧૫

**॥ ઢાળ સોળમી ॥**

(મન મધુકર મોહી રહ્યો—એ દેશી)

ચાર પ્રધાન પરિવારશું, કુશસ્થલ પુરે આવે રે;
પ્રતાપસિંહ રાજા પ્રતે, વધામણી વયણ સુણાવે રે; ૧

ભાગ્ય તુમારું રે રાજીયા, વધતું દિન દિન થાય રે;
ગુરુ ગોત્રજ મહિમા થકી, હોવે સુજસ સુવાય રે.ભા૦ ૨

તુમ સુત શ્રીચંદ્ર રાજીયો, માતા ભાઈ સંજુત્ત રે;
મહેંદ્રપુરે આવ્યા અછે, બહુ નૃપ પ્રણમિત યુત્ત રે.ભા૦ ૩

૧. ગુફા

તિહાંથી તિલકપુરમાં થઈ, રત્નપુર સિંહપુરમાંહે રે;
આવી તુમ પદકજ પ્રણમશે, અચરિજકારી ઉચ્છાહે રે.ભા૦ ૪

એમ સુણી નૃપ હરખ્યો ઘણું, દીધાં તસ બહુ માન રે;
ઉચિતકારી સંતોષિયા, વાધ્યા વળીયા વાન રે.ભા૦ ૫

હવે ગુણચંદ્રની વિનતિ, કુંડળપુરથી આવે રે;
દેવ તુમારા પ્રસાદથી, સહુ કુશલ ખેમ પાવે રે.ભા૦ ૬

ગંધહસ્તી તુમો મૂકીઓ, ભિલ્લે રાખ્યો જેહ રે;
કુંડળપુરે આવ્યો નથી, આજ લગે ગુણગેહ રે.ભા૦ ૭

કુશસ્થલે પણ નવિ ગયો, શે તસ કરો આદેશ રે;
એહ ઉદંતને સાંભળી, આણી મન આવેશ રે.ભા૦ ૮

સપરિવાર નિજ સૈન્યશું, ચાલ્યા કુંડળપુર પંથે રે;
સુવેગ રથે આપે બેસી, જનની યુત સારથિ સાથે રે.ભા૦ ૯

તે તો તુરતમાંહે આવીયા, પાછળ સૈન્ય પ્રવાહ રે;
હળવે હળવે આવીઓ, કુંડળપુરે ઉચ્છાહ રે.ભા૦૧૦

ચમત્કાર ચિત્ત પામીયા, માતા ને વહુ બેહુ રે;
તાસ ચરિત્ર અતિ સાંભળી, હરખ્યા નૃપ તિહાં સહુ રે.ભા૦૧૧

પાલિ પાસે ગિરિ મધ્ય રહ્યો, દીઠો ગંધગજરાજ રે;
બોલાવી ઉપર ચઢ્યા, મનું ઇંદ્ર એરાવણરાજ રે.ભા૦૧૨

ચંદ્રમુખી ચંદ્રલેખા અછે, વળી વીરવર્મ કુટંબ રે;
વિશારદાદિક સવિ લેઈ, ચાલ્યા તે અવિલંબ રે.ભા૦૧૩

વળી મહેંદ્રપુરે આવીયા, તિહાંથી તિલકપુર જાય રે;
ત્રિલોચન નૃપ સાથે થયા, એમ અનેક નૃપ સમુદાય રે.ભા૦૧૪

તિહાંથી વસંતપુરે જઈ, વીરવર્મને દેઈ રાજ્ય રે;
થાપ્યા તિહાં નરવર્મ નૃપે, ઉત્સવ કીધો પ્રાજ્ય રે.ભા૦૧૫

તિહાં કેતાએક દિન રહ્યા, કેઈ નૃપ તેડાં આવે રે;
કેઈ નૃપ નિજ પુત્રી લેઈ, ભેટણાં બહુલાં લાવે રે.ભા૦૧૬

કેઈ રસાલ દેઈ રંજીયા, કેઈના લેવે દંડ રે;
સૌમ્યને [1]સોમ સમાન છે, ક્રૂરને રવિ [2]પરચંડ રે.ભા૦૧૭


૧. ચંદ્ર ૨. પ્રચંડ

એમ અનેક નૃપ સેવીતો, ગંધગજે આરૂઢ રે;
કુંડળ મુગટે શોભીએ, જેહનું મંત્રણ ગૂઢ રે.ભા૦૧૮

ઋદ્ધે શોભે અતિ ઘણું, અભિનવ જાણે ઇંદ્ર રે;
તેજ પ્રતાપે શોભીએ, મનું એહિ જ રવિ ચંદ્ર રે.ભા૦૧૯

અનુક્રમે ધ્વજ ધ્વજે દીપતું, નયર તિલકપુર નામ રે;
જે પામ્યા નૃપ તેહને, ઉત્સવ કીધ ઉદ્દામ રે.ભા૦૨૦

હવે પ્રતાપસિંહ ભૂપતિ, નંદન મળવા હેતે રે;
સામગ્રી સઘળી સજી, સુત આગમન પ્રતીતે રે.ભા૦૨૧

કુશસ્થલપુર બાહરે, ગુહરાં ગાજે નિસાણ રે;
પુરલોક અંતઃપુરે, સહિત નૃપતિ મંડાણ રે.ભા૦૨૨

તિલકપુરે સુત મિલણે, તુરત પ્રયાણે જાય રે;
પંથે પથિકને પ્રીણતા, દાને દોલત થાય રે.ભા૦૨૩

નૃપ આદેશે વ્યવહારીઓ, લક્ષ્મીદત્ત સકુટંબ રે;
કરી સામગ્રી એકઠી, ગયો રત્નપુરે અવિલંબ રે.ભા૦૨૪

જનકનું આગમન સાંભળી, શ્રીચંદ્ર પણ લેઈ ઋદ્ધ રે;
તિલકપુરેથી ચાલીયા, સન્મુખ જાવે બુદ્ધ રે.ભા૦૨૫

પંથે બેહુ દલ મળ્યાં, વાજે વાજિત્ર નાદ રે;
હર્ષ પ્રકર્ષ તિહાં વધ્યા, જેમ [૧]શિખી ઘનને નાદ રે.ભા૦૨૬

શ્રીચંદ્ર ગજથી ઊતરી, પ્રણમે પિતાના પાય રે;
જનક તે ગજથી ઊતર્યા, બેહુ દલ રહ્યા તિણ ઠાય રે.ભા૦૨૭

સિંહાસન મંડાવીયું, બેઠા પ્રતાપસિંહ રાય રે;
નિજ ઉત્સંગે થાપીયા, હર્ષે શ્રીચંદ્ર રાય રે.ભા૦૨૮

હૃદય સ્થલે આલિંગીયો, શિરદેશે વળી [૨]ચુંબે રે;
ચિરકાલીન વિરહ તણું, દુઃખ સઘળું ગયું તુંબે રે.ભા૦૨૯

વિયોગ વહ્નિને [૩]સમાવવા, વરસે હર્ષાંસુનું નીર રે;
સૂર્યવતી પણ તિહાં મિલ્યાં, ભેલી હૈડા હાર રે.ભા૦૩૦

ચંદ્રકલાદિક વહુઅરો, નિજ નિજ સખી પરિવાર રે;
શ્વસુર તણા પદકજ નમે, દીએ આશિષ ઉદાર રે.ભા૦૩૧

૧. મયૂર વાદળાંના ગર્જને ૨. ચુંબન કરે છે ૩. શાંત કરવા

પદ્મનાભાદિક ભૂપતિ, લેઈ લેઈ ભેટણ હાથ રે;
ગુણચંદ્રાદિક મંત્રવી, સવિ પ્રણમે ભૂનાથ રે.ભા૦૩૨

કનક કુંડળ રાજ્યના, સચિવ જે છે અધિકારી રે;
લક્ષ્મણ ને વિશારદા, તે પ્રણમે મનોહારી રે.ભા૦૩૩

વામાંગ ને વરચંદ્ર ને, સેનાની ધનંજય નામે રે;
મદનપાલાદિક જે હતા, પ્રણમે સવિ શિર નામે રે.ભા૦૩૪

રત્નકોશ કંચનનરો, પારસ [1]ઉપલ જે સાર રે;
[2]નરમાદા મુક્તાફળા, તે આગળ કીધ ઉદાર રે.ભા૦૩૫

રથ સુવેગ ગંધગજ અછે, પિતા આગળ સવિ મૂકે રે;
સર્વ સાખે ભક્તે કરી, વિનયી વિનય ન ચૂકે રે.ભા૦૩૬

મતિરાજાદિ પ્રધાન છે, પ્રતાપસિંહના જેહ રે;
તેણે સવિ કુમરના પદ નમ્યા, ઝાઝો આણી નેહ રે.ભા૦૩૭

વહૂઅર સાસુને પાય નમે, સેંદ્રાદિક સખી સર્વ રે;
માંહોમાં સવિ વિનતિ કરે, મૂકી મનના ગર્વ રે.ભા૦૩૮

સહુને આનંદ ઊપજે, સહુના મનોરથ સિદ્ધા રે;
જ્ઞાનવિમલ સૂરિ એમ કહે, ધનના લાહા લીધા રે.ભા૦૩૯

**॥ દોહા ॥**

હવે ગુણચંદ્રના મુખ થકી, સકલ શ્રીચંદ્ર ચરિત્ર;
રાજા મનમાં રીઝિયો, કીધા કાન પવિત્ર. ૧

નિજ બંધવ વરવીરને, માતા પાસથી આણી;
શ્રીચંદ્રે જનકને પદ ઠવ્યો, બોલે મધુરી વાણી. ૨

સ્વામી ! એ મુજ લઘુ બંધવો, કહી બેસારે ઉત્સંગ;
દેખી તરુણી કિરણ જિશ્યો, વાધ્યો રાજા રંગ. ૩

રાજા પણ સુત આગળે, કહે આપ વૃત્તાંત;
પ્રિયા વિયોગે દુઃખ જે, તે જાણે ભગવંત. ૪

આજ તે સવિ નાશી ગયું, વધ્યો સંયોગનો હર્ષ;
જેમ દાવાનલ ઉપશમે, પુષ્કર જલધર વર્ષ. ૫

૧. પથ્થર ૨. સ્ત્રી અને પુરુષ

નિમિત્તિક અવધૂતની, વાત કહી સવિ તેહ;
[1]ચિતાજતુગૃહ કષ્ટથી, રાખ્યો તેણે કરી નેહ. ૬
નિષ્કારણ ઉપગારીઓ, નિઃસ્પૃહમાં શિરદાર;
તેહને કાંઈ ન કરી શક્યો, પ્રીતિ ભક્તિ ઉપગાર. ૭
[2]સાસ પહેલાં સાંભરે, તે નૈમિત્તિક રાય;
એહવો હું નિર્ભાગીઓ, જે રત્ન તે અમથી જાય. ૮
એ સઘળાં સુખ પામીયાં, પ્રિયા સુત મેલણ રૂપ;
એ સવિ તસ ઉપગારડો, કહું કેતા ગુણ રૂપ. ૯
એમ આત્માને નિંદતો, પ્રતાપસિંહ ભૂપાલ;
તવ શ્રીચંદ્ર કાંઈક હસી, બોલે વચન રસાલ. ૧૦
રાજાની ધરતીએ રહે, સાધે તપ જપ યોગ;
તેહને જે ઉપગારડો, કરવો તે શું લોગ. ૧૧
કહે રાજા તે સાચ છે, પણ તે બેપરવાહ;
એહવાના ગુણ સમરતાં, પસરે પુહવિ ઉત્સાહ. ૧૨
પણ આપણી શક્તિ ભક્તિમાં, તે ખામી કહેવાય;
ઉપકૃતિ જે ન કરી શકે, તસ ગુણ [3]અહિલે જાય. ૧૩
જેમ લૌકિકમાં દેખીએ, તંતુ ગ્રહી ઇંદુ નમંત;
તેમ આપાતણી શક્તિથી, ભક્તિ કરે તે સંત. ૧૪
એમ કહી નીસાસો કરે, કિહાં તે દુર્લભ રત્ન;
આવી મળવો ભાગ્યથી, જેમ દુર્ગતિ મણિરત્ન. ૧૫
કહી અહિનાણ જણાવીઓ, આપોપું તેણી વાર;
તાતજી તુજ પ્રસાદથી, હર્ષો ભૂપ અપાર. ૧૬

**॥ ઢાળ સત્તરમી ॥**

(ધન ધન શ્રી ઋષિરાય અનાથી—એ દેશી)

હવે તે વાત મૂકીને આપે, સાર વસ્તુ ને રયણાંજી;
યથાઉચિત જાણીને શ્રીચંદ્ર, પહેરાવે સવિ સયણાજી. ૧
સજ્જનનો મેળાવો હોવે, પૂરવ પુણ્ય સંયોગેજી;
તરસ્યાને જેમ શીત સુધારસ, પાન પરે મન રંગેજી. સ૦ ૨

૧. ચિતા અને લાક્ષાગૃહ ૨. શ્વાસ ૩. એળે

તિલકપુરેશ આગ્રહે તિહાં જાવે, પ્રતાપસિંહ મહિપાલજી;
પુત્ર સહિત ઉત્સવે પેસારે, કરે ભેટણ સુવિશાલજી. સ૦ ૩

હવે રતનપુરથી અતિ વેગે, લક્ષ્મીદત્ત [1]ધની આવેજી;
તે જાણીને શ્રીચંદ્ર સનમુખ, સપરિવાર તે જાવેજી. સ૦ ૪

પિતુ પદકજ મધુકર પરે લાગે, માય તણે વળી પાયજી;
સાથે ભૂપ તેણે પણ પ્રણમ્યો, વિધિ વંદન સુપસાયજી. સ૦ ૫

શ્રીચંદ્ર સહિત પ્રતાપસિંહ પાસે, બેઠા આવી શેઠજી;
સૂર્યવતી પાસે લક્ષ્મીવતી, સવહુઅર પદ હેઠજી. સ૦ ૬

માંહોમાં જે હર્ષ જલધિ તિહાં, ઉલસ્યો ભુવને ન માયજી;
હૃદયમાં હિસે શ્રીચંદ્ર દેખી, તે જાણે જિનરાયજી. સ૦ ૭

સિંહપુર દીપશિખાપુરી રાજા, શુભગાંગ ને દીપચંદ્રજી;
આવ્યા તે સહુને ઘણું ભાવ્યા, મળે બાંહે શ્રીચંદ્રજી. સ૦ ૮

અગણ્ય પુણ્યધન તિલકમંજરી, તેહનો કીધ વિવાહજી;
પ્રતાપસિંહ રાજાએ કીધો, શ્રીચંદ્ર મન ઉત્સાહજી. સ૦ ૯

સકલ મનોરથ થયા સંપૂરા, તે શુભ યોગની સ્તવનાજી;
પૂર્વ સુકૃત ફળ ઉદય સંયોગે, હુયે એહવી પરિણમનાજી. સ૦૧૦

શ્રીચંદ્ર કંઠે ઠવી વરમાલા, દિન દિન પસરી તેહજી;
યશ સૌરભ સમૂહ મહકંતી, કુસુમ કુસુમ ફળ ગેહજી. સ૦૧૧

અનુક્રમે સર્વ લેઈ સંઘાતે, આવે રત્નપુર પાસજી;
તિહાં લવિંગ એલાહાર હુરા, મંડપ બહુલ વિલાસજી. સ૦૧૨

અંબુધિ તટ નાના તરુછાયા, તિહાં પટ મંડપ ગેહજી;
માતપિતા મેલો થયો તિહાં કણ, વાસે મેલકપુર તેહજી. સ૦૧૩

પ્રતાપનગર અંબુધિ તટ વાસ્યું, [2]જનક રાજાને નામેજી;
પ્રતાપ નામે નાણું તિહાં થાપ્યું, સ્વર્ણ રૂપ્યનું તામજી. સ૦૧૪

હવે કર્કોટક દ્વીપથી આવે, પંચ શત પોત મહંતજી;
રવિપ્રભ રાય તણી જે તનયા, કનકસેનાદિ નવ તંતજી. સ૦૧૫

બંધુર સિંધુર સહસ દશકશું, ત્રિગુણા હય રથ જાણજી;
કોટિ સુભટ સંયુત બલવત્તર, જલધિ તટે મંડાણજી. સા૦૧૬

૧. શેઠ ૨. પિતા

તેણે સમયે પ્રતાપસિંહ રાજા, ઉદ્યાને કરે કેલજી;
કર્કોટ દ્વીપથી આવ્યા જાણી, ગજ રથ હય ભટ વેલજી. સ૦૧૭

તે જોવાને સવિ નર આવ્યા, પૂછે તેહની વાતજી;
કિહાંથી આવ્યા કિહાં લગે જાશો, શી છે તુમચી જાતજી. સ૦૧૮

રવિપ્રભ નૃપસુત બોલ્યો તિહાંકણ, આભાસથી ઇહાં આવ્યાજી;
નયર કુશસ્થલે જાવા મન છે, પ્રતાપસિંહ નૃપ પાસેજી. સ૦૧૯

તસ સુત શ્રીચંદ્ર છે ગુણે ગિરુઓ, તસ નવપત્ની એહજી;
માતુલ સાથે કરમોચનનું, ધન તેહનું છે તેહજી. સ૦૨૦

તે એકાકી તિહાં કણે આવી, પરણીને ગયા તામજી;
આપ જણાવી અક્ષરશું લખી, દેઈ મુદ્રાંકિત નામજી. સ૦૨૧

પિતા આદેશ લહીને આવ્યો, બહેનને મૂકવા હેતેજી;
એહવો કોણ પ્રભુ છે તે તોલે, ધીર વીર છે ચેતેજી. સ૦૨૨

તે નિસુણી હર્ષ્યા સવિ રાજા, કહે શ્રીચંદ્ર ભૂપાલજી;
આ પ્રત્યક્ષે ઇંદ્ર સરીખો, પ્રતાપસિંહ સુત સુકુમાલજી. સ૦૨૩

અમારો પણ તેહિજ છે સ્વામી, તેહનો જનપદ ગામજી;
એહવું ભાગ્ય સૌભાગ્ય અપરનું, નવિ દીસે બહુ મામજી. સ૦૨૪

તે નિસુણી કનકપ્રભ હરખ્યો, લાગ્યો પ્રતાપસિંહ પાયજી;
સ્વામી એ સવિ ઋદ્ધિ તુમારી, સુત ઉપાર્જિત આયજી. સ૦૨૫

તે સમૃદ્ધિ તે કન્યા દેખી, તે સુત ચરિત્ર વિશેષજી;
નિસુણીને સવિ અદ્‌ભુત પામ્યા, ફલિઉં ભાગ્ય નિરેખજી. સ૦૨૬

તિહાંકણિ રાયે સભા મંડાવી, સિંહાસન સજ્જ કીધજી;
સપરિવાર સુતને તેડીને, સામંત પ્રમુખ પરે લીધજી. સ૦૨૭

ગુણચંદ્રાદિ સચિવને તેડી, કહે પ્રતાપસિંહ રાયજી;
તેડી આવો ઇહાં શ્રીચંદ્રને, [1]કલહંસ પરે તે આયજી. સ૦૨૮

આવી નમે તે ઉત્સંગે બેસારે, આવે સૂર્યવતી માયજી;
વધૂ પ્રમુખ પરિવાર સંઘાતે, દેખીને સુખ થાયજી. સ૦૨૯

કનકસેન શ્રીચંદ્ર નમીને, નૃપપુત્રી નવ જેહજી;
આગળ આણી ઊભી રાખી, પતિ દેખી ધરે નેહજી. સ૦૩૦

૧ રાજહંસ

સસુર સાસુ માશુક સવિ દેખી, હરખી મનમાં તામજી;
તસ [૧]માતુલ આકુલતા છંડી, જાણે એ સાક્ષાત્ કામજી. સ૦૩૧

કનકસેને સવિ વાત જણાવી, ગજ રથ હય ભટ સારજી;
આપી મુહ આગળ ઢોઈને, કરે પ્રણામ ઉદારજી. સ૦૩૨

કેમ ગયા તિહાં કેણિ પરે પરણ્યા, એ અચરિજની કોડીજી;
કેમ આવ્યા એ આપ બલે વા, દેવ તણી કોઈ જોડીજી. સ૦૩૩

શેઠ તણી વહૂઅર તરુ કેરી, યોગિનીની સવિ વાતજી;
ખર્પરા ઉમીયા મુખથી જાણ્યો, કુશસ્થલ નૃપ અવદાતજી. સ૦૩૪

નૈમિત્તિક અવધૂતને ગંધગજ, વશ કીધા ગુણવૃંદજી;
તેહ ચરિત્ર તે સર્વ પ્રકાશ્યું, સુણી હુવા પરમાનંદજી. સ૦૩૫

ચરિત્ર સુણી લોકોત્તર સરિખું, વિસ્મય લહે [૨]માય તાયજી;
ગમનાગમન કર્યું કહો કેવારે, સુરવિદ્યાનું સહાયજી. સ૦૩૬

ભલો પ્રવેશ મહોત્સવ કીધો, રાજાએ તેણી વારજી;
તે નવ કન્યા સાથે મહોત્સવ, કીધો બહુ વિસ્તારંજી. સ૦૩૭

હવે તૂઠો નૃપ કહે સુતરત્નને, તેં મુજ દુઃખ ઉદ્ધરિયુંજી;
એ તાહરા ઉપગારની આગળ, માહરું મનડું હરિયુંજી. સ૦૩૮

તેહ ભણી એ સકળ રાજ્ય તું, ગ્રહી કર મુજ મન તોષજી;
તેં તારે ગુણે એહ ઉપાવ્યું, નહીં મુજ હિતનો પોષજી. સ૦૩૯

જ્ઞાનવિમલ મતિ તાહરી ઉત્તમ, તસ ગુણ ભાખ્યા ન જાવેજી;
એ ઉપકૃતિને સંભારતાં, વિકસિત હિયડું થાવેજી. સ૦૪૦

**॥ દોહા / સોરઠા ॥**

સોરઠા–કુમર કહે કર જોડી, દાસ અછું હું તુમ તણો;
તુમ પદ પ્રસાદની હોડિ, કવણ કરે કહો તે ભણો. ૧

જે શોભા મુજ હોય, તુમ આગળ પાલાં પુલે;
તે છત્ર ધરે નવિ હોય, રાજ્યે વિનયબિરુદ ટલે. ૨

તિહાં કેટલીએક કાલ, રહીને આગે સંચરે;
કીધા બહુ સત્કાર, દેશ દીએ વાસંતિકા. ૩

---

૧. મામા ૨. માતા અને પિતા

દોહા–હવે સૂર્યવતીની વાણીથી, આવે સિંહપુરમાંહિ;
ચંદ્રકલા હરખી ઘણું, માતુલ લહી મનમાંહી. ૪

પાછલા ભવની ભૂમિકા, ગુણચંદ્ર દેખે જામ;
જાતિસમરણ ઉપન્યું, પહેલા જન્મનું ઠામ. ૫

શ્રીચંદ્રે તિહાં પૂછીઉં, [1]મૂર્છાલંભ નિદાન;
ગુણચંદ્રે સહુ દેખતાં, સઘળું કહ્યું પ્રધાન. ૬

તાસ પત્ની કમલપ્રિયા, જાતિસમરણ લહ્યું તેણ;
બિહુ જણે ભવ સંભારીઓ, સર્વે જાણ્યું જેણ. ૭

એ ધરણો નિમિત્તિઓ, તીર્થારાધન પુણ્ય;
બે હત્યાથી છૂટીઓ, થયો ગુણચંદ્ર એ ધન્ય. ૮

શ્રીદેવી એ સ્ત્રી હતી, ધરણે મારી જેહ;
જિનદત્તા બીજે ભવે, થઈ શ્રાવિકા તેહ. ૯

જન્મ થકી બ્રહ્મચારિણી, નમસ્કાર પ્રભાવ;
કમલશ્રી એ સ્ત્રી થઈ, આવ્યો બેહુને સમભાવ. ૧૦

સોમદેવાદિક જે હતા, અપર તે સવિ પ્રતિબુદ્ધ;
ઉમા ખર્પરા કિહાં ગઈ, ન લહી તેહની શુદ્ધિ. ૧૧

સર્વ પ્રશંસા તિહાં કરે, કહે નમસ્કાર પ્રભાવ;
તીર્થારાધન ગુણ ઘણા, લોક સમક્ષ નિસુણાવ. ૧૨

તિહાં શુભગાંગ રાજા દીએ, જામાતાને પ્રેમ;
ચતુરંગ બલ વિવાહનું, જે બોલ્યું તે તેમ. ૧૩

ચંદ્રવતીના પાય નમી, ચાલ્યા સવિ લેઈ સાથ;
દીપશિખાપુરે આવીયા, પ્રતાપસિંહ નરનાથ. ૧૪

જિહાં પહેલા પરણ્યા હુતા, સૂર્યવતીને રાય;
તિહાં માતામહ પદ નમે, શ્રી શ્રીચંદ્ર નૃપ આય. ૧૫

શિર ચુંબી આલિંગિયો, બેસાર્યો ઉત્સંગ;
જેમ ગૌ ચાટે વાછડો, અધિક અધિક ધરી રંગ. ૧૬

૧. મૂર્છિત થવાનું કારણ

## ॥ ઢાળ અઢારમી ॥

(તોરે કોડડે વિદર્ભી પરણું કુંવરી રે—એ દેશી)

માતામહ એણી પરે ભણે રે, પહેલાં અજાણે કીધો રે;
વિવાહ ઉત્સવ આડંબરે રે, ચંદ્રકલાનો પ્રસિદ્ધો રે;
હવે મનની રુલી રે, પહોતી આજ જગીશો રે;
રૂડે રંગે રુલી રે; શી આપું બગશીસો રે. હ૦ ૧

મેં કહ્યું તે તુમ સાંભરે રે, કર ફરસ્યો તુમે એહનો રે;
એહથી બહુ નૃપની કની રે, કર ગ્રહશો એ ગુણ એહનો રે. હ૦ ૨

તે ભણી હવે ફરી દાયજો રે, બમણો દેઈ હરખું રે;
અતુલી બળ તુમ ભાગ્ય છે રે, હરિ ને ચક્રીના સરખું રે. હ૦ ૩

તિહાં કનકદત્તની સુતા રે, રૂપવતી છે નામ રે;
જેણે કાગળ નાખી ગોખથી રે, આપ જણાવ્યું હતું તામ રે. હ૦ ૪

અતિ ઉત્સવશું આદરે રે, પરણે શ્રીચંદ્ર તેહને રે;
આગળથી સવિ ચિંતિત હુવે રે, પુણ્ય સખાઈ છે જેહને રે. હ૦ ૫

કેતાએક દિન તિહાં રહ્યા રે, લીએ નવ નવીય રસાલો રે;
જેમ ભાદ્રવડે નીરનો રે, પુહવી વહે પરનાલો રે. હ૦ ૬

માગે આજ્ઞા ચલવા તણી રે, કુશસ્થલ પુરે જાવા રે;
ઘર આવણને ઉમહ્યા રે, પંથે પ્રયાણ મનાવા રે. હ૦ ૭

વધાઉ આગે વધ્યા રે, લાખ પસાય લહેવા રે;
ધસમસતા ધીરા ધસે રે, આગળ જાયે કહેવા રે. હ૦ ૮

જંગલમાં મંગલ કરે રે, લોકાને સુખદાયી રે;
કનકની કોડી વરસતા રે, ધરતા ધર્મ વડાઈ રે. હ૦ ૯

દીન દુઃખી સાધારતા રે, વારે વ્યસન વળી સાત રે;
વિઘન વલય જાયે દેશનાં રે, ન કરે કો કેહની તાંત રે. હ૦૧૦

કુશસ્થલમાં વાજીયાં રે, જાંગી ઢોલ નિશાણ રે;
આવ્યા અમ નયરી ધણી રે, આજ નજીક પ્રયાણ રે. હ૦૧૧

[૧]સોહવ આવે સામહી રે, ધવલ મંગલ બહુ ગાવે રે;
ગુડી નેજા ફરહરે રે, વાજાં તાજાં વજાવે રે. હ૦૧૨

૧. સોહાગણ સ્ત્રીઓ સામૈયું કરે

ભેરી ભુંગલ નફેરીયાં રે, સરણાઈ ગહગાટ રે;
માદલ તાલ કંસાલડાં રે, બંદીજનના ઠાઠ રે. ૯૦૧૩

હાટ સવે શણગારીયાં રે, ગલીએ ફૂલ બીછાયાં રે;
ધૂપ ઘટી પ્રગટી કરે રે, ચાડ ચૂગલ સવિ વાહ્યાં રે. ૯૦૧૪

સિંદૂરે શણગારીયા રે, માતા મયગલ મદ પૂર્યા રે;
સાંબેલાં સવિ સજ્જ કર્યાં રે, દાલિદ્ર દોહગ ચૂર્યાં રે. ૯૦૧૫

મુખકમલ અવલ અલંકર્યાં રે, છાયારથ ચકડોલ રે;
ચોકે ચોકે ચંદ્રુઆ રે, બાંધ્યા કરી રંગ રોલ રે. ૯૦૧૬

પોલ પોલ જે નર તણી રે, નારીની વળી શ્રેણી રે;
તેમનું નયરી મળવા ભણી રે, ભુજાલિંગન તેણે રે. ૯૦૧૭

જે વાતાયન વિકસ્યાં રે, તે જાણે પુરી નિજ નાથ રે;
આવંતાને તે જોઈને રે, સ્ત્રીમુખ દર્પણ લેઈ હાથ રે. ૯૦૧૮

જે ઘરશ્રેણી ધજા ફરે રે, તે જાણે નૃપને તેડે રે;
આવો સ્વામી ઉતાવળા રે, દ્વારે આલિંગન ભીડે રે. ૯૦૧૯

એમ બહુવિધ આડંબરે રે, પેસે નયરી મઝાર રે;
વધાવે મુક્તાફળે રે, કંચન કુસુમશું સાર રે. ૯૦૨૦

છત્ર ચામર એમ વીંજતે રે, શેઠ સેનાપતિ મંત્રી રે;
ચતુર ચાર વર્ણ આવીયા રે, વર્ણ અઢારની પંતિ રે. ૯૦૨૧

ચિરં નંદ જય જીવજો રે, સહસ લાખ કોડી વરસાં રે;
દીએ આશિષ માતા ધૂયા રે, પૂરજો અમ જગીશા રે. ૯૦૨૨

આજ ભલાં સુવિહાણલાં રે, આજ મનોરથ ફળિયા રે;
આજ રંગરેલ આવી ઘરે રે, પુત્ર તાત બિહુ મલિયા રે;
દુરિત ઉપદ્રવ ટાલિયા રે, ભાગ્ય તણા એ બલિયા રે;
દુઃખ દોહગ નિર્દલિયાં રે. ૯૦૨૩

મુજરો લેવે સહુ તણો રે, નેહ નજરશું નિહાલે રે;
પ્રજાલોક ચકોર જે રે, શ્રીચંદ્ર ચંદ્રને ભાલે રે;
કરે કરે પ્રણામ નિલાડે રે. ૯૦૨૪

સહુ સુખીયા તે શહેરમાં રે, મહેર થકી રાજ તેજે રે;
ઉત્સવ રંગ વધામણાં રે, તખતે બેઠા હેજે રે. ૯૦૨૫

તવ શ્રીચંદ્ર એમ ચિંતવે રે, વિનતડી અવધારો રે;
ગુપ્તિ[1] થકી હવે મૂકીએ રે, જય વિજયાદિ કુમારો રે. હ૦૨૬

જો બોલણાં તોહે બાંધવા રે, ચિંતે એ અમ [2]બાંહિ રે;
કડુઈ લિંબડી મીઠી છાંહડી રે, એ ઉખાણો પ્રાહિ રે. હ૦૨૭

સજ્જન અતિહિ પરાભવ્યો રે, મનમાં ન વહે [3]ડંસો રે;
છેદ્યો ભેદ્યો હૃદયમાં રે, તોહિ મધુર ધ્વનિ [4]વંસો રે. હ૦૨૮

જો ચંદનને છેદિયું રે, કરે સુગંધ મુખ કુહાડે રે;
અગર અગ્નિમાંહે ખેપીયો રે, ગંધે પ્રીતિ પમાડે રે. હ૦૨૯

તેમ ઉત્તમ ઉત્તમપણું રે, મૂકે મન નવિ કબહી રે;
એમ જાણી પ્રભુ મૂકીએ રે, ગુનો [5]બગસ કરો સબહી રે. હ૦૩૦

એમ શ્રીચંદ્રની વિનતી રે, માની મૂક્યા ચાર રે;
જયાદિક નિજ બાંધવા રે, પહેરાવ્યા અલંકાર રે. હ૦૩૧

આત્મનિંદા કરતાં થકા રે, જનકને પાયે લાગે રે;
અમ સરખા અપરાધીયા રે, એ કીધો દો ભાગે રે. હ૦૩૨

જનક કહે સવિ કર્મનો રે, એ ઉન્માદ વિનોદ રે;
તે ભણી વિખવાદ મત કરો રે, રાખો મનમાં પ્રમોદ રે. હ૦૩૩

રાજ કાજ મેલાં અછે રે, આર્ત્ત રૌદ્રનાં બીજો રે;
ધન્ય જે એહથી ઓસર્યા રે, પસર્યાં જસ બોધિબીજો રે. હ૦૩૪

પાસે થાપ્યા તે સહુ રે, પસરી મંગલમાલા રે;
જ્ઞાનવિમલ ગુરુ તેજથી રે, સુખ પસરે સુકુમાલા રે. હ૦૩૫

## ॥ દોહા ॥

હવે મણિચૂડ રત્નધ્વજા, વિદ્યાધર બિહુ જેહ;
મેરુગિરે પહોતા હતા, વિદ્યા સાધી તેહ. ૧

આવ્યા નયર પાતાલમાં, માય થકી સવિ વાત;
કન્યાના વિવાહથી, શ્રીચંદ્રના અવદાત. ૨

ઇહાં આવી પરણી ગયા, નિસુણી તે સંબંધ;
હર્ષ્યા મનમાં અતિ ઘણું, જેમ ઘનથી ઘન બંધુ. ૩

૧. જેલ, ૨. બાંહ્ય ૩. ડંખ, ઝેર ૪. વાંસલી ૫. માફ

કરી વિમાનને આવીયા, કુશસ્થલે ઉદ્યાન;
ઊતરતાં તે દેખીને, દ્યોતિત દશ દિશિમાન. ૪

પરષદા માંહે બેહુ મળ્યા, શ્રીચંદ્રને દીએ માન;
માંહોમાંહે તુતિ નુતિ કરે, કહે નિવાત નિદાન. ૫

અરિજય કરવા પ્રારથ્યો, શ્રી શ્રીચંદ્રકુમાર;
માત પિતા શેઠ શેઠાણી, [1]જાયાનો પરિવાર. ૬

વળી કેટલાએક ભૂપશું, ચાલે વિમાને બેસી;
આકાશે અતિ હર્ષશું, ટાલે વા અરિ મેસિ. ૭

પાતાલહ નગરે જઈ, સામગ્રી સવિ લેઈ;
સવિ વૈતાઢ્યગિરિ ગયા, નિસાણે ઠોર દેઈ. ૮

વાજિત્રને નાદે કરી, બધિર કરે દિશિભાગ;
તે પુરિ મણિભૂષણ વને, ઉતરે નૃપ મહાભાગ. ૯

એહવે તે વનમાં વિશદ, પટડેરા સમુદાય;
શોભાલંકૃત ભૂમિકા, દેખે શ્રીચંદ્ર રાય. ૧૦

પૂછે [2]પ્રત્યયી નર પ્રત્યે, ચર મુખે લહી વૃત્તંત;
એ વનમાંહે ઊતર્યા, એક મહાજન સંત. ૧૧

શ્રી ધર્મઘોષ મુનીશ્વરુ, સુધા શમદમવંત;
આચારિજ આચારના, ગુણમણિ યતનાવંત. ૧૨

તે નિસુણી મન ચિંતવે, મુનિ-દર્શનનો યોગ;
પૂરણ ભાગ્યબલે હુયે, થાયે પાપવિયોગ. ૧૩

**॥ ઢાળ ઓગણીશમી ॥**

(હો મતવાલે સાજનાં—એ દેશી)

સુગ્રીવાદિ વિદ્યાધરા, એ સુણે મુનિની વાણીજી;
આવ્યા છે ઊલટ ધરી, ભલા ભલા ભવિ પ્રાણીજી. ૧

પૂછ્યો નર એમ વીનવે, સુણો તુમો મહારાજાજી;
તુમો પણ સૂરિના પદ નમી, થાઓ તેજે તાજાજી. પૂ૦ ૨

તે સુણી શ્રીચંદ્ર નરપતિ, યતિ નાયકને વંદેજી;
સકલ ઋદ્ધિ પરિવારશું, આણી મન આણંદેજી. પૂ૦ ૩

---

૧. પત્નીનો ૨. વિશ્વાસુ

પંચાભિગમ સાચવી, સચિત્ત દ્રવ્યનો ત્યાગજી;
અચિત્તનો અભિગ્રહ લીએ, મન એકાગ્રતા લાગજી. પૂ૦ ૪

ગુરુ દીઠે ધરે અંજલી, એકપટ ઉત્તરાસંગેજી;
ખડ્ગ છત્ર ને મુકુટ વાહન, ચામર તજે [૧]નૃપ-લિંગજી. પૂ૦ ૫

દેઈ તીન પ્રદક્ષિણા, ખમાસમણ દુગ દેઈજી;
ઇચ્છાકાર નિમંત્રણા, પાઠ મુખે પભણેઈજી. પૂ૦ ૬

ગુરુ નમી યથોચિત થાનકે, બેઠા તિહાં સકુટુંબજી;
બુદ્ધિ આઠ ગુણ સંયુતે, સુણે દેશના અવિલંબજી. પૂ૦ ૭

*તદ્યથા;–*

શુશ્રૂષા ગુરુસેવના, અથવા સુણવા ઇચ્છાજી;
શ્રવણ ગ્રહણ ને ધારણા, ઉહા વિચાર વિવિચ્છાજી. પૂ૦ ૮

અપોહ તે નયની ચાલના, અર્થવિજ્ઞાન નિરધારજી;
તત્ત્વજ્ઞાન તે સ્વરૂપનું, જાણવું એ [૨]અડ સારજી. પૂ૦ ૯

એ આઠે ગુણ મેળવી, ગુરુમુખ પંકજ પેખેજી;
અતિ તૃષિતા જિમ અમૃત મલે, હર્ષે તિમ જનુ લેખેજી. પૂ૦૧૦

તેણે સમયે તે સૂરીશ્વરુ, તપનો મહિમા ભાખેજી;
સભા આગળ સાચી ગિરા, સમગ્ર શાસ્ત્રની સાખેજી. પૂ૦૧૧

દરિદ્ર અજ્ઞાન પરાભવ્યો, નીચ કુલે અવતારજી;
દાસપણું રોગીપણું, એ તપથી ન હોયે લગારજી. પૂ૦૧૨

यतः–न नीचैर्जन्म स्यात् प्रभवति न रोगव्यतिकरो
न चाप्यज्ञानत्वं विलसति न दारिद्रलसितं
पराभूतिर्न स्यात् किमपि न दुरापं किल यत–
स्तदेवेष्टप्राप्तौ कुरुत निजशक्त्यापि सुतपः १

**ભાવાર્થઃ**–હે ભવ્ય જીવો! સ્વશક્ત્યનુસાર તપ કરો; કારણકે તે તપથી નીચ કુલમાં જન્મ નથી થતો, રોગ નથી થતો, અજ્ઞાનપણું આવતું નથી, દારિદ્રય નથી આવતું, તથા કોઈ ઠેકાણે પરાભવ થતો નથી. વળી તે તપથી કાંઈ પણ પદાર્થ પ્રાપ્ત થયા વિના રહેતા નથી; માટે તે જ તપ ઇષ્ટપ્રાપ્તિને માટે કરો.

---

૧. નૃપલિંગ=રાજ્યચિહ્ન ૨. આઠ

તપ પ્રભાવથી સંપદા, સઘળી સહેજે આવેજી;
નિઃશ્રેયસ સંપદ પામીએ, શ્રીચંદ્ર પરે સુખ થાવેજી. પૂ૦૧૩

આવ્યા જાણી શ્રીચંદ્રને, દેશના દીએ વિશેષજી;
સિંધુલહરી છે ભટકતી, પણ વધતી ચંદની રેખજી. પૂ૦૧૪

तद्यथा (गाथा)

भरहखित्तंमि नयरे, कुसथ्थले निप पयावसिंह पिया
सूरियवईय कुच्छी, सरहंसो जयउ सिरिचंदो १

जस्स य गप्भवयारे, जणणी सुमिणंमि पासई मयंकं
सिरिच्छत्तं करकमलं, मणिमय जिणभवण कारवणं २

जोहि मुक्को जणणी, सवत्ती सुय सज्जासाउसाहरणो
गिहुव वणपुप्फ पूजो, यणियणि हरखियो तइया ३

सुरदिण सुमिण जोगा, लच्छी दत्तेण लच्छीवइ पइणा
गहिउण तओ स गिहे, णिओ सो कुमर सिरिचंदो ४

सूरियवईए पभणई, रज्ज सुरीपुत्त विरह समयंमि
भट्ट सिरिचंय सुओ, बारस वासम्मि तुह मिलही ५

वर पउमगप्भगोरा, वयरुज्जलदंतपंति रमणिज्जो
भाणुव्वभाल भाणु, वड्ढई चउद्दं सिरिचंदो ६

એમ ચરિત્ર યથાયોગ્યતા, ભાખ્યું શ્રીમુનિરાજેજી;
વચમાં તેહજ પૂછિયું, તિહાં વિદ્યાધર રાજેજી. પૂ૦૧૫

કહે સૂરિ સુગ્રીવ નૃપો, તે એ અછે શ્રીચંદ્રજી;
જેહનું ચરિત્ર અમો ભાખિયું, સુણિયું તમો નિસ્તંદ્રજી. પૂ૦૧૬

એ પ્રતાપસિંહ ભૂપતિ, એ સૂર્યવતી માયજી;
ચંદ્રકલાદિક એ વહૂ, એ ગુણચંદ્ર સહાયજી. પૂ૦૧૭

તે નિસુણી ખગ સવિ મળે, હર્ષિત હોય પ્રશંસજી;
બીજા પણ આવી મળ્યા, જેમ માનસ સર હંસજી. પૂ૦૧૮

હવે શ્રીચંદ્ર નૃપ વિનવે, વંદી સૂરિના પાયાજી;
પાછળ પુણ્ય કીધું કિશું, દાખો કરી સુપસાયાજી. પૂ૦૧૯

તવ ભાખે મુનિપતિ તિહાં, આજ થકી ભવ ત્રીજેજી;
ઐરવત ક્ષેત્રમાંહે તુમો, નરભવે પામ્યા બોધબીજજી. પૂ૦૨૦

તિહાં આંબિલ વર્દ્ધમાનનું, તપ કીધું ભલે ભાવેજી;
તિહાંથી અચ્યુતેંદ્રહ થઈ, ઇહાં શ્રીચંદ્ર નૃપ થાવેજી. પૂ૦૨૧

યતઃ–एरवयखित्तं चंदण, भवंमिणुद्दिय तवस्स माहप्पा
अच्चुय इंदो जाओ, तह रायाहिराय सिरिचंदो १

કહે તે વિસ્તરથી કહો, કરી કૃપા ભગવાનજી;
કહે વિસ્તરથી દાખવું, સુણજો સહુ સાવધાનજી. પૂ૦૨૨

જંબુદ્વીપ ઐરવતે ક્ષેત્રે, બૃહણી નામે નયરીજી;
રાજા જયદેવ નામે અછે, જેણે વશ કીધા વૈરીજી. પૂ૦૨૩

જયાદેવી તેહની પ્રિયા, તસ સુત છે નરદેવજી;
પંડિત પાસે મોકલ્યો, ભણવાને તતખેવજી. પૂ૦૨૪

વર્દ્ધન નામે સચિવ છે, નૃપનો મિત્ર ગુણધામીજી;
વલ્લભાદેવી તસ પ્રિયા, ચંદન સુત સુખકામીજી. પૂ૦૨૫

તે પણ નિશાળે ભણે, માંહોમાંહે અતિ નેહોજી;
સકલ કલા કુશલી થયા, તુલ્ય ક્રિયા ગુણગેહોજી. પૂ૦૨૬

યૌવન વય તે પામિયા, બેહુ સહુને મન ભાવેજી;
અથ ક્ષિતિપ્રતિષ્ઠિત નયરનો, પ્રજાપાલ ભૂપ સોહાવેજી. પૂ૦૨૭

દેવી રાણી તસ સુતા, અશોકશ્રી ચતુરાજી;
તે પણ યૌવન કુસુમને, પામી જેમ સુમે ભમરાજી. પૂ૦૨૮

સ્વયંવરમંડપ માંડિયો, કુંકુમપત્રી પ્રેખીજી;
ભૂપ અનેક તેડાવિયા, દૂતથી કાગળ લેખીજી. પૂ૦૨૯

નરદેવ નૃપસુત આવીઓ, ચંદન મિત્ર લેઈ સાથજી;
અનુક્રમે કર્મના યોગથી, છોડી સકલ નરનાથજી. પૂ૦૩૦

પૂરવ જન્મ સનેહથી, ચંદન વરીઓ જાણીજી;
નરદેવ મનમાં હરખીઓ, મિત્રની એ સહી નાણીજી. પૂ૦૩૧

પ્રજાપાલ નૃપે આપણી, ભાણેજી શ્રીકાંતાજી;
નરદેવે પરણાવીયો, ઉત્સવ કરીય મહાંતાજી. પૂ૦૩૨

આવ્યા તે આપણ પુરે, સુખિયા બિહુ રહે લીણાજી;
અવર ભૂપ નિજસ્થાનકે, પહોતા અતિ ઘણું પ્રીણાજી. પૂ૦૩૩

સ્વયંવરની રીતિ છે, સંબંધ હોય તે પરણેજી;
જ્ઞાનવિમલ સૂરિ એમ કહે, બીજા નૃપ ભક્તિ કરણેજી. પૂ૦૩૪

॥ દોહા ॥

ચંદનને પરણ્યા પછી, હવે થયા ખટ માસ;
પ્રાચ્ય કર્મના ઉદયથી, ગયો દેશાંતરે વાસ. ૧

પંચ પોત યુત ધન ભણી, રત્નદ્વીપે ગયો જામ;
લાભ થયો તિહાં અતિ ઘણો, વણિજ કર્યાં ઉદ્દામ. ૨

કોણપપુરમાં આવતાં, જલધિ થયું તોફાન;
વીજ વાદળના યોગથી, ભગ્ન થયું એક યાન. ૩

કર્મસંયોગે પામિયું, ચંદને પાટિયું એક;
તસ સંયોગે નીકળ્યો, જલધિ માંહેથી છેક. ૪

ચાર પોત દેવયોગથી, શબર બંદિરે જાય;
તિહાં મુક્તાફળ નીપજે, તેણે તેહ પુરાય. ૫

બારે વરસે આવીઓ, કોણપપુર તટ કંઠ;
ભમતાં ભમતાં બહુ દિને, જિમ ગજ મદિયો મેઠ. ૬

નિજ પુર પાસે આવીઓ, કર્મથી ચંદન શેઠ;
પહેલાં આવ્યો તેહથી, ભગ્ન પોતનો શેઠ. ૭

ફલક યોગથી તેણે કહી, ભગ્ન પોતની વાત;
તે નિસુણી દુઃખીયા થયા, શેઠ મિત્ર નિજ જાતિ. ૮

અશોકશ્રી તેહની પ્રિયા, તે પણ દુઃખિણી થાય;
જલધિતીર જોવરાવીયું, પણ ચંદન કિહાં ન લહાય. ૯

તે ભણી સાત વરસાં પછી, પલટી વિધવા વેષ;
પહેર્યો જન અનુવાદથી, કૃશતા તનુની પેખી. ૧૦

હવે દ્વાદશ વર્ષાંતરે, ચંદન આવ્યો દેશ;
હર્ષિત શેઠ સુસર વહૂ, પૌરલોક સુવિશેષ. ૧૧

હર્ષજલે ન્હવરાવતો, દેતો યથોચિત દાન;
ચંદન નિજ ઘર પામીઓ, જેમ મુનિ સંયમ ધ્યાન. ૧૨

અશોકશ્રી કૃત ધર્મ તરુ, ફળિયો એહ નિદાન;
સહુ પ્રશંસા એમ કરે, વાધે હર્ષ પ્રધાન. ૧૩

કાળે નરદેવ નૃપ થયા, ચંદન થયા પ્રધાન;
શેઠ મુખ્યપણે એહ છે, રાજ્યે મેઢી સમાન. ૧૪

## ॥ ઢાળ વીશમી ॥

(રાગ મારુ/ભાવન પવાડાની જાતિ—લજ્જા તું રાખે હો લંધડા હો, પૂરવ તણા પઠાણ—એ દેશી)

હવે તિણ પુર તિણ સમે હો, આવ્યા જ્ઞાનસૂરીંદ;
જે છે શ્રુત અતિશય ઘણા હો, વનમાં મહિમ દિણંદ;
હવે તિણ સમયે તિણ પુરવરે હો, મૂર્તિમંત ધર્મ ગિરીંદ;
દેઈ દર્શનને ભવિને તારતા હો, જેમ ચકોરાને ચંદ. હ૦ ૧

નૃપ શેઠ ને નાગર નાગરી હો, શ્રીકાંતા નૃપ નારી;
અશોકશ્રી સાથે આવીયા હો, કરે વિધિ વંદન સાર. હ૦ ૨

નમીને સવિ બેઠા યથોચિત થાનકે હો, સૂરિ દીએ ધર્માશીષ;
તિહાં પ્રારંભે ગુરુ ધર્મદેશના હો, નિરુપકાર બગશીશ. હ૦ ૩

જિમ તક્રથી નવનીત ઉદ્ધરીએ હો, પંકેથી જિમ પદ્મ;
જિમ અમૃત ઉદ્ધરીએ જલધિથી હો, જિમ મુક્તા વંશ સદ્મ. હ૦ ૪

તેમ નરભવથી ધર્મ ઉદ્ધરીએ હો, ધર્મ તે પરમ છે સાર;
દુર્ગતિ પડતાં રડતાં ચિહું ગતિ હો, ધર્મ તે કરેય ઉદ્ધાર. હ૦ ૫

यथा—तक्रादिव नवनीतं, पंकादिव पद्मममृतं जलधेः
मुक्ताफलमिव वंशात्, धर्मः सारं मनुष्यभवात् १

संसारे मानुष्यं सारं, मानुष्यके च कौलिन्यं
कौलिन्ये धर्मित्वं, धर्मित्वे चापि सदयत्वं २

ભાવાર્થઃ—(૧) છાશ થકી જેમ માખણ ઉત્પન્ન થાય છે તે સાર છે, કાદવમાંથી જેમ કમલ ઉત્પન્ન થાય છે તે સાર છે, સમુદ્ર થકી જેમ અમૃત ઉત્પન્ન થાય છે તે સાર છે અને વાંસડા થકી જેમ મોતી ઉત્પન્ન થાય છે તે સાર છે તેમ મનુષ્યભવ થકી જે ધર્મ થાય તે સાર છે. (૨) સંસારમાં મનુષ્યપણું છે તે સાર છે, મનુષ્યપણામાં કુલીનપણું તે સાર છે, કુલીનપણામાં ધર્મીપણું છે, તે સાર છે અને ધર્મિત્વમાં સદયપણું તે સાર છે.

દેશના અંતે નૃપ પૂછે સૂરિને હો, કોણ કર્મે થયો વિયોગ;
અશોકાદિક તે પણ પુનરપિ હો, કોણ કર્મે હોય સંયોગ. ε૦ ૬

ગુરુ કહે સુખ સવિ નિજ કર્મથી હો, નાવે પર કૃત કર્મ;
ફળ શુભાશુભ સ્વકૃત ભોગવે હો, એહી જ ધર્મનો મર્મ. ε૦ ૭

કબહી મેરુ ચલે અનલ શીતલો હો, પશ્ચિમ ઊગે ભાણ;
પર્વત શિલા ઉપર ઉગે [1]પદ્મિણી હો, પણ [2]ન ચલે કર્મ વિન્નાણ. ε૦ ૮

मालिनी–उदयति यदि भानुः पश्चिमायां दिशायां
प्रचलति यदि मेरुः शीततां याति वह्निः
विकसति यदि पद्मं पर्वताग्रे शिलायां
तदपि न चलतीयं भाविनी कर्मरेखा १

आर्या–आरोहतु गिरिशिखरं, समुद्रमुल्लंघ्य यातु पातालं
विधिलिखिताक्षरमालं, फलति कपालं न भूपालः २

सुखदुःखानां करणे, न कोपि कर्त्ता स्वयं विना कश्चित्
तस्मात् सुकृतदुष्कृत,–मुभयं स्वात्मा परमहेतुः ३

श्लोक–कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभं ४

कर्मणो हि प्रधानत्वं, किं कुर्वन्ति शुभा ग्रहाः
वशिष्ठदत्तलग्नेऽपि, रामः प्रव्रजितो वने ५

आर्या–संपदि यस्य न हर्षो, विपदि विषादो रणे च धीरत्वं
तं त्रिभुवनस्य तिलकं, जनयेज्जननी सुतं विरलं ६

शार्दूल॰–ब्रह्मा येन कुलालवन्नियमितो ब्रह्मांडभांडोदरे
विष्णुर्येन दशावतारगहने क्षिप्तः पुनः संकटे
रुद्रो येन कपालपाणिपुटके भिक्षाटनं कारितः
सूर्यो भ्राम्यति नित्यमेव गगने तस्मै नमः कर्मणे ७

**ભાવાર્થઃ–(૧)** જો કદાચિત્ સૂર્ય પશ્ચિમ દિશામાં ઊગે, મેરુ ચલાયમાન થાય, અગ્નિ શીતલતાને પામે, પર્વતાગ્રને વિષે શિલામાં કમલ ઊગે, તોપણ ભવિષ્યરૂપ કર્મરેખા છે તે ચલાયમાન થતી નથી.

૧. કમલિની ૨. કર્મનું વિજ્ઞાન ચળે નહીં, જૂઠું ન થાય.

(૨) કદાચિત્ પર્વત શિખરનું આરોહણ કરો, સમુદ્ર ઉલ્લંઘન કરીને પાતાળમાં જાઓ, તોપણ વિધિએ લિખિત અક્ષરવાળું કપાલ ફળે છે પરંતુ રાજા ફળતો નથી. (૩) સુખ દુઃખના કરવામાં પોતા સિવાય કોઈ પણ બીજો કર્ત્તા નથી. માટે સુકૃત અથવા દુષ્કૃત કરવામાં આત્મા જ કારણ છે, બીજો કારણ કોઈ નથી. (૪) સેંકડો કરોડો કલ્પો સુધી પણ કરેલાં કર્મનો ભોગવ્યા સિવાય છૂટકો થતો નથી. માટે કરેલું શુભાશુભ કર્મ જ અવશ્ય ભોગવવું પડે છે. (૫) કર્મ જ પ્રધાન છે, તેમાં શુભ ગ્રહો શું કરશે? જુઓ, વસિષ્ઠે દીધેલા રાજ્યાસનના મુહૂર્તમાં પણ શ્રી રામચંદ્રજીને વનવાસમાં જવું પડ્યું. (૬) સંપત્તિમાં જેને હર્ષ નથી, વિપત્તિમાં જેને શોક નથી, રણને વિષે જેને ધીરપણું છે, તે ત્રિભુવનના તિલકરૂપ પુત્રને કોઈક માતા જ જણે છે. (૭) જે કર્મે બ્રહ્માને બ્રહ્માંડમાં પ્રાણીરૂપ પાત્રો ઘડવામાં કુંભાર સમાન નિર્માણ કરેલા છે, જે કર્મે વિષ્ણુને દશાવતાર ગ્રહણ કરવારૂપ સંકટમાં નાખ્યા, વળી જે કર્મે શિવજીને કપાલ(ખોપરી)રૂપ પાત્ર હાથમાં ગ્રહણ કરાવી ભિક્ષા મગાવી; વળી જે કર્મે સૂર્યને આકાશને વિષે ભ્રમણ કરાવ્યું એવા કર્મને હું નમસ્કાર કરું છું. ૭

### ॥ ઢાળ પૂર્વ ॥

એહવી તિહાં કીધી કરુણી દેશના હો, તે ભણી શો વિખવાદ;
ધર્મ કરીજે ધીંગા ધસમસી હો, મૂકો સકળ પ્રમાદ. હ૦ ૯

ઇહાંથી ત્રીજે ભવ પાછલે હો, સુલસ નામે શેઠ;
કુલપુત્ર કહો તું હુતો હવો હો, રાખી તો ઘરસૂત્ર. હ૦૧૦

તે ભવે એ અશોકા વલ્લભા હો, કુલપુત્રક કની જાણ;
નામે ભદ્રા વખાણ,
સુલસ ને ભદ્રા એ બે તિહાં હો, પરણ્યા પુણ્યપ્રમાણ;
તે ભવ હોંશે કર્મ બાંધીયું હો, વિયોગનિમિત્તનું હાણ. હ૦૧૧

સુલસભવે પણ એ ભદ્રા પ્રિયા હો, ચોવીશ વરસ વિયોગ;
તિહારે પણ એ કર્મના ઉદયથી હો, ઇહાં નવિ કરવો શોગ,
કર્મે જીત્યો સવિ લોગ. હ૦૧૨

વળી સુલસે ફિરતાં એક સમે હો, નર બૂડ્યો રસકૂપ;
તેહને કાઢ્યો રજ્જુપ્રયોગથી હો, તે પુણ્ય અતુલ અનૂપ. હ૦૧૩

પાંચસેં આંબિલ તે સુલસે કર્યાં હો, ભદ્ર પ્રિયા પણ તેહ;
પાંચસેં બમણાં તિણ આંબિલ કર્યાં હો, અંતર રહિત અછેહ. હ૦૧૪

તેણે તે તપના મહિમા થકી હો, પામ્યા બિહુ સુરલોગ;
તિહાંથી ચવી ભદ્રા નૃપસુતા થઈ હો, સુલસ તે ચંદનયોગ. ૯૦૧૫

પૂરવ નેહે ચંદનને વર્યો હો, તે અવશેષિત કર્મ;
તસ અનુભાવે ઇહાં વિયોગ થયો હો, એ કૃતકર્મના મર્મ. ૯૦૧૬

જે રસકૂપથી નરને કાઢીઓ હો, તેણે તપસ્યા કીધ;
સ્વર્ગ લહીને તું હવે નૃપ થયો હો, મિત્રપણે સુપ્રસિદ્ધ. ૯૦૧૭

એમ સુણી વીતક ચંદન બોલીઓ હો, કહે ભગવન્ હજી કર્મ;
છે કોઈ મારે સૂરિ કહે અછે હો, એહી જ અપર કે કર્મ;
તે દાખો મુજ મર્મ. ૯૦૧૮

કર્મ અમારાં પ્રભુ કેમ જાયશે હો, દાખો તેહ ઉપાય;
સૂરિ કહે જો સકલ કર્મ નાશનો હો, ક્ષય વાંછો મનમાંય. ૯૦૧૯

તો તપ કરો તુમ આગમ વયણનો હો, શ્રી આંબિલ વર્દ્ધમાન;
તેહથી નિકાચિત કર્મના મર્મનો હો, નાશ હોશે અસમાન. ૯૦૨૦

ઓલી ઓલી ઉપવાસ સંપૂરણે હો, આંબિલ ચઢતે જાત;
શત ઓલીને [1]માને એ તપ સંપજે હો, અવિલંબે લહે નિર્વાણ. ૯૦૨૧

ગુરુવાણી હિયે આણી આદરે હો, ચંદન પ્રિયા સમેત;
તે તપ માંડ્યો બેહુ નિરાશંસથી હો, સજ્જને પણ હિત હેત. ૯૦૨૨

ધાવમાતા અને પાલક માવડી હો, હરિ નામે શેઠ દાસ;
પાડોસણની નારી સોળ જે હો, માંડે તપ ઉલ્લાસ. ૯૦૨૩

કોણહિક સ્નેહે કોઈક લાજથી હો, કોઈ પ્રીતે કોઈ ભાવ;
બહુ જણે પ્રારંભ્યો પણ થયો હો, અલ્પ ને પૂરો પૂર્ણ સ્વભાવ. ૯૦૨૪

એ તપ મહોટું શમતાને મળ્યું હો, તુરત દીએ શિવસુખ;
જો કદાપિ તે ભવે શિવસુખ નવિ લહે હો, તો નિયમા સુરસુખ. ૯૦૨૫

દૂધ દધિ ઘૃત તક્ર વઘાર ને સુખડી હો, ખાદ્ય સ્વાદ્ય રસ સર્વ;
[2]ભૃત ગૃહે પણ જસ ઇચ્છા નહીં હો, પારણાદિકને પર્વ. ૯૦૨૬

દંપતીએ તે તપ વિધિશું આરાધિયું હો, નરદેવ મિત્ર છે જેહ;
તેણે પણ તસ શ્લાઘા બહુ કરી હો, કહે શુદ્ધ ન મુખ સુગ એહ. ૯૦૨૭

૧. માપથી  ૨. ઘરે ભરેલું હોય (ભૃત=ભરેલું)

તપ સંપૂર્ણે વિધિશું ઉજમે હો, સાત ક્ષેત્રે વિસ્તાર;
પુણ્યની પોષણા અશુભની શોષણા હો, કીધી તેણે બહુ વાર. ૯૦૨૮

સંયમ અંતે લેઈ કાલ કરી હો, થયા તે અચ્યુતેંદ્ર;
અશોકશ્રી પણ તસ સામાનિક સુર થઈ હો, જાણે જેમ ઉપેંદ્ર. ૯૦૨૯

અચ્યુતેંદ્ર ચવી શ્રીચંદ્ર તું થયો હો, તારો મિત્ર સુર જેહ;
ચંદ્રકલા જે તરુણી તાહરી હો, થઈ પૂરવલે નેહ. ૯૦૩૦

નરદેવ તે પણ ભવમાંહે ભમી હો, સિંહપુરે થયો વિપ્ર;
ધરણ નામે તે શત્રુંજય સેવતો હો, થયો ગુણચંદ્ર અતિ દીપ્ર. ૯૦૩૧

દાસ અને ધાવમાતા જે પાછળી હો, તે થયા પુણ્યને યોગ;
લક્ષ્મીદત્ત લક્ષ્મીવતી જેણે તું પાલીઓ હો, પૂર્વ સ્નેહને યોગ. ૯૦૩૨

સોળ નારી તે સુર થઈને થઈ હો, રાજસુતા તુજ નારી;
સુલસ ભવે જે વેશ્યા ભોગિની હો, ભીલી મોહિની અવતાર. ૯૦૩૩

એહ ચરિત્ર સવિ પૂરવ ભવ તણું હો, દાખ્યું ધરી બહુ હેજ;
જ્ઞાનવિમલ મતિ સૂરીશ્વર થકી હો, વધિયું ધર્મનું તેજ. ૯૦૩૪

**॥ દોહા ॥**

તે સુણી કુમરને ઊપન્યું, જાતિસમરણ [૧]વેગ;
સૂરિએ કહ્યું તેમ પરગટે, દીઠા ભવના [૨]નેગ. ૧

ચંદ્રકલાદિક જે પ્રિયા, તેણે પણ નિજ ભવ દીઠ;
મિત્રે પણ તેમ દીઠડા, ગુરુવચ લાગાં મીઠ. ૨

સુગ્રીવ ખગની જે સુતા, જાતિસમરણ યોગ;
રત્નવતીએ સ્નેહથી, શ્રીચંદ્ર વર્યો ગતશોક. ૩

શ્રીચંદ્રે પણ [૩]ખામીયા, વિદ્યાધર તે સર્વ;
રત્નચૂડ વધ અપરાધ જે, ગુરુસાખે તજી ગર્વ. ૪

તિહાં મણિચૂડ રત્નધ્વજં, ખમતા માંહોમાંહ;
સહુ સંઘાતે આવીને, પેસાવે પુરમાંહ. ૫

દક્ષિણ ઉત્તર શ્રેણિના, વિદ્યાધરના રાય;
લેઈ નિજ ધન ને સુતા, આવી શ્રીચંદ્ર પરણાય. ૬

૧. તુરત ૨. સંબંધ ૩. ક્ષમાપના કરી

રત્નચૂડા ને રત્નવતી, મણિચૂલા મણિમાલ;
રત્નકંતાદિક અવર જે, ખગપુત્રી સુકુમાલ. ૭

બહુ પરણે બહુ ઉત્સવે, કરમોચન બહુ દીધ;
વિદ્યા ગગન તે ગામિની, [1]કામરૂપિણી સિદ્ધ. ૮

એક શત દશ અધિકા અછે, જે વિદ્યાધર ભૂપ;
સુગ્રીવાદિક તે મળી, ઉત્સવ કરે અનૂપ. ૯

વિધિશું શ્રીચંદ્ર ભૂપને, સિદ્ધિશૃંગ શુભ ઠામ;
વિદ્યાધર ચક્રીપણું, વિસ્તરથી દીએ નામ. ૧૦

યાત્રા શાશ્વત ચૈત્યની, વિવિધ પ્રકાર કરેઈ;
માતપિતા પરિવાર યુત, મનમાં હર્ષ ધરેઈ. ૧૧

નગરી વિદ્યાધર તણી, જોઈ સકલ ધરી પ્રેમ;
વિદ્યાધરશું પરિવર્યો, શોભે મણિ જિમ હેમ. ૧૨

વિદ્યાધર વર સૈન્યશું, કરે વિચિત્ર આકાશ;
રત્નકાંતિ [2]સૌદામિની, ચમકે ભૂષણ ભાસ. ૧૩

નિશાણધ્વનિ ગીતશું, ગંજે અરિજન તાસ;
મદ ઝરતા માતંગશું, સિંચે ભૂતલ વાસ. ૧૪

શુક્લધ્વજ બગલી ફુરે, દારિદ્રતાપ વિલાસ;
સઘળે [3]સસ્ય વધારતો, શોષે [4]કુમતિ-જવાસ. ૧૫

સજ્જન મોર ઉલ્લાસતો, શ્રીચંદ્ર નૃપ જલધાર;
અપર રાજગૃહ તેજનો, સંધે સર્વ પ્રચાર. ૧૬

## ॥ ઢાળ એકવીશમી ॥

(અંબરીયોને ગાજે હો, ભટિયાણી રાણી અંબ ચૂએ—એ દેશી)

આવે કુશસ્થલ નયર, સાજ સામહીને હો;
ચંદ્રકલાના વહાલા રાયજી;
રંભાથંભ ઉભાવી, તોરણ બંધાવે હો;
ગોરીના વહાલા રાયજી. ૧

૧. ઇચ્છિત રૂપ કરનારી વિદ્યા ૨. વીજલી ૩ અન્ન ૪ કુમતિરૂપ જવાસાને શોષે અર્થાત્ બાળી નાખે

મંચોનમંચ મંડાવે, સ્વસ્તિક પુરાવે હો; ચં૦
શ્રીખંડ[1] કુંકુમ વારિ, શેરી છટકાવે હો. ગો૦ ૨

સાર શૃંગાર સફાર, સજ્જન પહિરાવે હો; ચં૦
મુક્તાફલની માલ, કંઠે ઠવરાવે હો. ગો૦ ૩

અક્ષત પાત્ર અપાત્ર, કર ગ્રહી વધાવે હો; ચં૦
બંદીજનના ઘાટ, ભાટ કવિતાયે ગાવે હો. ગો૦ ૪

ભાવે ગાવે નવ નવ ગીત, દાન અવારિત પાવે હો; ચં૦
ખેચર ભૂચર વૃંદ, પરવરીયો પરિવારે હો. ગો૦ ૫

ગોખે જોખે બેસી, નાગર જન નિરખે હો; ચં૦
સેવીતો સવિ લોક,[2]કોક દિવાકર દેખી જેમ હરખે હો. ગો૦ ૬

એમ પેસે પુરમાંહિ, બાંહી ગ્રહીને હો; ચં૦
આવી બેઠા તખત, વખત આધીને હો. ગો૦ ૭

હવે કુંડળપુર રાય, પોલે પેસારે હો; ચં૦
કરી પ્રણામ સુખદાય, આગળ બેસારે હો. ગો૦ ૮

મહોટાં ભેટણ મૂકે, આગળ વાનરી મૂકે હો; ચં૦
સભ્યને થયું અચરિજ, જોવાને [3]ઢૂકે હો. ગો૦ ૯

કરી પ્રણામ કહે તામ, અપરાધ ખમજો હો; ચં૦
જે કીધો અણજાણ, તે સવિ સહેજો હો. ગો૦૧૦

કોણ એ કીશ્યો અપરાધ, પૂછે સભાજન હો; ચં૦
તે કહે આપ ચરિત્ર, કરી નિજ કોમલ મન હો. ગો૦૧૧

હવે જનકનો લહી આદેશ, કૃષ્ણાંજન ખેપે હો; ચં૦
નયનાંજનથી તેણિ વાર, સુરસુંદરી સમ સહુ દેખે હો. ગો૦ ૧૨

સહુ સાખે શ્રીચંદ્ર, વિનતડીને માને હો; ચં૦
લજ્જાએ નીચે વદન, નમતી ને મનગમતી હો. ગો૦૧૩

સસરા સાસુ પાય, નમીને અંતઃપુરે હો; ચં૦
જાવે સખીઓ સાથ, સુખ પૂરે દુઃખ ચૂરે હો. ગો૦૧૪

અરિમર્દન ભૂપાલ, નિજ સુતને તે નિંદે હો; ચં૦
લાજ્યો તે મદનપાલ, શ્રીચંદ્રના પદ વંદે હો. ગો૦૧૫

૧. ચંદન ૨. ચક્રવાક, ચકવો ૩. પાસે

હવે આવે ભિલ્લ સાથ, મોહની ભિલ્લી હો; ચં૦
લેઈ રતન અંબાર, સુભટ બહુ ભેલી હો. ગો૦૧૬

શ્રીચંદ્ર નૃપ [1]પ્રસ્તાર, ગેહ બનાવીને રહે હો; ચં૦
શ્રીજિન ધર્મ પ્રધાન, બાલ બ્રહ્મચારિણી વહે હો. ગો૦૧૭

પાદુકાને પ્રણામ, કરતી નિગમતી હો; ચં૦
સફળ જનમ કરે એમ, ભવભય ઉતરતી હો. ગો૦૧૮

શિવમતી બ્રાહ્મણી જેહ, તસ પતિને આપે હો; ચં૦
નાયકપુરનો દેશ, દરી ધન થાપે હો. ગો૦૧૯

તે ધન સઘળે ઠામ, ખરચે ને અર્ચે હો; ચં૦
ધણી થયા તસ દેઈ, અવર તે કોશે વિરચે હો. ગો૦૨૦

વિદ્યાબલે સવિ દેશ, સાધે ને વળી વાધે હો; ચં૦
વિદ્યાધરને સહાય, ત્રણે ખંડે સાધે હો. ગો૦૨૧

ચતુરંગી દલ બલ બુદ્ધિ, અભિનવ શચીપતિ હો; ચં૦
પૂરે પ્રજાની આશ, રાસને ગાતી હો. ગો૦૨૨

જે જે ઇચ્છે ચિત્ત, તે તે સવિ થાવે હો; ચં૦
હેલા લીલામાંહે, કીર્ત્તિ જગાવે હો. ગો૦૨૩

કંચન નરને યોગ, પારસપાષાણે હો; ચં૦
દુભગ દરિદ્રતા નાશ, જગ કીધો નિજ [2]પાણે હો. ગો૦૨૪

ષટ્ઋતુ ભોગવિલાસ, વિવિધ રસે માણે હો; ચં૦
જાણે જિણિ પરે દાસ, ષટ્ ઋતુના સુર આણે હો. ગો૦૨૫

હવે ચિંતે મનમાંહિ, પ્રતાપસિંહ ભૂપતિ હો; ચં૦
કરીએ રાજ્યાભિષેક, કરીએ અધિપતિ હો. ગો૦૨૬

સઘળું વંછિત થાય, પુણ્ય સહાઈ હો; ચં૦
જ્ઞાનવિમલ સૂરિરાય, કહે સુખદાઈ હો. ગો૦૨૭

**॥ દોહા ॥**

સોલ સહસ જનપદ ધણી, ગજ રથ તુરગ સુભટ્ટ;
હરિ પરે પ્રભુતા ભોગવે, ગિરુઓ ગુણગહ ગટ્ટ. ૧

૧. ચોગાનમાં ૨. હાથે

શુભદિન શુભવેલા [1]લગન, વિધિશાસ્ત્રોક્ત પ્રમાણ;
તે ખગ નગપતિ સાખશું, કરે અભિષેક મંડાણ. ૨

વર્ષ પ્રમાણે પૂર્ણ હુએ, મહોટો રાજ્યાભિષેક;
નિપજાવે બહુ મેલવી, છેક પુરુષ સવિવેક. ૩

શ્રીરાજાધિરાજ કર્યા, શ્રી શ્રીચંદ્ર નરેશ;
એક છત્ર મહિ ભોગવે, ટાલે સકલ કલેશ. ૪

પટદેવી ચંદ્રકલાવિધિ, સર્વ અધિક તે થાપી;
પટ્ટરાણી તેહથી અધો, સોલ અવર તિહાં છાપી. ૫

पट्टराज्ञीनामानि–

કનકાવલી ને પદ્મસિરી, મદનસુંદરી જાણ;
રત્નચૂલા ને રત્નવતી, પ્રિયંગુમંજરી જાણ. ૬

મણિચૂલા તારાલોચના, ગુણવતી ચંદ્રમુખી જેહ;
ચંદ્રલેહા તિલકમંજરી, કનકા કનકાવતી નેહ. ૭

સુલોચના ને સરસ્વતી, વલી તસ હેઠે સોલ;
એમ છત્રીશ પટ્ટરાણીઓ, સાથે કરે કલ્લોલ. ૮

તેહથી હેઠે સોલસય, રાણીનો પરિવાર;
ચંદ્રાવલી રત્નાવલી રત્ન,–કાંતા ધનવતી સાર. ૯

લાવણ્યરૂપ સૌભાગ્યની, કેલિ નિકેતન તેહ;
તેહ સાથે પણ અતિ ઘણો, રાખે ભાખે નેહ. ૧૦

ચતુરા કોવિદા આદે દેઈ, ભોગ તરુણી પાંચ હજાર;
[2]પ્રાચ્ય ભોગકર્મે મલી, ભોગવે તેહ ઉદાર. ૧૧

ચક્રવર્તી પરે નવનવાં, કરી વિદ્યાબલે રૂપ;
નિજ ઇચ્છાએ વિલસતા, તિમ તિમ શ્રીચંદ્ર ભૂપ. ૧૨

હવે સુગ્રીવ ખગને દીએ, ઉત્તર શ્રેણિનું રાજ્ય;
રત્નધ્વજ મણિચૂડને, દક્ષિણ શ્રેણિનું રાજ્ય. ૧૩

જય વિજયાદિક બંધુને, દીધા કેતા દેશ;
ચારેને સુખીયા કર્યા, ટાલ્યા સર્વ કલેશ. ૧૪

---

૧. મુહૂર્ત્ત ૨. પૂર્વ

## ॥ ઢાળ બાવીસમી ॥

(અઢીયાની દેશી)

મહિમંડલમાં પ્રાજ્ય, ધર્મ તણું સામ્રાજ્ય,
પસરાવ્યું તેણે એ, હર્ષ ધરી ઘણો એ. ૧

જિનના ધવલ વિહાર, માનું ભૂભામિની ઉરહાર,
તુંગ તોરણ કર્યાં એ, જિનબિંબે ભર્યાં એ. ૨

શતગમે શત્રુકાર, નહીં કોઈ મુખ નાકાર,
પુષ્કર જલધરુ એ, કે દાને સુરતરુ એ. ૩

**હવે શ્રીચંદ્ર વિદ્યાધર ચક્રવર્તીના પરિવારની સંખ્યા લખીએ છીએ–**

મંત્રી સોળ હજાર, દેશ તણા અધિકાર,
સોંપ્યા તેહને એ, ધર્મરુચિ જેહને એ. ૪

સોળ સય મુખ્ય પ્રધાન, જે વળી બુદ્ધિનિધાન,
સુવ્રત ધારકુ એ, પાપ નિવારકુ એ. ૫

મહામંત્રીશ્વર સોળ, લખમણ પ્રમુખ અમોલ,
શ્રાવકગુણ ભર્યો એ, સવિ શિર તે કર્યો એ. ૬

એક શ્રી ગુણચંદ્ર મિત્ર, સહુ શિરે તેહ પવિત્ર,
સુખ દુઃખ એકઠા એ, સહિયાં સામટાં એ. ૭

આપ ઊતરતો તેહ, રાખે બહુ જે નેહ,
સવિ સચિવાદિકા એ, રહે તેહના થકા એ. ૮

**અથ ચતુરંગ દલસંખ્યા–**

લાખ બેંતાલીશ [1]નાગ, દશકોડિ [2]તુરંગમ લાગ,
રથ શકટ [3]કરહલા એ, [4]વેસર તેટલા એ. ૯

સુભટ અડતાલીશ કોડિ, ધનુર્ધરની કરે હોડિ,
કર જોડી રહે એ, આણા શિર વહે એ. ૧૦

સેનાની સમુદાય, ધનંજય મુખ્ય કહાય,
તે પાસે રહે એ, સેનાધિપતિ વહે એ. ૧૧

બેંતાલીશ હજાર, તુંગ મહાધ્વજ સાર,
ચાટે ગગનને એ, હસે મનુ ઇંદ્રને એ. ૧૨

---

૧. હાથી ૨. ઘોડા ૩. ઊંટ ૪. ખચ્ચર

નરવાહન જે યાન, તે ધ્વજ સંખ્યામાન,
શિબિકાદિક ગણે એ, પરિકર એમ ઘણે એ. ૧૩

વાજિત્ર તે પરમાણ, નહિ સંખ્યા નીશાણ,
ભાણથી અધિક છે એ, તેજનો પુંજ છે એ. ૧૪

ચમર છત્રના ધાર, અંગરક્ષક સુખકાર,
પાર ન પામતા એ, નિત્ય શિર નામતા એ. ૧૫

કુંજરાદિક જે [૧]ખવાસ, પાસે રહે ઉલ્લાસ,
સેવા સારતા એ, રિપુભય વારતા એ. ૧૬

હરિતારક જે ભટ્ટ, કવિજન કેરા ઘટ્ટ,
સ્તવતા અહોનિશે એ, દાન તણે વશે એ. ૧૭

વીણારવાદિક સાર, ગાયનના પરિવાર,
નિત્ય નિત્ય ઓલગે એ, ધન દેઈ કર્યાં વગે એ. ૧૮

ગાઈતા તસ રાસ, ભોલી ભામિની ભાસ,
ભાખે પ્રીતિથી એ, રાજાની નીતિથી એ. ૧૯

વરતાવે અમારી, નહીં કાંઈ મરકી મારી,
ઈતિ ઉપદ્રવા એ, નાઠા કરી રવા એ. ૨૦

વ્યસન નિવારે દૂર, સજ્જન વંછિત પૂર,
ધર્મની નીક છે એ, દયા સઘળે રુચે એ. ૨૧

છલ બલ કરી ધન દેય, વરતાવે ભલે ભેય,
વર્ણ અઢારમાં એ, જિનધર્મ સારમાં એ. ૨૨

પોઢી પૌષધશાલ, તેમ મઠ પર્વ વિશાલ,
વન વાડી સમાં એ, ચૈત્ય યક્ષ નિલયમાં એ. ૨૩

એકેક સોળ હજાર, એ સવિ સંખ્યા સાર,
કહીએ કેટલા એ, જીર્ણ સમારે તેટલા એ. ૨૪

માત પિતા પરિવાર, જિહાં વિધિપૂર્વક આચાર,
તીર્થની યાતરા એ, સત્તરની માતરા એ. ૨૫

બોધબીજની વૃદ્ધિ, દર્શન જ્ઞાનની ઋદ્ધિ,
જિહાં કણે નીપજે એ, જે યાત્રાપદ ભજે એ. ૨૬

૧. દાસ, ચાકર

સાધર્મિક વાત્સલ્ય, નિત્યે હોયે નિઃશલ્ય,
ગુણી આચારીયા એ, શાસ્ત્ર સંસ્કારીયા એ. ૨૭

વાજે અમારીનો ઢોલ, જિહાં ન દેવાયે પોલ,
ભય ભાંજી ગયા એ, ભયને ભય થયા એ. ૨૮

ચાડ ચૂગલ ને ચોર, ન રહ્યાં તેહનાં જોર,
ભોરે તસ્કરા એ, નાસે નિર્ભય ધરા એ. ૨૯

નિત્યે વિવિધ પ્રકાર, પૂજા સત્તર પ્રકાર,
જિનઘરે થાવતે એ, ગુણિજન ગાવતે એ. ૩૦

ગિરિ ગિરિ ગામો ગામ, કોઈ ન એહવું ઠામ,
જિહાં જિનમંદિરુ એ, ન હોયે સુંદરુ એ. ૩૧

[૧]અનૃણ કરી સવિ ભૂમિ, દેઈ દાન નિઃસીમ,
ષટ્ આવશ્યકા એ, કરે ઉદ્યમ થકાં એ. ૩૨

જ્ઞાન તણા ભંડાર, કીધા તેહવા પાર,
કોણ સંખ્યા કરે એ, સઘલે વિસ્તરે એ. ૩૩

પાલે જિનની આણ, દુઃસ્થિત મોજ મેરાણ,
પૂજ્ય પૂજે સદા એ, પિતર પ્રણમે મુદા એ. ૩૪

વાવે ધન શુભ ખેત, સજ્જનશું બહુ હેત,
રાખે સર્વદા એ, વિહડે નવિ કદા એ. ૩૫

કુવ્યાપાર નિષેધ, ટાલી પાપનો વેધ,
ચઉપર્વે કરે એ, ધ્યાન ભલું ધરે એ. ૩૬

જે કરે ધર્મનાં કામ, શ્રદ્ધા ગુણે અભિરામ,
જિન આણા થકી એ, ભક્તિની રુચિ છકી એ. ૩૭

ઇત્યાદિક આચાર, કરતા શુભ વ્યવહાર,
જિનશાસન લહી એ, જ્ઞાનવિમલ સૂરે કહી એ. ૩૮

## ॥ દોહા / સોરઠા ॥

સોરઠા–એમ કરતાં બહુ કાલ, જાતો પણ જાણ્યો નહીં;
ધર્મ અર્થ ઉજમાલ, કામ અર્થ ત્રય સાધતા. ૧

૧. ઋણ રહિત

ચંદ્રકલાની કૂખ, ચંદ્રસ્વપ્ન સૂચિત થયાં;
અંગજ ગત જસ દુઃખ, પૂર્ણચંદ્ર નામે કહ્યો. ૨

તસ જન્મોત્સવ તુંગ, કીધા દેશમાં અતિ ઘણા;
અવર રાણીને ચંગ, પુર અનેક સોહામણાં. ૩

શોભે નૃપ તે સાથ, શ્રીચંદ્ર ચંદ્ર પરે સદા;
પણ નિકલંકી આથ, માણે બહુ પરે સર્વદા. ૪

હવે નૃપતિ મહામલ્લ, પત્ની શશીકલા તણી;
પ્રેમકલા ઇતિ નામ, લાવણ્યરૂપ કલા ઘણી. ૫

બંધુ એકાંગ વરવીર, તેહને પરણાવે તિહાં;
અતિ ઉત્સવ નરધીર, મન મોજે માણે બહુ. ૬

એમ કરતાં સકુટુંબ, [1]વાસર જાયે સુખમાં;
કરે ધર્મ અવિલંબ, શ્રાવકનો અતિ હર્ષમાં. ૭

ધર્મ નરેસર રાજ્ય, દીપાવ્યું અતિ નિર્મલું;
રાજઋષિ પરે ઝૂઝ, ન્યાય રીતે પાલે ભલું. ૮

હવે તેણે સમયે ઉદ્યાન, મુનિને વૃંદે પરિવર્યા;
આવે સૂરી પ્રધાન, સુવૃત સૂરિ અલંકર્યા. ૯

જાણે ધર્મના પુંજ, મૂર્ત્તિમંત સોભાગિયા;
ઊતરીયા વનકુંજ, ચરણકરણ ગુણરાગિયા. ૧૦

તત્સ્વોપજ્ઞપ્રક્ષેપ

**॥ ઢાલ ॥**

(હું તુજ સાથે નહીં બોલું મહારા વાહલા રે—એ દેશી)

પંચ મહાવ્રત દશવિધ યતિધર્મ, સત્તર સંયમ ભેદ પાળેજી;
વૈય્યાવચ્ચ દશ નવવિધ બ્રહ્મહ, વાડી ભલી અજુવાલેજી. ૧

જ્ઞાનાદિ ત્રય બારે ભેદે, તપ કરે જે અનિદાનજી;
ક્રોધાદિક ચારેનો નિગ્રહ, એ ચરણસિત્તરી માનજી. ૨

ઇતિ ચરણસિત્તરી

ચઉવિધ પિંડ વસતિ વસ્ત્રપાત્ર, આહાર નિર્દૂષણ તે લેવેજી;
સુમતિ[2] પંચ વલી પડિમા બારહ, ભાવન બારહ સેવેજી. ૩

૧. દિવસ ૨. સમિતિ

પંચવીસ પડિલેહણા પણ ઇંદ્રિય, વિષય વિકારથી પારેજી;
ત્રણ ગુપ્તિ ને ચાર અભિગ્રહ, દ્રવ્યાદિક સંભારેજી. ૪

કરણસિત્તરી એહવી સેવે, ગુણ અનેક વળી ધારેજી;
સંયમી સાધુ તે તેહને કહિયે, બીજા સવિ નામ ધારેજી. ૫

એ ગુણ વિણુ પ્રવ્રજ્યા બોલી, આજીવિકાને [૧]તોલેજી;
તે ષટ્ કાય અસંયમી જાણો, ધર્મદાસ ગણિ બોલેજી. ૬

જ્ઞાનવિમલ ગુરુ આણ ધરીને, સંયમ શુભ આરાધોજી;
જેમ અનોપમ શિવ સુખ સાધો, જનમી સુજસ વાધોજી. ૭

ઇતિ ચરણકરણ સિત્તરી

સોરઠા–આવી ભાવે દીધ, વનપાલકે વધામણી;
પ્રભુ તુમ વંછિત સિદ્ધ, આવ્યા સૂરિ મહાગુણી. ૧૧

દીએ વધાઈ તાસ, મન ઇચ્છિત ધનભત્તિ ઘણી;
જન્મ લગે જાં સાસ, ભોગવતાં ખૂટે નહીં. ૧૨

પ્રતાપસિંહ નૃપ તામ, હરખ્યા ગુરુ [૨]આગમ સુણી;
જ્યું કેકી[૩] ઘનનામ, આવે તવ વંદન ભણી. ૧૩

સાંતઃપુર[૪] શ્રીચંદ્ર, મિત્રાદિક સાથે કરી;
શેઠ શેઠાણી ભદ્ર, આવે તે ઊલટ ધરી. ૧૪

નમી સામીશ્વર પાય, બેસે યથોચિત સ્થાનકે;
વિધિપૂર્વક નર રાય, [૫]પાયક પરે પદ સંચરી. ૧૫

## ॥ ઢાળ ત્રેવીશમી ॥

(હાથ કચોલી શરવટે નાડું, માથું ગુંથાવણ ચાલ્યાં રે મારી સહી રે સમાણી–એ દેશી)

ધર્મલાભ દીએ આચારિજ, માંડે દેશના મહોટી રે,
સુણો ભાવી રાજા;
થાઓ ધર્મે હવે તાજા રે. સુ૦
જે સંસારમાં સુખ કરી જાણે, તેહની મતિ તો ખોટી રે. સુ૦ ૧

એહ સંસારમાં ધર્મ સાર છે, ધર્મ તે જે [૬]નિરાશંસે રે. સુ૦
જે કરતાં શિવ સુખ પામીજે, નાસે કર્મના અંશ રે. સુ૦ ૨

૧ બરાબર ૨ આગમન ૩ મયૂર ૪ અંતઃપુર સહિત ૫ પાયદલ ૬. ઇચ્છારહિત

તેહ ધર્મ જિને દુવિધ પ્રકારે, ભાખ્યો ભવિહિતકાર રે. સુ૦
સર્વવિરતિ દેશવિરતિન નામે, અણગાર ને સાગાર રે. સુ૦ ૩

ત્રિવિધ કરણ યોગે પચ્ચક્ખાણે, પંચ મહાવ્રત જાણે રે. સુ૦
દશવિધ ખંતિ પ્રમુખજ ધર્મહ, પંચાચાર પ્રમાણે રે. સુ૦ ૪

પંચ સમિતિ ત્રણ ગુપ્તિ પરખો, સરખો ન એહથી બીજો રે. સુ૦
શીઘ્રમેવ શિવગતિને આપે, વીતરાગ ભાવે નિરખજો રે. સુ૦ ૫

આ સંસારમાંહે એ આવે, ઉત્કૃષ્ટો આઠ વારે રે. સુ૦
ગુણી સંયમની એ રીત જાણો, અગુણી અનંતી વારો રે. સુ૦ ૬

અવર ધર્મ શ્રાવકનો કહીએ, સમકિત ને દેશવિરતિ રે. સુ૦
વિરતિરુચિ પણ વિરતિ ન આવે, વિષય કષાયની સરતી રે. સુ૦ ૭

નિઃશંકાદિક નિરતિચારે, સમકિત ગુણને ધારે રે. સુ૦
જિનપૂજા બહુવિધ વિધસેંતી, કરતો નિજ ભવ સારે રે. સુ૦ ૮

પૂજાથી હોયે ચિત્ત સમાધિ, ચિત્ત પ્રસન્ને શુભ ધ્યાન રે. સુ૦
ધ્યાનથી હોયે મોક્ષ અનોપમ, મોક્ષે સુખ [1]અસમાન રે. સુ૦ ૯

यतः–पूयाण मणसंती, मणसंतीए सुहावहं झाणं
सुहझाणाओ मुक्खो, मुक्खे सुक्खं अवाबाहं १

ભાવાર્થ–પૂજાથી મનની શાંતિ થાય, મનની શાંતિથી શુભ ધ્યાન થાય, શુભ ધ્યાનથી મોક્ષ થાય કે જે મોક્ષમાં અવ્યાબાધ સુખ હોય છે.

તે પૂજા છે દુવિધ પ્રકારે, દ્રવ્ય ભાવ સુવિચારે રે. સુ૦
દ્રવ્ય તણા છે ભેદ અનેકહ, [2]પણ અડ સત્તર પ્રકારે રે. સુ૦૧૦

સાર સાર જે દ્રવ્ય જગતમાં, તે પૂજામાં લ્યાવે રે. સુ૦
તે દ્રવ્યપૂજા પૂરણ કરતો, અચ્યુત [3]કલ્પ લગે જાવે રે. સુ૦૧૧

અંગ અગ્રપૂજામાં તે સવે, ભાવપૂજામાં ભેલી રે. સુ૦
ઉત્કૃષ્ટી ભાવપૂજામાં સંયમ, સાધતાં હોય શિવવેલી રે. સુ૦૧૨

यतः–उक्कोसं दव्वपुए, आराहिय जाई अच्चुयं जाव।
भावच्छवेण पावई, अंतर मुहुत्तेण निव्वाणं॥

૧. અતુલ્ય ૨. પાંચ, આઠ અને સત્તર ભેદ છે. ૩. દેવલોક

અર્થ–ઉત્કૃષ્ટ દ્રવ્યપૂજાની આરાધના કરતાં અચ્યુત દેવલોક સુધી જીવ જાય છે, અને ભાવસ્તવથી અર્થાત્ ભાવપૂજાથી અંતર્મુહૂર્તમાં નિર્વાણ પ્રાપ્ત કરે છે.

જિન નમન ચિત્તન ને ધ્યાને, ફળના પાર ન લહીએ રે. સુ૦
તોહી પણ જનને સમજાવા, એ ગાથાથી કહીએ રે. સુ૦૧૩

मणसा होइ चउच्छं, छट्ठं फलं उट्ठियंमि संभवइ
गमणस्स य आरंभे, होइ फलं अट्ठमो वासो १

गमणे दसमं तु भवे, तह चेव दुवालसंमि किंचि गए
मग्गो पक्खोवासो, मासो वांस च दिट्ठेण २

संपत्ते जिणभवणे, पावई छम्मासीयं फलं जीवो
संवच्छरियं च फलं, दारपए संठियो लहई ३

पायाहिणेण पावइ, वरिससय फलं तओ जिणे महिए
पावइ वरिस सहस्सं, अणंतपुणं जिणे थुणिए ४

सयं पमज्जेण पुण्णं, सहस्सं च विलेवणे
सहस्सं अप्पिया माला, अणंत गीय वाइअं ५

એ ગાથા પ્રાકૃતબદ્ધ પૂર્વાચાર્યકૃત દશસહસ્ર પદ્મચરિત્રને વિષે છે.

તે ભણી જિનપૂજાથી લહીએ, તીર્થંકર પદ રૂડાં રે. સુ૦
સમકિત ને દેશવિરતિની શોભા, એ શ્રુતવચન ન કૂડાં રે. સુ૦૧૪

વલી દેશવિરતિ બાર વ્રત ધારી, તે શ્રાવકગુણ ભારી રે. સુ૦
શ્રાવકની કરણી શુદ્ધ કરતો, લહે શિવગતિની નારી રે. સુ૦૧૫

દ્રવ્યપૂજાથી વધતી જાણો, ભાવપૂજા સંવર રૂપા રે. સુ૦
તે તો સાધુધર્મને યોગ્યા, આગલ કરે અરૂપા રે. સુ૦૧૬

મણિમય જિનઘર સ્વર્ણની પ્રતિમા, કરાવે યદ્યપિ ભાવે રે. સુ૦
તે પણ તપ સંયમને તોલે, દ્રવ્યપૂજા તે નાવે રે. સુ૦૧૭

यतः–कंचण मणिसोवाणं, थंभ सहस्स सयं सुवण्ण तलं
जो कारिज्जई जिणहर, तओवि तव संजमो अहिओ १

અર્થ–કંચન અને ચંદ્રકાંતાદિક મણિઓના પગથિયાવાળું હજાર થાંભલાઓથી ઉચ્છ્રિત એટલે વિસ્તારવાળું અને સુવર્ણના તલવાળું

જિનમંદિર કોઈ કરાવે, તેના કરતાં તપ અને સંયમનું પાલન કરવાનું ફળ અધિક છે, અર્થાત્ ભાવપૂજા અધિક છે.

પિંડસ્થ પદસ્થ અને રૂપસ્થ, રૂપાતીત ચઉભેદ રે. સુ૦
જન્મરાજ્ય શ્રામણ્યાવસ્થા, એ પિંડસ્થના ભેદ રે. સુ૦૧૮

પદસ્થ તે કેવલજ્ઞાનાવસ્થા, રૂપસ્થ મરણ કે પ્રતિમા રે. સુ૦
રૂપાતીત તે સિદ્ધાવસ્થા, એ સવિ ધર્મધ્યાનનો મહિમા રે. સુ૦૧૯

તેહ ભણી જે દિલમાં આવે, તેહ ધર્મ ચિત્ત ધારો રે. સુ૦
જે ગ્રહિયે તે નિર્મલ ચિત્તે, ધરતાં ભવ નિસ્તારો રે. સુ૦૨૦

એમ શ્રી જ્ઞાનવિમલ ગુરુવાણી, સુણી હરખ્યા સવિ પ્રાણી રે. સુ૦
હવે ધર્મે હોયે ઉજમાલા, પ્રતાપસિંહ ભૂપાલા રે. સુ૦૨૧

**॥ દોહા ॥**

પ્રતાપસિંહ રાજા હવે, વ્રત લેવાની ખંત;
સૂર્યવતી આદિ થઈ, રાણી અવર સામંત. ૧

લક્ષ્મીદત્ત લક્ષ્મીવતી, મતિરાજાદિ પ્રધાન;
હિયડાં હેજે ઉમ્મહ્યાં, સંયમને સાવધાન. ૨

ઘર આવી ભાવી મને, એ સંસાર અસાર;
જીવિતનું ફળ એહ છે, જે લીજે સંયમ ભાર. ૩

અટ્ઠાઈ મહોત્સવ કરે, પૂજા વિવિધ પ્રકાર;
દીએ દાન અઢલકપણે, જિમ પુષ્કર જલધાર. ૪

શ્રી શ્રીચંદ્ર નરપતિ તણી, માગે અનુમતિ તેહ;
સહસ પુરુષશું વાહિયે, કરે શિબિકા નેહ. ૫

પ્રત્યેકે એણી પેરે કરે, ઉત્સવશું મંડાણ;
દીક્ષા લઈ ગુરુપદ કજે, શુભ દિન લગ્ન પ્રમાણ. ૬

ગુરુ પણ સંયમ તસ દીએ, વિનયી દક્ષ સુશિષ્ય;
ગ્રહણા ને આસેવના, શિક્ષા ધારે દક્ષ. ૭

કેઈ તિહાં સમકિત આદરે, દેશવિરતિ લે કેઈ;
એણી પરે શ્રીસૂરીશ્વરે, લાભ બહુલ તિહાં લેઈ. ૮

પત્ની સહિત શ્રીચંદ્ર નૃપ, લીએ સમકિત અનુકૂલ;
બાર વ્રત શ્રાવક તણાં, તે પણ શિવતરુ મૂલ. ૯

નિત્ય પ્રત્યે અભિગ્રહ લીએ, નિયમ તણા પરિમાણ;
તે કેતાઈક દાખવું, નામ થકી તસ ઠાણ. ૧૦

**॥ ઢાળ ચોવીશમી ॥**

(રાણીજી હો જાતિરો કારણ મારે કો નહીંજી/ વીર વખાણી રાણી ચેલણા—એ દેશી)

હવે સમકિતને આદરેજી, આઠ આચાર સમેત;
નિઃશંક નિઃકંખ પ્રમુખથીજી, ચાર આગાર ઉપેત. ૧

સાધુજી તરણ તારણ તુમોજી, અમ સરિખાને ઉદ્ધાર;
કાજે કરુણારસ પૂરિયાજી, પ્રભો તુમારો અવતાર. સા૦ ૨

દેવ અરિહંત નિર્દોષિયાજી, સુગુરુ રત્નત્રય ધાર;
ધર્મ તે તસ કહ્યો આદર્યોજી, એહ મુજ સમકિત સાર. સા૦ ૩

એહ મુજ યાવજ્જીવ હજોજી, તત્ત્વરૂપે ગ્રહ્યું એમ;
ભક્તિ તો ગુણિપદ વિણુ નહીંજી, ભવ ફળે તો નહીં નેમ. સા૦ ૪

હું કરું શ્રી જિન સેવનાજી, પૂજન કરું ત્રણ કાલ;
ઉભય ટંકે કરું નિયમનાજી, ગ્રહણ સંક્ષેપ ઉદાર. સા૦ ૫

તેમ ષટ્‌વિધ આવશ્યક કરુંજી, દુવિધ ત્રિવિધ પ્રકાર;
ત્રણસય સજ્ઝાય કાઉસ્સગ્ગનોજી, એક સહસ ગણું નોકાર. સા૦ ૬

લાખ [1]પ્રતાપ દિન દિન પ્રતેજી, સાત ક્ષેત્રે મલી થાય;
વાવરું નિત્યનું ધન સદાજી, ધર્મે ન કરું અન્યાય. સા૦ ૭

તંબોલ પાન ભોજન વલીજી, વાહણ શયન દુગની તિદ;
મૈથુન થૂંક ને જૂવટુંજી, દશ આશાતન નહીં નીતિ. સા૦ ૮

ચુલસી[2] આશાતન જે કહીજી, ટાળવા ખપ કરું તાસ;
સમકિત બોલ [3]સગસટ્ઠી છેજી, અંગે આણેવા ઉલ્લાસ. સા૦ ૯

चतुरशीत्याशातनानां प्राकृतकाव्यानि (शार्दूल०)

खेलं केलि सकलाकला कललयं तंबोल मुग्गालयं
गाली कंगुलिया सरीर धुवणं केसं नहे लोहियं
भत्तोसं तय वित्तवंत दमणं विस्सामणं दामणं
अग्गिसेवण रंधणं परिक्खणं निस्सिहिया जंभणं

ઇત્યાદિ શ્રાદ્ધવિધિથી જાણવું.

---

૧. રાજાનો કોષ, ઉપલક્ષણથી ધન ૨. ચોર્યાસી ૩. સમકિતના ૬૭ બોલ

હવે સમકિતના સડસઠ બોલની ગાથા લખે છે–

यतः–चउसद्दहणा तिलिंगं, दसविणय तिसुद्धि पंचगयदोसं
अट्ठपभावण भूसण, लक्खणपंचविहसंजुत्तं १
छव्विहजयणागारं, छभावणभावियं च छट्ठाणं
इय सत्तसट्ठी लक्खण, भेय विसुद्धं च सम्मत्तं २

અવર પાખંડી ને લિંગીયાજી, જે લૌકિક કહે દેવ;
તેહની સેવના નવિ કરુંજી, દાન દેવા તણી ટેવ. સા૦૧૦

એણી પેરે સમકિત હું સદાજી, પાળવા ખપ કરું સ્વામ;
અવિધિ આશાતના ટાળવાજી, વધતો કરું પરિણામ. સા૦૧૧

यतः–अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो
जिणपन्नत्तं तत्तं, इय सम्मत्तं मए गहियं

અર્થ–યાવજ્જીવ સુધી અરિહંત મારા દેવ છે, સુસાધુઓ મારા ગુરુ છે, વીતરાગદેવ પ્રણીત તત્ત્વ મને માન્ય છે–એ પ્રમાણે સમકિતને મેં ગ્રહણ કર્યું છે.

વળી દેવ જ્ઞાન ગુરુ દ્રવ્યનોજી, જ્યાં થયો હોય પરિભોગ;
તાસ સંગતિ નવિ આદરુંજી, નવિ તસ અર્થનો યોગ. સા૦૧૨

પ્રથમ અણુવ્રત હવે આદરેજી, સ્થૂલ પ્રાણાતિપાત;
વિરમણ જે ત્રસ જીવનુંજી, નિરપરાધ નવિ કરું ઘાત,
રાજનીતે તથા પાત. સા૦૧૩

સ્થૂલમૃષાવાદ વિરમણ ધરુંજી, જિનમત જેમ ન હેલાય;
તેણી પરે બોલવા ખપ કરુંજી, સામ દામ ભેદ દંડ થાય;
રાજનીતિના ચાર ઉપાય, તિહાં પણ જૂઠ બોલાય. સા૦૧૪

ચઉ અદત્તમાંહે એકનુંજી, સ્થૂલ વિરમણ કરું સ્વામ;
તે પણ નિરપરાધી તણુંજી, જેહથી સમકિત ન હોયે વામ. સા૦૧૫

ચોથે સ્વદારસંતોષનોજી, પરિણીત સ્ત્રીપરિમાણ;
અવરનું શીલ કાયા થકીજી, જાવજીવ એમ મંડાણ,
પર્વદિને તાસ પચ્ચક્ખાણ. સા૦૧૬

પંચમે વ્રત પરિગ્રહ તણું જી, નવવિધનો રે વિશેષ;
ત્રણ ખંડ મંડણ જે થયોજી, નિયમ જે અપર અશેષ. સા૦૧૭

દિશિવિરમણ અધ એક ગાઉનુંજી, ઊર્ધ્વ વૈતાઢ્ય પર્યંત;
તિર્છું ત્રણ ખંડની ભૂમિકાજી, તીર્થયાત્રાદિ અધિકાંત. સા૦૧૮
ભોગ ઉવભોગમાંહે સદાજી, તેહનું એમ પરિમાણ;
અભક્ષ્ય અનંતકાય સર્વનુંજી, જાવજીવ પચ્ચક્ખાણ. સા૦૧૯

तद्यथा—सव्वाओ कंद जाई, सूरणकंदो य वज्जकंदो य
अद्दहलिद्दाय तहा, अद्दं तह अल्ल कच्चूरो १
सत्तावरी विराली, कुआरी तह थोहरी गीलोई य
विरुहिलंसणं वंस करिल्ला, गज्जर तह लूयणं लोढी २
गिरिकण्णि किसल पत्ता, खीरसूय थेग अल्लमुच्छाय
तह लोण रुक्खछल्ली, खिल्लहडा अमयवल्लीय ३
महु मज्ज मंस नवणीय, पंचुंबरी रयणीभुज्ज संधाणं
विस हिम करग्ग मट्टी, कच्च गोरस विदल्लणंताइं ४
तुच्छफलं चलियरसं, अणंत फल फुल्ल तुच्छ बहुबीए
इअ बावीस अभक्खे, वज्ज वज्जियस्स पत्त फले ५
पंपोट बिल पिकाइम, रिंगण य फणस गुंदाइ
खसखस पिल्लू सेलर, गंगेटय पक्क गोल्होय ६
रायण मउर कुठिंबड, जांबु टिंबरु अपक्क करमद्दे
वाल्होली महुय धामणी, गुरु बोरे कच्चलूण तिले ७
नविलेमि उड्ड धारे, जल गलिये मखण्यं फलं च चमुहे
कुदिणुदय हिय फागुण, उड्डंभ खेमि नेव तिले ८
अपरिमिय मन्नायं, नहु भुंजे काल वेल एकइआ
गममाणो नहु भक्खे, देवगुरु दिट्ठि गयने च ९
अंगाल वणह साडिय, भाड्य फोडेइ कम्मजीवणयं
तह दंत लक्ख रस विस, केसह सावज्ज वणिज्जं १०
कम्मं च जंतपिल्लण, निल्लंछण सर दहाइ सोसणयं
दवदाणमसइपोसं, पणरस एयाइ वज्जेमि ११

इत्थं पूर्वकथितमस्ति

એમ ગાથા પ્રમાણે ધર્યાંજી, ભોગ ઉપભોગ વ્રત જેહ;
વસ્ત્ર આભરણ પરિમાણનુંજી, પ્રતિદિને જે જિહાં તેહ. સા૦૨૦

આઠમે અનર્થ ચિહું વિધેજી, પ્રથમ વ્રતનો એ ભંગ;
તેણિ પરે ચઉવિધ વર્જનાજી, ગુણ કરે પંચથૂલ સંગ. સા૦૨૧

આર્ત્ત રૌદ્ર અપધ્યાન બિહુજી, પાપોપદેશનું દાન;
વળી પ્રમાદે જિકે આચરણજી, તેમ વળી હિંસ્રપ્રદાન,
અધિકરણ હોયે નિદાન. સા૦૨૨

શસ્ત્ર મુશલ અગ્નિયંત્રનુંજી, ઔષધ મંત્ર મૂલ તંત્ર;
ભૈષજ્ય કાષ્ઠ તૃણ જુવટુંજી, જીવનાં યુદ્ધનર તંત્ર. સા૦૨૩

કાષ્ઠભક્ષણ ચોર ને સતીજી, જોયવું તાસ નિષેધ;
જેહથી કામના ગુણ વધેજી, તેહ મેલણ પ્રતિષેધ. સા૦૨૪

સર્વથી એહ ભારી અછેજી, એહ ટલ્યે મોહની જાય;
દુષ્કર એહને ટાલતાંજી, જે અનાભોગમાં જાય. સા૦૨૫

નિત્યે ટાળું એહવી ભાવનાજી, પણ તે દોહલું સચવાય;
તે ભણી પૂજનાવશ્યકેજી, પડિક્કમણે પોસહ ઠાય. સા૦૨૬

ધર્મના કાર્યમાંહે મનેજી, નાણવો અનરથ દંડ;
નવમ સામાયિકને કરુંજી, [1]અહોરતિ ચાર અખંડ. સા૦૨૭

દશમે દેશાવગાશિક વ્રતેજી, વ્રત છઠાને પરિમાણ;
પણ વર્ષાઋતુને રયણીએજી, ગમન કેરું પચ્ચક્ખાણ. સા૦૨૮

ચઉદશ નિયમ નિત્ય સાચવેજી, સચિત ઇગસાગ બે જાણી;
વિગય તિન ફુલ ફલ ચારનાંજી, શયણ આસણ અડ જાણી. સા૦૨૯

દ્રવ્ય દસ દિવસમાં [2]મોકલાંજી, રાત્રિનો હોય ચોવિહાર;
કારણે દ્રવ્ય તિગ અચિત્તનાંજી, લેવા તે અણાહાર. સા૦૩૦

પોષધવ્રત ચઉ પર્વનાજી, નવિ કરું પાપવ્યાપાર;
નિત્ય સંવિભાગ વ્રત આદરુંજી, શ્રાદ્ધ જે અણુવ્રત ધાર;
અતિથિ તે વર અણગાર. સા૦૩૧

ન્યાયગ કલ્પનીય જે હુયેજી, તેમ શ્રદ્ધાએ સત્કાર;
ચઉવિધ એણી પેરે સાચવુંજી, બારમું વ્રત સદચાર. સા૦૩૨

---

૧. અહોરાત્રી ૨. છૂટ

એણી પેરે બાર વ્રત શક્તિશુંજી, આદરું તાસ અતિચાર;
હોયે પંચોત્તરિ સમકિત તણાજી, પાંચ છે જે અતિચાર. સા૦ ૩૩

પંચ વલી ધર્મ સંલેષનાજી, સર્વ ઠામે હોયે તેહ;
એમ પંચાશી અતિચાર છેજી, જાણવા પણ ન આચરેહ. સા૦ ૩૪

જ્ઞાન દર્શન ચારિત્ર તપ તણાજી, આઠ આઠ ને બાર;
તેમ વીર્ય આચારનાજી, શત એક ચોવીશ સાર. સા૦ ૩૫

એહ અતિચારની વર્જનાજી, ખપ કરું પાલું આચાર;
એમ દુગ તિગ કરણ યોગથીજી, એહવાં વ્રત હજો બાર. સા૦ ૩૬

**હવે છ છીંડી કહે છે–**

રાય ગુરુ ગણ બલ સુર તણાજી, અભિયોગ ને રે નિયોગ;
વૃત્તિ કાંતાર આજીવિકાજી, એ ષટ્ છંડીના યોગ. સા૦ ૩૭

શેષ આરંભ સઘલે વળીજી, ત્રસ અને થાવર જીવ;
શક્તિથી તસ યતના કરુંજી, પ્રતિદિન સહિજે લહી જીવ. સા૦ ૩૮

અરિહંત સિદ્ધ મુનિ આપિનીજી, દેવ સમકિત ગુરુ સાખ;
ચાર આગારના યત્નથી જી, ઉચ્ચરે ગુરુમુખે ભાખ;
જ્ઞાનવિમલ સૂરિ સાખ. સા૦ ૩૯

**॥ દોહા ॥**

સુવ્રતાચારજ ગુરુ કને, શ્રી શ્રીચંદ્ર ભૂપાલ;
બાર વ્રત એમ પડિવજે, મેલી અવર જંજાલ. ૧

**હવે સમ્યક્ત્વરૂપ કલ્પતરુને વખાણે છે–**

સમકિત મૂલ શીલ પલ્લવા, ગુણવ્રત જિહાં[૧] કેદાર;
વ્રત સમુદાય શાખા બહુલ, એ ગૃહીધર્મ[૨] સુરસાલ. ૨

ફળીયો તે મુજ બહુ પરે, અનુભવ રસ ઉક્કિટ્ઠ;
શાશ્વત સુખ તે મોક્ષફળ, ફલિત હુએ એ જિટ્ઠ. ૩

यतः–सम्मत्तमूलो गुणआलवालो, सिलप्पवालो वयसंघसालो
गिहच्छधम्मो वरकप्परुक्खो, फलेउ मे सासय मुक्खसुक्खो १

એમ ગૃહી ધર્મને આદરી, પ્રણમી શ્રીગુરુ પાય;
પ્રતાપસિંહ રાજા પ્રમુખ, નવદીક્ષિત સમુદાય. ૪

---

૧. ક્યારી ૨. કલ્પવૃક્ષ

સાધુ સકલ વલી સૂર્યવતી, પ્રમુખ સાધવી જેહ;
પ્રત્યેકે મુનિ થુતિ કરી, ઝરે આંસુ ઘણ નેહ. ૫

ચિત્તે ગુણ સંભારતો, ઘર પહોતો શ્રીચંદ્ર રાય;
ચંદ્રકલા રાણી પ્રમુખ, નાગર જન સમુદાય. ૬

સંભારે જે ગુણ ઘણા, પ્રજાપાલાદિક જેહ;
વળી તે મુનિગણ પરિવર્યા, દેખી વધ્યો સનેહ. ૭

લેઈ શ્રીચંદ્ર નૃપ અનુમતિ, ગુરુ પણ કરે વિહાર;
સાધુ સાધવી પરિવર્યો, ઉપકૃત જિમ દિનકાર. ૮

ભૂતલને પાવન કરે, વર્ષી દેશના ધાર;
વિવિધ સસ્ય નિપજાવતાં, બોધબીજ દાતાર. ૯

નવદીક્ષિત અણગારને, શિક્ષા અનેક પ્રકાર;
સારણ વારણ ચોયણા, પડિચોયણા પ્રકાર. ૧૦

કેઈક પૂરવ શ્રુત ભણે, કેઈક અંગ અગ્યાર;
સાંગોપાંગે અભ્યાસે, વિનય તણા ભંડાર. ૧૧

સુમતિ ગુપ્તિ નિત્ય સાચવે, ચરણ કરણ ગુણધામ;
વિષય કષાય નિવારતા, સાધે સંયમ કામ. ૧૨

માત પિતા ધન્ય તેહનાં, ધન્ય તેહના અવતાર;
દ્રવ્ય ભાવ સંયમ તણા, ગુણ સાધે નિર્ધાર. ૧૩

છઠ અટ્ઠમ તપ આદરે, કેઈ કરે ઉગ્ર વિહાર;
આતાપનાદિકને સહી, કેઈ વહે પ્રતિમા ચાર. ૧૪

કેઈક અભિગ્રહ અતિ કરે, કેઈ તપ બાર પ્રકાર;
ગુણપદવીને પદે ચઢ્યા, એણી પરે તે અણગાર. ૧૫

## ॥ ઢાળ પચ્ચીશમી ॥

(વીર સુણો મોરી વિનતિ—એ દેશી)

ઉપગારી અણગારજી, નહીં જેહને હો મદ મોહ વિકાર;
શમ દમવંતા સાધુજી, ક્રોધ માન ને હો નહીં લોભ પ્રચાર.
ઉપગારી અણગારજી, જસ દર્શને હો હોયે કોડિ કલ્યાણ,
નામે નવનિધિ સંપજે, ગયાં જેહનાં હો દુરિત અહિઠાણ. ઉ૦ ૧

ગુરુ કહે શિષ્યને હિતકરી, તુમો યતના હો કરજો નિરધાર;
જયણા ધર્મની માવડી, વળી જયણા હો ધર્મ પાલણહાર. ઉ૦ ૨

તપ જપની વૃદ્ધિ નીપજે, જયણાથી હો હોયે મોક્ષ તુરત;
જયણા તે જીવ તણી દયા, હોયે દર્શન હો વળી જ્ઞાન સંયુત. ઉ૦ ૩

દર્શન જ્ઞાન ચારિત્રનો, જિહાં એકઠો હો હોયે સંયોગ;
જ્ઞાન ક્રિયા શિવ સાધને, એહ મહોટો હો જયણાનો લોગ. ઉ૦ ૪

તપ જપ કરે બહુ આકરા, પણ જયણા હો ન હોયે ઘટમાંય;
તો તિલ તૂસ પરે તે હોયે, સુસઢ પરે હો જેમ ચારિત્રની છાંય. ઉ૦ ૫

એમ નિસુણી ચેટક નૃપ કહે, પ્રભુ કોણ થયો હો જેહનું સુસઢ નામ;
કૃપા કરી તે દાખવો, પ્રસ્તુતનું હો પછે કહેજો નામ. ઉ૦ ૬

કહે ગૌતમ ગણિ હિતકરી, કથા તેહની હો સુણો ચેટક રાય;
શ્રેણિક આગળ જેમ કહી, શ્રીવીરે હો જે દેશનામાંય. ઉ૦ ૭

મૂકી વિકથા વાતડી, પર તાંતડી હો છંડો હિત જાણી;
નિદ્રા આળસ પરિહરી, કાન દેઈને હો સુણજો રે સુજાણ. ઉ૦ ૮

गाहा—सुट्ठु पि तवं कुणतो, जयण विहुणो न पावए सिद्धिं
सुसढ्व लहई दुःखं, किपुण जीवो तवविहुणो १

તપ કરતો પણ તે લહ્યો, વિણ યતના હો ભવ કેરું દુક્ખ;
તપ કરે ને યતના નહીં, શું કહેવું હો તે કિમ લહે સુખ;
વળી તેહને હો દોહ્યલો હોયે મુક્ખ. ઉ૦ ૯

### ॥ અથ સુસઢ કથા પ્રારંભઃ ॥

દોહા—સિદ્ધારથ ગુણ જેહને, સિદ્ધારથ નૃપ [૧]જાત;
શાસન નાયક વીરને, નમી કહું સુસઢ અવદાત.

### ॥ ઢાલ પૂર્વની ॥

રાજગ્રહી ચૈત્ય ગુણશીલ, સમોસર્યા હો શ્રી જિન વર્દ્ધમાન;
ચઉદ સહસ અણગારશું, પ્રાતિહારની હો સંપદ્ અભિરામ. ઉ૦૧૦

પર્ષદમાંહે પ્રરૂપતા, યતિ હેતે હો યતનાનો ધર્મ;
યતના ધર્મની [૨]માય છે, યતના થકી હો લહીએ [૩]શિવશર્મ. ઉ૦૧૧

૧. પુત્ર ૨. માતા ૩. મોક્ષસુખ

ચાલવું બેસવું સૂયવું, વળી [1]ભૂંજવું હો ભાખવું સવિ કામ;
યતના પદશું સાચવે, તો સાધે હો મુનિ સંયમ ધામ. ઉ૦૧૨

છિદ્ર અંજલિમાંહે જિમ ગલે, જલ તિમ ગલે હો કૃત પ્રૌઢા પાપ;
આપ ગુણી નિર્મલ હોયે, વળી તેહની હો જગ મહોટી છાપ. ઉ૦૧૩

યતના રહિત સંસારમાં, ફરે બહુ પરે હો દુઃખીઓ નિરધાર;
સુસઢ્ઢ પરે બહુ તપ તપે, પણ નવિ લહે હો તે ભવનો પાર. ઉ૦૧૪

હવે ગૌતમ કેવા છે તે કહે છે–

ભદ્રક ગુણ વચ રાગીઓ, વળી જાણ્યા હો સવિ વિનયના ભેદ;
સંપૂર્ણ શ્રુત જ્ઞાનના નિધિ, ગણિ ગૌતમ હો છે નામ અખેદ. ઉ૦૧૫

અર્થ લહે સઘળા સ્વયે, પણ સાંભળે હો ધરી વિસ્મય ચિત્ત;
અંજલિ જોડી વિનયશું, જિનવયણે હો હરખે કરી નિત્ય. ઉ૦૧૬

જેમ રાજાનાં વયણડાં, પ્રજા શિર ધરે હો આણી બહુ માન;
તેમ ગુરુ ભાખિત સાંભળે, વળી પડિવજે હો જે વિનયી સુજાણ. ઉ૦૧૭

તે ગૌતમ પ્રણમી કહે, પ્રભુ દાખીએ હો તે સુસઢ્ઢ સંબંધ;
કિહાં થયો કેમ તે દુઃખ લહ્યો, યતના વિના હો લહ્યો ભવ અનુબંધ. ઉ૦૧૮

તવ કહે સ્વામી કૃપા કરી, સવિ શ્રમણને હો ઉદ્દેશી તામ;
સજલ જલદ અનુકારિણી, ચિત્તઠારિણી હો દેશના અભિરામ. ઉ૦૧૯

ભરતે અવંતી દેશમાં, એક [2]ખેડ છે હો સંબુક ઇતિ નામ;
વિપ્ર એક તિહાં કણે વસે, સુજ્જસિવ અછે હો તેહનું [3]અભિધાન. ઉ૦૨૦

જન્મદારિદ્રી દોભાગિયો, નિઃકૃપ અને હો નહીં કરુણાગાત્ર;
યજ્ઞયશા તસ [4]ભારજા, તેહને થયો હો એક દિન સાક્ષાત. ઉ૦૨૧

ગર્ભ થયો તે દુઃખ કરે, બેટી જણી હો સુજ્જસિરી તસ નામ;
જનમ [5]ખેવ માતા મૂઈ, જુવો કર્મનાં હો એ વિષમા કામ. ઉ૦૨૨

કર્મથી સુખ દુઃખ સંપજે, વળી કર્મથી હો સોભાગ દોભાગ;
કઠિણ કર્મથી અતિ ઘણા, આવી મલે હો સવિ કર્મવિપાક. ઉ૦૨૩

કહે ગૌતમ સ્વામી શું કર્યું, ઇણ [6]દારિકા હો કિશ્યું કર્મ દુઃકર્મ;
જાતમાત્ર જનની મૂઈ, પ્રભુ દાખીએ હો તેહવાં કૃત કર્મ. ઉ૦૨૪

---

૧. ખાવું ૨. ગામ ૩. નામ ૪. ભાર્યા ૫. ક્ષણે ૬. પુત્રી

જ્ઞાનવિમલ મતિ વીરજી, કહે તેહનો હો પૂરવ વૃત્તાંત;
ખંત ધરીને સાંભળે, ગણિવરમુણિ હો ઇંદ્રભૂતિ મહંત. ઉ૦૨૫

### ॥ દોહા ॥

ઇહ ભરતે વરતે તિહાં, ધરણીપ્રતિષ્ઠિત નયર;
અરિમર્દન રાજા તિહાં, દૂરે [૧]ઈતિ ને વયર. ૧

સુજ્જસિરીનો જીવ તે, પાછલે ભવે નૃપ નાર;
વરકંતા નામે ભલી, રૂપ કલા ગુણ સાર. ૨

એક દિન તેણીએ ચિંતવ્યું, પાપ મને કરી એમ;
શોક્ય તણો સુત જો મરે, તો મુજ થાયે ખેમ. ૩

મુજ સુતને તો સયલ એ, રાજ્ય હોયે નિઃશંક;
જો વલી શોક્ય મરે કદા, તો ભોગ સકલ મુજ સંગ. ૪

એમ દુર્ધ્યાનથી બાંધિયું, અશુભ કર્મ તેણે નાર;
[૨]ભૂરિ ભવે દુઃખ અનુભવી, તિખ્ખ દુઃખની મારી. ૫

સુજ્જસિરી એ તે થઈ, ગોયમ કર્મવશેણ;
ચિંતિત માત્રતણે ફલે, મૂઈ માતા ઇહ તેણ. ૬

જો ચિંતિતથી એમ થયું, તો શું કૃતનું પાપ;
જેહ વિપાકને અનુસરે, કડુઆ તાસ વિપાક. ૭

### ॥ ઢાલ છવ્વીશમી ॥

(બાવા કિસનપુરી, તુજ વિણ મઢીયાં ઉજર પરી—એ દેશી)

હે ગૌતમ! એ જીવ અશેષ, દુઃખીઓ સુખીઓ હોયે કર્મવિશેષ;
જોજો કર્મદશા; કર્મ કરે છે કામ કિશાં. જો૦
લઘુશું[૩] દીસે બંધન કાલ, તાસ વિપાક હોયે [૪]અસરાલ. જો૦ ૧

જેમ રણ શ્વાન મિથુન ને ખાજ, પ્રેમવ્યસન એ અંતે અણાવે વાજ; જો૦
હિંસાલિક[૫] અદત્ત અબંભ, પરિગ્રહ મેલા કરી કરી દંભ. જો૦ ૨

મધુ મદ્ય માંસ સુરા પરદાર, રયણીભોજન પ્રમુખ અનાચાર; જો૦
ઇત્યાદિક બહુ આસ્રવ ધાર, સર્વ તો લહે [૬]નરકપ્રચાર. જો૦ ૩

---

૧. પાંચ પ્રકારની ઈતિ (ભય) ૨. ઘણાં ૩. લઘુ જેવું ૪. અસરલ=કઠણ ૫. હિંસા અને અલીક (જૂઠ) ૬. નરક-ગમન

જે દુઃખ સહે તે કહ્યાં નવિ જાય, થોડાથી તે અતિ બહુ થાય; જો૦
હવે તે સુજ્જસિવો ભૂદેવ, જિવાવે તે [1]ધૂયા સ્વયમેવ. જો૦ ૪

ચાટુ વચ બોલીને ત્યાંહિ, બહુ નારીનાં [2]થણ લેઈ પાય; જો૦
અતિ કષ્ટે કરી સા જિવાય, વધતાં દિન દિન દુભગા થાય. જો૦ ૫

આઠ વરસની થઈ સા બાલ, તેહવે પડ્યો બાર વરષી દુઃકાલ; જો૦
તે દારુણ રણથી અધિકાય, જનનું માન મહત્વ સવિ જાય. જો૦ ૬

જાય સયણના સર્વ સનેહ, લાજ મર્યાદા જસ કીર્ત્તિની રેહ; જો૦
ધર્માધર્મનો નહિ હોય વિવેક, [3]જેવારે વાધે ભૂખનો અતિરેક. જો૦ ૭

ભક્ષાભક્ષનો નહીંય વિચાર, છંડે માત પિતા પરિવાર; જો૦
જાતિ ભાતિનો નહીં વ્યવહાર, માતંગઘરે પણ કરે આહાર. જો૦ ૮

એવો કરાલ દેખીને દુઃકાલ, સુજ્જસિવો દ્વિજ ચિંતે તેણે કાલ; જો૦
ક્ષુધા મહાગ્રહ ભંગુર દેહ, ત્રંબક માત્ર ધન નથી મુજ ગેહ. જો૦ ૯

કાંઈ નથી જે તે વેચીને આપ, અન્ન રત્ન લઈ કરું પ્રાણ [4]થાપ; જો૦
તો પરદેશે જઈ પરઘર કાજ, કરીને જઠર ભરું શી તસ લાજ. જો૦૧૦

પરદેશે જાવાને થયો ઉજમાલ, પણ [5]સંબલ વિણુ શ્યારે હવાલ; જો૦
પીડે બહુ ક્ષુધા રાક્ષસી અભિભૂત, એમ ચિંતે થઈ ભૈરવ ભૂત. જો૦૧૧

મારી એહ સુતાને હેવ, ખાઉં આમિષશું પ્રાણ ધરેવ; જો૦
વળી ચિંતે મન યુક્ત ન એહ, વેચું નગરમાં કેણહિક ગેહ. જો૦૧૨

ધિક્ ધિક્ મુજને નિષ્ઠુર આપ, હા હા મેં ચિંતવ્યું મહાપાપ; જો૦
જે ચિંતિત દુષ્ટપણે મન ચંડ, તે દાવાનલથી અતિહિ પ્રચંડ. જો૦૧૩

એમ ચિંતી કોઈ ઈશ્વર ગેહ, મૂલ્યે વેચી લીએ [6]કણ તેહ; જો૦
ગોવિંદ દ્વિજ શ્રાવક ઋદ્ધિવંત, આઢક કંગુને મૂલ્ય કરી તંત. જો૦૧૪

હવે સુજ્જસિવ બંભણ નામ, જ્ઞાતિ ધિક્કારથી ન રહ્યો ગામ; જો૦
નરવિક્રયી સઘળે અપમાન, પામે એહવું અછે નિદાન. જો૦૧૫

જ્ઞાનવિમલ ગુરુ ગુણમતિવંત, તેહવાં કામ ન કરે દુરંત; જો૦
તે ભણી દુઃખનું કરણ દુષ્કાલ, જેમ તેમ જાય તો ચૂકે જંજાલ. જો૦૧૬

૧. પુત્રી ૨. સ્તનપાન ૩. જ્યારે ૪. સ્થાપના, રાખવું ૫. ભાથું ૬. અન્ન

**॥ દોહા ॥**

હવે તે દ્વિજ ભમતો હુતો, દુર્ભવના લંકાર;
પામ્યો તિહાં પણ લોકનાં, વેચે લેઈ લેઈ બાલ. ૧
એમ કરતાં તેણે જોડિયું, દ્રવ્ય બહુલ કરી પાપ;
લોભીને લજ્જા ન હુયે, ન ગણે માય ને બાપ. ૨
સર્વ કરી ધન એકઠું, લીધાં તેણે [1]પણ રત્ન;
એમ કરતાં તે દેશમાં, સાધી ઘણું પ્રયત્ન. ૩
દુષ્ટકાલનાં વરસ તેણે, કાઢ્યાં વર્ષ જ આઠ;
લોકો પણ જેમ તેમ કરી, ખાતાં ખડઘન કાઠ. ૪
હવે તે ગોવિંદ વિપ્રને, લક્ષ્મીનો ક્ષય થાય;
જેમ આઉખું જીવને, અંજલિ જલ પરે જાય. ૫
વળી વિશેષે ચિંતિયો, ધાન્ય તણો સંભાર;
અન્ન સમું કોઈ રયણ નહીં, જોતાં આ સંસાર. ૬

યતઃ–अन्नदः प्राणदश्चैव, स्थानदो भयरक्षकः
ज्ञानदो जनकश्चैव, सप्तैते पितरः स्मृताः १

**ભાવાર્થઃ–**અન્ન દેનાર, પ્રાણ દેનાર તથા સ્થાન દેનાર, ભય થકી રક્ષા કરનાર, જ્ઞાન દેનાર, જનક એટલે માતા અને પિતા–એ સાત પિતા જાણવા. ૧

તેણે તિહાં ઇમ ચિંતવ્યું, જે ન લહીએ દુષ્કાલનો પાર;
કેણિ પરે એહમાં કરી શકું, કુટુંબ તણો ઉદ્ધાર. ૭

**॥ ઢાળ સત્તાવીશમી ॥**

(ઘરે આવ્યો હો મનમોહન ઢોલા– એ દેશી)

એમ ચિંતવતો હૃદયમાં, હવે કેમ કરી નાખીશ કાલ; સાજન;
એહવે આવી ગોવાલણી, કાંઈ મઈ વેચણને કાજ. સાજન;
તેણે કાલે હો મનડું એમ વાલે, હોયે તેહ જ હો લખીયું જે ભાલે,
આપ બુદ્ધે કહ્યું ન જાય. તેણે૦૧
ગોકુલપતિની ભારજા, આહિરી ગોકુલી નામ; સા૦
મઈની માટલી તે લીએ, દેઈ તંદુલ મૂલ્ય અનામ. સા૦તે૦ ૨

૧. પાંચ

[૧]આઢક તંદુલ દેઈ ગ્રહે, તે ગોલી [૨]મઈની ચાર; સા૦
તતક્ષણ આપી કુટુંબને, જમવાને તેણી વાર. સા૦તે૦ ૩

અથ જાવા ઉત્સુક થઈ, ગોવિંદપ્રિયા પ્રતે તેહ; સા૦
આહેરી એણી પેરે કહે, હું તુરત જાઉં નિજ ગેહ. સા૦તે૦ ૪

તંદુલને દેવરાવીએ, સુણીને કહે તેણી વાર; સા૦
સુજ્જસિરીને એમ ભણે, જા જઈ તંદુલ દેવાર. સા૦તે૦ ૫

ગત દિવસે જે રાજાએ, દ્વિજને દીધું જે વર ધાન્ય; સા૦
એમ સુણી સુજ્જસિરી ગઈ, ઘર સઘળે જોઈ સાવધાન. સા૦તે૦ ૬

કિહાંયે ધાન્ય દીઠું નહીં, આવી ફરી કહે તેહ જામ; સા૦
સુણી સંભ્રાંત થઈ [૩]માહણી, પેસે ઘર લેવા કામ. સા૦તે૦ ૭

જેહવે ગેહમાં જઈ જુવે, દેખે તિહાં અતિ વિપરીત; સા૦
જ્યેષ્ઠ પુત્ર વેશ્યા સાથે, ભોગવતો એમ અનીતિ. સા૦તે૦ ૮

રોષારુણ નયણાં કરી, ભણે સુત જનનીને દેખી; સા૦
જા જા રે ઇહાંથી ફરી, નહીં તો મારીશ તુજ સંપેખી. સા૦તે૦ ૯

એમ અનિષ્ટ વયણાં સુણી, મન માહણી લહે વિખવાદ; સા૦
મૂર્ચ્છિત ધ્રસક ધરણી ઢળી, જેમ કાષ્ઠ નિશ્ચેષ્ટ પ્રમાદ. સા૦તે૦૧૦

તે નિસુણી ગોવિંદ ધણી, સિંચે ચંદન શીતલ નીર; સા૦
મૂર્ચ્છાકારણ પૂછિયું, સા પભણે પ્રતિવચ ભીર. સા૦તે૦૧૧

સ્વામી! હું તંદુલ હેતે, વાલ્હા ગઈ ઘરે પુત્ર અકજ્જ; સા૦
દેખી તસ ખર વચ સુણી, લહી મૂર્ચ્છા મેં અજ્જ. સા૦તે૦૧૨

સુહભાવે જાતિસ્મરણ લહ્યું, મેં શુભ ભાવે કરી જત્ત; સા૦
સંખ્યાતા ભવ પાછલા, જેણે સંજ્ઞીનાં લહે તત્ત. સા૦તે૦૧૩

તેણથી પ્રેમ સવે ગયો માહરો, સજ્જન બંધુ ધન ભાવ; સા૦
સ્વારથીઆ સહુએ અછે, એ તો પુદ્ગલ સવિ પરભાવ. સા૦તે૦૧૪

જેહને [૪]છંદે ચાલીએ, તો તસ રાખે પ્રીતિ; સા૦
ન સરે સ્વારથીયા કરી, વાલ્હા સ્વામી ધરે અપ્રીતિ. સા૦તે૦૧૫

જે પરથી નિજ નવિ હોયે, જો કીજે ઘણો પ્રતિબંધ; સા૦
જ્ઞાનવિમલ મતિ જેહની, વાલ્હા તે જાણે સવિ ધંધ. સા૦તે૦૧૬

૧. એક માપ ૨. મહીની, દહીંની ૩. માહની=બ્રાહ્મણી ૪. ઇચ્છા પ્રમાણે

## ॥ દોહા ॥

પ્રત્યક્ષે એ દેખીએ, કીધા અનેક ઉપાય;
કૂડ કપટ પરવંચના, તપ દાનાદિક છાય. ૧

[1]ઉયર ધર્યો નવ માસ ત્યાં, જન્મે કષ્ટ સંતાપ;
ધનક્ષય કીધો બહુ પરે, ઉત્સવ તણો પ્રતાપ. ૨

મૂત્ર પુરીષ પરાભવા, સહ્યા અનેક પ્રકાર;
મિષ્ટાહારે પોષિયો, સ્નાનાભ્યંગન સાર. ૩

નેહે ઘેલી હું થઈ, એહવા સુતને કાજ;
એમ [2]જુવ્વણને પમાડીઓ,એહ હેતે કર્યાં અકાજ. ૪

એમ મનમાંહે ચિંતવી, પુત્રપ્રતિષ્ઠા હેત;
સ્નેહી જન આશા ફળી, કાલ ગમું સુખ હેત. ૫

શરીરભોગ પર ભોગની, ઇચ્છા તજી સુત કાજ;
તેણે સુતે હું નિર્દલી, જુઓ જુઓ એહ અકાજ. ૬

દીઠું મેં પ્રત્યક્ષથી, એહનું દુષ્ટ ચરિત્ર;
વચને પણ સુખ નવિ થયું, એહવો એ અપવિત્ર. ૭

## ॥ ઢાલ અઠ્ઠાવીશમી ॥

(પૂર્વે સુકૃત ન મેં કીયાં—એ દેશી)

માહણી એમ મન ચિંતવે, સુતકાજ મેં એહ શરીર;
ભોગ થકી પણ વંચીયું, પણ એણે રે કીધી હું ઘણું દિલગીર. મા૦

હું તો ભૂલી રે એટલા દિન [3]તાંઈ, હું તો જાણતી રે સુત સુખની છાઈ;
મેં તો દીધી રે [4]બાવલીએ બાંહિ, થઈ ઘેલી હો સુતવચન સુણાઈ. મા૦ ૧

મોહથી નરભવ હારીયો, મેં ધર્યું ન સમકિત રત્ન;
જે મોક્ષતરુનું બીજ છે, નવિ કીધો રે વળી તાસ પ્રયત્ન. મા૦ ૨

દર્શન શુદ્ધિ ન આચરી, જિનરાજપૂજા દ્રવ્ય ભાવ;
ત્રિકાલ જિનસ્તુતિ નવિ કરી, જે ભવજલધિ રે તરવાને નાવ. મા૦ ૩

પરઉપગાર ન આચર્યો, નવિ કર્યો વિધિશું ધર્મ;
સામાયિક પોસહ નવિ કર્યાં, કર્યાં તો પણ રે કૃત શિથિલ ન કર્મ. મા૦ ૪

---

૧. ઉદર ૨. જોવનને, યુવાનીને ૩. સુધી ૪. બાવળે બાથ ભરી એટલે કાંટા જ વાગ્યા

શક્તિએ ન કીધું તપ ઘણું, વલી પર્વતિથિ લહી નાંહિ;
ઘર કાજને પરવશ થઈ, નવિ જ્ઞાનનો રે અભ્યાસ મનમાંહિ. મા૦ ૫

ઘરમોહ કેવલ આણીઓ, જાણીઓ નહીં કાંઈ સાર;
સજ્જય ધ્યાન ન સેવીયાં, નવિ જાણ્યો રે કાંઈ પંચાચાર. મા૦ ૬

કિં બહુના વિલખે હોવે, મેં પોષીઓ પાપકુટુંબ;
ધર્મઅંશ નેહે સેવ્યો નહીં, એમ હાર્યો રે નરભવ અવિલંબ. મા૦ ૭

તો કારમે નહિ સરર્યાં, જે બહુ ઘોર દુઃખ દાતાર;
એ કુટુંબ સયણાં અનુસરી, દુઃખદાયી રે એ કીધ સંસાર. મા૦ ૮

નિષ્કારણ ઉપગારીઓ, જીવલોકે ધર્મ સહાય;
એ પરમ બંધવ સમ સયણ એ, હિતકારી રે સુખ નિર્વૃત્તિદાય. મા૦ ૯

નિશ્ચય થકી એ સુખ દીએ, તે ધર્મ ટાલે કર્મ;
તે દેશ સર્વથકી હોયે, હવે આદરું રે લહું તેહનો મર્મ. મા૦૧૦

એ સામગ્રી સવિ દોહલી, ચતુરંગ લહેવો દુર્લભ;
એ ધર્મ ધ્રુવ અક્ષય અછે, સહગામી રે નહીં જેહમાં દંભ. મા૦૧૧

છતે આયુષે સાધીએ, જ્ઞાન દર્શન ચરણના યોગ;
કર અંજલિ જલ પરે જાય છે, એ જીવિત રે પછી શ્યા હોય જોગ. મા૦૧૨

બલ વીર્ય પણ દિન દિન ઘટે, જેમ જાજરું [1]મૃદભાંડ;
ઘૂણભક્ષકાષ્ઠ તણી પરે, એ અસાર રે જે શરીરનો પિંડ. મા૦૧૩

તપ નાણ ચરિત્ર નવિ ધર્યાં, વલી કર્યાં આસ્રવ પંચ;
ખલ ખંચ નાણી ચિત્તમાં, અનાચારના રે કીધા બહુલા પ્રપંચ. મા૦૧૪

જરા રાક્ષસીને મુખે પડ્યું, એ દેહ રોગનું ગેહ;
તારુણ્યમાં તરુણી તણી, દૃષ્ટિપાતે રે મેં કીધો નેહ. મા૦૧૫

તે તરુણમાં રાગી હોઈ, તે વૃદ્ધભાવે વૈરાગ;
પલિત[2] શિર વલી વીંટીયો, મુખે લાલ રે [3]ગતદશન વિભાગ. મા૦૧૬

જલબિંદુ ચંચલ જીવિતં, ક્ષણરંગ ભંગુર દેહ;
મૂર્ચ્છા કિસી એ ઉપરે, એ કુલટા રે છે નારીનો નેહ. મા૦૧૭

તે ભણી મૂકીને સવે, એ પાપ કરમ અબ સંગ;
જરા ન આવે જ્યાં લગે, નહીં દેહ રે વલી રોગનો સંગ. મા૦૧૮

૧. માટીનું વાસણ ૨. સફેદ વાળ ૩. દાંત રહિત

હાણી ન ઇંદ્રિયવિષયની, જિહાં લગે બુદ્ધિ વિલાસ,
તિહાં લગે ઉદ્યમ ધર્મનો, કરું છંડી રે સવિ પરની આશ. મા૦૧૯

તે ધર્મ પણ સર્વવિરતિનો, જે પરમ મોક્ષ ઉપાય;
પંચ મહાવ્રત ધારણા, જયણા પરે રે કરીએ ચિત્ત લાય. મા૦૨૦

ભવસમુદ્ર તરવા ભણી, એ પ્રવર [1]પોત સમાન;
જીવલોકમાં એહ જો મલે, નવિ આવે રે અવર ધર્મ ઉપમાન. મા૦૨૧

જે સુખ નૃપભવ ને સુરભવે, વલી સિદ્ધનાં સુખ જેહ;
તે સવિ એહથી પામીએ, એહ માંહે રે નહીં કોઈ સંદેહ. મા૦૨૨

એ દુર્લભ માનવભવે, વળી શુદ્ધિ સામગ્રી એહ;
પામીને નવિ આદરે, તે જાણજો રે દુર્ગતિનો ગેહ. મા૦૨૩

જો ઇણભવે નવિ આરાધીએ, જ્ઞાનવિમલ ગુરુની આણ;
તો જમવારો અહેલે અછે, અવિવેકે રે હોયે તેહના પ્રાણ. મા૦૨૪

**॥ દોહા ॥**

ઇત્યાદિક નિંદા કરે, માહણી આપે જામ;
જાતિસમરણને બલે, પડિબોધક ગુણ તામ. ૧

ગોવિંદ માહણ એમ ભણે, મોહ પંકમાં મગ્ન;
મુજને તેં ઉગારીઓ, પ્રિયે પ્રેમમાં લગ્ન. ૨

સાંપ્રત હવે સંજમ લીઓ, ન કરું કાંઈ વાર;
ઘડીમાં ઘડિયાલાં વહે, શી કરવી ઉદ્ધાર. ૩

તે નિસુણી કહે માહણી, ધન ધન તુમ અવતાર,
પ્રીતમ પ્રીતિ ભલી પરે, પાલીજે નિરધાર. ૪

મોહનિશે ભવ મંદિરે, જલણ પ્રમાણ જલંત;
અજ્ઞાનમુદ્રિત લોચને, ભલે જાગ્યો તું [2]કંત. ૫

સૂતાએ પણ સંયમી, દ્રવ્યભાવ જાગંત;
જાગંતા પણ ઊંઘતા, મિથ્યાત્વી અહમંત. ૬

એમ જાણી તે દંપતી, ઉત્સવશું ઉલ્લાસ;
સંજમ લેવા સંચર્યા, સુતકેવલી ગણિ પાસ. ૭

---

૧. જહાજ ૨. પતિ

શિક્ષા દુવિધ સહિત થયા, નાણ ચરણ ગુણગેહ;
ઘણો કાલ આરાધીને, સિદ્ધ થયા ભવિ તેણ. ૮

## ॥ ઢાળ ઓગણત્રીશમી ॥

(રાગ મારુ—ઋષભદેવ મોરા હો, ઋષભદેવ મોરા હો—એ દેશી)

હવે જંપે ગોયમ પ્રભુ, શ્રીવીર તણા પય વંદી;
કહો સ્વામી એણે માહણે, શું કીધું સુકૃત અમંદ.
પ્રભુ મુજ ભાખો હો પાછળે ભવે સુખકંદ;
જેણે તુરત લહ્યો બોધિવૃંદ; મોરા પ્રભુ ભાખો હો.૧

હવે ગોયમને કહે વીરજી, મધુર ધ્વનિ વાણી હો;
નિઃશલ્યપણે આલોયણા, એણે કીધી યતના આણી હો.મો૦ ૨

યોગસંગ્રહ બત્રીશ છે, તેહમાં એ પહેલો હો;
નિઃશલ્યપણે લેઈ અનુસરે, તપ પહોંચાવે વહેલો હો.મો૦ ૩

પ્રાયશ્ચિત્ત ગુરુદત્ત જે, કીધું તે સુવિશેષે હો;
શુદ્ધ ચરણ આરાધીયું, વધીયું પુણ્ય અવશેષે હો.મો૦ ૪

શક્ર અગ્રમહિષી થઈ, તિહાંથી ચવી થાવે હો;
એ માહણી સુલહ બોહણી, તેણથી સિદ્ધિ પાવે હો.મો૦ ૫

ફરી પૂછે વળી ગૌતમો, પૂર્વે એ સમણી હો;
હુંતી કેમ તે દાખવો, એ વાત મનગમણી હો.મો૦ ૬

પ્રભુ કહે એ કેતેક ભવે, ગચ્છાધિક પ્રવરો હો;
પરિત્ત સંસારી જાણીએ, પણ કર્મથી નવરો હો.મો૦ ૭

માયાની છાયા બહુ, તેણે સ્રીવેદ બાંધ્યો હો;
ગચ્છપતિ પણ કોઈ કર્મને, જોરે ચરણ ન સાધ્યો હો.મો૦ ૮

સકલ પાપનું ઠામ છે, વિબુધ જન એ નિંદે હો;
કલિકલુષની ખાણી છે, તપ ચરણ નિકંદે હો.મો૦ ૯

અપયશ કલંક નિધાન છે, એ માયા મૂલે હો;
ગોયમ એણે તેણે સમે, પ્રવચન પ્રતિકૂલે હો.મો૦૧૦

એહવી માયા દાખવી, પણ સૂરીએ નવિ કીધી હો;
અણુ માત્ર માયા તણી, છાયા નવિ લીધી હો.મો૦૧૧

પણ પહેલાં એ ભરતમાં, ચૌદ રત્નનો સ્વામી હો;
અન્ય દિવસ દેશના સુણી, ભવભીતિ તેણે પામી હો.મો૦૧૨

સુગુરુ પાસે સંયમ ગ્રહી, આગમ અભ્યાસે હો;
થયો ગીતારથ સૂરિપદ ઠવ્યો, ગુરુ ગુણને પ્રકાશે હો.મો૦૧૩

સારણ વારણ ચોયણા, ગચ્છ ભલી પરિપાલે હો;
યુગપ્રધાન ગુણ સારીખો, શાસન અજુઆલે હો.મો૦૧૪

તોહે પણ અતિકર્મનો, વિપાકને ગહને હો;
દેવીપણે તે ઊપનો, જિન માયાને વહને હો.મો૦૧૫

કહે ગોયમ પ્રભો એણે ભવે, માયા નવિ કીધી હો;
તો કેમ દેવીપણું લહ્યું, કહો વાત પ્રસિદ્ધિ હો.મો૦૧૬

સુણો ગોયમ એણે માહણે, કીધી હતી માયા હો;
લાખ ભવને આંતરે, જ્ઞાનવિમલ મને ધ્યાયા હો.મો૦૧૭

**॥ દોહા ॥**

ક્ષિતિપ્રતિષ્ઠિત પુર અછે, સુંદર ગુણમણિધામ;
શ્રી સામાન્ય નરેંદ્ર છે, નામે જનને માન્ય. ૧

રુપ્પી નામે તેહની, પુત્રી પરમ ગુણપાત્ર;
લાવણ્યે માનું પરે રમા, રંભાદિકને માત્ર. ૨

અનુક્રમે તરુણપણું લહી, પરણાવી સા બાલ;
તુરત દુઃકર્મના યોગથી, ભર્ત્તા પામ્યો કાલ. ૩

શોકવિધુર દોભાગિણી, વિધવા વેશ અનિષ્ટ;
પામી તેણે અતિ ઘણું, વેદે કૃત એ કષ્ટ. ૪

તેહવી દુઃખણી દેખીને, કહે પિતા સુણ બાલ;
વત્સે પૂરવકૃત તણો, એ સઘળો જંજાલ. ૫

કીધાં કર્મ ન છૂટીએ, વશમો જેહનો બંધ;
બ્રહ્મદત્ત નરભવે થયો, સોલ વરસ લગે અંધ. ૬

ઉદયે આવ્યું ભોગવ્યાં, વિણુ છૂટી નવિ જાય;
કર્મપ્રકૃતિને આગલે, કોણહી જોર ન થાય. ૭

તે ભણી ચિંતા અપહરી, કરી થિરતાએ મન;
કર્મ કઠિનને નિર્દલે, કર તું દાન ને પુણ્ય. ૮

## ॥ ઢાળ ત્રીશમી ॥

(દેશી લૂહરની)

કહે જનક તે એહવું હો, કે પંચશે પુર દિયું;
પુત્રી તુમ આપું હો, કે થિર કરી નિજ હિયું;
એહવું જે થાવે હો, કે તે ધન્ય પુણ્ય તણે;
ભાગ્ય તે કરજો હો, કે જિનવરને ભવણે.૧

નિત્ય નિત્ય જિનપૂજા હો, કે વિવિધ પરે વિરચો;
ધર્મક્ષેત્ર સુખેત્રે હો, કે વારુ વિત્ત ખરચો;
વળી પૂજા ઢોવો હો, કે કલ્યાણક દિવસે;
તીરથની યાત્રા હો, કે સંઘાદિક હરષે. ૨

વલી શ્રાવક શ્રાવિકા હો, કે સાધર્મિક ભક્તે;
વિધિપૂર્વક શોધો હો, કે સઘળો નિજ શક્તે;
પરલોકને સાધો હો, કે તેહને પહિરાવી;
વર વસ્ત્ર વિભૂષણ હો, કે કીજે શોભાવી. ૩

વળી [1]સમણા સમણી હો, કે આરાધો દોઈ;
ન્યાયાદિક પ્રાસુક હો, કે કલ્પનીય જે હોઈ;
શ્રદ્ધા સત્કારે હો, કે વસતિ પ્રમુખ નવધા;
આપીને ઠારો હો, કે આપને જેમ સુધા. ૪

દીન અનાથ ગિલાણા હો, કે તેહને ઉગારો;
વળી દુઃખીયા દારિદ્રી હો, કે તેહને સાધારો;
નિર્મલ શીલ પાલો હો, કે ઉત્તમ કુલ પામી;
શ્રાવક ધર્મ આરાધો હો, કે ન કરો તિહાં ખામી. ૫

એમ કરણી કરતાં હો, કે પરભવ જેમ ન લહો;
વિધવાદિક વેદન હો, કે દુઃખડાં દૂર દહો;
એમ જનકનાં વયણાં હો, કે સુણીને સા બાલા;
જંપે ભરી નયણાં હો, કે જલશું જેમ વહાલા. ૬

કહે એ તનુ કેરો હો, કે કોઈ વિશાસ નથી;
નવિ લહીએ પિતાજી હો, કે કોઈનું કોઈ નથી;

૧ શ્રમણ અને શ્રમણી

દિનકર પરે ઉજલો હો, કે વંશ અછે તુમચો;
તિહાં કોઈ કલંકે હો, કે મલિન જ્યું મશિકૂચો. ૭

તે ભણી મુજ દીજે હો, કે કાષ્ઠભક્ષણ કેરી;
[1]આણા જેમ સાધો હો, કે કીર્ત્તિ અધિકેરી;
કૂડ કપટની નલિકા હો, કે વલયા પરે વાંકી;
નિજ ઇચ્છાયે ચાલે હો, કે વડવા અહિરાકી. ૮

ગિરિ નદી પરે ચાલે હો, કે નીચી વક્ર ગતિ;
ચપલા પરે ચપલા હો, કે આશય દુષ્ટમતિ;
જિમ રજની વિરામે હો, કે નિઃસ્નેહી દીપશિખા;
ક્ષણમાં બહુ રંગી હો, કે જાણે સંજરેખા. ૯

જૂઠ સાહસ માયા હો, કે અશુચિ સ્પૃહા ગેહા;
એ સહજના દોષા હો, કે વિષયની ઘણમેહા;
શું બહુ બહુ ભણીએ હો, કે અવગુણની ખાણી;
તેહ ભણી કરી કરુણા હો, કે કાષ્ઠ દીઓ જાણી. ૧૦

તેહ સુણી નૃપ ચિંતે હો, કે ધન ધન એહ ધૂઆ;
જુવતી જન ઈહા હો, કે બુદ્ધિ વિવેક જુઆ;
અહો તનુ નિર્મમતા હો, કે વંશ કલંક તણો;
ભય રાખે કેહવો હો, કે ધૂઆ રત્ન ગણો. ૧૧

શુભ શીલ વિભૂષિત હો, કે નમણી ગયગમણી;
જિહાં લગે મુજ ગેહે હો, કે એ છે નારીમણિ;
એ તનયા ઉપરે હો, કે સર્વ ઉવારી કરું;
કહે રાજા એહવું હો, કે તુજથી સુખ ધરું. ૧૨

નથી સુત જો માહરે હો, કે તો પણ પુત્ર પરે;
માહરે તું તનયા હો, કે રાખું હૃદય પરે;
જિનરાજે ભાખ્યો હો, કે ધર્મ કરો ભાવે;
જેમ ભવ ભવ કેરા હો, કે દુઃખ સઘલાં જાવે. ૧૩

જો [2]જલણ પ્રવેશે હો, કે સ્વર્ગ વા શિવ પામે;
તો સર્વ પતંગા હો, કે જાલાવલી કામે;

૧. આજ્ઞા ૨. અગ્નિ

દાન શીલ તપ ભાવો હો, કે કારણ એહ કહ્યાં;
એહ કરતાં પ્રાણી હો, કે કેઈક સુખ લહ્યાં. ૧૪

ધ્યાનાનલે દાઝે હો, કે કર્મની કોડિ ગમે;
રત્નત્રય યોગે હો, કે પુત્રી તુંહી રમે;
જેમ મેઘની માલા હો, કે પવને જાય રલી;
જેમ કાષ્ઠ સમુદાયે હો, કે અગ્નિયે જાય બલી. ૧૫

કરી ચિત્ત પ્રસન્ને હો, કે તપ જપ ચરણ કરો;
ષટ્ અભ્યંતર ષટ્ બાહિર હો, તપ કિરિયાનુસરો;
વળી દુક્કર તપ છે હો, કે ગુણ રયણાદિ ઘણા;
જિનશાસન માંહે હો, કે કાંઈ નથી દુમણા. ૧૬

આંબિલ વર્દ્ધમાનો હો, કે કનકાવલી રયણા;
વલી મુગતાવલી હો, કે શ્રેણિ પ્રતર ઘણાં;
લઘુસિંહનિઃક્રીડિત હો, વૃદ્ધ કીલિતવા;
જવ વયર મજ્જ પડિમા હો, કે ભદ્રમહા ભદ્રતવા. ૧૭

વલી સર્વતોભદ્રા હો, કે પડિમા સત્તમીયા;
અઠ્ઠમી નવ નવમી હો, કે દશમી ઇગ્યારસીયા;
તિમ બારસ પ્રતિમા હો, કે ભિક્ષુ તણી ભાખી;
વલી પંચ કલ્યાણિક હો, કે દિન તપ આગમ ભાખી. ૧૮

થાનક વીશ બોલ્યા હો, કે સિદ્ધના ચક્ર તણો;
વલી યોગ કષાયા હો, કે ઇંદ્રિય જય નિસુણો;
સંસારનો તારણ હો, કે કર્મ [1]સૂડણ ભણો;
રાધન દર્શનના હો, કે ચરણારાધ્ય તણો. ૧૯

એમ આગમે ભાખ્યો હો, કે તપ બહુધા ભેદે;
વલી અભિગ્રહ ચઉવિધ હો, કે જિન આણા વેદે;
ઇહ ભવ ને પરભવ હો, કે જશ કીર્ત્તિ અર્થે;
તે તપ નવિ કરતો હો, કે ઇંદ્રિય ગુણ વ્યર્થે. ૨૦

કર્મ નિર્જર હેતે હો, કે કેવલ જેહ કરે;
વિનયાદિક વધતે હો, કે તે ભવ સિંધુ તરે;

૧. સૂદન, નાશ કરનારું

એમ તપની કરણી હો, કે નિર્જર ગુણ ધારે;
શિવમંદિર પામે હો, કે ત્રિવિધ દુરિત વારે. ૨૧

નિજ હઠ શઠ છોડી હો, કે શ્રાવક ધર્મ કરો;
અસદ્ગ્રહને મૂકી હો, કે મુજ હિત શીખ કરો;
એમ કહી નૃપ સોંપે હો, કે કંચૂકીધર નરને;
શ્રાવક વ્રત ધારે હો, કે જાણે [1]પાસ સમો ઘરને. ૨૨

સોંપ્યું જવ ચિત્તે હો, કે રૂપી રાય કની;
[2]ત્રિસંધ્યે જિન અરચે હો, કે ખરચે લચ્છી ઘણી;
ભણે શ્રુત કરે તપને હો, કે સામાયિક [3]પોસા;
બિહું ટંક આવશ્યક હો, કે કરી ટાલી દોષા. ૨૩

દીએ દાન વિચિત્રે હો, કે ચિત્ત ઉદાર કરી;
દુઃસ્થિત સાધારા હો, કે વારે વ્યસન ફિરી;
નિત્ય ચિત્ત સંભારે હો, કે વયણાં અમીય સમાં;
જ્ઞાનવિમલ સૂરિનાં હો, કે ન ધરે કાંઈ તમા. ૨૪

**॥ દોહા / સોરઠા ॥**

સોરઠા–એમ કરતાં બહુ કાલ, ધર્મ તણે રંગે કરી;
નિર્ગમતી સા બાલ, જાણે તત્ત્વ એ ફરી ફરી. ૧

હવે કોઈ સમય પ્રમાણ, મરણ લહ્યો નૃપ જનક તે;
સુખ સમાધિ સુહ જાણ, પુત્ર પખે નૃપ દિન કતે. ૨

મંત્રી સેનાપતિ શેઠ, મલી વિચાર કિયો ઇશ્યો;
નિર્વહશે એ [4]નેઠ, અપર ન કોઈ એ જિશ્યો. ૩

દોહા–એમ ચિંતી રાજ્યે ઠવે, આપી સુતનો વેશ;
રૂપી રાજા સહુ કહે, પાલે નીતિએ દેશ. ૪

આવી બેસે [5]તખત તે, લીએ મુજરો ધરી પ્રેમ;
અંતર ભેદ ન કો લહે, શીલ ગુણે કરી હેમ. ૫

હર્ષ હુવે સવિ લોકને, પાલે ન્યાયે રાજ્ય;
સાજ સવે મેલી કરી, રાખે રણની લાજ. ૬

---

૧. પાશ, બંધન ૨. ત્રણ સંધ્યાએ ૩. પ્રોષધ ૪. નેટ=અવશ્ય ૫. સિંહાસન

## ॥ ઢાલ એકત્રીશમી ॥

(કલાલણી મ્હારો રાજિંદ ભોલવ્યો હો લાલ–એ દેશી)

હવે એક દિનને અવસરે હો લાલ; દુર્જય કામ વિકાર; સુહાસણી;
કામ દશાને આગલે હો લાલ, થાયે ગતિ મતિ છાર, સુહાસણી.
વિષય થકી નવિ ગંજીએ હો લાલ, વિષય તે તીખી અસિધાર; સુહાસણી.
તેણેથી શીલ ન છેદીએ હો લાલ, તેહનો ધન્ય અવતાર. સુ૰વિ૰ ૧

યૌવન વયના જોરથી હો લાલ, યૌવન મહોટું ભૂત; સુ૰
બલીયાને પણ એ છલે હો લાલ, સુર નર ને [૧]પુરુહૂત. સુ૰વિ૰ ૨

સામંતસુત ગુણરત્ન છે હો લાલ, શીલસન્નાહ તસ નામ; સુ૰
સવિકાર નયણે નિરખીઓ હો લાલ, બહુ વેલાયે તેણે તામ. સુ૰વિ૰ ૩

સૌમ્ય ગુણે મનુ ચંદ્રમા હો લાલ, દેહ કાંતિ દિનકાર; સુ૰
રૂપાતિશય ગુણે કરી હો લાલ, શચિને પણ મનોહાર. સુ૰વિ૰ ૪

શીલ રયણ ભૂષિત તનુ હો લાલ, તત્ત્વાતત્ત્વ વિચાર; સુ૰
જાણે આગમ મર્મને હો લાલ, ન ડગે ધર્મથી લગાર. સુ૰વિ૰ ૫

અસ્થિમિંજ રંગી ઘણું હો લાલ, જિનમતનો તે જાણ; સુ૰
તે જોયો સરાગની દૃષ્ટિથી હો લાલ, તેણે લહ્યું તેણ વિનાણ. સુ૰વિ૰ ૬

જાણ્યું [૨]મયણને પરવશે હો લાલ, જોયું ધરીય વિકાર; સુ૰
લાખમાંહે પણ લેખીએ હો લાલ, કામી નેહ વિકાર. સુ૰વિ૰ ૭

યદ્યપિ ન કહે વયણથી હો લાલ, તો પણ કામી દૃષ્ટિ; સુ૰
છાની ન રહે કિહાં થકી હો લાલ, જેમ બ્રહ્માની સૃષ્ટિ; સુ૰
પુષ્કર જલધર વૃષ્ટિ. સુ૰વિ૰ ૮

કુમરે મનમાંહે ચિંતિયું હો લાલ, ખંડિયું એહણે શીલ; સુ૰
જિન વયણાં પણ અવગણ્યાં હો લાલ, ઉપદેશ કીધો અહીલ. સુ૰વિ૰ ૯

ભય પરલોકનો નવિ ગણ્યો હો લાલ, ન ગણી સભાની લાજ; સુ૰
કલંકિત કર્યો નિજ આતમા હો લાલ, ધિક્ સ્ત્રીસ્વભાવ અકાજ. સુ૰વિ૰૧૦

શીલ પરમ સૌભાગ્ય છે હો લાલ, શીલ પરમ છે રૂપ; સુ૰
શીલ પરમ જીવિત અછે હો લાલ, શીલ વશે સવિ ભૂપ. સુ૰વિ૰૧૧

---

૧. ઇંદ્ર ૨. મદનને, કામદેવને

સુપુરુષે શીલ રાખવું હો લાલ, પ્રાણ તજે પણ એહ; સુ૦
પ્રાણધારણ સ્થિતિ વિશ્વને હો લાલ, પણ સંતને શીલશું નેહ. સુ૦વિ૦૧૨

તો હવે હમણાં શું કરું હો લાલ, જોયો સરાગે એણ; સુ૦
સભા મધ્યે બેઠા હુતા હો લાલ, એમ ભય લહે હૃદયેણ. સુ૦વિ૦૧૩

જેણે સભામાંહે ચિંતવ્યું હો લાલ, મુજ ઉપર વિપરીત; સુ૦
તો એકાકી મુજને હો લાલ, દેખી કરે એ અનીત. સુ૦વિ૦૧૪

તિહાં કોણ આડો આવશે હો લાલ, સુહૃદ સયણ ગુરુ બંધુ; સુ૦
ઇહાં વસવું યુગતું નહીં હો લાલ, એ સભા થઈ મુજ અંધુ. સુ૦વિ૦૧૫

વલી મુજ નિમિત્તે એ સુતા હો લાલ, ઉત્તમ કુલની જાત; સુ૦
પડશે ભવજલ સિંધુમાં હો લાલ, ઘોરાંધકાર ભ્રમાત. સુ૦વિ૦૧૬

સંપ્રતિ મુજને યોગ્ય છે હો લાલ, દેશાંતરની [1]યાત્ર; સુ૦
અવસરે પ્રવ્રજ્યા હું લહું હો લાલ, કરું આતમ ગુણપાત્ર. સુ૦વિ૦૧૭

એમ ચિંતી પૂછી સયણને હો લાલ, જિન પ્રણમીને કુમાર; સુ૦
ચાલ્યો સરલ મને કરી હો લાલ, સજ્જન એ આચાર. સુ૦વિ૦૧૮

પ્રાણ ઉપર રાજી નહીં હો લાલ, રાજી રહ્યે આચાર; સુ૦
જ્ઞાનવિમલ ગુરુ સાન્નિધ્યે હો લાલ, સઘલે જયજયકાર; સુ૦
શીખ્યો જેણે આચાર, સુ૦ તે નર જગમાં સાર. સુ૦વિ૦૧૯

॥ દોહા ॥

જાતાં જાતાં આવીયું, હિરણ ઉક્કર નયર;
ચિંતે ઇહાં રહેશું હવે, મલશે વર ગુરુ મહેર. ૧

વળી એ નયર તણો ધણી, નરપતિ સુણીએ ખાસ;
વિચારસાર નામે અછે, સેવીએ તસ માસ. ૨

વાત વિચાર કરતાં થકાં, પ્રતિબૂઝીએ તેહ;
સુગુણાને સુગુણો મલે, વાધે ઝાઝો નેહ. ૩

એમ ચિંતી નૃપ પાસે ગયો, કરે પ્રણામ તવ રાય;
ગુણે રજાણો રાજિયો, પાસે ઠવે તે પાય. ૪

દિન દિન જ્ઞાનની ગોષ્ઠિશું, કરી રીઝવે રાજાન;
જાણે જણજ જો મલે, તો વાધે બહુ વાન. ૫

---

૧. યાત્રા

પંડિતની લાતુ ભલી, નહીં મૂરખની વાત;
ઓ લાતાંથી સુખ ઊપજે, ઓ વાતાંથી દુઃખ થાત. ૬

એક દિન પૂછે કુમરને, કોણ પુર કોણ તુમ નામ;
એ મુદ્રા છે કેહની, તુમ કરે એ અભિરામ. ૭

કોણ સ્વામી તુમે સેવીઓ, એતા કાલને સીમ;
તવ કુમરે સવિ દાખિયું, પુર કુલ નામ અસીમ. ૮

જે રાજા મેં સેવીઓ, મુદ્રા તેહની એહ;
કહે નૃપ શબ્દ કરણે કહો, જિમ મન ઉપજે નેહ. ૯

**॥ ઢાળ બત્રીશમી ॥**

(કાન્હજી મેલોને કાંબલી રે—એ દેશી)

કુમર ભણે સુણો રાજીયા રે, જે મુદ્રાએ નામ;
તેહનું નામ ન લીજીએ રે, વગર જમે ગુણધામ.
નિસુણો અમારી વાતડી રે; રાતડી એહવી એહ;
જાતડીએ પડે ભાતડી રે, ચાપડીમાં દીએ છેહ. નિ૦ ૧

[1]ચક્ષુ-કુશીલ એ જાણીએ રે, જેહને નયન વિકાર;
નામ ગ્રહ્યાથી તેહને રે, હોયે દુરિત પ્રચાર. નિ૦ ૨

અણભુંજે[2] નામ ન લીજીએ રે, તેહનું હેતુ કુમાર;
દાખો તિહાં કહે કુમરજી રે, જો લીજે નામાચાર;
તો તિણ દિન ન મલે આહાર. નિ૦ ૩

વિસ્મય લહી રાજા કહે રે, દેખીજે એ ખ્યાલ;
તતકાલ અણાવી [3]રસવતી રે, બેઠો તિહાં ભૂપાલ. નિ૦ ૪

પરિકર સંયુત જીમવા રે, સજ્જ થયા સવિ તેહ;
દક્ષિણ કર ગ્રહી કોલીયો રે, મુખ સન્મુખ ધરી નેહ. નિ૦ ૫

કહે રાજા તવ કુમરને રે, ચક્ષુ-કુશીલનું નામ;
લેતાં વિઘન જો થાયશે રે, દિવ્ય પ્રભાવે તામ,
ભોજન કરતાં જામ. નિ૦ ૬

જો દૃષ્ટિ [4]પ્રત્યય એ પામશું રે, તો અમે સવિ પરિવાર;
આદરશું ચારિત્રને રે, એહવો કર્યો નિર્ધાર. નિ૦ ૭

૧. વિકાર દૃષ્ટિથી જોનાર ૨. ખાધા વગર ૩. રસોઈ, ભોજન ૪. પ્રતીતિ, સબૂત

આહાર કરે વા ઉમાહિયા રે, જેહવે તે રાજાન;
તેહવે કુમરે ભાખીયું રે, ચક્ષુ-કુશીલ રૂપી નામ. નિ૦ ૮

અહિલે કૃત નરભવે એણે રે, લીધું જેહવે નામ;
તેણ સમે પ્રવચન દેવીએ રે, ચિંત્યું ઉપયોગે તામ. નિ૦ ૯

અલીક વયણ મ હોજો એહનું રે, મનશું સાધે કામ;
તુરત આણ્યું પરબલ તિહાં રે, ગજ રથ હય અભિરામ. નિ૦૧૦

રાજધાની વીંટી જિસે રે, ગોયમ તેહવે ભૂપ;
પ્રતિબોધ્યો પ્રત્યય લહી રે, અદ્ભુત દેખી અનૂપ. નિ૦૧૧

પ્રણમી કુમર નાશે જિસે રે, ચિંતે મનમાં એમ;
સ્વામી વિના દેશ નવિ રહે રે, તો નાશીજે કેમ. નિ૦૧૨

[1]ઝૂઝ કરું હમણાં ઇહાં રે, તો સ્વામીનું કામ;
સુધરે જગમાં જશ હોયે રે, સ્વામી ભક્તમાં મામ. નિ૦૧૩

પચખ્યું પ્રથમ વ્રત મેં અછે રે, ન ઘટે ઝૂઝવું મુજ;
દૃષ્ટિ-કુશીલના નામથી રે, પામ્યું સંકટ ગુહ્ય. નિ૦૧૪

તો હવે સાગારી કરું રે, અણસણને કરું આજ;
ત્રિવિધે શીલનું પારખું રે, કરી રાખું હું લાજ. નિ૦૧૫

નિર્મલ શીલધર પુરુષને રે, વિષ તે અમૃત થાય;
જલણ તે જલ થલ જલનિધિ રે, સંકટ વિકટ તે જાય. નિ૦૧૬

એમ ચિંતી મન ધર્મને રે, કરીને શીલ સહાય;
જો હું કુશીલ મનથી હુઓ રે, તો ઇણ સૈન્ય હણાય. નિ૦૧૭

જો સુશીલ ત્રિવિધે હુવે રે, તો બંધુપણે હોજો એહ;
નમો જિણાણં મુખે ભણી રે, ચાલીઓ સન્મુખ ધરી નેહ. નિ૦૧૮

દીઠો સુભટે આવતો રે, કહે તે એહ નરનાહ;
કુમર ભણે હું નરપતિ રે, કરી કર ઊંચો ઉત્સાહ. નિ૦૧૯

જો બલ વીર્ય તુમને હુવે રે, તો દીઓ મુજને પ્રહાર;
એમ નિસુણી તે આવીયા રે, કરતા કિલરવકાર. નિ૦૨૦

જાણે યમમૂર્ત્તિધરા રે, પ્રહરણ નામનું કોટ;
ચોટ દીએ તે રીશે ભર્યા રે, ઉચ્છાલતાં દિલ દોટ. નિ૦૨૧

૧. યુદ્ધ

હણો હણો એમ ભણતા મુખે રે, આવે કુમરની પાસ;
તવ ગોયમ તેણે અવસરે રે, પસર્યો શીલ સુવાસ. નિ૦૨૨

શાસન દેવીએ થંભિયા રે, જેમ લખિયાં ચિત્રામ;
કાષ્ઠ પરે નિશ્ચેષ્ટ થયા રે, સુભટ સવે તેણે ઠામ. નિ૦૨૩

પ્રત્યક્ષે ગગને રહી રે, ભાખે દેવી એમ;
હર્ષ ભરે નિર્ભર થઈ રે, વયણાં બહુ ધરી પ્રેમ. નિ૦૨૪

કબહી ડગે કુલપર્વતા રે, લોપે જલધિ મર્યાદ;
વિધુ તાતો રવિ શીતલો રે, કબહી હોયે અવિસંવાદ. નિ૦૨૫

પણ સુશીલના શર્મનો રે, ન હુવે તાસ પ્રમાદ;
નિર્મલ શારદ શશિ પરે રે, જેહના શીલ સંવાદ. નિ૦૨૬

પરમ પવિત્ર તે પુરુષથી રે, પાવન હોયે ત્રિભુવન્ન;
સર્વોત્તમ સુખનો નિધિ રે, જસ ત્રિકરણ શુદ્ધ મન્ન. નિ૦૨૭

જ્ઞાનવિમલ ગુણ જેહના રે, દીપે જેમ જગ ભાણ;
તે ભણી શીલવંત ગુણ તણો રે, પ્રણમો પદ સુવિહાણ. નિ૦૨૮

**॥ દોહા ॥**

તે ભણી તામસ ભાવ સવિ, છંડીને સવિ યોધ;
શીલસન્નાહને પદે નમો, દેવી દીએ એમ બોધ. ૧

કુસુમવૃષ્ટિ શિર ઉપરે, કીધી દશાર્દ્ધજ વર્ણ;
શીલ તણી ઉદ્‌ઘોષણા, સુણતાં ચારે વર્ણ. ૨

હવે કુમર મૂર્ચ્છા લહ્યો, લહી ચેતન ક્ષણમાંહે;
જાતિસમરણ ઊપન્યું, અવધિનાણ પણ ત્યાંહિ. ૩

એહવે અવસરે ભૂપતિ, કુમર નિરખ્ખણ કાજ;
ચારણ ઋષિને પ્રણમવા, નગરથી જાવે લેઈ સાજ. ૪

જાત્ય તુરંગમ ઉપરે, ચઢિયો ગિરિમાં જાય;
કંદરમાં પેખે જિસે, કુમર રૂપ તેણે ઠાય. ૫

દક્ષિણ કરશું [1]આપણે, કરતો શિરોપરિ લોચ;
નિજ પ્રભુને કહિયા વિના, ટાળી સવિ સંકોચ. ૬

---

૧. પોતાની મેળે

સપરિવાર રાજા તિહાં, પેખે કુમર મુણીંદ;
છત્ર ધર્યું શિર ઉપરે, સૌધર્માધિપ ઇંદ. ૭

## ॥ ઢાળ તેત્રીશમી ॥

(નણદલ બિંદલી દે—અથવા સીતા તો રૂપે રૂડી—એ દેશી)

કનકકમલે મુનિ બેઠા, રાજા મન લાગે મીઠા હો;
ધન ધન મુનિરાયા; પ્રણમે જસ સુરનર પાયા હો. ધ૦ ૧
[1]ઓહિનાણ બલે ઉપદેશે, સુણે સવિ ભવિ શુભ લેશે હો. ધ૦ ૨
અસંખ જનમની તે કહે વાત, કહે સુખ દુઃખના અવદાત હો. ધ૦ ૩
જેમ થયો સમકિત લાભ, થયો તેહ દાખે જેમ આભ હો. ધ૦ ૪
ગુરુ વંદી નૃપ સુણે ધર્મ, લીએ સંયમ છેદે કર્મ હો. ધ૦ ૫
પરિવાર પણ લીએ દીક્ષા, પાલે દ્વિવિધે હિતશિક્ષા હો. ધ૦ ૬
તેમ વળી પરચક્રનો ભૂપ, લીએ સંયમ અપ્રતિરૂપ હો. ધ૦ ૭
તદનંતર ચઉવ્વિહ દેવા, આવી કરે મુનિની સેવા હો. ધ૦ ૮
દુંદુભિ ગયણંગણ વાગે, સવિ દુરિત ઉપદ્રવ ભાંગે હો. ધ૦ ૯
આકાશે વદે ઇમ વાણી, ધન કુમર મુનિ ગુણખાણી હો. ધ૦૧૦
સ્તુતિપાઠે એણી પરે સ્તવતા, મનમાંહે પ્રમોદને વહતા હો. ધ૦૧૧

## અથ સાધુસ્તુતિઃ

(રાગ જયજયવંતી)

જય જય નમિય ચરણ, દુર્ધર ધરીય ચરણ,
રોગ સોગ જર મરણ હરણ મુનિરાજ હૈ,
તિજ્ય જંતુ સંતાણસરણ, દમિતા દુક્કરણ કરણ,
અશરણ શરણકૃત સવિ ભવિકાજ હૈ. ૧

જય જય તિજ્ય દુર્જન મોહ, લઘુકૃત માન લોહ,
વિજિત કપટ કોહ, અદોહ અમાય હૈ;
પડિબોહિય ભવિઅ લોય, તિહુયણ લદ્ધ સોહ,
લીલા જિતમદન જોહ, ધર્મ સહાય હૈ. જય૦૨

સંવર વર રયણહ ગેહ, શીલવંતમાં લદ્ધ રેહ;
ધર્મવન સિંચન મેહ, કૃત શુભધ્યાન હૈ;
ભવસુખ પરિચિત નેહ, જિતજાત રૂપ દેહ,
તુમ પદ તણી ખેહ, સવે ધનિનમાન હૈ. જય૦૩

૧. અવધિજ્ઞાન

સંશય રજ સમીર, ભવ દવ [1]ઉલ્હવણ નીર,
કુમતિ મહી સારસીર, મેરુ ગિરિ ધીર હૈ;
કરુણ રસ ખીર નીર, નિધિ ઋદ્ધિ સિદ્ધિ કોટીર,
સંયમ રસાલ કીર, તુંહી વીર હીર હૈ. જય૦૪

ધન ધન તોરી માય, ધન ધન તુજ તાય,
જેણે ઉયરી તુંહી જાય, તિહુઅણ ભાવ હૈ;
જ્ઞાનવિમલ ગુણ ગાય, મુજ મન તુંહી સુહાય,
નામે નવ નિધિ થાય, એસે મુનિરાય હૈ. જય૦૫

**॥ પૂર્વ ઢાળ ॥**

સુર સુરીના સમુદાય, એમ સ્તવી નિજ ઠામે જાય હો. ધ૦૧૨
દિનકર પરે નવ નવ ખેતે, વિચરે મુનિ અતિ અપ્રમત્તે હો. ધ૦૧૩
નિજ ગોવચ કીરણ સંભાળે, ભવિ કમલને બોધન ધારે હો. ધ૦૧૪
જ્ઞાનવિમલ ગુણે પડિબોહે, સવિ ભવિયણનાં મન મોહે હો. ધ૦૧૫

**॥ દોહા ॥**

હવે ગૌતમ પૂછે ઇશ્યું, વંદી શ્રીજિન વીર;
સુલભબોધિ એ કિમ થયો, જાતિસમરણ ધીર. ૧

તવ ભાખે શ્રી વીરજી, પૂરવ ભવે એ સાધુ;
સમ તૃણ-મણિ કંચન[2]દૃષદ,સુખ સંયમ નિરાબાધ. ૨

તેણે એક દિન અનાભોગથી, વચન તણો કર્યો દંડ;
તે પ્રાયશ્ચિત્ત આદર્યું, કર્યો અભિગ્રહ ચંડ. ૩

મૌનવ્રત કર્યું તેહણે, જિહાં સાવદ્ય વચન ભયેણ;
આરાધી સંયમ ગુણે, પ્રથમ કલ્પ સુરસેણ. ૪

તિહાંથી ચવીને મંત્રીસુત, થયો શીલસન્નાહ;
સુલભબોહી જાઈસરો, મહાનુભાવ અથાહ. ૫

સયંબુદ્ધ સુર સાન્નિધ્યે, લેવે સંયમ ભાર;
અવધિજ્ઞાની ઉત્તમ ગુણે, પરવરીઓ પરિવાર. ૬

પરિમિત આયુ નિજ તણું, જાણીને મુનિરાય;
અજિતાદિક જિને પાવિયો, સમેતશૈલે જાય. ૭

---

૧ ઓલવવા માટે ૨.પથ્થર

વચમાં માર્ગે આવીયો, ક્ષિતિપ્રતિષ્ઠ નયર;
તિહાં તે આવી સમોસર્યાં, ટાલ્યાં અશુભ ને વયર. ૮

સુણી આગમન તેહનું, સપરિવાર નરરાય;
રૂપી નામા આવીઓ, વંદનને તિણ ઠાય. ૯

## ॥ ઢાળ ચોત્રીશમી ॥

(સરવરિયાની—પાલે હો હંજા મારુ થે ગયા હો રાજ, દીઠડો નાહ સુજાણ
વારી રંગ ઢોલણાં—એ દેશી)

હવે વિધિશું વંદે ભૂપતિ હો રાજ, વિગતમોહ મુનિનાથ;
વારી માહરા સાધુજી;
મહીપતિ બેઠો તિહાં હો રાજ, સપરિવાર લેઈ સાથ. વા૦ ૧

દીએ દેશના ભવિકા પ્રતે હો રાજ, સુણજો આણી ભાવ; વા૦
ઇંદ્ર અહમિંદ્ર ચક્રીપણું હો રાજ, એ સોહિલા લહેવા ભાવ. વા૦ ૨

પણ જિનધર્મ એક પામવો હો રાજ, દોહિલો તે જગમાંય; વા૦
તે તો સુગુરુ વિણ નવિ સંભવે હો રાજ, જિમ સુરતરુ વર છાંય. વા૦ ૩

સુગુરુ સુદેવ સુધર્મ છે હો રાજ, એ તત્ત્વ ત્રય રૂપ; વા૦
નિર્મલ જલ પરે શુદ્ધ કરે હો રાજ, તે અકલંક અનૂપ. વા૦ ૪

ગુરુ પ્રસન્ન થકી હોયે હો રાજ, જે જિન ધર્મની પ્રાપ્તિ; વા૦
તેહથી દર્શન જ્ઞાનનો હો રાજ, ચારિત્રનો હોયે વ્યાપ. વા૦ ૫

### અથ સુદેવવર્ણનં

દોષ અઢારથી વેગલો હો રાજ, દેવ કહ્યો અરિહંત; વા૦
ચોત્રીશ અતિશય સંયુતા હો રાજ, અનંત જ્ઞાન ભગવંત. વા૦ ૬

### અથ ગુરુવર્ણનં

પંચ મહાવ્રતે વાસીયો હો રાજ, છત્રીશ ગુરુગુણ યુત; વા૦
આચાર પંચાચારનો હો રાજ, એહવો ગુણ થુણું નિત્ય. વા૦ ૭

### અથ ધર્મવર્ણનં

જીવદયાએ અલંકર્યો હો રાજ, જિનઆણા અનુકૂલ; વા૦
વિનય ક્ષમાએ વાસીયો હો રાજ, એ ધર્મ તે કર્મ પ્રતિકૂલ. વા૦ ૮

### ઇતિ દેવગુરુધર્મસ્વરૂપ વર્ણન

ભવસિંધુમાં પડતાં થકાં હો રાજ, પ્રવહણને અનુકાર; વા૦
તે ધર્મ દુવિધ ભેદે કહ્યો હો રાજ, અણાગાર ને આગાર. વા૦ ૯

સમ તૃણ મણિ રિપુ સયણને હો રાજ, સર્વ સાવદ્યને ત્યાગ; વા૦
સાધુ તણો ધર્મ તેહથી હો રાજ, તુરત લહે શિવપદ લાગ. વા૦૧૦

સમકિતપૂર્વક દેશથી હો રાજ, વિરતિ [1]દુવાદસ ભેદ; વા૦
અણુવ્રત ગુણ શિક્ષા વરું હો રાજ, અનુક્રમે હોયે ભવ છેદ. વા૦૧૧

દાન શીયલ તપ ભાવના હો રાજ, યથાશક્તિ અનાશંસ; વા૦
અનુક્રમે શિવહેતે હુવે હો રાજ, જિહાં પંચાચાર પ્રશંસ. વા૦૧૨

એમ સુણી નૃપ કહે સૂરિને હો રાજ, તુમ [2]પદ-પોત મેં લદ્ધ; વા૦
ભવ સમુદ્રમાં પામીયા હો રાજ, દુર્લભ કરુણાસિંધુ. વા૦૧૩

પ્રભુ! હું લોકને એમ ભણું હો રાજ, અલિત પલિત છે ભાવ; વા૦
મરણ જરાયે ઉપદ્રવ્યો હો રાજ, વિષય કષાય જમાવ. વા૦૧૪

તેહના ઉપશમવા ભણી હો રાજ, દીઓ દીક્ષા મુજ નિર્ગ્રંથ; વા૦
કહે ગુરુ એહવી વાતમાં હો રાજ, મ મ કરશો [3]પલિમંથ. વા૦૧૫

એહવે કામે ન કીજીએ હો રાજ, પાણી વલનો વિલંબ; વા૦
ઘડીમાં ઘડી ઉથલ હુવે હો રાજ, જેમ જલમાં વિધુ પ્રતિબિંબ. વા૦૧૬

પૂછે સામંતાદિક પ્રત્યે હો રાજ, કેમ છે તુમ મન ભાવ; વા૦
કહે હવણાં જેમ નરનાથ છો હો રાજ, તેમ થાઓ સંયમ ભાવ. વા૦૧૭

જે તુમચે મન આવીયું હો રાજ, તે અમ મનમાં પ્રમાણ; વા૦
એણી પરે સામંતાદિક સવે હો રાજ, લીએ સંયમ નરરાણ. વા૦૧૮

રુપ્પી રાજા પણ સંયમી હો રાજ, થયા તિહાં સવિ પરિવાર; વા૦
ગુરુ કહે એહવી દોહલી હો રાજ, સામગ્રી સુખકાર. વા૦૧૯

ઇહાં પ્રમાદ કરવો નહીં હો રાજ, તહત્તિ કરી તેણી વાર; વા૦
દુવિધ શિક્ષા લહી સંચરે હો રાજ, રુપ્પી સાહુણી પરિવાર. વા૦૨૦

ગુરુવયણે તે રાગિયો હો રાજ, પાલે પંચાચાર; વા૦
જ્ઞાનવિમલ ચઢતી કલા હો રાજ, વાધે અતિહિ ઉદાર. વા૦૨૧

---

૧. બાર ૨. ચરણરૂપી જહાજ ૩.પલિમંથ=સંયમનું વિઘ્ન

॥ દોહા ॥

અનુક્રમે અનુક્રમે વિચરતા, પહોતા સમેત શૈલ;
વિવિધ વૃક્ષ છાયા અછે, ચંપક અંબ ને કેલિ. ૧

સિંહ નિષદ્યા જિનભુવન, વાંદ્યા તિહાં જિનરાજ;
ભક્તે થુણીયા આદરે, હર્ષિત હૃદય ગુરુરાજ. ૨

બહુ ભવ સંચિત પાપ દહી, અજિતાદિક જિન સિદ્ધ;
તે વંદીને ગહગહી, નરભવનું ફલ લીદ્ધ. ૩

દુખ્ખખય કમ્મખ્ખય, સમાહિમરણ બોહિલાભ;
દ્યો મુજને એ પ્રાર્થના, કીધી તેણે નિર્દંભ. ૪

વંદી જિનને પર્વતે, શિલાપટ્ટ લહી એક;
મુનિજન પરિકરે પરિવર્યા, લીએ સંલેષન છેક. ૫

હવે રુપ્પી સમણી ભણે, શીલસન્નાહ પ્રત્યે એમ;
ભગવન્! મુજને પણ દીઓ, સંલેષના ધરી પ્રેમ. ૬

ભણે ગુરુ પૂરવ પાપ જે, પંક પખાલી શુદ્ધ;
થઈને આલોયણ લીઓ, સંલેષના વિશુદ્ધ. ૭

શુદ્ધ ભીંતે જિમ શોભીએ, ચિત્ર તણી જિમ રેખ;
તિમ નિઃશલ્ય થયા પછી, જે કીજે તે વિશેષ. ૮

સંલેષણા ને જોષણા, એ જિનશાસન સાર;
કર્મકષાયની સંલેષણા, જોષણા શરીર આહાર. ૯

गाहा–पडिसेवा पडिसेवग, दोसा गुणा गुरु गुणा तहय
संमवि सोहाई गुणा, सममणा लोयणा भिख्खु १

॥ ઢાળ પાંત્રીશમી ॥

(વીર જિણેસર ચરણ કમલ, કમલા કયવાસો–એ દેશી)

અથ પ્રથમ દ્વારસ્યાર્થઃ પાપાચરણ જે પ્રતિસેવા તે પાપ દશ પ્રકારે સેવાય છે તે કહે છે–

પડિસેવા કંદર્પ દર્પ, પ્રમાદ અણાભોગ;
આતુર આપદ શંકિતાર્થ, સહસાતને યોગ. ૧

ભય પ્રદ્વેષ અને વિમંસા, એ દશ બોલે આવે;
પાપપંક તેહના તિહાં, આલોયણ આવે. ૨

**અસ્યાર્થઃ**

ધાવન વલ્ગન હાસ્ય પ્રમુખ, તે દર્પ કહીજે;
કુકુચ્ચ મુખરી ચેષ્ટના, તે કંદર્પ લહીજે. ૩

મદ્યાદિક જે પ્રમાદ તે, અણાભોગ વિસરતે;
ક્ષુધા તૃષા રોગાદિકે, પીડ્યો આતુર તુરતે. ૪

દ્રવ્યાદિક અપ્રાપ્તિથી, ચઉવિધ આપદથી;
શંકિત તે મહા કાર્ય કરણ, શંકા ન હુએ જિણથી. ૫

અકસ્માત્ સહસાત્કાર, સિંહાદિકનો ભય;
ક્રોધાદિક પ્રદ્વેષથી, કરે પાપ તે નિર્ભય. ૬

વિમંસા તે વિચારણા, શિષ્યાદિકે માયા;
એ પદ સેવે પાપનાં, અહિઠાણ તે થાયા. ૭

॥ ઇતિ પ્રતિસેવા દ્વાર પહેલું ॥

પડિસેવક જે પાપનો, તેહને એ દોષ;
આલોયણા લેતાં હુતાં, થાયે જેહ શેષ. ૮

આકંપીને અનુમતે, જંદિટ્ઠ આલાપે;
સૂક્ષમ અથ બાદરે, પ્રચ્છન્ન પ્રલાપે. ૯

શબ્દાકુલને અવક્તવ્યતા, એ કથકના દોષ;
તેહજ પણ તિહાં ટાલતા, હોયે દુરિતનો શોષ. ૧૦

**અસ્યાર્થઃ**

ગુરુવાદિકને ભક્તિ ભાવ, અનુકંપા લીએ આલોયણ;
અપરાધાદિક લહું કરી, ગુરુ ચિત્ત સંયોજણ. ૧૧

તે અનુમાન ન જાણીએ, જે દીઠું આલોઈ;
પણ અણદીઠું નવિ કહે, બાદર આલોઈ. ૧૨

સૂક્ષમ સુચ્યાદિક જિકે, તે બહુ બહુ ભાખે;
વિશ્વાસાદિક હેતે જાણે, અપરાધને આખે. ૧૩

પ્રછન્ન અવ્યક્ત સ્વરે કહે, મમણાટા કરતો,
અથવા શબ્દાકુલે કહે, [1]કરહા પરે ભણતો. ૧૪

---

૧. ઊંટ

અથવા બહુ જન સાંભળે, તેહવી પરે [1]ભાષે;
અગીતારથ આગળ કહે, માયા મન રાખે. ૧૫

એ આલોયણ લહે તેહના, દોષ એહવા જાણી;
નિઃશલ્ય થઈ પ્રાયશ્ચિત લીએ, ધન્ય તે ભવિ પ્રાણી. ૧૬

॥ ઇતિ પડિસેવગ દ્વાર બીજું ॥

હવે આલોયણ કેવો પુરુષ લે તેહના ગુણ કહે છે–

આલોયણ લીએ તેહના, ગુણ એહવા જોઈએ;
યોગ્યતાનો ધણી જે હોયે, તેણે કર્મમલ ધોઈએ. ૧૭

જાતિવંત કુલવંત વિનયી, ઉપશમી ઇંદ્રિયજય;
નાણ દંસણ સમગ્ગ સોધી, લેવે થઈ નિર્ભય. ૧૮

ચરણ યુક્ત તપ કરે શુદ્ધ, અંગીકૃત જેહવો;
માયા રહિત અનાશંસતાયે, આલોયણે તેહવો. ૧૯

હવે દશ પદના અર્થ એહ, જાતિવંત જે પ્રાયે;
અનાચાર મૂલ નવિ કરે, કરે તો આલોયે. ૨૦

કુલસંપન્ન જે પ્રાયશ્ચિત, ગુરુદત્ત તપાદિક;
દીધું તે રૂડી પરે, પહોંચાડે મર્યાદિક. ૨૧

વિનયી તે ગુરુવચન તથ્ય, કરી માને સવિ સાચું;
ઓછું અધિકું દેખી શોધે, ન કરે મન કાચું. ૨૨

ઉપશમી મનમાં નવિ ધરે, ગુરુશું મદ મત્સર;
ઇંદ્રિયજય [2]તિ ગારવાદિ, નિર્લોભ અનાદર. ૨૩

નાણી કૃત્યાકૃત્ય લહે, દર્શન શ્રદ્ધાની;
ગુરુવચન અનુજ્ઞાદિકે, વરતે સાવધાની. ૨૪

માયા કપટ નિયડી નહીં, તેણે હેતે અમાયી;
અનાશંસપણે પડિવજ્યું, પાલે ધર્મ સહાયી. ૨૫

॥ ઇતિ ગુણદ્વાર ત્રીજું ॥

અથ ગુરુગુણ નામે ચોથું દ્વાર કહે છે–

હવે જે ગુરુ આલોયણ આપે, તે ગુરુ હોયે કેહવો;
આઠ ગુણે કરી યુક્ત હુયે, ગણધરની જેહવો. ૨૬

---

૧. ભાખે, કહે   ૨. ત્રણ

यतः–आयारव मेहारव, ववहारु वीलए पकुव्वीय
अपरिस्साविं निज्जव, अवाय दंसी गुरु भणीओ १

દર્શન જ્ઞાન ચરિત્ર તપ, [1]વીરીય આચાર;
પાલે પલાવે નિજ પરે, ગચ્છનો આધાર. ૨૭

વ્યવહાર પાંચ તણો જે જાણ, આગમ શ્રુત આણા;
ધારણા જિત એ જાણીએ તેહનાં પહિચાણા. ૨૮

કેવલી મણ ને ઓહિ પુવ્વ, ચઉદશ દશપુવ્વી;
[2]નવ પુવ્વી લગે હોયે આગમ, વ્યવહાર અપુવ્વી. ૨૯

આચાર પ્રકલ્પ પ્રમુખ શેષ, સંપૂરણ તાંઈ;
સુત વ્યવહાર એ જાણીએ, અત્રુટિત પ્રવાહી. ૩૦

દેશાંતર સ્થિત ઉભય સૂરિ, મલવાને ઇચ્છે;
પણ ન મલ્યા તદા ગૂઢ પ્રશ્ન, વાચનાયે પ્રીચ્છે. ૩૧

નીક પરે અભ્યંતરે, મુનિપે તે જાણી;
આણા નામે તૃતીય તે, વ્યવહાર વખાણી. ૩૨

ગીતારથ મુખથી સદર્થ, પૂર્વથી અવધારી;
બાંધ્યું પ્રાયશ્ચિત જેમને, કરી જેહનું જે ભારી. ૩૩

છઠ્ઠઠ્ઠમ આયંબિલાદિક ત્રસ થાવર ઘાતે,
તેમ તે ધારીને દીએ, ધારણા બહુભાતે. ૩૪

એ ચારેને સમ્મતે, મૂલ ગુણ નવિ લોપે;
સુવિહિત ગચ્છે જે ગુણી, ગીતારથ અછે. ૩૫

જેમ [3]આતુરને પથ્ય રૂપ, જિન આણ દિપાવે;
જિત વ્યવહાર તે પંચમો, તસ જાણ કહાવે. ૩૬

તે વ્યવહારી ગુરુ કહ્યો, જે લજ્જા વહતો;
નર તેહને કરે ઉજમાલ, લજ્જા અતિ ગુહતો. ૩૭

તે ઉવ્વીલજ જાણીએ, ગુરુ પાપના સોધી;
દેવાને પણ હુયે સમર્થ, તે પકુવ્વી બોધી. ૩૮

૧. વીર્ય ૨. નવપૂર્વી ૩. દુઃખી

અપરિસ્સાવિ અતિ ગંભીર, કેહના મર્મ ન દાખે;
કોઈના કોઈ આગલ નવિ કહે, સહુશું સમ રાખે. ૩૯

નિર્જવ તે પણ દુર્બલે, સબલે પણ સરીખો;
આપ સવારથ નવિ ગણે, ગુરુ કંચન પરીખો. ૪૦

નરકાદિક દુઃખ દાખવે, પાપ વિપાક દેખાડે;
તે અપાયદંસી કહ્યો, નિજ દુરિત પછાડે. ૪૧

કડ યોગી ને થવિર વૃદ્ધ, પર્યાયે જેટ્ઠો;
ગીતારથ જિનશાસને, હોયે જેહ ઉક્કિટ્ઠો. ૪૨

સમયમાને પવયણ ધરે, છેદાદિક શ્રુતનો;
જાણ હોયે તે સુશીલ દૃષ્ટિ, રાગી જિન મતનો. ૪૩

વૃદ્ધ પરંપર સંમતા, જિન આણા લેખે;
ગાઢ અગાઢ ને સહ અસહ, પારતંત્ર વિશેષે. ૪૪

દ્રવ્ય ક્ષેત્ર ને કાલ ભાવ, વલી યોગ્યાયોગ્ય;
પુરુષવિશેષને ઓલખે, વલી જ્ઞાન આરોગ્ય. ૪૫

એવો ગીતારથ જોયવો, બાર વરસ લગે કાલે;
ખેત્રથી સાતસેં જોયણ તાંઈ, ચઉરંગ નિહાલે. ૪૬

સર્વ લોકમાં સાર અંગ, ચતુરંગ તે જાણે;
તે ચતુરંગના નાશથી, ચઉગઇ દુઃખ માણે. ૪૭

જેહ અખંડિત વ્રત ચરણ, હોયે જેહનાં શુદ્ધ;
તે પાસે વ્રત દર્શનાદિ, લીએ શોધી વિબુદ્ધ. ૪૮

એ તાદૃશ ગુણયુત સુગુરુ, જોઈ તે પાસે;
લજ્જા ગારવ ભય વિમુક્ત, થઈ સાચું ભાષે. ૪૯

જેમ બાલક માય આગલે, સવિ કાજ અકાજ;
સરલપણે તેમ ભાખતો, નવિ શંકા લાજ. ૫૦

તેમ આલોયે જેહ ભવ્ય, ન રહે તસ શલ્ય;
પાપ રોગ જાયે તેહના, માયા મિથ્યા શલ્ય. ૫૧

આલોયણે ગુણ હોયે આઠ, તેહ હવે કહીએ;
નિશિથાદિક ગ્રંથે ભણ્યા, ગુરુમુખથી લહીએ. ૫૨

હવે આલોયણ લીધે કેટલા ગુણ ઊપજે તેનું પાંચમું દ્વાર કહે છે

गाहा

लहु आल्हाइ जणणं, अप्पपरणिवित्ति अज्जवं सोही
दुक्कर करण अढाइ, निस्सल्लं होइ सोहि गुणा १

અથ ગાથાર્થ

હલકો થાયે પાપના, ભરથી જેમ ભારે;
વાહક અપસન ભારથી, મન શાતા ધારે. ૫૨

ગયે પાપે આહ્લાદ હુયે, જેમ [૧]નિરુજ કાયા;
આતમ વિરતિ ગુણે કરી, ન ધરે પર માયા. ૫૩

અપ્પપરનિવૃત્તિ એહ, પર પુદ્ગલ કહીએ;
વિષયાદિકથી ઓસરે, ત્રીજો ગુણ લહીએ. ૫૪

ઋજુતા ભાવ વધે જિહાં, તે અજ્જવ ચોથો;
શોધીપણે રિપુ જીતી હોય, જેમ શરનો અબોધો. ૫૫

દુષ્કર કરણં એ કહ્યું, મન વચ તનુ યંત્રે;
આઢા મર્યાદા પરમ, બોલી જેમ તંત્રે. ૫૬

હોયે નિઃશલ્ય પ્રમોદ પુષ્ટ, એ આલોયણના ગુણ;
જાણી જે ભવિ આદરે, કહ્યો તેહિ જ નિપુણ. ૫૭

આલોયણ પરિણામવંત, થઈ ઉદ્યમ મંડે;
એમ કરતાં તે [૨]અંતરાલે, જો પ્રાણને છંડે. ૫૮

તો પણ આરાધક કહ્યો, સંસારને છેદે;
પણ નિધરોલે ન વર્ત્તવું, જો અંતર ભેદે. ૫૯

જો પણ ગુરુપદ આવીને, નિજ દોષ પ્રકાસે;
આલોયણ લીએ શુદ્ધ ભાવે, કરે તેહ ઉલ્લાસે. ૬૦

તો નિઃશલ્ય થઈ કરી, શિવસુખને પામે;
યદ્યપિ તે ન લહે કદાચ, તો વૈમાનિક કામે. ૬૧

એણી પરે આતમ શુદ્ધ થાય, અપરાધ ખમાવે;
એ લક્ષણ છે ભવિકનાં, શુભ સંતતિ આવે. ૬૨

---

૧. નીરોગી ૨. વચ્ચે

જ્ઞાનવિમલ ગુરુરાજનો, જો વિનય અનુસરીએ;
તો ભવસાયર સહજથી, લીલાએ તરીએ. ૬૩

॥ દોહા ॥

એમ જાણી જે આપણો, વિસ્મૃત કરે જે શલ્ય;
તેહને પણ એમ શિખવો, કહી દૃષ્ટાંત અમૂલ્ય. ૧

સંસારી સંસારમાં, ફરીઓ કાલ અનંત;
તે આલોયણ દોષથી, એમ બોલે ભગવંત. ૨

કર્મબંધ થાવે નહીં, એહવો તો વીતરાગ;
પણ વાવે પાવે નહીં, ફલ તસ તે મહાભાગ. ૩

આલોચકને દાખવે, એહવા જે દૃષ્ટાંત;
મલિન વસ્ત્ર નિર્મલ કરે, ખાર દેઈ અત્યંત. ૪

જેમ વ્રણને ઔષધ કરે, ખાર દેઈ કરે શોધ;
તેમ મર્માદિક દાખવી, નિર્મલ કરે પ્રબોધ. ૫

॥ ઢાલ છત્રીશમી ॥

(પ્રતિબુઝો રે એ દેશી)

ભવિ ચેતો રે, લહી માનવ અવતાર.
દશ દૃષ્ટાંતે દોહિલો, ભવિ ચેતો રે; ભ૦
જો જાશો એ ભવ હારી, તો ફરી લહેવો ન સોહિલો. ભ૦ભ૦ ૧

કહેવું તેહને એમ, મનમાં શલ્ય ન રાખશો; ભ૦
શલ્ય મહા દુઃખદાયી, જેમ એક અશ્વને દાખવ્યો. ભ૦ભ૦ ૨

અશ્વ એક વર રત્ન, જેમ કોઈક નૃપને હુતો; ભ૦
તેહ અશ્વને પ્રભાવે, સંપદ વધતી ખિતી હુતો. ભ૦ભ૦ ૩

બીજા સવિ રાજાન, તે નૃપશું મત્સર વહે ભ૦ કહું કેતું રે;
કોઈ એહવો નર હોયે, જે તુરગ લીએ એમ કહે. ભ૦ક૦ ૪

પડહ બજાવે તેહ, એક નર તિહાં પડહો જલે; ભ૦
તો તો જોઈ તસ મર્મ, પણ તે તુરગ ન નીકળે. ભ૦ક૦ ૫

કલબલ અનેક ઉપાય, કરે પણ તે પાસે ન આવહી; ભ૦
તુરગ ગ્રહણને કાજ, તે અવકાશ લહે નહીં. ભ૦ક૦ ૬

તો તેણે અવસરે તામ, પગે કંટક ઘાલીઓ; ભ૦
ખીલાણો તેણે શલ્ય, ન ચલે તેહ ચલાવીઓ. ભ૦ક૦ ૭

દિન દિન [1]ઝરતો જાય, ખાતો પીતો પણ અશ્વ તે; ભ૦
દેખી ભૂપતિ તામ, વૈદ્યને દેખાવે અશ્વ તે. ભ૦ક૦ ૮

વૈદ્યે જોયો તેહ, પણ કોઈ રોગ ન અટકલ્યો; ભ૦
જાણ્યું કોઈ અવ્યક્ત શલ્ય, જેહથી થાયે દુબળો. ભ૦ક૦ ૯

લીપ્યો જીણે પંક, તિણથી થાનકને ઉપડ્યો; ભ૦
શલ્ય પ્રદેશે તેહ, ઉન્નત જાણીને પગ જડ્યો. ભ૦ક૦૧૦

નહરણીએ કાઢ્યો સાલ, સજ્જ થયો તે અશ્વ તિહાં; ભ૦
તે નર થયો નિરાશ, પડહ છબ્યો નિષ્ફલ થયો તિહાં. ભ૦ક૦૧૧

એણી પેરે બીજો અશ્વ, શલ્ય જિહાં સજ નવિ થયો; ભ૦
એણી પરે સાધુ શલ્ય, અંતર અરિ જે ક્ષય નવિ ભયો. ભ૦ક૦૧૨

હવે બીજું દૃષ્ટાંત કહે છે–

અથવા કુંચક નામ, તાપસ ફલ લેવા ગયો; ભ૦
અટવીમાંહે તેણ, નદી તટે મીણો તરુ રહ્યો. ભ૦ક૦૧૩

તે ફલ ખાધાં તેણ, પામ્યો શરીરે ગીલાણતા; ભ૦
પૂછિયું વૈદ્યને તેણ, પણ ન કહી તાસ નિદાનતા. ભ૦ક૦૧૪

વૈદ્યે કહ્યું ઘૃતપાન, રોગ નિદાન લહ્યું નહીં; ભ૦
અધિક થયું તસ ગ્લાન, તાપસને અંગે સહી. ભ૦ક૦૧૫

વળી પૂછ્યું તેણે વૈદ્ય, ફલ ભક્ષણ દોષ સવિ કહ્યો; ભ૦
વમન વિરેચન ધૂપ, પ્રમુખ ભેષજ તે સવિ સહ્યો. ભ૦ક૦૧૬

વૈદ્યે કીધો સજ્જ, ગ્લાનતા તસ દૂરે ગઈ; ભ૦
એણી પેરે આપણ શલ્ય, કહ્યો અકહ્યો એણી પરે થઈ. ભ૦ક૦૧૭

કીધો અદીધો દંડ, હિયડે દુઃખ ઉપજાવતો; ભ૦
સાધુ ને શ્રાવક લોક, બેહુ વર્ગે સુખ દુઃખ પાવતો. ભ૦ક૦૧૮

દીધો પૂરણ તેહ, ન કરે તોપણ દુઃખ દિયે; ભ૦
અણદીધો દુઃખ હેત, એમ બહુ ભેદ લહો હિયે. ભ૦ક૦૧૯

---

૧. થાકતો

દીધો દંડ સુસાધુ, કરતો શાશ્વત સુખ લહે; ભ૦
અણઉદ્ધરિત જે સાલ, તે સંસારનું ફલ કહે. ભ૦ક૦૨૦
એ દંડ લેવો દુર્લભ, જેહથી ભવભય સવિ ટલે; ભ૦
એમ જાણી ભવિ જીવ, ગીતારથસંગે મલે. ભ૦ક૦૩૧
તે ભણી વત્સે! શલ્ય, ઉદ્ધર સંયમ નિર્મલો; ભ૦
પરભવ નવિ મુકાય, પરભવ પાપના આમલો. ભ૦ક૦૨૨
જ્ઞાનવિમલ ગુરુ યોગ, પામી પાપ ન ઉદ્ધરે; ભ૦
તે નિજ દુષ્કૃત હેત, ભવસાયર લહુ નવિ તરે. ભ૦ક૦૨૩

॥ દોહા ॥

વત્સે! એણી પરે જાણીને, આલોઈજે પાપ;
બાલ[1] ભાવથી જે થયા, પ્રગટ [2]પ્રચ્છન્ને આપ. ૧
તહત્તિ કહીને પડિવજે, સવિ ગુરુ કેરાં [3]વેણ;
વંદીને ગુરુ આગલે, [4]ખામે જલ ભરી [5]નેણ. ૨
દર્પ કંદર્પ પ્રમાદથી, અનાભોગ સહસાકાર;
સવિ આલોયાં દુરિત જે, એક મૂકી દૃષ્ટિ વિકાર. ૩
તદનંતર ગુરુ એમ કહે, કાંઈ વિસરાયો તુજ્ઝ;
સા કહે જનમથી આજ તાં, મેં ભાખ્યું સવિ [6]ગુજ્ઝ. ૪
તવ ગુરુ કહે એક વીસર્યું, વત્સે! તે [7]સંભાળ;
રાગદૃષ્ટિ તેં મુજને, સભામાંહે નિહાલ. ૫
તે આલોવું તાહરે, વિસરીયું તે કર્મ;
તે [8]નંદી આલોયજો, એ ભાખ્યો તસ મર્મ. ૬
તે નિસુણીને ચિત્તમાં, પેઠો કોઈ દંભ;
આયતે જેહને અશુભ છે, શું કરે તસ વ્રત બંભ. ૭
દુર્દ્ધર કર્મવિપાક છે, જેહનાં ફલ કિંપાક;
જાતિ [9]શ્વપાક કહ્યો ભલો, પણ માઠો કર્મ વિપાક. ૮
ગંધ ન જાયે લસણની, જો શતધા વાસ બરાસ;
ખલ જલ પરે કૃત કર્મનો, દુર્દ્ધર ટળવો પાસ. ૯

૧. અજ્ઞાન ૨. છૂપી રીતે ૩. વચન ૪. ખમાવે ૫. નેત્ર ૬ .ગુપ્ત ૭. સંભાર, યાદ કર ૮. નિંદીને ૯. ચંડાલ

## ॥ ઢાલ સાડત્રીશમી ॥

(તુજ સાથે નહીં બોલું મારા વાલા, તેં મુજને વીસારીજી—એ દેશી)

એમ નિસુણીને રૂપ્પી સમણી, કહે સ્વામી તેણી વારે જી,
રાગ દૃષ્ટિ મેં તુમને જોયા, આસ્થાન સભા મઝારે જી,
શીલ પરીક્ષણ હેતે જોયા, નહીં મુજ કિંપી વિકાર જી,
તેહની શું આલોયણ આવે, અનાચાર કે અતિચાર જી. ૧

સઘલે શુદ્ધ અછું હું સંપ્રતિ, આલોયણ શી એહની જી,
એમ સુણી વચ મનમાં ચિંતે, માયા જાણી તેહની જી,
સ્ત્રી સ્વભાવને ધિગ્ ધિગ્ હોજો, માયા જૂઠનું મૂલ જી,
તપ જપ નિયમ તણો ખપ કરતાં, રહેતાં લિંગ અનુકૂલ જી. ૨

અહો અહો ન ગઈ તોહી માયા, ગલીયો ગુરુ ઉપદેશ જી,
નાઠું સૂત્ર પુણ્ય થયું સૂનું, પુણ્યો આભિનિવેશ જી,
શમી પલ્લવે ભેલું કીધું, સાગ પત્રે ઉલેચ્યું જી,
નીર પરે ઇણીએ સંયમનું, ફલ માયાયે વેચ્યું જી. ૩

કરુણાવંત મુનીશ્વરે ફરીને, બોલાવી તે [1]અજ્જા જી,
માયાથી પ્રાયે મત ગમજો, એતા દિનની [2]પવજ્જા જી,
લક્ખણા નામા રાજસુતાનો, શું દૃષ્ટાંત ન સુણિયો જી,
મન ચિંતિત અતિચાર ન ભાખે, લજ્જા ગારવ મુણિયો જી. ૪

ભવ કાંતાર માંહિ સા ભમીયાં, ગમીયાં દુઃખમાં [3]જમ્મા જી,
પ્રભુ તે લક્ખણા અજ્જા કહો તે, કેણી પેરે બાંધ્યું કમ્મા જી,
તાસ ચરિત્ર ભવ નિગ્ગહ કારણ, સારણ રૂપે દાખે જી,
છેદાદિક ગ્રંથે જે દાખ્યું, તેહની લેઈ સાખે જી. ૮

સંપ્રતિ હુંડાવસર્પિણી પહેલાં, ચોવીશીથી પહેલી જી,
એશીમી ચોવીશી જ્યારે, વાત તિહાંથી ફેલી જી,
તીર્થંકર ચોવીશમો હુઓ સાત હાથ તનુ માને જી,
ધર્મસિંહ નામે તેણિ વારે, ભરત ભૂમિ પરધાને જી. ૬

ધરણિ પ્રતિષ્ઠિત નયરે જંબુ,—દાડમ નામે ભૂપ જી,
શ્રીમતી નામે રાણી તેહની, શચિરૂપે તે અનુપ જી,

૧. આર્યા ૨. પ્રવ્રજ્યા ૩. જન્મ

તેહને પુત્ર સુરૂપ ને સુગુણા, અછે અનેક વિવેકા જી,
પણ તેહને પુત્રી નહીં કોઈ, ઇચ્છા તસ અતિરેકા જી. ૭

દાય ઉપાય દેવાદિક માને, થઈ તનયા તસ એકા જી,
લક્ષણા યુક્ત સુલક્ષણા નામે, રૂપે રંભાધિક શંકા જી,
કલા ચોસઠ તણી મઠ વાસિણી, અનુક્રમે યૌવન પામી જી,
તે દેખીને નરપતિ ચિંતે, એ સમ પતિ કોઈ કામી જી. ૮

રૂપે વિસ્મિત થઈને ભાખે, આસ્થાન સભામાં બેસી જી,
ભો ભો મંત્રી સામંતાદિક સુણો, વર જુઓ કોઈ સુવેશી જી,
તવ સચિવાદિક સહુ એમ ભાખે, સ્વયંવર મંડાવો જી,
ઠામ ઠામના ગુણી બહુ રાજા, કુમર બહુ તેડાવો જી. ૯

તવ રાજાએ વરનો મંડપ, રચી રાજાનને તેડે જી,
ચતુરંગ સેનાએ પરવરિયા, આવ્યા ન કરી જેડે જી,
શુભ મુહૂર્ત્ત શુભ વેલા લગને, સા સિત વસ્ત્રને પહેરે જી,
ચંદન ચર્ચિત ગાત્ર ને ચામર, છત્ર શિર ધરી મહેરે જી. ૧૦

ઉજ્જ્વલ નિર્મલ કુસુમચી માલા, સુકુમાલા સા બાલા જી,
કામદીપિકા પરે તે દીપે, ભૂષણ ઝાકઝમાલા જી,
[૧]ચમક પરે નૃપ ચિત્ત [૨]અય ખંચે, [૩]ચંચે મુગતામાલા જી,
સ્વયંવર મંડપમાંહે આવે, ફાવે તે વરસાલા જી. ૧૧

જંબુદાડિમ નૃપને વયણે, કંચુકી પુરુષ દેખાડે જી,
સવિ રાજાના બળ ધન દેશહ, ચરિત્ર ભલાં તે ભવાડે જી,
નામ ગોત્ર કહેતાં બહુ નરપતિ, ચિત્તમાં કોઈ ન ગમીયો જી,
અનુક્રમે રાજપુત્ર એક પરગટ, ગુણ નિસુણી ચિત્ત રમીયો જી. ૧૨

તસ ગળે કદલી સ્વયંવર માળા, આરોપે તે લક્ખણા જી,
જય જય શબ્દ થયો સ્વયંવરમાં, ગુણ બોલે શુભ ધિષણા જી,
જ્યોતિષ દાન દીયાં તસ બહુલાં, ધન કણ કંચન મોતી જી,
નિરખી પરખી લક્ષણવંતો, પતિને બહુપરે જોતી જી. ૧૩

અશુભ કર્મના ઉદયથી તેહનો, પતિ [૪]પંચત્વને પામ્યો જી,
કંકણ બંધ હજી નથી છૂટો, તેહવે એ દુઃખ દામ્યો જી,

૧. લોહચુંબક ૨. લોખંડ ૩. ટોકરીમાં, ગળામાં ૪. મરણ

ચોરીમાંહે એહવું દુઃખ દેખી, હાહારવ બેહુ પક્ષે જી,
પતિ સંસ્કાર અગ્નિમાં કીધો, સ્વયંવર લોક સમક્ષે જી. ૧૪

વિલપંતી રોતી તે લક્ખણા, નિરખી જનક એમ ભાસે જી,
મરણ ઉપર કાંઈ જોર ન ચાલે, ચક્રી શક્રાદિ વિણાસે જી,
કિશલય દલ કોમલ આપણ સત, તેહનું ઇહાં શું ચારો જી,
એમ જાણીને વત્સે સુલક્ષણે, શોક સંતાપ નિવારો જી. ૧૫

ધીરપણું કરો મનમાં પુત્રી! એ વિધવા તન આવ્યું જી,
સકલ દુરિત દૌર્ભાગ્યનું સ્થાનક, અપમંગલ એ પાવ્યું જી,
સવિ સાંસારિક કામમાંહેથી, લેખે કાઢી નાખી જી,
સાસર પીયર બિહુ ઠામે તે, [1]દવલી કરીને ભાખી જી. ૧૬

તે ભણી ચિત્ત પ્રસન્ન કરીને, નિજ કૃત કર્મ[2]અહિયાસો જી,
દાન દીઓ ને જિનવર અર્ચો, ખરચો ધન સુખ વાસો જી,
વિધવા પ્રોષિતપતિક સતીને, ભણવું શાસ્ત્રનું સુણવું જી,
સંગતિ સુશીલ [3]સમણીની કીજે, એહ જ ચિત્તમાં સુણવું જી. ૧૭

જિનમત કુશલ જે વૃદ્ધ કંચુકી નર, તેહની પાસે થાપી જી,
લક્ખણાને ગૃહીધર્મે જોડી, કોડી ગમે ધન આપી જી,
અન્ય દિને તસ નયરે આવ્યા, જિનભૂષણ જિનરાયા જી,
સમવસરણ કીધું તિહાં દેવે, પરષદ બાર સુહાયા જી. ૧૮

ધર્મદેશના નિરુપમ ભાખે, તિહાં નરેન્દ્ર પણ આવે જી,
ઉદ્યાનપાલકે વધાવ્યો તે, વધામણી બહુ પાવે જી,
સર્વ ઋદ્ધિ સવિ સયણે સંયુત, વિધિશું ત્રિગડે પેસે જી,
ત્રિ પ્રદક્ષિણ પંચાંગ નમીને, વિધિશું સ્તવતો બેસે જી. ૧૯

(રાગ ભૈરવ)

તું જયો તું જયો, તું હી જિનરાજ રે;
તુમ થકી સવિ સરે, ભવિકનાં કાજ રે. તું૦
અસુર સુર વિસર નર, કિન્નર આલિ રે;
ચરણરજ તાહરી, કરે નિજ ભાલ રે. તું૦ ૧

મોહ સંદોહ તમ, તિમિર સંભાર રે;
દૂર હોયે તુમ દર્શન દિનકાર રે. તું૦ ૨

---

૧. અળખામણી ૨. સહન કરો ૩. શ્રમણીની, સાધ્વીની

વિમલ ગુણગણ મહા ક્ષીરનિધિ નીર રે;
ઉલ્લસિત રોહિણી રમણ સમ ધીર રે. તું૦ ૩

કમલ દલ નાલ વર કોમલ બાંહી રે;
તાહરી દેશના સુરતરુ છાંહી રે. તું૦ ૪

તરુણ કરુણારસ સરસ સુરસિંધુ રે;
તાહરું શાસન ત્રિભુવન બંધુ રે. તું૦ ૫

જ્ઞાનવિમલાદિ ગુણ ગહન ઘનનીર રે;
ભાવ અરિ વારવા તું હી વર વીર રે. તું૦ ૬

(રાગ વસંત)

સકલ સમીહિત દાયક લાયક, નાયક તું જિનરાજ;
સુર નર નાયક [1]પાયક તાહરા, પરિસેવે તુમ પાય. સ૦ ૧

કલિમલ વારણ શિવસુખ કારણ, ઠારણ ભવિનાં ચિત્ત;
ગંગાનીર પૂરહર હાસાધિક, ઉજ્જ્વલ નિર્મલ ચિત્ત. સ૦ ૨

સજલ જલદ બાલા સમ ચાલા, વ્યાલ પરે સંસાર;
તે તુમો વિસ્તરીઓ દુઃખ દરિયો, તરી સહેજ અપાર. સ૦ ૩

જય જય તું દૂરીકૃત મંગુલ, મંગલ કેલિ નિવાસ;
વાસવ[2] પૂજિત ચરણ સરોરુહ, સુરભૂરુહકૃત વાસ. સ૦ ૪

દંભધરણી ભેદન વર ખેદન, સાર સીર ઉપમાન;
તું જય જ્ઞાનવિમલ વરદર્શન, ચરણ કરણનું ધામ. સ૦ ૫

ઇતિ સ્તુતિદ્વયં

**॥ ઢાલ પૂર્વની ॥**

એણી પરે સ્તવીને નરપતિ બેઠો, પેઠો સભાના મનમાં જી,
જયભૂષણ જિન હવે ઉપદેશે, ધર્મને નંદન વનમાં જી,
ભવસ્વરૂપ એમ ભાસે વાસે, અનિત્યતાદિક ભાવે જી,
પવન પ્રણોલિત પદ્મિની દલ જલ, પરે ક્ષણમાંહે નસાવે જી. ૨૦

પિય [3]પરિયણ સંભોગા ભોગા, [4]આગર બહુ દુઃખ કેરા જી,
જીવલોકમાં પ્રાયે દીસે, સવિ પુદ્‌ગલ અવકેરા જી,
શક્રાદિકને અપ્સર ભોગા, તે પણ ભંગુર ક્ષણમાં જી,
શોકાનલ તાપે સવિ તપીઓ, જેમ જલલોહ ન વામા જી. ૨૧

૧. સેવક ૨. ઇંદ્ર ૩. પરિજન ૪. ઘર, સ્થાન

ચક્રીને પણ ચક્ર સમો એ, ભવનું ચક્ર છે જોતાં જી,
અપરિચિત કામ ભોગે જાયે, નિશ્ચે નરકે રોતાં જી,
ઇતર પ્રાણીનું શું કહેવું નૃપ, નિત્યે દુઃખીઆ દીસે જી,
આપ ઉદર ભરવાને હીણા, દીણા કેમ તે ઉલ્લસે જી. ૨૨

સુખ સંસારમાં તિલ તુસ શતમે, ભાગે સુખ નિરુપાધે જી,
જોતાં તો તે કાંહી ન દીસે, તે ભણી બુધ શિવ સાધે જી,
સિદ્ધમાંહે નિરુપાધિ અતીંદ્રિય, સુખ તે સાદિ અનંત જી,
તે સુખ સંયમ ધર્મ આધીનહ, એમ બોલ્યા ભગવંત જી. ૨૩

ધન ધન તે જે જિનની દીક્ષા, દુર્લભ લહી આરાધે જી,
અપ્રમાદપણે નિરાશંસતા, મૂલુત્તર ગુણ સાધે જી,
એમ ઉપદેશ સુણીને રાજા, ભવભયથી ઊભગ્ગો જી,
શિવસુખનો રસીયો થઈ જિનવર,ચરણે આય વિલગ્ગો જી. ૨૪

પુત્ર કલત્ર પરિયણ લેઈ સાથે, લક્ખણા સાથે લેવે જી,
દીક્ષા લહી ઉત્સાહ ધરીને, શ્રી જિનના પદ સેવે જી,
થવિર મુનિને સોંપ્યા રાજાદિક, મુનિવરના પરિવારે જી,
લક્ખણા તે શ્રમણીને સોંપી, દુવિધ શિક્ષાને ધારે જી. ૨૫

સારણ વારણ ચોયણ ને પડિ,–ચોયણ વિવિધ પ્રકારે જી,
વિસરે તે સંભારણ સારણ, વારણ અકૃત્યને વારે જી,
ચોયણ તે વચનાદિકે પ્રેરણ, ન્યૂનાધિકતા ભાખી જી,
પડિચોયણ તે દંડ આકરો, દેવે પ્રવચન સાખી જી. ૨૬

એમ સંયમ મર્યાદા ધરતાં, કેતોએક ગયો કાલ જી,
સંયમ યોગ સમાધિ યુગતા, ભગતા નમતા ભાલે જી,
ગુણગુરુ ગુરુના જ્ઞાનવિમલ મતિ, સાધે જિનની આણા જી,
પાલંતાં ટાલંતાં બહુવિધિ, અતિચારનાં ઠાણાં જી. ૨૭

**॥ દોહા ॥**

હવે એક દિન તે લખ્ખણા, ઉદ્દેશાદિક કાજ;
અસજ્ઝાઈ જોવા ભણી, વસતિ શુદ્ધિને સાજ. ૧

પ્રવર્ત્તણીના વયણથી, કરવાને અનુયોગ;
જોવા જાવે બાહિરે, કોઈક કર્મને ભોગ. ૨

ચીડી મિથુન તિહાં કીલતું, દીઠું લક્ખણાએ તામ;
કોકાદિયે રતિ કેલિ કરે, જોઈ નયણ અભિરામ. ૩

તરુણપણે ઉપર ચઢે, વારંવાર ધરી પ્રેમ;
લક્ખણા નિર્લખણા થઈ, ચિત્તમાં ચિંતે એમ. ૪

પાપકર્મના ઉદયથી, એહ યુગલ કૃતપુણ્ય;
સ્વતંત્ર છંદપણે રમે, કાલ જાયે નહીં શૂન્ય. ૫

પંખ સમારે ઠણક દીએ, મુખમાં ઘાલે ચૂણ;
દંપતી દિલભર યોગથી, અવર પ્રેમ કહો [1]કૂણ. ૬

પ્રાણ દીએ પરગટપણે, તો શી અવરની વાત;
સંપૂરણ સંભારતાં, શાત દીએ સાક્ષાત. ૭

તે સંયોગ ન અનુભવ્યો, એલે ગયો જમવાર;
જિહાં સંકલ્પ સમે નહીં, તિહાં શ્યો બાહ્યાચાર. ૮

એહ રીતે ક્રીડા જોવતાં, ઉપજે મનમાં હર્ષ;
મુજથી એ અતિ સુખીયાં, પંખીથી હું [2]નિઃકર્ષ. ૯

જો મૈથુન સેવા તણું, મુજને સુખ જો હોત;
તો શાને સંયમ લીયત, કરત દાન પુણ્ય પોત. ૧૦

સંયતને તો જિનવરે, જોવું પણ પ્રતિષિદ્ધ;
કીધું પણ સીધું નહીં, એહથી મન ન વિરુદ્ધ. ૧૧

ગતવેદી[3] પ્રભુએ લહ્યું, નહીં તસ વેદનું દુઃખ;
રતિસેવા મેવા પરે, મીઠાં લાગે સુખ. ૧૨

એણી પેરે તેણે એમ ભાવીયું, વલી ક્ષણંતરમાંય;
ભાવના આવી વિષયથી, વૈરાગનીની ત્યાંય. ૧૩

**॥ ઢાલ આડત્રીશમી ॥**

(ગિરિમાં ગિરુઓ ગોરો મેરુ ગિરિ વડો રે—એ દેશી)

ધિગ્ ધિગ્ મુજને ગત લક્ષણ હું પાપિણી રે, લાગું એ મુજ પાપ;
મનથી રે તનથી રે, સેવ્યા વિણ લાગ્યું ઘણું રે. ૧

જોતાં ખેવ [4]ખોભાણું મનડું માહરું રે, તો જો હોય સંયોગ;
જિહાંરે રે તિહાંરે રે, કેમ ધીરજ ટકે તે ભણું રે. ૨

૧. કોણ ૨. હલકી ૩. વેદરહિત ૪. ક્ષોભ પામ્યું

હેતુ વિકારના મલ્યે પણ જસ મન નવિ ડગે રે; તેહજ કહીએ[૧] ધીર્જ;
જગમાં રે વગમાં રે, સંયમ મારગ એ નહીં રે. ૩

તે માટે યતિજનને જોવું વારીયું રે, ભગવંતે યુત્ત[૨] તેહ;
પવયણે રે શુભ ગુણ રે, જાયે એ જોતાં થકાં રે. ૪

વિષ ને વિષય બેહુમાં અંતર છે ઘણો રે, વિષ ખાધું દીએ મરણ;
એક ભવે રે બહુ ભવે રે, વિષય ચિંતનથી ભવ ભવે રે. ૫

यतः –एकवर्णातिरेकेण, विषविषयोर्महदंतरं
विषं तु भक्षितं हंति विषयाः स्मरणादपि १

ભાવાર્થઃ–વિષ અને વિષય એ બન્નેમાં વિષયમાં એક અક્ષર વધારે હોવાથી મોટો અંતર થાય છે, કારણકે વિષ તો ભક્ષણ કર્યે સતે જીવને મરણ પમાડે છે અને વિષય તો સ્મરણ થકી જ જીવને હણે છે.

રાગ દોષ જિતમોહી શ્રી વીતરાગની રે, આશાતના મેં કીધ;
મોટી રે ખોટી રે, જાતિ કુશીલ અબલા તણી રે. ૬

સ્વપને પણ રતિસેવા પુરુષ સંયોગની રે, દીઠી ન હૃદય મઝાર;
ચિંતી રે ગઈ વીતી રે, હું થઈ આજ એણે સમે રે. ૭

હા હા હા એમ વાણી મુખથી ઉચ્ચરે રે, કૂટે હૃદય ને પેટ;
તાડે રે પાડે રે, નિજ તનુ અનરથમાં ઘણું રે. ૮

તે ધન્ય મુનિવર દિવ્ય ભોગે પણ[૩] પ્રારથ્યા રે, નવિ ખોભ્યાં[૪] તિલ માત્ર;
ગાત્રે રે યાત્રે રે, ત્રિભુવન આવે ઉમહ્યો રે. ૯

ચીડી મૈથુન રતિ દેખી મેં લહી ક્ષોભના રે, તો મુજને મહા પાપ;
વ્યાપ્યું રે થાપ્યું રે, કુલ કલંક મેં એ ભવે રે. ૧૦

એતા કાલ લગે મેં શીલવ્રત પાળીયું રે, તે મેં ભૂસ્યું આજ;
ઇણ ધ્યાને રે માને રે, એહવાં પાપ ન પામીએ રે. ૧૧

સકલ લોકમાં[૫] અખલિત શીલ બિરુદ વહ્યું રે, આજ તાંઈ મેં સીમ;
નિયમે રે ક્ષણમેં રે, ધમ્યું કંચન ગયું ધૂલમાં રે. ૧૨

તો હવે શલ્યોદ્ધરણ કરું કોઈક કને રે, એમ મનમાં આલોચ;
કરતી રે નિરતિ રે, વળી વાસના આવી તિહાં રે. ૧૩

---

૧. ધીરજ ૨. યુક્ત, ઉચિત ૩. પ્રાર્થના કરાવ્યા ૪. ક્ષોભ પામ્યા ૫. અસ્ખલિત

પ્રગટપણે કહેતાં વળી કોઈ ઇમ જાણશે રે, એ સરખી એણી વાત;
ખોભી રે થોભી રે, હવે મર્યાદા શીલની રે;
તો ભી રે કેમ મુખ દેખાડી શકું રે. ૧૪

અકથિત પાપે શલ્ય હિયામાં રાખતી રે, નવિ થઈ એ તો શુદ્ધ;
પાખે રે આખે રે, જેમ દુર્ગતિ હોયે સંકલ્પને રે. ૧૫

વાઘ તટીનો કૂપ સર્પનો ઇહાં થયો રે, ન્યાય કરું હવે કેમ;
પેઠી રે જેઠી રે, હુતી પણ સંકટ પડી રે. ૧૬

અથવા ચિંતિત માત્ર એ દુરિત આલોતાં મુજને રે, નહીં કહેશે કોઈ દોષ;
પોષો રે રોષો રે, મન વિકલ્પનો આકરો રે. ૧૭

સેવ્યું હોય તો લોકમાં લજ્જા પામીએ રે, મન તો છે દુરારાધ્ય;
તેહમાં રે જેહમાં રે, અધ્યવસાય ઘણા વસે રે. ૧૮

એમ ચિંતી ગુરુ પાસે જાવાને ધસી રે, જાતાં કંટક પાય;
ભાંગો રે લાગો રે, શલ્ય અપર એ આકરો રે. ૧૯

ચિંતે મનમાં શકુન એ સુંદર નહીં રે, કિહાંથી કંટક જાત;
એણે રે જેણે રે, અંતરાય કર્યું આલોયણે રે. ૨૦

તો મુજ ઉપર વીજ પડો હવે કેમ નહીં રે, હૃદય ન ફૂટે કાંય;
છૂટે રે ખૂટે રે, જેમ એ પાપ અનુક્રમે રે. ૨૧

એહવામાં વળી [૧]માનશૈલ ચાંપી તે ઘણું રે, ચિંતે મુજ સમ કોઈ;
ખ્યાતે રે જાતે રે, સઘલે નિર્મળતા ગુણે રે. ૨૨

વિમલ કુલે ઉપન્ની કન્ની હું ધની રે, એ લઘુ શો અતિચાર;
દાખું રે રાખું રે, આપોપું અણકહેણથી રે. ૨૩

અકહ્યે શલ્યે દુઃખ પરંપર અતિ ઘણી રે, કહેતાં લઘુતા હોય;
માહરી રે ધારી રે, એહ વાત મનમાં તેણે રે. ૨૪

તો મન ચિંતે પરઉપદેશે પૂછીએ રે, પ્રાયશ્ચિત્ત ગુરુ પાસ;
નિજનું રે બીજનું રે, કહે તે સુણીને પડિવજું રે. ૨૫

પરની સાખે આલોયે શું નીપજે રે, હોયે તપથી શુદ્ધિ;
પરશું રે કરશું રે, દુષ્કર તપથી શોધીને રે. ૨૬

૧. માનરૂપી પર્વત

એમ ચિંતીને લક્ખણાએ તપ કરવા ભણી રે, કીધું મન ઉજમાલ;
જાણી રે નાણી રે, જ્ઞાનવિમલ મતિ આપણી રે. ૨૭

## ॥ દોહા ॥

[૧]છટ્ઠટ્ઠમ [૨]દશમ [૩]દુવાલસે, તિમ નીવિ તપ જાણ;
એકાસણે બિઆસણે, ચૌદ વરસ પરિમાણ. ૧

માસખમણ સોલ વરિસતાં, આંબિલશું વીશ વર્ષ;
ઇમ તપ કીધાં આકરાં, પૂર્ણ પચાસાં વર્ષ. ૨

આવશ્યક આતાપના,–દિક કિરિયા સમુદાય;
તે પણ નિત્ય મૂકે નહીં, અદીન મનસા થાય. ૩

એમ તપ આચરતાં થકાં, એક દિન ચિત્તમાંહિ;
એહવું આવી ઊપનું, દુષ્ટકર્મની છાંહી. ૪

[૪]મુધા મેં આતમ શોષવ્યો, એ તપનું કરી કષ્ટ;
શલ્ય પણ નવિ ઉદ્ધર્યું, અશન કર્યું ન વિશિષ્ટ. ૫

હું હતાશ ધિગ્ ધિગ્પણું, આર્ત્તરૌદ્ર ધરી ધ્યાન;
શલ્ય સહિત તે લક્ખણા, પામી મરણ નિદાન. ૬

એકણ નયરે ઊપની, ખંડુટ્ટા ઇતિ નામ;
દાસી થઈ વેશ્યા ઘરે, રૂપ ગુણે અભિરામ. ૭

કામી જન તેહને ઘણું, ઇચ્છે ભોગને કાજ;
પણ અકાજે [૫]કુટ્ટિની, વિઘન કરે તસ કાજ. ૮

નિજ [૬]ધૂઆની વૃત્તિથી, કાઢી ઘરથી તેહ,
વળી મનમાંહે ચિંતવે, એ છે રૂપનું ગેહ. ૯

સહુ કામી જન એહને, ઇચ્છશે એ નિર્ધાર,
વિનયી વચને મીઠડી, તે વહાલી હોય નાર. ૧૦

ત્યારે એહ મનાવશે, મુજને દેશે દુઃખ,
તો કાંઈ એહવી કરું, કિહાંયે ન લહે સુખ. ૧૧

---

૧. છટ્ઠ અને અટ્ઠમ (બે અને ત્રણ ઉપવાસ) ૨. ચાર ઉપવાસ ૩. પાંચ ઉપવાસ
૪. વ્યર્થ ૫. વેશ્યા ૬. પુત્રીની

## ॥ ઢાલ ઓગણચાલીશમી ॥

(નંદનકું ત્રિશલા હુલરાવે—એ દેશી. રાગ આશાવરી)

જે સુવિનીત [1]સુભાસી સુલજ્જા, રૂપવતી જે હોવે રે;
તે પ્રાયે સહુને મનગમતી, તેહને સહુએ જોવે રે.
દેખો અણાલોયણ ફલ પ્રત્યક્ષ, શલ્ય મહા દુઃખદાયી રે;
કંટક તોમર પ્રમુખ દ્રવ્ય દોહિલાં, તો શું કહેવું માયી રે;
ભાવશલ્યે ગુણ નહીં કાંઈ રે. દેખો૦ ૧

એમ ચિંત્યું તેણીએ કુટ્ટિનીએ, નાક કાન હવે કાપું રે;
એમ ચિંતીને અક્કા સૂતી, જનમ દુઃખમાં પૂરું રે. દે૦ ૨

એહવે ખંડુટ્ટાને સુપનમાં, કોઈ વ્યંતરે એમ દાખ્યું રે;
કુટ્ટિણીને ચિંતિત રખે હોવે, સા જાગી સુપન મન રાખ્યું રે. દે૦ ૩

પ્રાતઃકાલ ગણિકાથી બીહતી, નાઠી ભય મન પામી રે;
છ માસે ભમતીએ પામ્યું, ખેડનામ નગર અભિરામી રે. દે૦ ૪

તિહાં ધનાઢ્ય કુલપુત્રકે દીઠી, જાગી કામ [2]અંગીઠી રે;
મીઠી લાગે હૃદયમાંહે આણી, ઘરમાં રૂપે [3]ઉક્કિટ્ઠી રે. દે૦ ૫

પહેલી સ્ત્રી છે તેહને [4]અનીઠી, લાગે તસ છિદ્ર જોવો રે;
શોક્યવેદ દુર્ધર અતિ હોવે, તિહાં સવિ વૈર વિગોવો રે. દે૦ ૬

ખંડુટ્ટાને દેખી રીશે, ઊઠીને ગ્રહી દારે રે;
ચૂડેલ પરે તે કેડે લાગી, દાતરડાશું વિદારે રે. દે૦ ૭

મીણ કરી [5]તાતું તસ ગુહ્યે, [6]નામી વલી મન ચિંતે રે;
કોણ જાણે એમ કરતાં ન મરે, તો વળી પૂરે ખેતે રે. દે૦ ૮

વળી માહરા સુખને કરી પરાભવ, અથવા અવરને આણે રે;
તો એહવું કરું એહને દુઃખણી, પતિ પણ મુજ પરાક્રમ જાણે રે. દે૦ ૯

તાતી કોશ કરી [7]અય કેરી, સંચારે યોનિ માંહે રે;
તેણે દુઃખે સા મરણને પામી, હીંડી બહુ ભવમાંહે રે. દે૦૧૦

ખંડુટ્ટાનું કલેવર તેણે, નિરનુકંપથી કીધું રે;
ખંડો ખંડ કરી પશુ પંખી, શ્વાનને વહેંચી દીધું રે;
શોક્યનું વૈર તે લીધું રે. દે૦૧૧

---

૧. મીઠું બોલનારી ૨. અગ્નિ ૩. ઉત્કૃષ્ટ ૪. અનિષ્ટ ૫. ગરમ ૬. રેડીને ૭. લોઢાની

એહવે કુલપુત્રક તિહાં આવ્યો, તે[1]વ્યતિકર સવિ જાણ્યો રે;
સંવેગે વાસિત મનમાંહે, વૈરાગ્ય રંગ તે આણ્યો રે. દે૦૧૨

ધિગ્ ધિગ્ એ સંસાર વાસને, પાસ તે મહોટો એ છે રે;
વિષયામિષના ગૃધ્ધ જે પ્રાણી, તે દુર્ગતિમાંહે ગચ્છે રે. દે૦૧૩

કામ મહાગ્રહ કુગ્રહ ગ્રસિયા, ખસીયા પરે નવિ જાણે રે;
[2]કંડુ તો પણ લોહી ઝરતો, ખણતો મીઠાશને માણે રે. દે૦૧૪

વિષ હાલાહલથી એ વિષયા, વિરુઆ જાસ વિપાકા રે;
અંતે વિરસા આપા તરસા, જેહવાં ફલ કિંપાકા રે. દે૦૧૫

તે ધન્ય તે કૃતપુણ્ય કહીજે, વિષય વિમુખ જે થાવે રે;
જાણીને તે ધન્ય જગમાંહે, એમ વિરાગતા ભાવે રે. દે૦૧૬

સ્ત્રીચરિત્રની લહી ધીઠાઈ, મીઠાઈ નહીં ભવમાં રે;
એમ ચિંતી કુલપુત્રક મુનિને, પાસે ગયો પુર વનમાં રે. દે૦૧૭

વંદી ભગતે મુનિને ઘરનું, સવિ સ્વરૂપ તે ભાખે રે;
નિરારંભ નિર્દંભપણાથી, દીક્ષિત થયો સહુ સાખે રે. દે૦૧૯

ખંત દંત તપ સંજમ જુત્તો, મુક્તિનો કેવલ અર્થી રે;
સંયમ અવિકલ સકલ પાળીને, નિઃસંગી થયો પરથી રે. દે૦૨૦

કર્મ [3]ગંઠીના મર્મ સવિ ભેદી, સિધ્ધિ લહ્યો સર્વવેદી રે;
ઉત્તમ તે પર દુઃખ દેખીને, હોયે સંસાર ઉચ્છેદી રે. દે૦૨૦

હવે તે લખ્ખણા જીવ સંસારે, ભમતાં બહુ બહુ વારે રે;
ચક્રવર્ત્તીની સ્ત્રીરત્નપણે, ઉપની તેહ કેવારે રે. દે૦૨૧

તિહાંથી છઠ્ઠી નરકે વસીયો, તિહાંથી વળી ભવ ફરતો રે;
શ્વાનપણે ઉપન્નો અધન્નો, મૈથુન સંજ્ઞાએ [4]નિરતો રે. દે૦૨૨

[5]પિંડારે તે ગુહ્ય દેશમાં, શરે કરી વેધ્યો તાણી રે;
કૃમિકુલે લધ્ધો કુધ્ધો તુધ્ધો, વેદના લહી અહિરાણી રે. દે૦૨૩

મરી વેશ્યા [6]ઉયરે ઉપ્પન્નો, સુતાપણે તસ જીવો રે;
ગર્ભમાંહે બેહ માસે મૂઓ, વેદન સહેતો અતીવો રે. દે૦૨૪

ભવ નવાણું એણી પરે ગર્ભમાં, વસી વસી મરણ પામે રે;
એમ કરતાં દારિદ્રે ઉપદ્રુત, માનવનો ભવ પામે રે. દે૦૨૫

૧. હકીકત ૨. ખરજ ૩. ગ્રંથિના ૪. મગ્ન, લીન ૫. ભરવાડે ૬. ઉદરે, પેટે

ગર્ભે ઉપન્ને જણત ખેવમાં, એટલે મૂઈ માય રે;
પિતા પણ બે માસે મૂઓ, એણી પરે બહુ દુઃખ પાય રે. દે૦૨૬

જીવાવે કષ્ટે કરી કરુણા, [1]ગોકુલીને તે આપે રે;
નીચ નીચ જનને ધવરાવે, વાછરુઆં પરે ખીર થાપે રે. દે૦૨૭

એણી પરે તે બાલાને વધારે, અનુક્રમે થઈ મહોટી રે;
પ્રતિદિન ખીર વંચી પીએ સહુનાં, હિયડામાંહે ખોટી રે. દે૦૨૦

નિર્દય ક્રોધણી સહુને દવલી, અવલી ગતે તે ચાલે રે;
કર્મજાલ બાંધીને એણી પરે, કર્મશું કુણહી ન ચાલે રે. દે૦૨૧

જ્ઞાનવિમલગુરુ ગણિ પણ તેહવે, કહો કેણી પરે કરી પાળે રે;
તેહ ભણી આતમ શુદ્ધ કરજો, તુરતમાં પાપ પખાલે રે. દે૦૩૦

**॥ દોહા ॥**

તિહાંથી મરી તે ભવ ફિર્યો, કોડા કોડી તિવાર;
ક્ષુધા તૃષાએ પીડિયો, વ્યાધિ વેદના પ્રચાર. ૧

વધ બંધન ને [2]મારણા, દુઃખ પામે બહુ વાર;
શસ્ત્રે કે [3]દાધજ્વરે, મરણ લહે નિરધાર. ૨

એમ ફરતો થયો દ્વિજકુલે, નિર્ધન ને દોભાગ;
તિહાંથી મરી દેવીપણે, કુહડી વ્યંતરી લાગ. ૩

તિહાંથી મરી બંભણ થયો, વળી ચામુંડા દેવી;
તિહાંથી દુષ્ટ બિડાલ થઈ, ગયો નરકે તતખેવ. ૪

તિહાંથી સાત ભવા લગે, થયો [4]મહીષ અતિ ક્રૂર;
તિહાંથી મનુજ ને માછલું, તિહાંથી નારક પૂર. ૫

તિહાંથી ક્રૂર અનાર્યમાં, મનુજ થયો સ્ત્રીભાવ;
તિહાંથી મરી છઠ્ઠીએ ગયો, નહિ કંઈ કરુણાભાવ. ૬

તિહાંથી કુષ્ટી નર થયો, તિહાંથી સાતમી જાય;
ખાસી ગૌણપણે થયો, ગોણી વહણ તે થાય. ૭

ક્ષેત્રખલા તે ખાવતાં, ઘાલી કાદવમાંહિં;
કાગજલૂકા ખાયતી, મરણ લહી સા ત્યાંહિં. ૮

તિહાંથી મરુથલમાં થયો, સાપ દૃષ્ટિવિષ ઘોર;
પંચમ નરકે મરી ગયો, કર્મ તણે તે જોર. ૯

૧. ગોવાલણને ૨. હત્યા ૩. દાહજ્વરથી, બળતરાથી ૪. પાડો

ઇમ ભમીયો ચઉગતિ ભવે, પામ્યો દુઃખ અસંખ;
લખ્ખણા જીવ તે આપણા, કર્મવશે અચિ તિક્ખ. ૧૦

## ॥ ઢાલ ચાલીશમી ॥

(બેડલે ભાર ઘણો છે રાજ—એ દેશી)

એમ લખ્ખણાનો જીવ ફિરંતાં, પદમનાભ જિન વારે;
આવંતી ચોવીશી માંહે, એકણ ગામ મઝારે.
ભવિકા સુણજો ભાવિ, એહવી સાચી વાતાં;
મનમાં શલ્યે થાય, બાંધે નરકનાં ખાતાં; ભ૦ ૧

ખુંધી દેહે ઊંધી લખ્ખણે, બહુ ઉદ્વેગ પમાડે;
પિતાને તે ગામને લોકે, ખરચાડીને ભમાડે. ભ૦ ૨

મશ ગેરુ કાજલશું લીંપી, છીંપી ચીવર કૂટે;
તેમ મારંતી વિરસ વાજતે, ફૂટો પડહો આગળ ફૂટે. ભ૦ ૩

એમ વિગોઈ રાનમાંહિં તે, મૂકી ઘૂંકા દેઈ;
કંદમૂલ ફલ ભોજન કરતી, કાલ ગયો એમ કેઈ. ભ૦ ૪

વિષયે ખુતી એક દિન સૂતી, ઋતુ ધર્મમાં બાધી,
છછુંદરીએ એક દિન તિહાં કણે, નાભિ ગુહ્યમાં ખાધી. ભ૦ ૫

એમ કરતાં તે સકલ શરીરે, ભખે છછુંદરી તીખી;
દુઃખ અતીવ સહંતી તિહાં કણે, તોહે સુમતિ ન શીખી;
પેટ ભરે વને ભીખી. ભ૦ ૬

ભમતાં ભમતાં એક દિન ત્યાં, દેખશે સા સમોસરણં;
પદ્મનાભ જિન કેરું કર્મે, સકલ દુઃખનું હરણં. ભ૦ ૭

શ્રીજિનનાથ વિહારે ક્ષણમાં, રોગ શોક સવિ જાવે;
પ્રાણીના પરગટ એ મહિમા, સુખીયા સહુએ થાવે. ભ૦ ૮

તે ખુજ્જિના નાઠા સઘલા, રોગ શોક તિણ વેલા;
જિનદર્શન હોયે તે ધન્ય વેળા, ઋદ્ધિ સિદ્ધિની લીલા. ભ૦ ૯

વંદી તે જિનવરને પૂછશે, પૂરવ ભવ પાતકડાં;
શ્યાં કીધાં સ્વામી તે દાખો, જિમ લહ્યાં એવાં દુઃખડાં. ભ૦૧૦

લખ્ખણા સમણી કેરા ભવથી, અણઆલોયણ હેતે;
પાપ વિપાક તણાં ફલ દાખ્યાં, સાંભળી થઈ તે ચેતે. ભ૦૧૧

ભવભ્રમણથી પરિતંતા ખુજ્જા, લેશે તિહાં કણે દીક્ષા;
આપ તણું દુષ્કૃત આલોઈ, ચરણ ધર્મ ગ્રહી શિક્ષા. ભ૦૧૨
આલોઈ નિઃશલ્ય થઈને, કર્મમયલ સવિ ટાલી;
લખ્ખણા જીવ તે સિદ્ધિ લહેશે, ખુજ્જી આપ સંભાળી. ભ૦૧૩
ભાવશલ્ય થોડું પણ બહુ હોય, અણઆલોયું હંતું;
ગારવ પ્રમુખ અવગુણથી વધતું, સહુથી એ છે નિરતું. ભ૦૧૪

**ઇતિ શ્રી લખ્ખણા દૃષ્ટાંત શીલસન્નાહ મુનિએ રુપ્પી સમણી આગળ કહ્યો.**

તે માટે વત્સે! તું ભવમાં, દુઃખ ન લહે અતિ તીખાં;
લક્ખણા આર્યાની પરે તેણે મેં, વચન કહ્યાં સુધા સરીખાં. ભ૦૧૫
શીલસન્નાહ મુનીશ્વર બોલ્યા, ભલી પરે આલોયે;
પુત્રી! નિજ આતમને નિર્મલ, કરી શિવગતિ ઠાવેયે. ભ૦૧૬
બહુશ્રુત પાઠ પઢી તું વત્સે, દુર્ધર કૃત તપ આચરણા;
ત્યાં કોઈ શલ્ય અપલપીને, નહીં થાશે ભવતરણાં. ભ૦૧૭
રાનમાંહે રોયું જેમ નાટક, અંધની આગળ અફલ્યું;
બહેરા આગળ જેમ વાતડલી, તિમ મનશલ્યે ચારિત્ર વિફળ્યું. ભ૦૧૮
ચિરકાલે ધમીયું તે કંચન, એક ફૂંકમાં હારે;
કાચ કાજે ચિંતામણિ કોઈ, કોડી કાજે કોણ હારે. ભ૦૧૯
ચિંતામણિથી અધિક ચરણ છે, તે તેં પામ્યું પાળ્યું;
થોડુંહિ ભાવશલ્ય રાખીને, મૂઢપણે રજે ઢાલ્યું. ભ૦૨૦
થઈ નિઃશલ્ય આપોપું તારો, દંભ થકી જમવારો;
ગારવથી એ લાભ મ હારો, કહું વચન એ ખારો. ભ૦૨૧
વાર વાર એમ સારણ વારણ, ચોયણ કીધી બહુલી;
પણ ચીગટ કુંભે છાંટ ન લાગે, છારે છાણની ગુહલી. ભ૦૨૨
કાણે કુંભે નીર ન ઠહરે, શિખવ્યા બગ નવિ હંસા;
લસણ કપૂરે ન હુયે સુગંધું, જવ ન હોયે તંદુલ અંશા. ભ૦૨૩
કાલિ ધાબલ રંગ ન લાગે, મેંડક કમલ ન ગંધે;
અભવ્ય ઉપદેશ શતે પણ કિમહી, બૂજવ્યો નવિ પ્રતિબોધે. ભ૦૨૪
તેમ દુર્ભવિ પણ કર્મપ્રબંધે, નાવે ચિત્તમાં કાંય;
જ્ઞાનવિમલ પ્રભુ આણ ન માને, વચન ન આવે દાય. ભ૦૨૫

॥ દોહા ॥

રુપ્પી સાહુણી એમ સુણી, સદ્ગુરુ કેરી શીખ;
કહે સ્વામિન્! તુમ આગળે, જૂઠ કહ્યે શી દિખ્ખ. ૧

માતપિતા રાજા ગુરુ, દેવાદિક જે પૂજ્ય;
તે આગળ જૂઠ ન ભખીએ, નીતિશાસ્ત્ર એ સૂઝ. ૨

તો શું કહેવું સાધુને, જાણી ભાખો આલ;
વળી નાણી ગુરુ આગળે, કોણ એહવો છે બાલ. ૩

મહા સિંધુ તરીને કહો, ગોપદ સમ તસ તીર;
તિહાં કણે બૂડે બાપડો, જેહ ન અતિ ગંભીર. ૪

તુમ સરીખા ઉપદેશ દિયે, હિત ધરી પ્રવચન સાખ;
જો નવિ કહે નિજ શલ્યને, તો શું હોયે તસ આંખ. ૫

નિવિડ[1] નિયડી[2] તણે વશે, [3]અજ્જા બોલી તામ;
તુમને નિરખ્યા તે સાંભરે, પણ દૃષ્ટિરાગે નવિ કામ. ૬

જાણ્યું નામ મેં તુમ તણું, શીલસન્નાહ કહે લોક;
તેહ પરીક્ષણ કાજ મેં, તુમને કર્યો અવલોક. ૭

કામવિકાર ન માહરે, દીપે નહીં લગાર;
તુમો સામંતના બેટડા, તિહાં કિમ રાગ પ્રચાર. ૮

એમ કહેતી સા તેણે સમે, માયાશલ્યે તામ;
શૂલ પરે શલ્યિત થઈ, ન રહી ચરણની મામ. ૯

તિણ વેળાએ બાંધીઓ, સ્ત્રીનો વેદ અસાર;
તતક્ષણ પ્રાણે પણ તજી, તે અજ્જા નિરધાર. ૧૦

વિજ્જુકુમાર[4] નિકાયમાં, નોલી વાહન રૂપ;
ઉપ્પન્ની દેવીપણે, માયાથી પડી ભવકૂપ. ૧૧

॥ ઢાલ એકતાલીશમી ॥

(રાગ ધમાલ/ગોડી– જીવન રહો રહો સનતકુમાર–એ દેશી)

તિહાંથી ચવી દુર્ગતિ દ્વિજતનયા, દોભાગિણી દુઃખિણી;
દુર્ગંધા મેલી ભમરાળી, કાળી ને નિર્લખણી રે;
[5]સયણો! જુઓ જુઓ કર્મવિપાક;
વિષમા મોહ માયાના છાક રે. સયણો૦ ૧

૧. નિબિડ, કઠિન ૨. નિયતિ, પ્રારબ્ધ ૩. આર્યા, સાધ્વી ૪. વિદ્યુતકુમાર ૫. સજ્જનો

તરુણપણામાં પણ કોઈ તેહને, કોઈ નર નવિ ઇચ્છે;
એમ આધિ વ્યાધિ તે પીડી, મરી [1]તિરિમાંહે ગચ્છે રે.સ૦ ૨

તિહાંથી માનુષણી વળી નરકે, તિહાંથી તિરિગતિ પામે;
છેદાતી ભેદાતી બહુ પરે, વ્યાધિ પરંપરા કામે રે.સ૦ ૩

ભૂખ તૃષા વ્યાધિ બહુ પીડા, સહેતી બહુ બહુ વારે;
દુઃખ પીડિત સઘળે અનાદેયા, ભમતી એમ સંસારે રે.સ૦ ૪

રુપ્પી અજ્ઞાના ભવથી માંડી, ભમી એણી પેરે ભવ લાખ;
ત્રણ ભવ ઊણા એણી પરે કીધા, પામી ન સુખની સરાખ રે.સ૦ ૫

એમ અકામ નિર્ઝરણપણાથી, સહજ ધર્મગુણ પામે;
મંદ કષાય દંભ તિહાં તેહને, ગુણો જનના ગુણ કામે રે.સ૦ ૬

નરભવ પામી લેઈ પ્રવ્રજ્યા, સૂરિતણું પદ આવ્યું;
પ્રવચનને અનુસારે ગચ્છને, પાળી પદ શોભાવ્યું રે.સ૦ ૭

પૂરવ ભવ માયાને [2]બીજે, [3]અગ્રમહિષી થાવે;
ઇંદ્ર તણી તે સુરી ચવીને, તિહાંથી ચવી ઇહાં આવે રે.સ૦ ૮

સંબુક ગામે માહણઘરણી, થઈ તે જાઈ સરણા;
પ્રતિબોધાણી સુલભ બોધિથી, સિદ્ધિ લહી ભવ તરણા;
કરી ચારે તિહાં સરણાં રે.સ૦ ૯

**ઇતિ રુપ્પી ભવભ્રમણ કરી ગોવિંદદ્વિજપત્ની થઈ સિદ્ધિ પામી તેની કથા સમાપ્ત.**

અથ શ્રી ગૌતમ વીરને પૂછે, થઈ સાહુણી સા રુપ્પી;
સાત આઠ ભવ મૂકી બહુ ભવ, કેમ ફરી કહો તે પ્રરૂપી રે.સ૦૧૦

ભવણ ગુરુ તવ ભાષે એણી પેરે, એણે કીધી તઈએ માયા;
શીલસન્નાહ સૂરિએ બહુ કહિયું, પણ નવિ ચિત્તમાં આયા રે.સ૦૧૧

માયા વિષવલ્લીની મૂલી, માયા ભવથલ ધૂલી;
માયા ચરણ ધર્મની શૂલી, ધન્ય જેણે માયા ઉન્મૂલી રે.સ૦૧૨

તેહ કર્મવિપાક ઉદયથી, લાખ ભવા લગે હિંડી;
ભવમાંહે દુઃખભવની ઊંડી, એ સમ કોઈ ન ભૂંડી રે.સ૦૧૩

જો એ તેણે ભવે માયા ન કરતી, તો તે સિદ્ધિ લહંતી;
પણ ભાવી તથાભવ્યતા આગે, મતિ ન કો બલવંતી રે.સ૦૧૪

૧. તિર્યંચગતિમાં ૨. બીજથી, ફળરૂપે ૩. પટરાણી

એણી પરે રુપ્પીચરિત્ર સુણીને, જે નવિ શલ્ય ઉદ્ધરશે,
સૂક્ષમ પણ તે ગૌતમ નિસુણો, બહુ સંસારે ફરશે રે.સ૦૧૫

જેમ દધિમાં નવનીત સાર છે, કુંત તણું જેમ અણીએ;
તેમ જિનધર્મે નિઃશલ્ય કરવું, આલોયણ તે ભણીએ રે.સ૦૧૬

હવે તે શીલસન્નાહ મુનીશ્વર, રુપ્પીચરિત એમ દેખી;
આ જન્મનું શલ્ય ઉચ્છેદી, જે આતમનો ગવેષી રે.સ૦૧૭

ઉત્તર દિશ ઈશાન કોણે અથ, ચૈત્યવંદન પભણીને;
પડિલેહણ મુહપત્તિ પડિલેહી, થંડિલ ભૂમિ મુણીને રે.સ૦૧૮

સાધુજને પરવરીઓ તરીઓ, પલ્યંકાસને બેસી;
આરાધનાની વિજયપતાકા, લેવે નિજ મન હરષી રે.સ૦૧૯

ત્રિભુવન પૂજ્ય નમી અરિહંતા, સકલ કાર્યસિદ્ધિ સિદ્ધા રે;
પંચવિધાચારે સુપવિત્તા, સૂરિ સુગુણ સમિદ્ધા રે.સ૦૨૦

સૂત્રારથ દાયક ઉવજ્ઝાયા, સુગુણા સાધુ સહાયા;
એ પંચે પરમેષ્ઠી થુણતે, મનું શિવસુખ કરી આયા રે.સ૦૨૧

ચાર કષાય તણો મલ મૂકી, કરતા ચારે શરણાં;
ચાર આહાર પચ્ચક્ખી ચઉ ગતિ, ભ્રમણ કર્યા નિસ્તરણાં રે.સ૦૨૨

પાદોપગમ અણસણને સાધે, શુક્લ ધ્યાનમાં વાધે;
માસ લગે એહવું આરાધે, સાધુ સહિત નિરાબાધે રે.સ૦૨૩

શીલસન્નાહ મુનીશ્વર ઈશ્વર, વંદિત ચરણ સરોજા;
શિવ પામ્યા જિહાં અખય અનંતા, અનુભવ સુખનાં મોજાં રે.સ૦૨૪

જ્ઞાનવિમલ દર્શન ચારિત્રનાં, ફલ રૂડાં એમ જાણી;
માયાશલ્ય કાઢી આલોયણ, સૂધા લીઓ ભવિ પ્રાણી રે.સ૦૨૫

**ઇતિ શીલસન્નાહમુનિ રુપ્પીસાહુણી ચરિત્રં સમાપ્તં**

**॥ દોહા ॥**

હવે ગૌતમ પ્રણમી કરી, પૂછે શ્રી જિનવીર;
સુજ્ઝસિરી આહેરણી, તસ પ્રબંધ કહો ધીર. ૧

દીક્ષિત થઈ કે નવિ થઈ, શો તેહનો અવદાત;
કૃપા કરી તે દાખીએ, સુણે ભવિ સવિ સાક્ષાત. ૨

પ્રભુ કહે તે હવે સુજ્જસિરી, જાતી જનક સંઘાત;
અંતરાલે તે અપહરી, ગોકુલપતિએ ત્રિજાતિ. ૩

કહે ગોરા લેઈ કરી, દિયું ન તંદુલ મૂલ્ય;
કિહાં જાય છે મુજ ઠગી, દીસે વૈરી તુલ્ય. ૪

સંપ્રતિ ભદ્રે આવ તું, ગોકુલમાં મુજ સાથ;
જો સુવિનીત થઈ રહીશ તો, પુત્રી પરે તું આથ. ૫

સુજ્જસિરી તવ ગોકુલા, સાથે ગઈ તસ ગેહ;
સરસપણે ભિક્ષા ચરે, ભીખ લહે દેઈ નેહ. ૬

હવે દ્વિજ સુજ્જસિવો તિહાં, દેશમાં કરી વાણિજ્જ;
નર પશુ ધાન્ય વિક્રય કરી, મેલ્યું ધન અતિ [1]ગર્હ્ય. ૭

તે ધનનું કંચન કરી, કંચનના કરે રત્ન;
સંચય કરીને રાખીએ, સાધી ઘણો પ્રયત્ન. ૮

धनानामर्जने दुःखं, दुःखं तदनुरक्षणे
आये दुःखं व्यये दुःखं, धिगर्थो दुःखभाजनम् १

ભાવાર્થ–ધન કમાવતા દુઃખ છે, તેની રક્ષા કરવામાં પણ દુઃખ છે, અને ખર્ચ કરવામાં પણ દુઃખ છે. એવા દુઃખના ભાજનરૂપ ધનને ધિક્કાર છે!

એમ કરી તે દ્વિજ ધની થયો, ચિંતે મનમાં એમ;
પરદેશે બહુ ધન લહ્યું, મન નવિ ઉપજે પ્રેમ. ૯

જે ભણી સયણ તુષ્ટ હુયે, દુષ્ટ દેખી નરરાય;
તેહ ધને શું કીજીએ, તે ભણી નાવે દાય. ૧૦

એમ ચિંતવીને ચાલીયો, સુજ્જસિવો નિજ દેશ;
અનુક્રમે અનુક્રમે આવીયો, તે ગોકુલ સન્નિવેશ. ૧૧

**॥ ઢાલ બેંતાલીશમી ॥**

(અખ્યાનની દેશી)

(ભલું થયું જે ભર્મ ભાગો, હેત લાધો હરિ તણો–એ દેશી)

સુજ્જસિરી હવે યૌવન પામી, કામીનાં મન મોહે,
જાણું મનું દધિકી એ તનયા, દૂસરી સિરી જ્યું સોહે;
કમલનયણી કમલવયણી, કમલ કોમલ પાણી;
પિકરવકંઠી કંઠી કટિની, સરસ સુધારસ વાણી. ૧

---

૧. નિંદનીય

રતિ સમ રૂપા નાસા દીવા, પીના ઘણથણ યુગલા;
રાગક્ષીર નીરધીરસ રંગે, તરણ વહણ ઉરુ મમલા;
જે શૃંગાર મહારસ વાપી, થાપી મદન મહારાજે;
ત્રિભુવન ઝીપન હેત હિયે જે, શક્તિ મનું કરી સાજે. ૨

એહવે દુકાલ વેતાલજક નાઠો, પસર્યો સૂથ સુગાલો,
વિષમાપંથ હતા જે તસ્કર, તેહ ગયા જંજાલો;
[1]કર્ષુક લોકને હર્ષનો કારક, વરષા વ્યાપ્યો ગગને;
જાર સૂર્ય નિજ દયિતા ધરણી, તાપ કઢાવ્યો તેહને. ૩

દયિતા ધરણી પરશું લાગી, જાણી દીએ તસ મારે;
કરહાદૃષદ તણું મનું રજે, ભર ઘાલે મુખે વાયે ધારે;
શીત ગ્રીષ્મ બેહુ જારે વિલસી, નિજ દયિતા જે ધરણી;
ગર્જારવ હોકારે ચપલા, તરવારે ભય કરણી. ૪

મૂર્ચ્છા પામી દયિતા જાણી, શીતલ પવનને નીરે;
છાંટી માટી વર્ષા મિલતે, થઈ અંકુરિત નૂરે;
હરિયાલાં ચરણાં પહેરાયાં, મામોલાં કરી ટીકી;
નદી નાહલાં હાર પહેરાયા, શોભાવી પ્રિયા નીકી. ૫

[2]દાદૂર [3]નેઉરના ઝંકારવ, બગ પંક્તિના ચૂડા;
[4]શિખી નાટક પરે ચીર વિવિધ વર, પહેર્યાં દીસે રૂડાં;
ચાતક પિયુ પિયુ કલરવ કૂજિત, પૂજિત મન્મથ રાજા;
પૂરણ સરવર કુંડલ મંડલ, આખંડલ ધનુ તાજા. ૬

બગઋષિ ભૂપતિ પાવસ બેઠા, મુરરિપુ જલધિયે સૂતા;
મનું વર્ષાઋતુ નૃપપ્રિયા સંગે, રંગે પ્રેમે ખૂતા;
છત્રાકારે શિલેંધ્ર છત્ર ધારી, કેતક ચામર ઢાલે;
એમ બહુ સાજ સજીને આવ્યો, સુખ સમુદય વરસાલે. ૭

શકટ કટકનાં ચાર રુંધાણા, ફેરે બલાકી સુજાણા;
વિરહી જનનાં મન અકુલાણાં, માનિની માન ગંજાણાં;
ખલહલ વહેતાં નાલ પ્રણાલા, લતાએ તરુ લપટાણા;
વિકસિત નીપ તિલકને બાણા, ફરે મદનનાં બાણાં. ૮

એણી પરે વિસ્તરીઓ વરસાલો, કાદવ ચીખલ આલો;
વરસે જોર ઘનાઘન કાલો, સુખીયા લાગે સુખાલો;

૧. ખેડૂત ૨. દેડકાં ૩. નુપૂર ૪. મયૂર

તેહવે સમયે ગોકુલમાંહે, આગળ સાથ અભાવે;
કાલ નિગમવા હેતે ચિત્તે, સુજ્ઝસિવો તિહાં આવે. ૯

ભોજન હેતે ભમતો ભમતો, ગોકુલીને ઘેર આવ્યો;
મનગમતું જો ભોજન દેવો, તો સઘલો મેં પાવ્યો;
ચંદનપીઠ પરે તે મીઠી, સુજ્ઝસિરી તિહાં દીઠી;
હૃદયમાંહે ખીલી પરે પેઠી, જાગી કામ અંગીઠી. ૧૦

રૂપે રતિથી એહ ઉક્કિટ્ઠી, મતિ થઈ તિહાં તસ ધીઠી;
જાણે આવી મદનની ચિટ્ઠી, થયો ઉલંઠ જેમ જેઠી;
પ્રથમ યૌવન વયમાંહે બેઠી, એથી અવર કની હેઠી;
માર્યો મદનશરે મનું મૂઠી, જઈ ન શકે તે ઊઠી. ૧૧

[1]જંપે રે ભદ્રે! તુજને દીએ, માતા પિતા એ તાહરાં;
મુજને તો ધન શત [2]પલ કંચન, આપું એકણ વારા;
સયણ અવરને બહુ ધન આપું, થાપું તુજને પાસે;
એહવાં તેહનાં વયણ સુણીને, ચિત્તમાં સુંદર ભાસે. ૧૨

તેણીયે તેહ સયણાં મેલી, કહે કિહાં ધન તે દેખાડો;
પંચ રત્ન દેખાડ્યાં તતક્ષણ, કહે એહ કિશ્યો પવાડો;
તે કહે એ ઇંટાળા સરખાં, એ ધન કેણે લેખે;
સુજ્ઝસિવો કહે એહનો મહિમા, જાણે તેહ વિશેષે. ૧૩

આવો પુરમાં એહનો મહિમા, દેખાડીને સુણાવું;
તો તે સાથે પુરમાં પહોતા, રયણનું મૂલ્ય જણાવ્યું;
રયણ પરીક્ષક નર જે હુતા, તેણે જઈ ભૂપતિ પાસે;
દ્વિજ કહે રત્નનું મૂલ્ય પ્રકાશો, તવ તે પરીક્ષક ભાસે. ૧૪

તેહ કહે એક રતનનું અમથી, મૂલ્ય ન કહિયું જાયે,
તો પાંચેનું મૂલ્ય કેણી પરે, સાથ કરી કહેવાયે;
તવ રાજા કહે દ્વિજને સુણ રે, ભવ્ય રત્ન એ પંચ;
મૂલ્ય કિશ્યું આપું હું તુજને, તેહ પારિક્ખયણ પંચ. ૧૫

દ્વિજ કહે સ્વામી પ્રસન્ન થઈને, જેહ આપો તે પ્રમાણ;
યદ્યપિ બહુ મૂલાં છે તો પણ, તુમે છો પ્રીતિનું ઠાણ;
દસસય કોડી કંચન આપી, હા કહી તેણે લીધું;
ઉપર વળી એહવું તેણે માગ્યું, રાજાએ તે પણ દીધું. ૧૬

૧. કહે ૨.ચાર તોલા જેટલું માપ

એ પર્વતની પાસે ગોકુલ, તિહાં કરવો અમે વાસ;
પંચવીશ જોયણ ભૂમિ અકર કરી, દ્યો પૂરો અમ આશ;
રાજાએ તે તહત્તિ ભણીને, સ્વસ્તિ કહી ભૂમિ લીધી;
દ્રવિણ[1] ગ્રહીને ગોકુલે પહોતા, મનની આશા સીધી. ૧૭

સુજ્ઝસિરી પરણી બહુ પ્રેમે, ચિંતિત કારિજ કીધો;
દેહ તણી છાયા જેમ જાયા, વિષયનો મદિરા પીધો;
મૂઢ હૃદયના કાંય ન જાણે, [2]તિરિખ્ખ મૂરખ બેહુ સરખા;
લોભી કામી ક્રોધી રોગી, મદીયા અંધ પરે પરિક્ખા. ૧૮

બહુલો કાલ ગયો એમ કરતાં, વિષયાને અનુસરતાં;
પણ બેહુનું મન એણી પરે વ્યાપ્યું, એ મધ્યમ કૃત્ય કરતાં;
પ્રબલ પુણ્યનો ઉદય હોવે જવ, તો સમી મતિ સૂઝે;
જ્ઞાનવિમલ સૂરિ કેરે વયણે, તે પ્રાણી પ્રતિબૂઝે. ૧૯

॥ દોહા ॥

અન્ય દિવસે તિહાં આવીયો, મુનિયુગ વિહરણ કાજ;
તે નિરખીને સુજ્ઝસિરી, ઊઠી વંદન કાજ. ૧

રુદન કરે તિહાં અતિ ઘણું, પૂછી સુજ્ઝસિવેણ;
એવડું દુઃખ શું છે પ્રિયે, રુદન કરે છે કેણ. ૨

સા કહે મુજ બાલાપણે, માહરી સ્વામિની જેહ;
તે એહોને પ્રતિલાભતી, વિવિધ વસ્તુ ધરી નેહ. ૩

પંચાંગે પ્રણમનપણે, કરતી ધરતી ભાવ;
મુનિ દેખી તે સાંભર્યું, દુઃખ સાંભરે અવસર પાવ. ૪

સજ્જન કિમહિ ન વીસરે, એ ઉત્તમનું ચયન;
પણ અવસરે તે સાલે ઘણું, જબ અહિઠાણે અયન. ૫

यतः–साजनीया साले नहीं, पण साले तस अहिठाण;
ढोलडीयो विसहर थयो, मंदिर थयां मशाण. १

साजनीया विणु सुख जे, ते दुःख थईने दाझंत;
अन्न पान ने निद्रडी, करतां सुख न दीयंत. २

ते सज्जन केम वीसरे, जेशुं मान्युं मन्न;
सास पहेलां ते सांभरे, जिम भूख्याने अन्न. ३

૧. દ્રવ્ય, ધન ૨. તિર્યંચ

અર્થ–૧. સાજન (પતિ) યાદ ન આવે, પણ તેની નિશાની જોઈએ ત્યારે બહુ યાદ આવે છે, ત્યારે શય્યા સર્પ જેવી લાગે છે, ઘર સ્મશાન જેવું લાગે છે. ૨. સાજન વગર સુખ પણ દુઃખની જેમ બાળે છે, અન્ન, પાન અને નીંદ પણ સુખ નથી આપતા. ૩. જેથી મન લાગ્યું હોય તે સાજન કેમ ભુલાય? એ તો શ્વાસ પહેલા યાદ આવે, જેમ ભૂખ્યાને અન્ન સાંભરે તેમ.

પિયુ તે મુજને સાંભર્યું, દેખી મુનિયુગ હેવ;
તે દુઃખથી રોદન કરું, દોહલી એહની સેવ. ૬

ફરી સંભ્રાંતપણું ધરી, પૂછે તિહાં તસ કંત;
તે તાહરી કોણ સ્વામિની, કહે તું મુજ એકાંત. ૭

તેણે ચરિત સવિ પાછલું, ભાખ્યું તિહાં પરગટ્ટ;
સુજ્ઝસિરી નિજ બેટડી, તેણે લહી તદા પરગટ્ટ. ૮

સુજ્ઝસિવો હવે ચિંતવે, એ શું થયું અકજ્જ;
અહો અહો શું નીપજ્યું, ધિગ્ ધિગ્ મુજને અજ્જ. ૯

**॥ ઢાલ તેંતાલીશમી ॥**

(નાનો નાહલો રે–એ દેશી)

હું અધન્ય અપુત્રીયો રે, હું અતિ હિમ્મત હીણ;
ધિક્ ધિક્ કર્મને રે;
વિધિવશથી શું નીપનું રે, હું દુઃખીઓ અતિ દીન;ધિ૦
કર્મ કરે તે હોય; ધિ૦ કર્મથી બળિયો ન કોય.ધિ૦ ૧

રાજા રાંકપણે કરે રે, રંકને કરે વળી રાય; ધિ૦
જીવને ચૌગતિ રોલવે રે, ભાગ અનંતમે વિકાય. ધિ૦ ૨

હું પાપી પાપે ભર્યો રે, શો કરું હવે રે ઉપાય; ધિ૦
અગ્નિમાંહે પેસી મરું રે, કે ગલે ફાંસો ખાય. ધિ૦ ૩

કિંવા તનુ [૧]તિલ તિલ કરું રે, છેદી કરવત ધાર; ધિ૦
કે ભડથ[૨] કરું એ અંગને રે, કે ગિરિથી પડું નિરધાર. ધિ૦ ૪

કિંવા ઘણના ઘાયશું રે, કે ઘાણીનો ફેર; ધિ૦
ખેર અંગારાની ખાયમાં રે, [૩]જાલી કરું અંગ [૪]જેર. ધિ૦ ૫

૧. તલવારથી તલ તલ જેટલા શરીરના ટુકડા કરું ૨.ભડથું ૩. બાળીને ૪. ભૂકો.

કે ત્રાછીને ચામડી રે, ખેપવું ખારી ખાર; ધિ૦
કે સાયર ઝંપા[1] દીયું રે, કે [2]તુક્કાના સહું પ્રહાર. ધિ૦ ૬

ઇત્યાદિક ચિત્ત ચિંતવી રે, મુજ પાપીને કોય; ધિ૦
સંગ્રહે નહીં [3]પાવક વિના રે, [4]દઝવું એ હું દેહ. ધિ૦ ૭

એમ નિશ્ચય મનમાં ધરી રે, ભાખે તે મુખે આપ; ધિ૦
ભો ભો લોકા સાંભળો રે, એ પુત્રી હું બાપ. ધિ૦ ૮

સુજ્ઝસિવો હું [5]બંભણો રે, જાતિપણે કર્મચંડાલ; ધિ૦
એ સુજ્ઝસિરી મુજ બેટડી રે, એહમાં કોઈ ન [6]આળ. ધિ૦ ૯

વેચી બંભણ મંદિરે રે, દુર્ભિક્ષને અનુભાવ; ધિ૦
કર્મ અભાગ્યતા જોરથી રે, મેં પરણી ઇહાં [7]આવ. ધિ૦૧૦

કૂટું કર્મ કપાલશું રે, ખૂટું સવિ મુજ પુણ્ય; ધિ૦
છૂટું કેમ હવે પાપથી રે, એહવે હું છું અધન્ય. ધિ૦૧૧

જન્માંતર સંબંધની રે, ખબર પડે નહીં કોય; ધિ૦
તેણે નેહે આવી મળે રે, સમ વિષમ તિહાં ન જોય. ધિ૦૧૨

એ સંસારની ભાવના રે, થાય અનેક સંબંધ; ધિ૦
આ ભવે જનકસુતા[8] થઈ રે, સ્ત્રીપતિભોગ સંબંધ, ધિ૦
એ તો કર્મનો ધંધ. ધિ૦૧૩

તે ભણી મુજ વયણાં સુણો રે, રે લોકા લોકપાલ; ધિ૦
મુજ સમ કોઈ ન પાપીયો રે, હું ત્રિભુવનનું [9]આલ. ધિ૦૧૪

લોકનીતિ એહવી અછે રે, જાતિ શીલ કુલ જાસ; ધિ૦
જે કન્યાનું જાણીએ રે, કરીએ તસ પરણવા આશ. ધિ૦૧૫

તે પણ મેં નવિ ચિંતવ્યું રે, કીધું એ અવિચાર; ધિ૦
વિષયતણા પરવશ થકી રે, અતિ[10]અવિરતિને ભાર. ધિ૦૧૬

માતા બહેન બેટી મુખે રે, ઉચ્ચરીએ મુખ જેણ; ધિ૦
ઉત્તમ તે તેમહી જ ગણે રે, જાવજીવ નિયમેણ. ધિ૦૧૭

મુજને તો સાક્ષાતથી રે, એક ભવે દોય સંબંધ; ધિ૦
હું તો પશુથી અધિક છું રે, વિષય-પડલથી અંધ. ધિ૦૧૮

---

૧. ઝંપાપાત ૨. બૂઠા તીરના ૩. અગ્નિ ૪. બાળું ૫. બ્રાહ્મણ ૬. જૂઠું ૭. આવીને ૮. બાપ અને બેટી ૯. કલંક ૧૦. રાગને લીધે

એ અકાર્યથી [1]આપણો રે, આતમ પડિયો નર્ક; ધિ૦
દારુણ દુઃખ તો ચિહું ગતિ રે, કિહાંયે ન લેશું ફર્ક. ધિ૦૧૯

તે ભણી મુજને જલણ વિના રે, નહીં કોઈ પાપને ઠામ; ધિ૦
એમ કહી ધૈર્ય ધરી તિહાં રે, કહે એ કરવું કામ. ધિ૦૨૦

કાષ્ઠ ચિતા મહોટી રચી રે, પુર બાહેર તેણી વાર; ધિ૦
આપ નિંદા કરે નયનથી રે, વરસે આંસુધાર. ધિ૦૨૧

મધુ ઘૃત સિંચી પવનશું રે, પ્રેર્યો પણ ન ઝલંત; ધિ૦
[2]જલણ તે તસ જાલે નહીં રે, તિહાં લોકા એમ ભણંત. ધિ૦૨૨

પાપ દુષ્ટ નિઃકૃષ્ટનું રે, તેણે ન દહે છે એહ; ધિ૦
કહે હું છું અતિ પાપીયો રે, એ પણ ન દહે છેહ. ધિ૦૨૩

એમ ધિક્કાર ઘણો કરી રે, દીએ બહુલો માર; ધિ૦
પાહની મૂઠી કૂપરે રે, પૂઠે શીશ મઝાર. ધિ૦૨૪

દંપતી બેહુને કાઢીયાં રે, દેશમાંહેથી તામ; ધિ૦
જનસમુદાયે એમ કહ્યું રે, અહો અહો મધ્યમ કામ; ધિ૦
યોગ્ય ન એહનું નામ. ધિ૦૨૫

કહે ગૌતમ સ્વામી તેહને રે, અગ્નિ ન દાઝ્યો કેમ; ધિ૦
એહ દુષ્કર્મા આકરો રે, કેમ ધર્યો જલણે પ્રેમ. ધિ૦૨૬

કહે ભગવંત ભવિતવ્યતા રે, વશથી મળીયો યોગ; ધિ૦
નિર્દાહક [3]દારુ મળ્યાં રે, ચય રચતાં કર્મ ભોગ. ધિ૦૨૭

હવે તે ચાલ્યાં પરદેશમાં રે, પામ્યાં બહુત ધિક્કાર; ધિ૦
ગામમાંહે ત્યાં પેસતાં રે, દીઠા શ્રી અણગાર. ધિ૦૨૮

ગોચરીનો ખપ કીજતાં રે, રે, લીજતાં શુદ્ધ આહાર; ધિ૦
છીજતાં કર્મ કષાયને રે, ભીંજતાં શમ જલધાર. ધિ૦૨૯

તેહની પૂઠે તે ગયા રે, વનમાંહે ધરી શાન; ધિ૦
પેખે તિહાં સૂરીશ્વરા રે, જ્ઞાનવિમલ ગુણધામ. ધિ૦૩૦

**॥ દોહા / સોરઠા ॥**

સોરઠા–જગદાનંદન નામ, સૂરીસર તિહાં પેખીયા;
ચરણ કરણ ગુણધામ, દિવસ સફલ કરી લેખીયા. ૧

---

૧. પોતાનો ૨. અગ્નિ ૩. લાકડાં

સુર નર કિન્નરશ્રેણિ, [૧]પાયકમલ ભાવે નમે;
હિયડે હર્ષ ધરેણ, આપ તણાં દુષ્કૃત વમે. ૨

જિમ [૨]પાવસ ઘન મોર, શોર કરે મનમોદશું;
જેમ ચકવા લહી ભોર, જ્યું ચકોર [૩]દધિનંદશું. ૩

તેમ હર્ષિત થઈ તેહ, ચરણ કમલ યુગ વંદિયાં;
પ્રગટપણે ધરી પ્રેમ, આરતિ અરતિ નિકંદિયા. ૪

દોહા—તે દેખીને ચિંતવે, થઈ ઉલ્લસિત રોમાંચ;
પાપ આલોઉં મુનિ કને, સહેજે મળ્યો મુજ સંચ. ૧

પ્રિયા સહિત દ્વિજ સુજ્ઝસિવો, પ્રણમી તુરત [૪]બઈટ્ઠ;
તાસ ચિત્ત જાણી કરી, વચન કહે મુનિ [૫]ઇટ્ઠ. ૨

કહે ઉપદેશ સોહામણા, જેહવા મીશરી ખંડ;
સરસ સુધારસથી અધિક, મીઠા શેલડી ખંડ. ૩

**હવે સુજ્ઝસિવ બ્રાહ્મણને મુનિ ધર્મોપદેશ આપે છે તે કહે છે–**
(રાગ નટ્ટનારાયણ)

ધર્મ કરો ભવિ ધર્મ કરો, ત્રિકરણ યોગે ધર્મ કરો,
ચરણ ધર્મ [૬]પ્રવહણ અવલંબી, આ ભવસાયર તુરત તરો.ધ૦૧

[૭]બોધિતરણિકે કિરણપ્રચારે, હૃદયકમલ વિકસિત કરો;
જ્યું અનાદિકે અંતર ઉડત, મિથ્યામત તત સીત ભમરો.ધ૦૨

દશ દૃષ્ટાંતે દુર્લભ વલ્લભ, લાધો એ નરભવ [૮]સખરો;
તેહ મુધા મ મ હારો ભવિયાં, ફરી આવત નાંહી દૂસરો.ધ૦૩

કર્મ મર્મકે વશથેં હોવત, કબહી પાપપંક પગરો;
સો પણ આલોયણે શુદ્ધ હોવત, જો હોવે જીઉં સુગુરો;
જો મિલે ગુરુ સુગુરો.ધ૦૪

જ્યું ધૃત નિર્મલ નિર્જલ જગમેં, ત્યું ચારિત્રકો ધર્મ નરો;
અવિચલ સુખ લંભનકે હેતે, એહ પરમ ઉપાય ધરો.ધ૦૫

વિષય કષાય પ્રમાદ મદાદિક, એ કાઢો કલિમલ કચરો;
જન્મ જરા મરણાદિક ભ્રમણા ભવિ, ભવભવમાંહે નાંહિ ફરો.ધ૦૬

---

૧. ચરણકમલ ૨. વરસાદ ૩. ચંદ્રથી ૪. બેઠો ૫. ઇષ્ટ, પ્રિય ૬. જહાજ ૭. બોધિરૂપી સૂર્ય ૮. સુખકારી

જ્ઞાનવિમલ ગુણ ગુરુના પદકજ, પ્રેમે કરીને તે અનુસરો;
પરમ નિધાનહ ધ્યાન ધર્મનું, એહી જ બંદિર બેખબિસરો.ધ૦૭

(રાગ નટ્ટ–કવિત્ત)

એકશત અડવન્ના, કર્મકી પ્રકૃતિ ઘના,
તિણથેં બહુત જના, ભવમેં ભમતયા;
અવિરતિ મિથ્યાત્વ યોગે, આલસ પ્રમાદ ભોગે,
વિષય કષાય સંયોગે, એહી જ સામંતયા.એ૦ ૧

અકામ નિર્જરા કરણ, અનંત પુદ્ગલ ભરણ,
કોઈ યથાપ્રવૃત્તિ કરણ, કરી ઉચ્ચ આવંન્નિયા;
તિહાં સ્થિતિ કરત ઊન, પાલયસંખ ભાંગે ન્યૂન,
પૂરણ હોવત પુણ્ય, પ્રકૃતિ ભાવંતિયા.એ૦ ૨

તિહાં અનાદિ કર્મગ્રંથિ, રાગ દોષકો [1]પલિમંથ,
ભેદવા ધરે ઉમંથ, કોઈ [2]સંન્નિપજ્જત્તિયા;
અપૂર્વકરણ થાય, દેયનકું સજ્ઝ થાય,
આપ બલ પ્રગટાય, ભવિ ભવ વિરત્તિયા.એ૦ ૩

મિથ્યાત્વકો કરે નિકંદ, તિહાં લહે પરમાનંદ,
સિદ્ધિ સુધારસ નિસ્સંદ, અડરિપુ જીતિયા;
કેઈ તિહાં લહે લાભ, દેશ સર્વ વિરતિ આભ,
કેઈ પુણ્ય લહે લાભ, ફરી ભવ પતંતિયા.એ૦ ૪

કેઈ લહત ગુણશ્રેણિ, શિવઘરકી નિશ્રેણિ,
જ્ઞાનવિમલ લહે જેણિ, જયંત લહંતિયા;
તેહ ભણી નરભવ પ્રવર, કહ્યો સવિ ભવમાંહે વર,
જિહાં આતમ-અનુભવ ઘર, વધંત મહંતયા.એ૦ ૫

ઈતિ વૈરાગ્યમય ધર્મોપદેશ શ્રીજગદાનંદન સૂરિએ કર્યો.

॥ સોરઠા ॥

પ્રાણી કરે જે પાપ, થાયે આલોયણે ઉજળો;
જિમ જલ ખારે તાપ, સમલ વસ્ત્ર હોયે નિર્મળો. ૧

યદ્યપિ મલિન એ જીવ, રાગ દ્વેષને વશ કરી;
તપ સંયમે અતીવ, શુદ્ધ હોવે નિશ્ચે કરી. ૨

---

૧. પલિમંથુ=ઘાતક, પ્રતિપક્ષી ૨. સંજ્ઞીપર્યાપ્ત

જિમ [૧]સામલું સોવન્ન, [૨]અનિલ યોગે તે શુદ્ધ હુએ;
તિમ એ આતમ તન્ન, ભાવ્યું પંક સવે ધુએ. ૩

મૂકી લાજ ભય માન, પાપ કહે જે આપણું;
પ્રગટ થઈ સાવધાન, તેહ કરે ભવ કાપણું. ૪

કીજે પાપ સંહાર, આલોઈ રૂડી પરે;
લઘુ તરિયે સંસાર, એ ઉપદેશ હિયે ધરે. ૫

**॥ ઢાલ ચુમ્માલીશમી ॥**

(મોતીડાની દેશી / મયા કરી મુજ તારો—એ દેશી)

એમ નિસુણી સવિ પાપ પ્રકાશે, આપ કર્યાં તે સઘળાં ભાસે;
સાહિબા મુજને અબ તારો; ગિરુઆ ગુરુ પાર ઉતારો. ૧

મયા કરી મુજને તારો, મોહના થાયે સુકૃત જમવારો; સા૦
થયો દુર્ભિક્ષ ગયો પરદેશે, વેચી સુતા જેહવે સન્નિવેશે. સા૦ ૨

પ્રથમ ચિંત્યું મેં એહને મારું, [૩]પિશિત ખાઈને આતમ ધારું; સા૦
પછે તો મૂલ્યે એ વેચી, ગયો પરદેશે તિહાં જન વંચી. સા૦ ૩

કન્યા બાલ પ્રમુખને [૪]જાલી, વેચી પુણ્ય કર્યું મેં ખાલી; સા૦
બાલપણાથી અકારિજ કરણી, તે સવિ કહિયું જિહાં લગે પરણી. સા૦ ૪

બાલક પરે ઋજુભાવે સઘળું, પાપ પ્રકાશ્યું કરી મન સવલું; સા૦
જ્ઞાનાતિશયી ગુરુએ સવિ સુણિયું, નાણબલે તેહનું મન મુણિયું. સા૦ ૫

પ્રાયશ્ચિત્ત દિયે વિધિ અનુસારે, તે પણ જેમ કહ્યું તેમ ધારે; સા૦
ગુરુ દીધો તપ શિર ભારે લીધો, શુદ્ધ ભાવે તે તેહવો કીધો. સા૦ ૬

તે તપ નિયમ થયો જબ પૂરો, સુજ્ઝસિવો હવે પુણ્યે પૂરો; સા૦
દીખ[૫] દિયો હવે મુજને સ્વામી, પત્ની સહિત હું છું શિવકામી. સા૦ ૭

ગુરુ કહે સંપ્રતિ તાહરી [૬]ભજ્જા, [૭]ગુર્વિણી માટે નહીં પ્રવ્રજ્યા; સા૦
એમ સુણી સુજ્ઝશિવો લીએ દીક્ષા, દુવિધ પ્રકારે ગ્રહે તે શિક્ષા. સા૦ ૮

ગુરુ ગુરુ ભક્તિ યુક્ત તપકારી, દુષ્કર ચરણ ગુરુ આજ્ઞા ધારી; સા૦
નિઃપ્રતિકર્મ શરીર ગત સાદી, [૮]અગિલાણી ને વિગત પ્રમાદી. સા૦ ૯

સૂરિ સંઘાતે તે વિચરંત, પ્રાયશ્ચિત્ત લેઈ કરે કર્મનો અંત; સા૦
છવ્વીશ વરસ ને તેરહ દહાડા, ભલા ભવાડ્યા ચરણ પવાડા. સા૦૧૦

---

૧. શ્યામ, અશુદ્ધ ૨. અગ્નિ ૩. માંસ ૪. જાલમાં ફસાવીને ૫. દીક્ષા ૬. ભાર્યા
૭. ગર્ભિણી ૮. ગ્લાનિ રહિત

પાદોપગમન અણસણ આરાધી, કર્મ ખપાવીને મુક્તિ જ સાધી; સા૦
ઇતિ સુઙ્ઘશિવો મોક્ષં પ્રાપ્તઃ
કહે ગૌતમ ઇણે પાપ બહુ કીધાં,
પણ [1]અંતગડ કેવલી થઈ સુખ લીધાં. સા૦૧૧

કહો કેમ તે ભગવન્ મુજ દાખો, કરી કૃપા તુમ ચરણે રાખો; સા૦
પ્રભુ કહે ગૌતમ એણે મહાભાગે, શુદ્ધ આલોયણ કરી બહુ રાગે. સા૦૧૨

ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત જે ધારે, તે આપોપું તેણે ભવ તારે; સા૦
ક્ષપકશ્રેણી શુક્લધ્યાન પસાયે, ભવભવસંચિત દુષ્કૃત જાયે. સા૦૧૩

તપથી આતમ ગુણ અજુઆલે, કર્મઇંધન તે તપ પરજાલે; સા૦
અથ ભણે ગૌતમ તેહની ભજ્ઞા, તેણી વેલા નવિ લીધ પ્રવ્રજ્યા. સા૦૧૪

શ્યો સંબંધ થયો તસ આગે, દાખો સ્વામી તે થયો જેમ લાગે; સા૦
સ્વામી ભણે તે છઠ્ઠી નરગે, પહોતી નવિ પામી તે [2]સરગે. સા૦૧૫

ભણે ગૌતમ શે કર્મે ભારી, દુઃખિણી [3]વરાકે તે થઈ નારી; સા૦
જિન કહે રૌદ્રધ્યાન અનુભાવે, અધ્યવસાય માઠા તિહાં થાવે. સા૦૧૬

કહે ગૌતમ શો અશુભાધ્યવસાય કીધો,
જેથી નરક દુઃખ લહ્યો અતિ સીધો; સા૦
કહે જિન ગર્ભપ્રસવને કાલે, ચિંતવ્યું મનમાં એમ જંજાલે. સા૦૧૭

દુઃખ દીએ ગર્ભ એ પાડું પ્રભાત, વિવિધ ખાર મેલી કરું ઘાત; સા૦
એમ અતિ રૌદ્રધ્યાન ચિંતવતી, તુરત મરી છઠ્ઠી નરકે પહોતી. સા૦૧૮

જ્ઞાનવિમલ મતિ શુભ હોયે તેહને, આયતિ સુખ લેવું હોયે જેહને; સા૦
કોણ માઠો નર કોણ છે વારું, સઘલું છે નિજ કર્મને સારુ. સા૦૧૯

॥ દોહા ॥

પ્રસવ્યો તે સુત વેઢીયો, જર પંકિલ [4]જંબાલ;
જાત માત્ર તેહને ગ્રહ્યો, કુતરે અતિ વિકરાલ. ૧

તે કુલાલચક્ર ઉપરે, મૂક્યો તેણી વાર;
ખાવાને જબ ઉમ્મહ્યો, તવ આવ્યો કુંભાર. ૨

ગ્રહી નિજ [5]ઘરણીને દીઓ, અપુત્રીયાને પુત્ર;
કુલદેવીએ આપીઓ, એ આપણ ઘરસૂત્ર. ૩

૧. અંતકૃત ૨. સ્વર્ગે ૩. બિચારી ૪. કાદવ ૫. ગૃહિણી, પત્ની

જનમ મહોત્સવ વિસ્તરે, કીધો સયણે તાસ;
સુસઢ નામ તસ થાપીઓ, માય તાય મન આશ. ૪

કલા કુલાલની અભ્યસે, વસે સયણાને ચિત્ત;
અનુક્રમે યૌવન પામીઓ, ફરે નયરમાં નિત્ય. ૫

એક દિન તેણ પુરે આવીયા, મુનિ વૃષભા અણગાર;
જ્ઞાનાદિક ગુણગણ ભર્યા, ચરણ કરણ ભંડાર. ૬

ભવ્ય જીવોની આગળે, કહેતા શ્રીજિનધર્મ;
સુસઢે તે મુનિ નિરખીયા, કોઈક પૂર્વ શુભકર્મ. ૭

નિસુણી તેહની દેશના, આવ્યો મનમાં સંવેગ;
દીક્ષા લીધ જિનરાજની, મૂકી સવિ ઉદ્વેગ. ૮

## ॥ ઢાલ પિસ્તાલીશમી ॥

(રાગ કાફી, આજ સખી મનમોહનાં, શ્રીપાસ જિણંદા—એ દેશી)

સુસઢ સાધુ ગુરુ સેવના, કરે તપ આરાધે;
છઠ્ઠઠ્ઠમ દશમ દુવાલસે, તપ જપને સાધે;
[1]પાસ માસખમણાં કરે, ગુરુ પાસે સેવે;
ત્રણ કાલે આતાપના, યથાશક્તે લેવે. ૧

અનુક્રમે કર્મવશે થયો, સંજમથી શિથિલો;
શિક્ષા ગ્રહણ કરે નહીં, જેમ તુરગો અવળો;
તપ વિણુ અવર ન લેખીએ, સંજમમાં કાંય;
એક પખો એમ તાણતાં, સ્યાદ્વાદ ન થાય. ૨

તો ગુરુ વયણ કહે ઇશ્યું, વત્સ આ સંસારે;
શુદ્ધ ચરણ તિહાંરે હોવે, યતના આચારે;
વિણ યતનાએ તપને કહ્યો, જિને કાય કલેશ;
સરણ ન હોયે બૂડતાં, ભવસિંધુમાં લેશ. ૩

નાટક જેમ અંધ આગળે, બહેરાશું વાત;
રાનમાંહે રોવું યથા, તેમ તપ સંઘાત;
યતના વિણુ તે જાણીએ, વિણ આંકે મીંડાં;
મૂરખ જેમ [2]પાળિ છાંડીને, તાકે જેમ [3]છાંડાં. ૪

૧. પક્ષ, પંદર ઉપવાસ ૨. અનાજ ૩. છોડાં

અડદ લોયા પાપડ ન હોયે, જેમ ખરનાં લીંડા;
યતના વિણુ તપ જાણીએ, ફૂટાં પંખી ઇંડાં;
યતના તે શું દાખીએ, કહો તે પ્રભુ અર્થ;
તે વિણુ તપ જપને કહો, છે નહિ પરમાર્થ. ૫

તવ પ્રભુ કહે યતના તણો, પરગટ એમ ભાખ્યો;
અર્થ અનેક પરે સુણી, મુનિ દિલમાં રાખ્યો;
ગુરુ આણા કરી આગળે, શુચિ જ્ઞાનની દૃષ્ટિ;
સંયમ સાધન સાધવું, જેહથી શિવસૃષ્ટિ. ૬

**અહીં યતનાના અર્થની ગાથા કહે છે–**

**समिइ कसाय गारव, इंदियमय बंभचेर गुत्तीय ।
सज्ञाय विणय तव एग, सट्ठीओय जयणा सुविहियाणं ॥**

અસ્યાર્થઃ–

હેય જ્ઞેય ઉપાદેયશું, એ સઘળા ધારે;
કેઈ આદરણા કેઈ છંડણા, યથાયોગ્ય વધારે;
સમિતિ પંચે સમિતો રહે, ચઉ કષાયને છંડે;
ગારવ ત્રણે દૂરે કરે, ઇંદ્રિય પણ મંડે. ૭

એ અશુભ થકી ઓસારવા, જોડવા શુભ ઠામે;
મદ આઠે દૂરે કરે, કહું તેહનાં નામે;
જાતિ લાભ કુલ રૂપનો, બલ [૧]સુત તપ કેરો;
ઐશ્વર્ય પ્રભુતા તણો, સહુથી અધિકેરો. ૮

પરભવ એ હીણા લહી, જે મદનાં ઠામ;
[૨]બંભચેરની વાડી જે, રાખે ભલી મામ;
સજ્ઝાય [૩]પણવિધ આદરે, દશવિધ કરે વિનયી;
તપ બારે કરે શક્તિથી, ગુરુ આણા [૪]પ્રણયી. ૯

જ્ઞાન મુખ્ય કિરિયા કરે, તે લહે ભવ પાર;
વેજે દૃષ્ટિ શર તાણતો, ધનુર્ધર જસ ધાર.
આપ બુદ્ધિએ સુંદર કહ્યું, તે સુંદર ન હોયે;
જે ગુરુ વયણ થકી કર્યું, તે શાસને સોહે. ૧૦

---

૧ શ્રુત (જ્ઞાન) ૨.બ્રહ્મચર્યની ૩. પાંચ પ્રકારે ૩. પ્રેમી

गाहा

अप्पागमो किलिस्सई, जइ करेइ अइ दुक्करं च तवं
सुंदर बुद्धिइकयं, बहुयंपि न सुंदरं होई १
अपरिच्छिय सुय निहसस्स, केवल मुज्झिनसुत्त चारिस्स
सबाुज्ञामण विकयं, अन्नाणं तवे बहुं पडई २

અલ્પ શ્રુતને આપણે, જે છંદે ચાલે;
તે તપ જો કરે આકરું, તો ભવ નવિ પાલે;
જેમ જેમ તપ ઉદ્યમ કરે, તે કષ્ટ અયાણ;
ધર્મદાસ ગણિ [1]કેરડું, એ વચન પ્રમાણ. ૧૧

યતનાપૂર્વક તપ કરો, જેમ ભવને વામો;
આણા યતના જો મલે, તો શિવસુખ પામો;
એમ ગુરુ વયણ કહ્યાં ઘણાં, પણ નવિ પડિવજિયાં;
યતના વિણ કરે કષ્ટને, દુષ્કર ચિત્ત રજિયાં. ૧૨

વળી ફરીને કરુણા કરી, ગુરુ વયણાં ભાખે;
જો યતનાશું તપ કરે, ગુરુ આણા સાખે;
તો અચરિજ લહે સુરનરા, અવરનું શું કહેવું;
માનવ જન્મ તણું સદા, ફલ એણી પરે લહેવું. ૧૩

આલોયણ સલિલે કરી, નિજ પાપ પખાલો;
થોડું પણ તપ આચરી, આતમ અજુવાલો;
આપ છંદે કીધું થકું, ઇહ લોક ન સારું;
કાશકુસુમ પરે પરભવે, ફલ નહીં એમ વારું. ૧૪

એણી પરે વિવિધ યુગતે કરી, કહ્યું પણ નવિ માને;
તિરસ્કાર કર્યો જાણીને, કહે આવી કાને;
કહે મુજ શોધી દીઓ પ્રભુ, વિધિશું ગુરુ આપે;
આલોયણ આજ્ઞા તણી, નિજ મનડું થાપે. ૧૫

વિચરે ગુરુની સાથ તે, કરે તીવ્ર તપાદિક;
કેતો કાલ એમ નિર્વહ્યો, ન લીએ વિગયાદિક;
છઠ્ઠઠ્ઠમ દશમાદિકે, યાવત છહ માસા;
એમ કરતાં કોઈ કર્મને, વશ થઈ આશંસા. ૧૬

૧. કેરુ (ધર્મદાસ ગણિનું)

આપ મતિ થયો તેહવે, પ્રાયશ્ચિત્તહ ન કરે;
શીતલ જલ પરે ભોગીયો, ગુરુવયણાં ન અનુસરે;
પાપાસ્રવના દ્વારને, રુંધી નવિ જાણી;
શિથિલ સજ્ઝાયના યોગથી, થયો તામ અન્નાણી. ૧૭

કહે શોધી તપનો દીઓ, તે તપ તો સોહેલો;
તપસી કોણ મુજ આગળે, કહે એમ જેમ ઘહેલો;
ગુરુદત્ત તપ નવિ આચરે, નિજ છંદે ચાલે;
શીખ દીયંતા રીસવે, ધરે મનમાં આલે. ૧૮

અનુક્રમે ગચ્છથી કાઢિયો, અણયુગતો જાણી;
ધનુષ નિર્ભૃષ્ટ શરની પરે, થયો દુષ્કૃત ખાણી;
ષટ્કાય જીવ વિરાધતો, ઉગ્ર તપ આચારી;
કાર્યાકાર્ય અવિચારતો, સવિ જનનો ભીખારી. ૧૯

ઘણો કાલ એમ નિર્ગમ્યો, દુષ્કર તપ કરતો;
યતના વિણુ ચારિત્રનું, નવિ બિરુદ લહંતો;
કાલ કરી સુસઢો થયો, સુર સોહમ [૧]કપ્પે;
ઇંદ્ર સામાનિક ૠદ્ધિનો, પણ ગુણ તે અપ્પે. ૨૦

ભરત ક્ષેત્રમાં ઊપનો, તિહાંથી ચવી સુસઢો;
વાસુદેવ થઈ જાયશે, [૨]પુઢવી સત્તમીયે જિટ્ઠો;
તિહાંથી હસ્તી હોયશે, મૈથુન બહુ સેવી;
મરી અનંતકાયમાં જશે, પછી ચઉગતિ લેવી. ૨૧

દુષ્કર તપકારી હુંતો, પણ સુસઢો ફરશે;
સંયમની યતના વિના, ભવસિંધુ ન તરશે;
જ્ઞાનવિમલ ગુરુની તેણે, આણા જો ન કરી;
યતના વિણુ તે ભવ ફિર્યો, ચિરકાલ જ્યું ભમરી. ૨૨

**॥ દોહા ॥**

હવે ગૌતમ ગણધર કહે, દુષ્કર તપ એણે કીધ;
તો કેમ ભવમાં દુઃખ લહ્યાં, કારજ કોઈ ન સિદ્ધ. ૧

કહે સ્વામી એણે મૂલગુણ, ઉત્તર ગુણમાં કોય;
યતના ગુરુ વયણાં તણી, ન કરી તેણે બહુ ભવ હોય. ૨

૧. કલ્પમાં, દેવલોકમાં ૨. સાતમી પૃથ્વીમાં (નરકમાં)

તપ આચરણ એહવાં કર્યાં, જો ગુરુ આણા જુત્ત;
સંયમથી જયણા ધરત, તો હોવત તસુ યુત્ત. ૩

એહના તપનો ભાગ આઠમો, જે કરે તે શિવ જાય;
જો યતનાએ સંજુત્તો, તો ગુરુ આણા ઠહરાય. ૪

જો એ યતના જુત હોવે, તો તે ભવ શિવ જાત;
એમ ભાખે શ્રીવીરજી, સુસઢ તણો અવદાત. ૫

## ॥ ઢાલ છેંતાલીશમી ॥

(ઋષભનો વંશ રયણાયરુ—એ દેશી)

માસ દુમાસ છ માસનાં, બલીયાં એહવાં સાધો રે;
તીવ્ર તપાદિક સેવતા, આતાપના નિરાબાધો રે;
બલિહારી જિન આણને, આણા શિવસુખકારી રે;
સંયમ લેઈને ખપ કરો, યતનાએ નર નારી રે. બ૦ ૧

નવદીક્ષિત જતિ જો હોયે, જે યતનાનો રાગી રે;
લાખ અંશે પણ તેહને, નાવે કષ્ટ વિભાગી રે;
કેવલ તપ તણો ભાગી રે. બ૦ ૨

શમદમ જયણાયે હીણડા, જે યતિ લિંગને ધારે રે;
તે નવિ અરઘે સુસાધુમાં, તસ ચરણ ન ભવભય વારે રે. બ૦ ૩

જેમ તુષ ખંડન મંડન, મૃતકને જેહવું ભાસે રે;
તેમ આણા યતના વિના, તપથી ભવ નવિ નાસે રે. બ૦ ૪

બહુ ભણ્યો બહુ જને પરિવર્યો, બહુમાને કરી ધોરી રે;
પણ નિશ્ચય નય યતના વિના, તે જિનશાસન વયરી રે. બ૦ ૫

જિન આણા ખંડન પરા, તેહથી ગૃહી પણ રૂડા રે;
આપ છંદે જે ચાલતા, તસ તપ સવિ કૂડાં રે. બ૦ ૬

जिण दिख्खंवि गहिउं, जयणविहूणा कुणंति तिव्व तवं
जिणआणखंडगा जे, गोयम गिहिणोवि अज्ञहिया १

॥ ઇતિ નિશીથછેદચૂર્ણિગતોદ્ધૃત સુસઢકથાયાં ॥

એમ જાણી જેમ ગુરુ આગના, પૂર્વક જયણા સાધો રે;
જેમ ગુણની વૃદ્ધિ હોવે, તેમ ગુણઠાણે વાધો રે. બ૦ ૭

તેહ ભણી યતના તણો, ખપ કરો થઈ સાવધાનો રે;
હિત કાજે એ દાખીયું, એહ સંબંધ વિધાનો રે. બ૦ ૮

જેમ રાજગૃહી નયરમાં, ગૌતમ આગળ ભાખ્યું રે;
તેમ ચેટક નૃપને કહે, ગૌતમ મેં તેમ દાખ્યું રે. બ૦ ૯

યતનાનો તુમે ખપ કરો, ટાલી સ્વચ્છંદાચાર રે;
યદ્યપિ ચરિત્રમાં એ નથી, સુસઢ તણો અધિકાર રે. બ૦૧૦

પણ નિશીથની ચૂર્ણિમાં, જયણા ઉપર ભણીઓ રે;
આલોયણ શુદ્ધિ ઉપરે, બહુ મુનિએ તિહાં સુણીઓ રે. બ૦૧૧

જ્ઞાનવિમલ સૂરિ એમ ભણે, સુણજો સહુ અણગાર રે;
સંયમ અભિનવ સુરતરુ, શિવફલ અનુભવ સાર રે;
ફલિત હોયે લહે પાર રે. બ૦૧૨

ઢાલ બાવીશે એ ભણ્યો, સુસઢ તણો સંબંધ રે;
નિસુણીને નિઃશલ્ય કરો, આતમ અનુભવ બંધ રે;
જેમ ટળે દુરિતનો ધંધ રે;
સંજમ શિવસુખ ખંધ રે. બ૦૧૩

**ઇતિ સુસઢકથા સંપૂર્ણા**

**॥ દોહા ॥**

શ્રીગુરુનાં વયણાં સુણી, પ્રતાપસિંહ ઋષિરાય;
પ્રમુખ બહુ યતનાપરા, થયા અવર સમુદાય. ૧

તપ જપ સંયમ ખપ કરે, ન ધરે મનમાં [1]માય;
કામ ક્રોધ મદ માન જે, ભાંજે ભવના દાય. ૨

વિનયી ને લજ્જાલુઆ, દયાધીર દમવંત;
દુર્ધર તપ આરાધતા, શમ દમ સૂધા સંત. ૩

કિરિયા કરતા વિધિપણે, સાધે અક્રિય યોગ;
સંજમના ભોગી થયા, જણથી હોયે અયોગ. ૪

ધ્યાન જ્ઞાનમાં મગ્ન છે, ભાવ યજ્ઞના [2]કાર;
લગન રહે નિજ ભાવમાં, નહીં પરભાવ વિકાર. ૫

[3]મયગલ પરે નિત્ય મલપતા, ભેદે કપટનો કોટ;
સિંહ પરે દુર્દ્ધર્ષ છે, દેતા પરિસહ દોટ. ૬

૧. માયા ૨. કરનાર ૩.પાગલ હાથી

ચોટ કરે કર્મોપરે, ધ્યાનાનલના ગોટ;
ઉપાડી શમયંત્રથી, ચૂરે જેમ રજખોટ. ૭

એણી પેરે કેતાએક કહું, તે મુનિ તણાં વખાણ;
પ્રવચન મારગ અનુસરે, કરે ન તાણોતાણ. ૮

## ॥ ઢાલ સુડતાલીશમી ॥

(રાગ રામગ્રી. રાય કહે રાણી પ્રત્યે, સુણો કંતાજી—એ દેશી)

રાજઋષિ રલિયામણા, સુણો સયણાં જી;
પ્રતાપસિંહ ભૂપાલ; મીઠાં વયણાં જી;
નેહે નયણે તેહશું, સુ૦ અમૃત પરે તાઢાલ. મી૦ ૧

ઉદ્દ્ગમ દોષ ઉત્પાદના, સુ૦ સોળ સોળ એહ જાણ; મી૦
એષણા દોષ દશ જે કહ્યા, સુ૦ પણ ભોજનના જાણ. મી૦ ૨

દાયક લાયકથી હોવે, સુ૦ આહાર મંડલી થાય; મી૦
એમ સુડતાલીશ પિંડના, સુ૦ ચઉવિધથી તે થાય. મી૦ ૩

सोलस उग्गम दोसा, सोलस उप्पायणा य जे दोसा;
दस एसणा य दोसा, गासे पण मिलिय सगयाला.

એણી પરે બહુ તસ ભેદ છે, સુ૦ તે ટાલે સવિ દોષ; મી૦
તે પણ સંયમ ભર તણો, સુ૦ તેહવાને કરે પોષ. મી૦ ૪

સમિતિ સમિતા ગુણવતા, સુ૦ ગુપ્તે ગુપ્તા સાધ; મી૦
પ્રવૃત્તિ નિવૃત્તિ સમાચરે, સુ૦ સુખ સંયમ નિરાબાધ. મી૦ ૫

અભયદાન ષટ્ જીવને, સુ૦ દેવા ભવિ સુખ કાજ; મી૦
દશવિધ વૈય્યાવચ્ચ કરે, સુ૦ વિનય કરે ધરી સાજ. મી૦ ૬

એણી પરે સાધની મંડલી, સુ૦ વિચરે ધરણી માંહ; મી૦
ઇંદુ પરે નિર્મલ હિયે, સુ૦ હંસ પરે ઉચ્છાહ. મી૦ ૭

ખડ્ગી વિષાણ પરે એકલા, સુ૦ વૃષભ પરે જાત થામ; મી૦
સિંહ પરે દુર્ધર્ષ છે, સુ૦ પરિસહ ઝીંપણ કામ. મી૦ ૮

જેહ અસંગી પંકજ પરે, સુ૦ ગગન પરે નિરાલંબ; મી૦
ગુપ્ત ઇંદ્રિય કચ્છપ પરે, સુ૦ સૌમ્યે જેમ શશિબિંબ. મી૦ ૯

જાત રૂપ કંચન પરે, સુ૦ સર્વંસહ જેમ ભૂમિ; મી૦
શારદજલ પરે નિર્મલા, સુ૦ જેહને આશયી સીમ. મી૦ ૧૦

વાયુ પરે રહે અહોનિશે, સુ૦ અપ્રતિબદ્ધ વિહાર; મી૦
ભારંડ પંખી પરે સવે, સુ૦ અપ્રમત્ત અણગાર. મી૦ ૧૧

એહવા ગુણના જે ધણી, સુ૦ દંભ રહિત જસ ચિત્ત; મી૦
તે પ્રાયશ્ચિત્તને આલોઈયે, સુ૦ શુદ્ધ મને થઈ નિત્ય. મી૦ ૧૨

આલોયણ સૂધી ગ્રહે, સુ૦ હોવે નિરતિચાર; મી૦
દશવિધ પ્રાયશ્ચિત્ત ધરે, સુ૦ યથાયોગે શ્રુત અનુસાર. મી૦ ૧૩

ગાથા–आलोयण पडिक्कमणे मीसविवेगे तहा य उस्सग्गे
भवछेय मूल अणव,–ट्ठीण्य पारंचिए चेव १

નિર્દંભે નિજ અપરાધનું, સુ૦ કહેવું જે ગુરુ પાસ; મી૦
તાવન્માત્રથી શુદ્ધિ હોયે, સુ૦ તે આલોયણ ખાસ. મી૦ ૧૪

ગમનાગમન શત કર પરહું, સુ૦ યતનાયે મુનિને હોય; મી૦
તિહાં ઈરિયાદિક પડિક્કમે, સુ૦ તે પડિક્કમણ બીજું જોય. મી૦ ૧૫

રાગ દોષના વશ થકી, સુ૦ જે પ્રમાદનું પાપ; મી૦
આપે મિથ્યા દુષ્કૃત દેઈ, સુ૦ પછી ગુરુ પ્રત્યે મિશ્ર વ્યાપ. મી૦ ૧૬

અશુદ્ધ શુદ્ધ બુદ્ધે ગ્રહ્યું, સુ૦ શુદ્ધ ક્ષેત્રે તસ ત્યાગ; મી૦
જાણ્યા તથા સેવ્યા પછી, સુ૦ તે વિવેક ચોથાનો લાગ. મી૦ ૧૭

કુસ્વપ્નથી દુઃસ્વપ્નથી, સુ૦ કાઉસ્સગ્ગ કરીએ જેહ; મી૦
કાઉસ્સગ્ગ પ્રાયશ્ચિત્ત પાંચમું, સુ૦ વિગયાદિ પરે ઠવે તેહ. મી૦ ૧૮

જીવહિંસાદિકે દીજીએ, સુ૦ ચોથ છઠ્ઠ અઠ્ઠમાદિ; મી૦
તપ પ્રાયશ્ચિત્ત છઠ્ઠું કહ્યું, સુ૦ હોય આકૂટી પ્રમાદ. મી૦ ૧૯

તપગર્વો અસમર્થો વા, સુ૦ બાલ વૃદ્ધ ને ગ્લાન; મી૦
શ્રદ્ધા રહિત પુનઃ પુનઃ લીએ, સુ૦ તપ તે કરે અપ્રમાણ. મી૦ ૨૦

અપવાદ સેવે નિઃકારણે, સુ૦ છહમાસી તપ યોગ; મી૦
અતિચાર ભારે પણે, સુ૦ ઉત્કૃષ્ટ તપ અપરિભોગ. મી૦ ૨૧

પંચદશક અહોરાત્રિનો, સુ૦ કરે પર્યાયનો છેદ; મી૦
તે છેદ નામે સાતમો, સુ૦ પ્રાયશ્ચિત્તનો ભેદ. મી૦ ૨૨

વધ પંચેંદ્રિયનો કરે, સુ૦ સંકલ્પે નિર્હેત; મી૦
સતીવાદ એહનો દમું, સુ૦ દર્પે સ્ત્રી સેવંત. મી૦ ૨૩

પંચાસ્રવ ઉત્કૃષ્ટ સેવે, સુ૦ સંકલ્પથી વારંવાર; મી૦
કારણને વળી અનુમતે, સુ૦ મંત્ર તંત્ર યંત્ર પ્રચાર. મી૦ ૨૪

સાંત પાત ગર્ભાધિાનાદિકે, સુ૦ મૂલ કર્મ વ્યવહાર; મી૦
તિહાં ફરી વ્રત આરોપણા, સુ૦ તે આઠમું મૂલ નામ ધાર. મી૦ ૨૫

અતિ સંક્લિષ્ટ આશય વશે, સુ૦ નિર્દય દીએ પ્રહાર; મી૦
ઉત્કૃષ્ટ પદે સાવધ સેવે, સુ૦ તસ અનવસ્થાપ્ય વ્યવહાર. મી૦ ૨૬

આચાર્ય વાચકને હોવે, સુ૦ તેહને કરે ગણબાહ્ય; મી૦
પણ વિચરે ગણ સાધશું, સુ૦ અશનાદિક સવિ બાહ્ય. મી૦ ૨૭

રહેવું એકણ વસતિમાં, સુ૦ નહીં આલાપ સંલાપ; મી૦
શિષ્ય શિષ્યાદિક વાંદવા, સુ૦ ત્રણ ઋતુએ તપ તાપ. મી૦ ૨૮

ગ્રીષ્મે ચોથ છઠ્ઠઠ્ઠમાદિ, સુ૦ શિશિરે છઠ્ઠઠ્ઠમ દશમાદિ; મી૦
વર્ષાએ અઠ્ઠમ દશમ દુવાલસે, સુ૦ એમ કરે આહ્લાદ. મી૦ ૨૯

નિર્લેપ ભક્ત પારણ કરે, સુ૦ જઘન્યથી ષટ્ વર્ષ; મી૦
ઉત્કૃષ્ટથી બાર વર્ષમાં, સુ૦ કરે ધરી મનમાં હર્ષ. મી૦ ૩૦

પણ મહાવ્રત નવિ થાપીએ, સુ૦ એ નવમું પ્રાયશ્ચિત્ત; મી૦
સૂરિ વાચકને એ હોયે, સુ૦ અપરને નહીં એ રીત. મી૦ ૩૧

જિન જિનમત આશાતના, સુ૦ કરે સાધવી વ્રત ભંગ; મી૦
સેવે નૃપની રાણીને, સુ૦ મુનિ નૃપનો વધ અંગ. મી૦ ૩૨

તેહને પારાંચિક ઉપજે, સુ૦ દશમું કહીએ તેહ; મી૦
ગણબહિઃ કૃત અઢી જોયણે, સુ૦ જિનકલ્પકની પરે જેહ. મી૦ ૩૩

મહાસત્ત્વ ગુરુને હુયે, સુ૦ પૂર્વે કહ્યું તપ જેહ; મી૦
તેહ ત્રિકાલે આદરે, સુ૦ દશવિધ પ્રાયશ્ચિત્ત એહ. મી૦ ૩૪

થિવિરકલ્પીને દશ હુયે, સુ૦ આઠ હુયે જિનકલ્પ; મી૦
નિર્ગ્રંથને હુયે પઢમ ચોથું, સુ૦ સ્નાતકને એક વિવેકનો કલ્પ; મી૦ ૩૫

વ્યવહાર દશમ ઉદ્દેશકે, સુ૦ વૃત્તિમાં એહ વિચાર; મી૦
જ્ઞાનવિમલ ગુરુ વયણથી, સુ૦ સુણીએ તે અધિકાર. મી૦ ૩૬

**॥ દોહા ॥**

ઇત્યાદિક યતના ઘણી, કરતા ઉગ્ર વિહાર;
સાધવાચારી દશવિધા, ચક્રવાલ વ્યવહાર. ૧

गाथा–इच्छा मिच्छा तहक्कारो, आवस्सिया निसिहिया
आपुच्छणा पडिपुच्छणा, छंदणा य निमंतणा १
उयसंपया य काले, सामायारी भवे दशविहाओ
एएसिंतु पयाणं, पत्तेय परुवणं वुच्छं २

અસ્યાર્થ

ઇચ્છા ગુરુનીએ વર્ત્તવું, વિતથે મિથ્યાકાર;
તહાકાર ગુરુ આણની, એ ત્રણ સમયે આચાર. ૨
ગમને હોવે આવશ્યકા, નિસિહિ આગમણ ઠાણ;
કાર્ય સંકલ્પે આપૃચ્છના, પડિપૃચ્છા કાર્ય કરણને ઠાણ. ૩
વૃદ્ધ વિનયે અભ્યુઠ્ઠણા, છંદના યાચના કાલ;
જ્ઞાન દર્શન ચારિત્ર પદ, અનુયોગાદિક કાલ. ૪
ગણથી ગણાંતરમાં ભલી, જે લીજે સંયમ હેત;
તે દશમી ઉપસંપદા, એ દશવિધ સંકેત. ૫
એ ચક્રવાલ તે ચક્ર પરે, સંયમ રથને કાજ;
વાર વાર તે સેવતાં, વાધે સંયમ લાજ. ૬

કવિત (છપ્પો)

આવશ્યક દુગવેલ, તેમ સજ્ઝાયનું ભણવું;
પડિલેહે સવિ વસ્તુ, ધ્યાન શુભ બેહુનું ધરવું;
ભિક્ષાગોચરી કાલ, તેમ અભત્તટ્ઠ પચખાણે;
આગમન જિન ઠાણ, નિર્ગમન તે પરને ઠાણે;
નિશિદિન તે બેસવું, તુયટ્ટણ સયનને જાણીએ;
એ દશવિધ સવિ સાધુની, સામાચારી આણીએ. ૧

यतः–आवस्सिय सज्झाये, पडिलेहण जाण भिख्खु अभत्तट्ठे
आगमणे निग्गमणे, ठाणे निसियण तुयट्टेय १

**॥ પૂર્વ દોહા ॥**

એ ઓઘે કરીને કહી, સામાચારી નિત્ય;
સાધવીને સવિ સાધુને, ચરણ કરણ સુપવિત્ત. ૭

## ॥ ઢાલ અડતાલીશમી ॥

(પાંડવ પાંચે વાંદતાં, મન મોહે રે / વાણી વાણી જિન તણી–એ દેશી)

પંચાચાર વિચારના, ધરી ધરણે ધોરી ધીર રે;
આપપણે અંગીકરે, વળી પરને પલાવણ વીર રે;
જે નિરધિ પરે ગંભીર સકલ ગુણ, સોહતા વડવીર રે;
મન મોહે મોહન વેલી ભવિક પડિ,–બોહતા ભવ વીર રે. ૧

જ્ઞાનાચાર તે આઠ છે, પણ જ્ઞાન તિહાં શ્રુત મુખ્ય રે;

काले विणए बहुमाणे, उवहाणे तह अनिण्हवणे
वंजण अथ्थ तदुभये, अट्ठविहो नाणमायारो १

**અર્થ–કાળ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવણ, વ્યંજન, અર્થ અને તદુભય–એ આઠ પ્રકારે જ્ઞાનાચાર છે.**

અસ્યાર્થઃ– પૂર્વ ઢાલ

ચઉ સંધ્યા વરજી ભણે, સવિ અક્ષર શ્રુત જે દક્ષ રે;
વળી સૂત્ર કાલિક ચઉ યામ આદ્યંત, પ્રહર દ્વય દિનમાન રે;
તેમ રયણીયે એહ પ્રમાણ ભણે, કાલે થઈ સાવધાન રે. ૨

વિનય કરે જ્ઞાન જ્ઞાનીનો, જ્ઞાનાભ્યાસીનો તેમ રે;
જ્ઞાનોપગરણનો વળી, શુચિ શોભિત હોય જેમ રે;
જેમ હોયે શોભિત ભવ્ય આશાતના, ટાલતો ધરે નેહ રે;
દીએ બહુ આદર માન કહિવિધ, ચાલતો ગુણ ગેહ રે. ૩

બહુમાન તે અંતર હૃદયમાં, નિજ પ્રાણથી અધિકી પ્રીત રે;
ગુરુ જ્ઞાની જ્ઞાન ઉપરે, ઉપધાન તપોવિધિ રીત રે;
વિધિ રીતે મુનિ તે યોગ વહી ભણે, સૂત્ર તે સુવિનીત રે;
શ્રાવકને ઉપધાન પરમેષ્ઠી, પ્રભૃતિ કહ્યાં ષટ્ રીત રે. ૪

ગુરુ ઓલવણા નવિ કરે, જેહથી પામ્યો શ્રુતજ્ઞાન રે;
ગુરુ અપલાપી ભારી કહ્યો, સવિ શાસ્ત્રમાં તે અજ્ઞાન રે;
અજ્ઞાની ભારી કર્મ નિકાચિત, બંધના કર્મરૂપ રે;
હોય રાસભને ચંડાલગતે, તેહી જનાવિદરૂપ રે. ૫

एकाक्षरप्रदातारं, यो गुरुं नैव मन्यते
श्वानयोनिशतं गत्वा, चांडालेष्वपि जायते १

**ભાવાર્થઃ**-એક અક્ષરને પણ ભણાવનાર ગુરુને જે મનુષ્ય માનતો નથી તે મનુષ્ય સો વાર શ્વાન યોનિમાં અવતાર લઈને અંતે ચાંડાલ યોનિને વિષે ઉત્પન્ન થાય છે. ૧

ભવ્ય જન તે સૂત્ર ખરો ભણે, હ્રસ્વ દીર્ઘ ઉદાત્તાનુદાત્ત રે;
સ્વરિત પ્લુત સાનુનાસિકે, નિરનુનાસિક સ્થાન પ્રયાત રે;
વળી સ્થાન અમાન પ્રમાણ યથાવિધિ, ઉચ્ચરે મુખ પાઠ રે;
હીનાધિક પદ રીતિ યતિ ધૃતિ, અક્ષરે નહીં શાઠ રે. ૬

સંપ્રદાયી ગુરુ મુખ થકી, ગ્રહી આગમનો કરે અર્થ રે;
નયગમ ભંગ પ્રમાણથી, સોલે પદે નવિ હોયે વ્યર્થ રે;
નવિ હોય જિનમત વ્યર્થ તેણી પરે, ભાખતો શુદ્ધ અર્થ રે;
સૂત્રાર્થ બેહુ શુદ્ધ જિહાં તેહથી, વિપરીત અર્થ અનર્થ રે. ૭

જ્ઞાનાચાર તે આઠ છે, દ્રવ્ય ક્ષેત્ર કાલ ને ભાવ રે;
શુચિ તનુ ઉપગરણાદિકે, હોયે દ્રવ્યથી જ્ઞાન જમાવ રે;
તેમ ક્ષેત્રથી શત કર માન અશુચિ, અભાવથી કરે શુદ્ધ રે;
ઔદારિક વૈક્રિય ભેદ અસજ્ઝાઈ, દાવથી ગુણ લદ્ધ રે. ૮

કાલમાં સંધ્યાદિક કહ્યો, ભાવથી અધિકરણ શાંત રે;
ઇણવિધ જ્ઞાનાચારનો, વિધિ પાળે તેહ મહાંત રે;
પાળે તે સંત મહંત દર્શના,—ચારને મહાધીર રે;
વીતરાગે કહ્યું તે સત્ય પ્રતીતે, આઠ આચારને હિએ હીર રે. ૯

**निस्संकिय निक्कंखिय, निव्वितिगिच्छा अमूढदिट्ठी य**
**उववूह थिरीकरणे, वच्छल्ल पभावणे अट्ठ १**

અસ્યાર્થ :— પૂર્વ ઢાલ

નિઃશંકિત દેશ સર્વથી, જિનશાસનનું શ્રદ્ધાન રે;
નિઃકાંક્ષિત અન્ય દર્શન તણો, વિસ્મય દેખી નવિ તાન રે;
નવિ ધ્યાનમાં વાંછે તે ફળે, સંશય નહીં ધર્મમાંહિ રે;
તનુ વસ્ત્રાદિક મ્લાન દેખી, દુગંછા નહીં ધરે ઉચ્છાહિ રે. ૧૦

નિવિતિગિચ્છાયે જાણીએ, વળી દૃષ્ટિ ન હોયે મૂઢ રે;
કુશલપણું જિનશાસને, નય ભંગ તે જાણે ગૂઢ રે;
તેહ અમૂઢજ દૃષ્ટિ કહી, સ્તવનાયે કહી ઉપબૃંહણા રે;
શક્તિ પતિતને ઠામે થાપે, વળી સમકિતે થિરિકરણા રે. ૧૧

વાત્સલ્ય ગુણ તે દુઃખનો, ઉદ્ધરણ કારણ નિર્માય રે;
પ્રભાવના તે જિનશાસન તણી, શોભા વધતી જિહાં થાય રે;
જિહાં થાય તે દર્શનાચાર વિશોધી, તણી કહી જિનરાય રે;
સાંભોગિક જે સાધુ મહામુનિ, કેરડા સમુદાય રે. ૧૨

ચારિત્રાચાર જે આઠ છે, પાળે તે થઈ સાવધાન રે;

यतः–पणिहाण जोगजुत्तो, पंचहिं समिईहिं तिहिं गुत्तीहिं
एस चरित्तायारो, अट्ठविहो होइ नायव्वो १

અર્થ–સાવધાનપણે મન-વચન-કાયાના યોગ સાથે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ–એ આઠ પ્રકારે ચારિત્રાચાર જાણવો.

સમિતિ પંચ ત્રણ ગુપ્તિ જે, પ્રવર્ત્તન નિવર્ત્તના માન રે;
અનુમાન કરણ પ્રમાણ ઇરિયા, ભાષેષણા આદાન રે;
પરિષ્ઠાપનિકાધિક એષણા, સમિતિ સદા મતિમાન રે. ૧૩

આલંબન કાલ માર્ગણા, જયણા ચઉ ઇરિયા જાણ રે;
સત્યાસત્ય સત્યામૃષા, અસત્યામૃષા ચઉ ભાષા ઠાણ રે;
ચઉઠાણે એષણા હોઈ ઉદ્ગમ, ઉત્પાદના તેમ અન્ય રે;
પિંડ ગ્રાસના ભેદ પ્રકારે, જો લીયે શુભ મન્ન રે. ૧૪

તેમ આદાન નિક્ષેપના દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવે ચાર રે;
પરિષ્ઠાપનિકા એણે વિધે, એ સમિતિના અનેક પ્રકાર રે;
ચાર ભેદ સત્યાદિકે હોય, મનો વચ ગુપ્તિ ને પ્રતિરૂપ રે;
કાયગુપ્તિ દુવિધ તેમ જાણી, પ્રવર્ત્તન નિવર્ત્તના તસ રૂપ રે. ૧૫

એ આઠે માતા કહી, પ્રવચનની શાસ્ત્ર મઝાર રે;
અથવા પ્રવચન સવિ એહમાં, માયું હેતે નિરધાર રે;
સાર સંયમ સુત ઉપજાવે પાલણા, પણ કરે નિરમાય રે;
કરે નિર્મલતા શોધી માતાપણું, તેણે ધરે મુનિરાય રે. ૧૬

પ્રણિધાનચિત્ત એકાગ્રતા, જ્ઞાન દર્શન ચારિત્ર યોગ રે;
યુગતો હોયે એહને જો, તેહને હોયે ચારિત્ર ભોગ રે.
ઉપયોગે જે સાવધાન થઈ, સમિતો રહે સદાકાલ રે;
ગુપ્તો તે મન પરિણામે સદા, શુભને વહે સુકમાલ રે. ૧૭

બાર ભેદે તપાચાર જે, બાહ્ય અભ્યંતર છ છ હોય રે;

હવે તે તપની ગાથા કહે છે–

अणसणमूणोयरिया, वित्तीसंखेवणं रसच्चाओ
कायकिलेसो संली,–णया य बज्झो तवो होइ १

અર્થ–અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા–એ બાહ્ય તપ છે.

અસ્યાર્થઃ– પૂર્વ ઢાળ

ચઉવિધ આહારનો ત્યાગ જે, તે અણસણ બહુવિધ જોય રે.
વલી હોયે ઉણોદરી બહુવિધિ, નિજ આહારની યથાશક્તિ રે;
માત્રાથી ઊણ કવલ તે, વિચારની કરે વ્યક્તિ રે. ૧૮

વૃત્તિસંક્ષેપ દ્રવ્યાદિકે, ગ્રામ પુરુષ પ્રમુખ બહુ ભેદ રે,
અભિગ્રહ સવિ અંતર ભવે, એ માંહે ન પામે ખેદ રે.
અતિ ખેદે નહીં રસ ત્યાગ તે વિગઈ, નિવિગ તણો રસ જેહ રે;
ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ જે દ્રવ્ય તે ચઉ, ભેદે ગણો ભવિ તેહ રે. ૧૯

કાયકિલેશ આતાપના, લોચાદિક પરિસહ ધીર રે;
સંલીનતા અંગોપાંગની, અશનાદિકની ધરે ધીર રે.
કરે એ ષડ્વિધ બાહેર તપની, અહોનિશે મુનિલોક રે;
હવે ષડ્વિધ જે અભ્યંતર તે પણ, અભ્યાસે ગતશોક રે. ૨૦

पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ
झाणं उस्सगो विय, अब्भिंतरओ तवो होइ १

અર્થ–પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ–એ છ પ્રકારે નિશ્ચયથી અભ્યંતર તપ છે.

અસ્યાર્થઃ પૂર્વ ઢાલ

પ્રાયશ્ચિત્ત પૂર્વે ભણ્યાં, દશવિધ કરે તાસની સેવ રે;
વિનય તે ચઉવિધ ભાખિયો, જ્ઞાનદર્શનચરણની હેવ રે.
નિત્યમેવ કરે સ્વયંમેવ ચોથો, ઉપચારનો વલી ભેદ રે;
અભ્યુત્થાન સ્તવન પ્રમુખાશ્રિત બહુ, વ્યવરનો નહીં ખેદ રે. ૨૧

શુભ મન વચ કાય જોડતાં, સાત ભેદે તે થાય રે;
તપ ઉપકાર પ્રતિરૂપ એ, જોડંતાં દશવિધ થાય રે.
નિર્માયપણે એમ વિનયનાં રૂપ, અછે ઘણાં શ્રુતમાંહે રે;
દશવૈકાલિકની નિર્યુક્તિમાંથી, સુણિયાં મેં ઉત્સાહે રે. ૨૨

વૈય્યાવચ્ચ તે વ્યાધિ પરિસહ થકી, ઉદ્ધરણ સહાયનું રૂપ રે;
વિનય થકી તે અધિક છે, દશવિધ તે છે અનુરૂપ રે.
પ્રતિરૂપ ન તેહને કોઈ દેશે, પદનું કરે થઈ શૂર રે;
આયરિયાદિક દશ પદ ગાથાથી, ચિત્ત ધરે મુનિ ધીર રે. ૨૩

आयरिय उवज्झाये, थेरे तवसी गिलाण सेहे य
साहम्मिय कुल गण संघ संगयतमिह कायव्वं १

वेयावच्चं नियय़ं, करेह उत्तम गुणधरं ताणं
सव्वं किरपडिवाई, वेयावच्चं अपडिवाई २

पडिगस्समयसावा, भासई चरण सुयं अगुणणाए
न हु वेयावच्चं चिय, सुहोदयं नास ए कम्मं ३

તેહ ભણી જેમ જેહનું, ઘટે તેમ કીજે વેયાવચ્ચ રે;
એહના બાવન ભેદ છે, તેર પદનો ચઉવિધ અચ્છ રે.
ભક્તિ બહુમાન ગુણવર્ણનને, અનાશાતના કરો જાણ રે;
એ સવિ અંતર્ભૂત નહીં તિહાં, યાતના મન ઠાણ રે. ૨૪

तिथ्थयर सिद्ध कुल गण, संघ किरिय धम्मनाण नाणीणं
आयरिय थेरु उवज्झाय, गणिणं तेरस पयाणं २

લોકોપચાર વિનય કહ્યો, વલી પણવિધ કોઈક ગ્રંથ રે;
લજ્જા અર્થ કામ ભય થકી, એ સવિ ભવના [1]પલિમંથ રે;
પલિમંથો ટાલક મોક્ષનો વિનય, પંચમો સુખદાયી રે;
ઇત્યાદિક બહુ ભેદે વિનય વૈયા,—વચ્ચે રમો ભલા ભાઈ રે. ૨૫

હવે સજ્ઝાય પણવિધ કહ્યો, વાચન તે સૂત્રે પાઠ રે;
સૂત્રાર્થ સંશય વશે, પરને પૂછન પૃચ્છા ઠાઠ રે.
બહુ ઠાઠે ભણ્યાનું સારણ તે પરા,—વર્તના જયવંત રે;
તત્ત્વાર્થનું વિચાર અને ચિંતન, અનુપ્રેક્ષણા ગુણવંત રે. ૨૬

સુણવું જે સૂત્રાર્થનું, સાવધાનપણે ધરી પ્રીતિ રે;
અથવા ધર્મનું ભાખવું, એ ધર્મકથાની નીતિ રે.
પ્રીતિશું એમ સજ્ઝાય કરીને, કરાવતા પર પાસે રે;
કરતા તેહનું સહાય પ્રથમ, કર્મ વારતા તે ગુણરાશિ રે. ૨૭

૧. પરિમંથુ=ઘાતક, પ્રતિપક્ષી

અંતર્મુહૂર્ત્ત એકાગ્રતા, તે ધ્યાન છદ્મસ્થને જાણ રે;
કેવલીને યોગ રુંધના, હોયે જે અયોગી ગુણઠાણ રે.
ગુણઠાણે તે હોયે બહુ ભેદે, શુભ કહ્યા જિનરાજ રે;
ધર્મને ભેદે ચારિત્ર તે, નિર્વહ્યા સુખ કાજ રે. ૨૮

**अंतोमुहुत्त मित्तं, चित्तावथ्थाण मेगवथ्थुम्मि**
**छउमथ्थाणं झाणं, जोग निरोही जिणाणं तु १**

આર્ત્ત રૌદ્રધ્યાન યદ્યપિ, છે તો પણ અશુભ નિદાન રે;
તે ત્રણ ગુપ્તિમાં વારતા, મુનિ તો તિહાં નહીં સાવધાન રે.
સાવધાન હોયે શુભધ્યાને સંવર, ધર મુણિ શુભમન્ન રે;
મૈત્રી પ્રમોદ કરુણા ને ઉપેક્ષા, ચારે ધરે જે તે ધન્ન રે. ૨૯

જેમ ઘન સંઘાતે મલ્યાં, હોયે પવનથી તે વિસરાલ રે;
તેમ શુભધ્યાનના યોગથી, નાસે વલી કર્મનાં જાલ રે.
જેમ [1]જાલે કંચન મલ ટલે સવિ, નિર્દલે ક્ષણમાંહિ રે;
તેમ આતમની શુદ્ધિ [2]ઝાણાનલ, ને બલે પરવાહિ રે. ૩૦

જે જે યોગ જિનશાસને, વર્ત્તે છે તે સવિ હોય રે;
દુઃખક્ષયને કારણે, જો શુભધ્યાન સંયોગી જોય રે.
શુભધ્યાન વિના તે અહિલ અભવ્ય, નિહ્નવ પરે જગમાંહે રે;
જો ધ્યાન તણે પરભાવ અશુભ, શુભ પરે ક્ષણમાંહે રે. ૩૧

ધ્યાનશતકમાં એહના, જે આવશ્યક નિર્યુક્તિ રે;
ચિંતા ને વલી ભાવના, લક્ષણ આલંબન ઉક્તિ રે.
શક્તિ યુક્તિ ધ્યાનની મોક્ષને, સાધીએ તત્કાલ રે;
ચંદ્ર ને પ્રસન્નચંદ્ર [3]એલાસુત, કેવલી સુકુમાલ રે. ૩૨

કાયોત્સર્ગ દ્રવ્યભાવથી, કરીએ જો દોષ વિશુદ્ધ રે;
ઊર્ધ્વ નિષીદન ભેદથી, બહુ ભેદે કરે તે બુદ્ધ રે.
પ્રતિબુદ્ધ તે કહીએ અશુદ્ધ તે, શ્રી જ્ઞાનવિમલ મતિ ધરી ભાવ રે;
એમ આચાર વિશુદ્ધશું સંપદની, છતી તે ભવ નાવ રે. ૩૩

**॥ દોહા ॥**

વીર્ય તે આતમ શક્તિનો, સમર્થપણાનો યોગ;
તે દુવિધ બાલ પંડિતે, તિહાં બાલ વીર્ય નહીં ભોગ. ૧

૧. અગ્નિથી ૨. ધ્યાનાનલ ૩. ઇલાચીપુત્ર

જો સંવર કરણી તણો, સામર્થ્યે પંડિત વીર્ય;
અક્ષુભિત હુયે ત્રણ યોગનો, મંદરગિરિ પરે ધૈર્ય. ૨

તે વીર્યાચાર ત્રણ પ્રકારે છે-

यतः–अणिगूहिय बलविरिओ, परक्कमई जो जहुत्तमाउत्तो।
जुंजई अ जहाथामं, नायव्वो वीरिआयारो॥

અભિગ્રહિત બલ વીર્યમાં, જે ફોરવે નિજ શક્તિ;
મન વચ કાયા દૃઢપણે, તેહી જ પ્રવચન ભક્તિ. ૩

ઉદ્યમ ધૈર્ય પરાક્રમી, એ સવિ છે પર્યાય;
ઉદ્યમથી જન જિન હુયે, ઉદ્યમ પરમ ઉપાય. ૪

જ્ઞાનક્રિયાના યોગથી, સાધીજે શિવપંથ;
ઉભયાશ્રિત વિણુ એકલો, દીએ ભવનો પલિમંથ. ૫

તારુ પણ ઉદ્યમ વિના, ન તરે નીરપ્રવાહ;
નટી સુશિક્ષિતપણું નવિ લહે, વિણુ ઉદ્યમે સુપસાય. ૬

જ્ઞાનાદિક છત્રીશ જે, તે પણ વીર્યાચાર;
સફલ હોય એહને મલ્યાં, તે વિણુ હોયે અતિચાર. ૭

યદ્યપિ કારણ બહુ અછે, કાલાદિકના ગ્રંથ;
પણ ઉદ્યમની મુખ્યતા, સાધીજે શિવપંથ. ૮

સમુદાયે સમકિત કહ્યો, એકાંતે મિથ્યાત;
ગોશાલક મતની પરે, નિયતવાદની વાત. ૯

यतः–कालो सहाय नियई, पुव्वकय पुरीसकारओ पंच
समवाये सम्मत्तं, एगंतं होई मिच्छत्तं ९

અર્થ-૧. કાલ, ૨. સ્વભાવ, નિયતિ (પ્રારબ્ધ), ૪. પૂર્વકર્મ અને ૫. પુરુષાર્થ-એ પાંચ સમવાય કારણ મળ્યે સમ્યક્ત્વ થાય છે અને એકાંતે માનતાં મિથ્યાત્વ છે.

યદ્યપિ ભવસ્થિતિ નિયત છે, તો પણ પ્રકૃતિ સમુદાય;
અધિક ન્યૂન રસ સ્થિતિ તણી, બોલી શ્રીજિનરાય. ૧૦

તે ભણી ઉદ્યમ આદરે, જ્ઞાન ધરે પણ નિત્ય;
તો તસ મતના વાસીયા, તેહને ઉદ્યમ મિત્ત. ૧૧

## ॥ ઢાલ ઓગણપચ્ચાસમી ॥

(રામ ભણે હરિ ઊઠીએ–એ દેશી)

એમ સંયમ ગુણમણિતણા, આગર તે મુનિરાય રે,
વિચરે ગુરુપદ સેવતા, દર્શનથી દુઃખ જાય રે. ૧

સહજ સંવેગીયા સાધુજી, મહિમાવંત મહંત રે,
મહોટા મુનિવર મહિયલે, પાવન કરે સતવંત રે,
ભક્ત ગુરુના ભદંત રે, કરતા કર્મના અંત રે,
ખંતા દંતા મતિમંત રે, સુજસ સોભાગ લહંત રે,
સંયમશ્રી તણા કંત રે. સ૦ ૨

દુર્દ્ધર તપ તપતા ઘણું, કરતા કર્મના નાશ રે,
જપતા પ્રવચન પાઠને, આતમ લીલવિલાસ રે,
ષટ્‌વિધ [1]જીવની રાસ રે, પાલે નિજ પરે ઉલ્લાસ રે. સ૦ ૩

ઉપશમ નીરના નીરધિ, ધીરથી જલગંભીર રે,
સહસ અઢાર શીલાંગના, રથધુરા ધરણ ધુરીણ રે,
આગમ નિગમ પ્રવીણ રે, કિણહી થાયે ન ખીણ રે,
ગાલ્યા મદ જેમ મીણ રે, સહે પરિસહ અદીણ રે. સ૦ ૪

પ્રતાપસિંહ ભૂપતિ ઋષિ, સૂર્યવતી તેમ માય રે,
લક્ષ્મીદત્ત લક્ષ્મીવતી, એ પણ ઉપપિતા-માય રે,
એણી પરે મુનિ સમુદાય રે, સંયમમાં નિરમાય રે,
એમ બહુ કાલ ગમાય રે. સ૦ ૫

કેઈક અણસણ આદરી, શિવ પામ્યા ભવ તેણ રે,
કેઈક અનુત્તરે ઊપના, એક અવતાર છે તેણ રે,
કેઈક ઉપશમ શ્રેણ રે, ટાલ્યાં કર્મ ભરેણ રે,
વર્ત્યા આનંદ પરમેણ રે. સ૦ ૬

શ્રીચંદ્ર નૃપતિ તે સાંભલી, માત પિતાનાં નિર્વાણ રે,
ભક્તિ થકી તેણે થાનકે, કરે તિહાં [2]થૂભ મંડાણ રે,
સંભારે ગુણખાણ રે, જેહની છે મીઠી વાણ રે,
ધ્યાયીએ તેહનાં [3]ઝાણ રે. સ૦ ૭

---

૧. જીવરાશિ, જીવસમૂહ ૨. સ્તૂપ ૩. ધ્યાન

હવે શ્રીચંદ્ર ભૂપાલ જે, પાલે ધર્મનું રાજ રે,
વિદ્યાબલના યોગથી, સાધે ધર્મનું કાજ રે,
કરિય વિમાનના સાજ રે, યાત્રા કરે શ્રી જિનરાજ રે,
જેમ જલધર તણી ગાજ રે, તેમ ગુહિર નિશાણ અવાજ રે,
સહજ સલૂણા રે રાજવી, રાજવીયા શિરદાર રે,
સુજસ સોભાગ્ય ભંડાર રે, દેશવિરતિ અલંકાર રે,
શોભા અતિહિ ઉદાર રે. સ૦ ૮

સિદ્ધ ક્ષેત્રાદિક તીર્થની, યાત્રા ભૂતલ કીધ રે,
સંઘ સહિત પરિવારશું, નરભવનું ફલ લીધ રે,
મનહ મનોરથ સીધ રે, થઈ જગમાંહે પ્રસિદ્ધ રે,
દરિદ્રને ગલ હચ્છ દીધ રે. સ૦ ૯

શાશ્વત ચૈત્ય વૈતાઢ્યની, નંદીશ્વરાદિક તેમ રે,
પિતૃવ્રત લીધાંથી પછી, કીધી અષ્ટાદશ ક્ષેમ રે,
રાખે સહુ સાથે પ્રેમ રે, પાલે શ્રાવકના નેમ રે,
જેણી પરે જાચું હોયે હેમ રે, ગુણ તસ કહીએ કેમ રે. સ૦૧૦

મહી જિનચૈત્ય મંડિત કરી, માનું[1] ભૂભામિની ઉરહાર રે,
ઉચ્છંગ તોરણ ધ્વજે કરી, માનું નિજ યશનો અંબાર રે,
સુંદર જિનબિંબ સાર રે, ધર્મશાલા શત ચાર રે,
શુભ કરણીના નહીં પાર રે, સાતે વ્યસન નિવાર રે,
જ્ઞાન તણા ભંડાર રે, કીધાં સુકૃત સંચાર રે. સ૦૧૧

ચંદ્રકલાદિક નારીશું, રથયાત્રા કરે ભૂપ રે,
જનપદમાંહે તે બહુ કરે, સાથે વડ વડા ભૂપ રે,
ચતુર વિવેકાચી ચૂપ રે, મહિમા અતુલ અનૂપ રે,
મદન પરાજિત રૂપ રે, પૂજા વિવિધ સરૂપ રે,
વિરચાવે જેમ [2]યૂપ રે. સ૦૧૨

સોળ [3]સયાં થયાં સુત સુતા, સત્તર તેહમાંહે વિશેષ રે,
પ્રથમ પૂરણચંદ નામથી, સકલ કલાધર રેખ રે,
જેહમાં ગુણ છે અશેષ રે, જેમ નરગણ માંહે લેખ રે,
કનકસેનાદિ અશેષ રે, બંધવ બહુ તસ દેખ રે,
હર્ષે ધર્મી જન પેખ રે. સ૦૧૩

૧. પૃથ્વીરૂપી સ્ત્રીના ગળાનો હાર છે. ૨. યજ્ઞ ૩. સો

બાર વરસ કુંઅરપણે, કરી સકલ કલાનો અભ્યાસ રે,
એકશત વર્ષ રાજાપણે, કરે એક છત્ર નિવાસ રે,
વરવીર ભ્રાતા છે ખાસ રે, શ્રી પર્વતે રાજ્ય તાસ રે,
દીએ ધરી અતિ ઉલ્લાસ રે, ચંદ્રપત્તન પુર વાસ રે. સ૦૧૪

પૂર્ણચંદ્ર નિજ પુત્રને, કરે તિહાં રાજ્યાભિષેક રે,
નયર કુશસ્થલનો તિહાં, આણી સબલ વિવેક રે,
તેજ પ્રતાપ અતિરેક રે, નાઠા અરિ જેમ ભેક રે,
મહોટી જગમાં જસુ ટેક રે, ધર્મે ચતુરાઈ છેક રે. સ૦૧૫

કનકસેન સુતને દીએ, નવલખ દેશનું રાજ્ય રે,
કનકપુરી નગરી તણું, કનકાવલી સુત તાજ રે,
શ્રીમલ્લ તનયને કાજ રે, દીએ કુંડલપુર રાજ રે,
વૈતાઢ્યગિરિતણું રાજ્ય રે, રત્નચંદ્ર સુતને છે રાજ્ય રે. સ૦૧૬

મલય દેશનો નૃપ કર્યો, મદનચંદ્ર મદનાનો જાત રે,
કનકચંદ્રને કર્કોટ દેશનું, તારાચંદ્રને નંદીપુર સાક્ષાત્ રે,
શિવચંદ્રને અંગદેશ સાત રે, એમ કરે બહુ અવદાત રે,
ભોગવતાં સુખ શાત રે. સ૦૧૭

એમ સઘલાયે પુત્રને, જેમ જેમ યોગ્યતા જાણી રે,
તેમ તેમ રાજ્ય વહેંચી દીએ, ધારે જનકની આણ રે,
કાંઈ નહીં ખેંચતાણ રે, ધાતુ રયણ તણી ખાણ રે,
વહેંચી દીએ થઈ જાણ રે, એમ શ્રીચંદ્ર ભૂભાણ રે,
જ્ઞાનવિમલસૂરિની વાણ રે. સ૦૧૮

**॥ દોહા ॥**

ચંદ્રકલાદિક નારીશું, પટરાણી પરિવાર;
ગુણચંદ્રાદિક મંત્રવી, આઠ સહસ સુખકાર. ૧

શેઠ સેનાપતિ પૌરજન, પ્રત્યેકે ચાર હજાર;
નર નારી વારાંગના, તેહ અનેક ઉદાર. ૨

જેમ હરિ સુરવર લોકમેં, લીલા લહેર કરે લીલ;
તેમ શ્રીચંદ્ર નૃપ મનુજનો, અધિપતિ ધર્મ સુશીલ. ૩

અવસર અવસર સાધતાં, ધર્મ અર્થ ને કામ;
એકેકને બાંધે નહીં, તેહ જ ગુણમણિ ધામ. ૪

એમ કરતાં એકણ સમે, વનપાલક અભિરામ;
આવી દીએ વધામણી, કરી કર જોડી પ્રણામ. ૫

ધર્મઘોષ સૂરીશ્વરા, સપરિવાર નિરાબાધ;
વનમાં આવી સમોસર્યા, ગુણમણિ રયણ અગાધ. ૬

તે નિસુણી વનપાલને, પ્રીતિદાન દીએ કોડિ;
સાડી બારહ કનકની, કોણ કરે એહની હોડ. ૭

સેના સજ્જ કરી ઘણું, ચતુરંગિણી નરનાથ;
આવે શ્રીગુરુ વાંદવા, સકલ ઋદ્ધિ લેઈ સાથ. ૮

પંચાભિગમન સાચવી, મૂકી રાજનાં ચિહ્ન;
ચામર છત્ર શસ્ત્ર વાહનાં, મુકુટ પંચ એ એન. ૯

બેઠા વિધિ વંદન કરી, દીયે ગુરુજી ઉપદેશ;
અતિહર્ષિત હૃદયે કરી, નિસુણે અમૃત સંદેશ.૧૦

**॥ ઢાલ પચ્ચાસમી ॥**

( ઝુંબખડાની દેશી )

દશ દૃષ્ટાંતે દોહિલો રે, નરભવનો અવતાર;
સુગુણરાય સાંભળો.
આર્યદેશ ઉત્તમ કુલે રે, લહેવું આરોગ્ય તનુ સાર; સુ૦
મેલો વિષય પ્રમાદ, ટાલો મન આમળો;
તો પામો યશવાદ, કરો મન નિર્મલો. ૧

પંચેન્દ્રિય પડવડપણું રે, વળી લહેવો શ્રુતયોગ; સુ૦
સુગુરુ તણા સંયોગથી રે, શ્રદ્ધાનો ઉપયોગ. સુ૦ ૨

આદરવું તે ધર્મનું રે, પંડિત વીર્ય ઉલ્લાસ; સુ૦
આદરીને વળી પાળવું રે, જિમ કહ્યું તિમ સુપ્રકાશ. સુ૦ ૩

એ સવિ દુષ્કર તાસ છે રે, જાસ ન પૂરવ પુણ્ય; સુ૦
તે સવિ તુમને સોહિલું રે, મલ્યું તુમને તેણે ધન્ય. સુ૦ ૪

સમકિત દેશવિરતિ તણા રે, લાભ લહ્યા જેણે હોય; સુ૦
તે પણ ગૃહી વડભાગિયા રે, બોલ્યા સમયમાં જોય. સુ૦ ૫

પાશ પરે ઘરવાસને રે, જાણે જેહ અકથ્થ; સુ૦
કામભોગને જોડીએ રે, તે ઇંદ્રિય અર્થ અનર્થ. સુ૦ ૬

ભવસમુદ્રમાં બૂડતાં રે, સ્ત્રીજન પથ્થર નાવ; સુ૦
વિષય તે સેવ્યાથી મટે રે, એ ભાવ તે વિષય છે તાવ. સુ૦ ૭

ક્ષણપરિભોગી ધનાદિકે રે, તેહી નરક સહાય; સુ૦
ઇણી પરે જે ચિત્તમાં ગણે રે, તે શ્રાવક ઠહરાય. સુ૦ ૮

ચિંતે મનમાં એહવું રે, લીયું સર્વવિરતિ હું [1]કેવાર; સુ૦
આગમ ભણી પ્રતિમા વહું રે, વળી કરું ઉગ્ર વિહાર. સુ૦ ૯

ગીતારથ ગુરુ સેવના રે, પંચ પ્રકાર સજ્ઝાય; સુ૦
ઇત્યાદિક બહુ ભાવના રે, એહવા મનોરથ થાય. સુ૦૧૦

તે સંયોગ મળે હતે રે, ન કરે ઢીલ લગાર; સુ૦
તે સામગ્રી સવિ મળી રે, અફલ કરે ગમાર. સુ૦૧૧

એમ ઉપદેશ કહ્યા ઘણા રે, ભાવ્યા મનમાં તેહ; સુ૦
ભુક્ત ભોગ ઘરવાસમાં રે, પહેલા છે ગુણગેહ. સુ૦૧૨

સેજ બિછાઈ જેમ મળે રે, નિદ્રાલુને તામ; સુ૦
તરષાને અમૃત મળે રે, નિર્ધનને જેમ દામ. સુ૦૧૩

તેમ હરખ્યો મન રાજવી રે, લેવા સંયમ કાજ; સુ૦
પડહ બજાવે નયરમાં રે, કરે તિહાં સખરા સાજ. સુ૦૧૪

અટ્ઠાઈ મહોત્સવ કરી રે, ચૈત્યે ચિત્ત ઉલ્લાસ; સુ૦
ગજ રથ તુરગ ને પાલખી રે, શણગારે શહેરને ખાસ. સુ૦૧૫

અલકાપુર સમ પુર થયું રે, નગરલોક સુરલોક; સુ૦
શચી શચીપતિ રાણી રાજવી રે, હર્ષિત સવિ ગતશોક. સુ૦૧૬

જાણે હરિ સંજમ લીએ રે, એ તો અચરિજ વાત; સુ૦
વિસ્મય દેખી એહવો રે, શો ઝાઝો અવદાત. સુ૦૧૭

અતિ ઉત્સવ આડંબરે રે, ધર્મઘોષ સૂરિ પાસ; સુ૦
દીક્ષા લીએ અનુમતિ ગ્રહી રે, પૂર્ણચંદ્ર નૃપ પાસ. સુ૦૧૮

હવે ગ્રહણા ને આસેવના રે, શિક્ષા દુવિધ પ્રકાર; સુ૦
ધારે વારે પાપનાં રે, સ્થાનક જેહ અઢાર. સુ૦૧૯

૧. ક્યારે

જેમ વસંત ઋતુ રાજમાં રે, તેમ સંજમ ઋષિરાજ;
સંજમ ધર સાધુજી.
[૧]બોધિતરણિ તેજાલુઓ રે, તામસ હિમ ગયાં ભાજ; સં૦
સાધુજી જંતુ કૃપાલ રે, સંયમ નિરાબાધજી;
ટાલે દુઃખ જંજાલ રે, પરમ પદ સાધેજી. ૨૦

અધ્યાતમ પરિમલ ફલ્યો રે, વિરતિ ફૂલી વનરાય; સં૦
[૨]કુમલાણી અવિરતિ માલતીરે, વિકસિત શુભ પર્યાય. સં૦૨૧

સુમતિ કોકીલા ગહગહી રે, સંયમ અંબને પોષી; સં૦
ચરણ કરણે ફૂલ્યો ફલ્યો રે, મંજરી સરસ વિશેષ. સં૦૨૨

સમરસ નીરનાં છાંટણાં રે, શુભ રુચિ લાલ ગુલાલ; સં૦
કરુણાકસ બોહી ભલી રે, સુકથા કથન બહુ ખ્યાલ. સં૦૨૩

શ્રુત ઘોષાદિક અતિ ઘણા રે, માદલના દોંકાર; સં૦
ઉચિત વિનય ભાણે કરી રે, ગુંજે ઉપકૃતિ તાલ. સં૦૨૪

ભંભા ભેરી નફેરીયાં રે, ભુંગલ જે નયવાદ; સં૦
વિવિધ હેતુ છંદે કરી રે, ચાલતા તેહ સંવાદ. સં૦૨૫

ચઉવિધ સત્ય ઉદારતા રે,—[૩]દિક બહુલાલંકાર; સં૦
ઋદ્ધિ સિદ્ધિ અણિમાદિકા રે,લબ્ધિ તે વિનતા સાર. સં૦૨૬

સુમતિ ગુપતિ પરિવારશું રે, વિવેક વૃંદાવન માંય; સં૦
બારહ ભાવના ભાવતાં રે, તે તાનના રસ સુખદાય. સં૦૨૭

ગારવ રજને સમાવતા રે, માયા રજની વિરામ; સં૦
ધર્મધ્યાન સિંહાસને રે, ઉદ્યમ છત્ર ઉદ્દામ. સં૦૨૮

ચામર તપ બિહુ ભેદના રે, ગૌરવ ગુહિર નિશાણ; સં૦
ઋષિરાજા એણીપરે રમે રે, ચરણ વસંત મંડાણ. સં૦૨૯

એમ આણ દે અતિ ઘણે રે, સેવે ગુરુકુલ વાસ; સં૦
અનિયત વાસે વસે સદા રે, ઉપયોગી અતિ ખાસ. સં૦૩૦

જ્ઞાનવિમલ ગુરુ સેવના રે, કરતા અહોનિશિ એમ; સં૦
વિચરે શીખ હૃદયે ધરે રે, વધતે પૂરણ પ્રેમ. સં૦૩૧

૧.બોધરૂપી સૂર્યની કિરણોથી અંધકારરૂપી હિમ ભાગી ગયું ૨. કરમાઈ ૩. આદિક

## ॥ દોહા ॥

ગુરુ સેવાથી તે થયા, ગીતારથ ગુણપાત્ર;
ભણે ભણાવે અતિ ઘણું, કર્યા અનેક મુનિ છાત્ર. ૧

નવવિધ બ્રહ્મીગુણે કરી, પાવન જેહનાં પાત્ર;
પુણ્યવંત નર જાણીએ, જે કરે તેહની [૧]યાત્ર. ૨

દ્વાદશાંગી તણો લહ્યો, જેણે પૂર્ણ આમ્નાય;
સૂત્રારથ [૨]સૂધા ધરે, તે શ્રીચંદ્ર ઋષિરાય. ૩

સારણ વારણ ચોયણા, પડિચોયણા સુશીખ;
સહે વહે ગુરુ આણશું, સમ ભાવે નહીં રીશ. ૪

લોભ મહોદધિ શોષવ્યો, ધરી સંતોષ [૩]અગસ્તિ;
છદ્મતિમિરને અપહરે, અહોનિશિ જ્ઞાન ગભસ્તિ. ૫

## ॥ ઢાલ એકાવનમી ॥

(રાગ મલ્હાર. મંદિર હમારે આયે—એ દેશી)

કરી એણી પરે શુભ ભાયો, મુણીંદરાય, કરી એણી પરે શુભ ભાયો.
મૈત્રી પ્રમોદ કરુણા ને ઉપેક્ષા, એ ભાવના ચિત્ત લાયો;
મુણીંદરાય, કરી એણી પરે શુભ ભાયો;
શ્રી શ્રીચંદ્ર નૃપ રાયો.મુ૦

અકલ સરૂપ અનુપ અતુલ બલ, કર્મકો કટક હરાયો;
સત્ત્વ પ્રધાન ઉદાર ગુણ દેખી, ચરણ ધર્મ નૃપતિ સહાયો. મુ૦શ્રી૦ ૧

શુભ માનસવૃત્તે મહા નયરે, શુભ રુચિ નયર વસાયો;
ગિરિવિવેક વિલાપ શિખરોપરિ, પ્રમદ નંદ નૃપ સરાયો. મુ૦શ્રી૦ ૨

ચિત્ત એકાગ્રની જે થિરતા, ધર્મધ્યાન ગઢ પાયો;
અપ્રમત્તતા ભુવન ભૂમિકા, વચન ખિમા દૃઢ પાયો. મુ૦શ્રી૦ ૩

આતમવીર્ય અપૂર્વ ઉલ્લાસે, શસ્ત્ર સહસ સમવાયો;
શ્રુત સદ્બોધ યોધ સેનાની, સંયમ સૈન્ય સજાયો. મુ૦શ્રી૦ ૪

ચઉવિહ સત્ય ચતુર્મુખ દૂતે, તિણશું વાંકો લિખાયો;
શુક્લ ધ્યાન મન મોજકી ફોજા, મંગલ નાદ વજાયો. મુ૦શ્રી૦ ૫

૧. સંસર્ગ ૨. શુદ્ધપણે ૩. એક ઋષિનું નામ જેણે સમુદ્રને પીધો હતો

ધ્યાનારૂઢ ક્ષપકની શ્રેણિ, મોહ હરામી હરાયો;
પ્રથમ ગુણઠાણથી જાણ બલ મંડી, અણમિથ્યાત્વ ગમાયો. મુ૦શ્રી૦ ૬

બંધ ઉદય ઉદીરણ સત્તા, પ્રકૃતિ નિકૃતિ કય ઘાયો;
યાવત્ અપ્રમત્ત ગુણઠાણે, નિજ સંકેતે આયો. મુ૦શ્રી૦ ૭

સ્થિતિ રસઘાત ગુણસેણી ને સંક્રમ, ચઉસેના ધૃતિ પાયો;
પંચાચાર મતંગજ મયમત્ત, અસવારીયે ઉપાયો. મુ૦શ્રી૦ ૮

કામકમામ ઘામ કીય દૂરે, જિનસે ભૂરિ ભમાયો;
સહજ સંતોષ પોષ ચંદ્રહાસ્યે, દીએ દુશમન શિર ઘાયો. મુ૦શ્રી૦ ૯

લોભ લહરી કીય ખંડો ખંડે, ઉપશમ મોહ ઉલટાયો;
અનુભવ શક્તિ તિહાં પ્રગટાવે, ગુણ પ્રગટનને ઉમાહ્યો. મુ૦શ્રી૦૧૦

શુદ્ધ સ્વભાવ અનુભવ ઉપયોગી, ચેતન જીવ દ્રવ્ય ઠહરાયો;
અનુપયોગી નિજ ગુણ આભોગી, પણ દ્રવ્ય અજીવ કહાયો. મુ૦શ્રી૦૧૧

અધ્યવસાય સ્થાનક ગતિ થિરતા, તે ધર્મ અધર્મ ધરાયો;
તસ અવકાશ ચલાચલ હેતે, તે અવકાશ સહાયો. મુ૦શ્રી૦૧૨

આયુઃસ્થિતિ સંકલન કરે તે, કાલદ્રવ્ય પર્યાયો;
એમ ષટ્દ્રવ્ય એક દ્રવ્ય ભાવે તે, શુક્લધ્યાન પ્રથમ પાયો. મુ૦શ્રી૦૧૩

એક દ્રવ્યમાંહે તેહ ગુણાંતર, સંક્રમથી પર્યાયો;
તિહાંથી અપર અવિચાર કહીજે, તે તો બીજો પાયો. મુ૦શ્રી૦૧૪

શિવસેરી હેરી ઋજુપંથે, યોગ નલિકા યંત્ર ઉપાયો;
આતમવીર્ય ઉદારતા દારુ, ધ્યાનાનલ સલગાયો. મુ૦શ્રી૦૧૫

શુદ્ધ ક્રિયા ઉપયોગનું ફંગે, કપટકો કોટ ગિરાયો;
મોહકોટ શિર દોટ દેઈ આવર્ણ, દુગનાસક ઘરણકું ધાયો. મુ૦શ્રી૦૧૬

અંતરાય અપાયને જાણી, પંડિતવીર્ય પ્રગટાયો;
બલ પટુતા જલકુંડમાં ઝીંકે, અરિયણ વર્ગ ઉડાયો. મુ૦શ્રી૦૧૭

ક્ષીણમોહ સિંહાસન તખતે, નિજ પરિણામ બૈઠાયો;
બંધે એક બેંતાલીશ ઉદયે, સત્તાયે પણાસી સમુદાયો. મુ૦શ્રી૦૧૮

મૂલ થકી ચઉવિધ ઘાતી જે, તસ બલ જોર છિપાયો;
એકછત્ર પ્રભુતાઈ પામે, અવિચલ આતમરાયો. મુ૦શ્રી૦૧૯

તિહાં નિર્વિઘ્ન સધન થઈ અમનો, ભાવપણે ગવરાયો;
ચરણધર્મ ચક્રી હોઈ અહોનિશ, જગ જશવાદ સવાયો. મુ૦શ્રી૦૨૦

મોહ સહાય જ્ઞાનાવરણાદિક, દર્શન ને અંતરાયો;
એ ચિહુંને દેઈ દોટ તિહાં, પાપપંકને પકાયો. મુ૦શ્રી૦૨૧

ક્ષપકશ્રેણીકી શક્તિ અનંતી, તિનસેં કર્મ ખપાયો;
જ્ઞાન અનંત અનંત લહે તબ, જયત નીશાન બજાયો. મુ૦શ્રી૦૨૨

જ્ઞાનવિમલ પ્રભુતાઈ પાઈ, સવિ અરિવર્ગ ખપાયો;
કેવલજ્ઞાન તણો ગુણ પામી, ચામર છત્ર ધરાયો;
ધ્યાન શુક્લ દોઈ પાયો. મુ૦શ્રી૦૨૩

**॥ દોહા ॥**

ઉત્સવ કરતા અતિ ઘણો, સકલ સુરાસુર વૃંદ;
લાયક નરનાયક મલી, ધરતા અતિ આનંદ. ૧

કંચન કમલદલ ઉપરે, બેઠા શ્રી મુનિરાય;
સુવર્ણ સિંહાસન પણ કરે, જિહાં વિચરે તિણ ઠાય. ૨

નિજ ગોકિરણ પસારથી, દૂર કરે તમ રાશિ;
ભવિક ચિત્તના અતિ ઘણા, જેણી પરે [1]તરણી પ્રકાશ. ૩

જનપદ માંહે વિચરતાં, દીએ બહુલા ઉપદેશ;
જસ દર્શનથી જીવના, નાસે સયલ કિલેશ. ૪

સોલ સહસ્ અણગારને, દીખ દીએ નિજ હાથ;
તેહ અર્દ્ધ [2]માને વલી, સાધવી ગુણમણિ સાથ. ૫

નિજ ધર્મોપદેશે કરી, કેઈ સમકિતવંત;
શ્રાવકવ્રત દીધાં બહુ, ક્રિયાદાન ગુણવંત. ૬

વયર વિરોધ શમાવતા, કરતા જન ઉપકાર;
સંવેગી શિર સેહરો, સમતા રસ જલધાર. ૭

સાધુપણે શ્રુતકેવલી, ટાલંતા સંદેહ;
વલી થયા કેવલ કેવલી, ક્ષાયિક ગુણના ગેહ. ૮

---

૧. સૂર્ય ૨. માપે, સંખ્યાએ

## ॥ ઢાલ બાવનમી ॥

(ટોડરમલ જીત્યો રે—એ દેશી)

ગુણચંદ્રાદિક સાધુનેં રે, ઘાતી કરમ ક્ષય થાય;
શ્રીચંદ્ર મુનિ જીત્યા રે.
જીત્યા જીત્યા મુનિ સમુદાય; શ્રીચંદ્ર મુનિ જીત્યા રે.
ચંદ્રકલાદિક સાધવી રે, કમલસિરિ સુખદાય; શ્રી૦
કેવલજ્ઞાન સહાય શ્રી૦ શ્રી જિનધર્મને સુપસાય. શ્રી૦ ૧

સામોહતા સરગે ગઈ રે, એક ભવે લહેશે મોક્ષ; શ્રી૦
અવર સવે લક્ખણાદિકા રે, સચિવે ટાલ્યા દોષ; શ્રી૦
કીધો કીધો કર્મનો શોષ શ્રી૦ જીત્યો જીત્યો રાગ ને રોષ; શ્રી૦
લહ્યો આતમ ગુણનો પોષ. શ્રી૦ ૨

બહુ શિષ્ય કેવલ પામીને રે, પહોતા મુગતિ મઝાર; શ્રી૦
કેઈ અનુત્તરે ઉપના રે, જિહાં છે એક અવતાર; શ્રી૦
સાહુણીનો પરિવાર, શ્રી૦ એણી પરે તસ ગાતે સાર; શ્રી૦
પામ્યા પામ્યા ભવનો પાર, શ્રી૦ ધન ધન તસ અવતાર. શ્રી૦ ૩

કેઈ વળી કલ્પે ઊપના રે, તેહના ત્રણ અવતાર; શ્રી૦
પણ અધિકો કોઈને નહીં રે, ભવના તાસ વિસ્તાર; શ્રી૦
હસ્ત દીક્ષિત અણગાર, શ્રી૦ ઉત્તમ જસ આચાર; શ્રી૦
નિર્વહ્યા સંયમ ભાર. શ્રી૦ ૪

પાંત્રીશ વરસ લગે પાલીઓ રે, કેવલનો પર્યાય; શ્રી૦
આઠ વરસ છદ્મસ્થમાં રે, તપ તપે દુષ્કર થાય; શ્રી૦
દૂર અવશેષ અપાય, શ્રી૦ પાલે જે ષટ્કાય; શ્રી૦
ધર્મે જેહ અમાય, શ્રી૦ જગ જસ પડહ વજાય. શ્રી૦ ૫

બાર વરસ કુમરપણે રે, ઇકશત વરસનું રાજ; શ્રી૦
એકશો પંચાવન આગલે રે, આયુ સકલ શુદ્ધ સાજ; શ્રી૦
વાધિ વાધિ બહુ જસ લાજ,શ્રી૦ સરે સારે ભવિ જન કાજ; શ્રી૦
ગાજે જેમ જલધર ગાજ, શ્રી૦ દીએ દેશના મુનિરાજ. શ્રી૦ ૬

સયોગી ગુણઠાણમાં રે, તિહાં શૈલેશી કરણ; શ્રી૦
યોગ તણી થિરતા ધરે રે, હોયે અયોગીકરણ; શ્રી૦
કરે કરે ધ્યાનનું શરણ, શ્રી૦ કરે તિહાં કાયનું કરણ; શ્રી૦

દોય પાયે ભવ તરણ, શ્રી૦ હોય ચારે કર્મનું જરણ; શ્રી૦
સકલ કર્મ નિર્જરણ, શ્રી૦ નહીં ફરીને અવતરણ; શ્રી૦
અક્ષયસ્થિતિ નહીં મરણ. શ્રી૦ ૭

પાલી પૂરણ આઉખું રે, વિપુલગિરિ અહિઠાણ; શ્રી૦
કરી અનશન આરાધના રે, પામ્યા તિહાં નિર્વાણ; શ્રી૦
જુઓ જુઓ પુણ્ય પ્રમાણ, શ્રી૦ જાસ અખંડિત આણ; શ્રી૦
મોહતિમિર ભર ભાણ, શ્રી૦ જસ નામે કોડ કલ્યાણ. શ્રી૦ ૮

उक्तं च चरित्रगाथा

साहिय वाह सयंतो, तिखंडनिव सयल लभई य पयकमलो
एगं छत्तं रज्जं, पालाइ इंदुव्व सिरिचंदो १

कम्मट्ठ गंट्ठी अट्ठं, अट्ठहिं वरिसेहिं जोग सथ्थेणं
संखविय जेण मुणि, सो सिरिचंदो केवली जयओ २

भवियकमलाण वयणु, करेहिं जो दिणय सव्व बोहिंतो
विहरइ केवलिणंतं, वंदे सिरिचंद रायरिसी ३

निव्वाणी धम्मतिथ्थे, पणपण सयाउयं च पालित्ता
सिद्धिं पत्तो जो तं, सिरिचंदण महणंत महं ५

એમ ઉત્તમ શ્રીચંદ્રનું રે, ચરિત્ર સુણો સુખકાર; શ્રી૦
અનુત્તર, શિવ કે કલ્પની રે, ગતિ લહે તસ પરિવાર; શ્રી૦
એ તપનો અધિકાર, શ્રી૦ આંબિલ વર્ધમાન સાર; શ્રી૦
કરો તુમે ભવિ નર નાર, શ્રી૦ ધરીએ ચિત્તમાં નિરધાર; શ્રી૦
જેમ હોય જયજયકાર, શ્રી૦ જ્ઞાનવિમલ ગુરુ આધાર. શ્રી૦ ૯

**॥ દોહા ॥**

ઇમ ગૌતમ ગણધર કહે, સુણી ચેડા મહારાજ;
શ્રેણિક આગળ વીરજી, ભાખ્યું મઝ્ઝ સમાજ. ૧

તિમ મેં પણ તુજ આગળે, કહ્યું ચરિત્ર રસાલ;
એ આંબિલ વર્ધમાન તપ, મહિમા સુણ ઉજમાલ. ૨

શ્રીચંદ્ર કેવલીની કથા, પૃથા ઘણી એ માંહિ;
વૃથા નહીં એ વાતમાં, જેમ જલદ ગાજ નિશિ માંહિ. ૩

આઠસેં ચોવીશી પરહું, રહેશે એ તપ નામ;
કોઈ એહવો થાયશે, પ્રશ્ન કરેશે તામ. ૫

કહો સ્વામી કોઈ એહવો, પહેલાં થયો છે ભૂપ;
તવ જ્ઞાની કહેશે તિહાં, શ્રીચંદ્ર પ્રબંધ અનૂપ. ૫

એમ નિસુણી ચેટક નૃપતિ, ગૌતમ ગણીથી વાત;
તપ કરવા થયો ઉદ્યમી, લોક થોક સંઘાત. ૬

ઇંદ્રભૂતિ ગણિવર ભણે, નિરાશંસ અનિદાન;
તપ તપે તેહિ જ જગતમાં, તે નર રત્ન નિધાન. ૭

એમ જાણી જે તપ તપે, ખેપે તે કર્મની રાશ;
લીજે તેહનાં ભામણાં, છૂટીજે ભવ પાશ. ૮

## ॥ ઢાલ ત્રેપનમી ॥

(રાગ ધન્યાશ્રી. થુણીઓ થુણીઓ રે મેં એમ મુનીસર થુણીઓ—એ દેશી)

ફલીઓ ફલીઓ રે, મુજ આંગણ સુરતરુ ફલીઓ;
શ્રી જિનરાજ કૃપાથી સંપ્રતિ, થયો સવિથી હું બલીઓ રે. મુ૦ ૧

એ શ્રીચંદ્ર ચરિત્રને ભણતાં, અનુભવ આવી મલીઓ;
તવ નવપદનું ધ્યાન ધરંતે, મોહ મિથ્યામત ટલીઓ રે. મુ૦ ૨

વિવિધ શાસ્ત્રના ભાવ ગ્રહીને, સાર પરે સંકલીઓ;
નવરસ યદ્યપિ એહમાં દીસે, પણ નવમા રસમાં ભળીઓ રે. મુ૦ ૩

દર્શન જ્ઞાન સ્વરૂપ છે એહમાં, નહીં કિહાં વયણે ખલીઓ;
પણ મૂઢને મન તેહ ન ભીંજે, જેમ ઘનજલે મગસલીઓ રે. મુ૦ ૪

પંચાંગી સંમત ગીતારથ, ઓલાસી પય તલીઓ;
ગ્રહો અર્થ જેમ અદત્ત ન લાગે, નાણી ન હોયે છલછલીઓ રે. મુ૦ ૫

ખલ અંતર મીઠાશ ન ધારે, જેમ પીલુનો કલીઓ;
ઉપકૃતિ ન કરે ને કરતાં વારે, જેમ તરુવર બાવલીઓ રે. મુ૦ ૬

સજ્જન સજ્જનતા નવિ મૂકે, જિમ અગર અગ્ને પરજલીઓ;
ચંદન છેદ્યો કરે સુરભિતા, જો વાંસલો લેઈ નિર્દલીઓ રે. મુ૦ ૭

સુસ્વર સુકવિ ને હૃદય વિકસ્વર, તસ મુખથી સાંભળીઓ;
અધિક સવાદ દીએ સાકર લવે, મિશ્રિત મોદક દલીઓ રે. મુ૦ ૮

મૂઢ રહે એ નિસુણી કોરો, બોર માંહે જેમ ઠલીઓ;
સ્યાદવાદનું રૂપ લહે નવિ, આપમતિ [1]બાઉલીઓ રે. મુ૦ ૯
શ્રોતાજન નિસુણીને હર્ષે, જેમ [2]જેઠી જલધિ ઉચ્છલીઓ;
અજ્ઞાની એહમાં મૂંઝાયે, જેમ ગાધો [3]પંકે કલીઓ રે. મુ૦૧૦
મ્હારે તો ગુરુ ચરણ પસાયે, અનુભવ આવી મલીઓ;
વળી વિશેષે ગુણીના ગુણ ભણતાં, [4]મગમાંહે ઘી ઢલીઓ રે. મુ૦૧૧
અંતર ભાવ ન સૂઝે તેહને, જે હોય મોહે છલીઓ;
તેહ સદાગમ સચિવ પસાયે, મિથ્યાભ્રાંતિ તમ ટલીઓ રે. મુ૦૧૨
એહ ચરિત્ર પવિત્ર ભણંતે, આજ દહાડો વળીઓ;
જ્ઞાનવિમલસૂરિ ચરણકૃપાથી, મંગલ કમલા મલીઓ રે. મુ૦૧૩

**॥ દોહા ॥**

એહ રાસનું ખાસ છે, આનંદમંદિર નામ;
સુવિહિત સાધુને તેહમાં, વસતાં સુખનું ઠામ. ૧
શ્રીહરિભદ્ર સૂરિ તણા, ભાણેજા સંબંધ;
વળી શિષ્ય સંબંધે થયા, શ્રીસિદ્ધર્ષિ [5]ગજગંધ. ૨
તેણે ચરિત્ર પહેલાં કહ્યું, પ્રાકૃત ગાથાબંધ;
સંસ્કૃત તસ અનુસારથી, કીયો ચરિત્ર પ્રબંધ. ૩
તસ અનુસારે મેં કહ્યો, તાસ સરસ અધિકાર;
જે કાંઈ અસમંજસ હોવે, લેજો સુકવિ સુધાર. ૪
લોકમાંહે પણ એમ છે, જોવે મુખ તનુ સોભાગ્ય;
વ્યંગ અંગ જોવે ન કો, તેણી પરે દોષનો ત્યાગ. ૫
સજ્જનની પરષદમાંહે, ન હોવે ખલનો [6]ચાર;
પણ વિનયીને વિનયનો, કરવાનો વ્યવહાર. ૬
છે પ્રાણી સહુ કો ભલા, આપાપણે આચાર;
પણ જે આગમ સાખ દ્યે, તે વિરલા સંસાર. ૭
તે ભણી આનંદમંદિરે, વાસ વસો ગુણવંત;
એહ આનંદમંદિર તણો, કહું સહુ સુણો સંત. ૮

---

૧ ગાંડો, પાગલ ૨. જેઠ મહીનામાં દરિયામાં ભરતી આવે તેમ ૩. કાદવમાં ૪. ખીચડીમાં ઘી ઢલ્યા જેવું ૫. ગંધહસ્તી ૬. ચાર=ફરવું, ગમન

## ॥ ઢાલ ચોપનમી ॥

(લાછલદે માત મલ્હાર—એ દેશી)

આનંદમંદિર વાસ, પૂરો સુગુણ નિવાસ;
આજ હો ભાવે રે દેખાડું મંદિર કેરડાજી.
જીરે જીહો ભાવે૦ ૧

શ્રી શંખેશ્વર પાસ, થુતિ મંગલ ગુણ રાશ;
આજ હો જાણો રે તે સૂધી સુથિર છે ભૂમિકાજી. ૨

ચાર અધિકાર ચાર ધાર, શોભા અધિક ઉદાર;
આ૦ ચોથે રે અધિકારે શોભા અતિ ઘણીજી. ૩

એકશત આઠ રસાલ, વિવિધ રાગની ઢાલ;
આ૦ જાણો રે તે થંભા અનુપમ [1]ગેહનાજી. ૪

ગોખ તણા બહુ જોષ, જિનગુણસ્તુતિના પોષ;
આ૦ તેહમાં રે બેસંતાં મનડું ઉલ્લસેજી. ૫

સુસઢાદિક અધિકાર, સંબંધ વિવિધ પ્રકાર;
આ૦ જાણો રે સાતે તે ભૂમિ સોહામણીજી. ૬

જ્ઞાન દર્શન ચારિત્ર, તાસ સ્વરૂપ વિચિત્ર;
આ૦ દીસે રે અતિ મહોટા જેહમાં ઓરડાજી. ૭

સિદ્ધાચલ સૌભાગ્ય, પરમેષ્ઠી પરભાગ;
આ૦ પોહોઢી રે પટશાલો પોહોલી ગેહનીજી. ૮

પંચાચાર વિચાર, સમકિતરૂપ ઉદાર;
આ૦ કહીએ રે તે પેટી ગુણરયણાં તણીજી. ૯

ગાથાદિક બહુ [2]સૂક્ત, વિવિધ કવિત સંયુક્ત;
આ૦ સોહે રે મન મોહે [3]દૃઢતર આંગણુંજી. ૧૦

સુગુરુ સુદેવ સુધર્મ, દાખ્યા તેહના મર્મ;
આ૦ ઉપર રે આચ્છાદન ભવદુઃખ વારતાંજી. ૧૧

વધતી છે જે ઢાલ, તે ધ્વજપટ સુકુમાલ;
આ૦ મહિમા રે દીપંતો ચિહું દિશિ તે કરેજી. ૧૨

૧. ઘરના ૨. સુભાષિત ૩. મજબૂત

ઇત્યાદિક બહુ વસ્ત, જેહમાં અછે રે પ્રશસ્ત;
આ૦ આલોયણની શોધિ જે ઘર ધોલીયુંજી. ૧૩

જેહમાં રોગ ને શોગ, નહીં જિહાં દુષ્ટ સંયોગ;
આ૦ દીસે રે બહુ ઠામે લાભ અનેકધાજી. ૧૪

તે ભણી એ અભિરામ, આનંદમંદિર નામ;
આ૦ થાપ્યું રે ગુણ જાણી પ્રાણી એ સુણોજી. ૧૫

સંઘ વસો એ માંહિ, આણી અધિક ઉત્સાહ;
આ૦ થુણીઓ રે એ સંઘને[1]પવયણમાં ઘણુંજી. ૧૬

સંઘ તે ગુણમણિ ખાણ, રોહણાચલ સમ જાણ;
આ૦ મંડણ રે ત્રિભુવનનો સંઘને જાણીએજી. ૧૭

સંઘ તે શશી ને સૂર, પુણ્ય પ્રતાપ પડૂર;
આ૦ ચક્ર નગર રે રથ કજ ઉપમ તે લહેજી. ૧૮

મેરુ સુરેંદ્ર ને સિંધુ, સંઘ તે જગનો બંધુ;
આ૦ એહવી રે કીર્તિ કહી ઝાઝી સંઘનીજી. ૧૯

જિનઆણા આધાર, વરતે જે સંસાર;
આ૦ તેહવો રે શ્રીસંઘ વસો એણે મંદિરેજી. ૨૦

काव्य (शार्दूल०)

संघोऽयं गुणरत्नरोहणगिरिः, संघस्सतां मंडनं
संघोऽयं प्रबलप्रतापतरणी, संघो महामंगलं
संघोऽभीप्सितदानकल्पविटपी, संघो गुरुभ्यो गुरुः
संघः सर्वजनाधिराजमहितः, संघश्चिरं नंदता १

ભાવાર્થ–આ સંઘ છે તે ગુણરૂપી રત્નના પર્વત સમાન છે અને સજ્જન પુરુષનું મંડન છે તથા પ્રબલ પ્રતાપવાલા સૂર્ય સમાન છે, મહા મંગલકારી છે, અને અભીપ્સિત દાન દેવામાં કલ્પવૃક્ષ સમાન છે, અને મોટામાં મોટો છે; એવો સર્વજનાધિરાજે પૂજિત આ સંઘ ઘણા કાલ પર્યંત આનંદ પામો. ૧

જેહમાં ગુરુની વાણ, કહી ઉપદેશની ખાણ;
આ૦ જાણો રે તે ઘરમાં વિવિધ સુખાશિકાજી. ૨૧

૧. પ્રવચનમાં, શાસ્ત્રમાં

એ મંદિરની રખવાલ, વિજયા અતિ સુકુમાલ;
આ૦ જિનની રે વાણી છે શ્રીભુવનેશ્વરીજી. ૨૨

જગદંબા જગઆધાર, જેહની શક્તિ અપાર;
આ૦ ગાયે રે ષટ્દર્શનમાં બહુ નામે કરીજી. ૨૩

દેશના સુખડી પાય, ભાંજે ભુખડીના અપાય;
આ૦ થાયે રે તૃપ્તા ભવિ પ્રાણી તાસ સવાદથીજી. ૨૪

તિહાં તાંબૂલ અમૂલ, ગ્રહો ભવિજન અનુકૂલ;
આ૦ અહોનિશ રે આરોગી નિત્ય રોગી ટલોજી. ૨૫

એલા ક્ષમા દયા જાવંત્રિ, સત્ય લવિંગ વિચિત્ર;
આ૦ કારુણ્ય [1]પૂગીફલ સદલને ભેલીએજી. ૨૬

તત્ત્વોદય તે બરાસ, દાનાદિક શુદ્ધ વાસ;
આ૦ શીલ આચારણાદિક નાગરવેલડીજી. ૨૭

શ્રી જિનરાજે દીધ, એ તાંબૂલ વિશુદ્ધ;
આ૦ એહવાં રે બીડાં ખાઈને શુચિ રંગે રમોજી. ૨૮

જ્ઞાનવિમલ ધરી નેહ, એહ આનંદમંદિર ગેહ;
આ૦ ઉદ્યમ આણીને એ ઘર સુખ હેતે કર્યુંજી. ૨૯

काव्य (शार्दूल०)

एला यत्र दया क्षमा च लचली, सत्यं लविंगं परं
कारुण्यं क्रमुकीफलानि विदति चूर्णस्तु तत्त्वोदयाः
कर्पूरं मुनिदानमुत्तमगुणं शीलं सुपत्रोच्चयो
ग्रह्णध्वं गुणकृज्जिनौर्निगदितं तांबूलमेतज्ज्ञनाः १

**ભાવાર્થ**–હે ભવિજનો, શ્રી જિનેંદ્રે કહ્યું એવા તાંબૂલના બીડાને ગ્રહણ કરો. તે તાંબૂલ કેવું છે? તો કે જેમાં દયારૂપ એલચી છે, ક્ષમારૂપ જાવંત્રી છે, સત્યરૂપ લવિંગ છે, કારુણ્યરૂપ સોપારી છે, સુતત્ત્વોદયરૂપ ચૂનો છે, મુનિને દાનરૂપ જેમાં બરાસકપૂર છે, અને જેમાં આચારરૂપ નાગરવેલનું પાન છે.

જિહાં રવિ શશિનાં તેજ, સિંધુ ધરાને હેજ.
આ૦ આનંદમંદિર એ તિહાં લગે થિર રહોજી. ૩૦

---

૧ સોપારી

## ॥ દોહા ॥

અતીત ચોવીશી એહથી, થઈ પહેલી જેહ;
નિર્વાણીજિન તીરથે, થયો એહ ગુણગેહ. ૧

તે સંબંધ તપ ઉપરે, સંપ્રતિ વીર જિણંદ;
ગૌતમ પ્રમુખ પરંપરા, વળી જે પૂર્વ સૂરીંદ. ૨

તેણે કથિત ચરિત્રથી, તસ અનુસારે પ્રગટ્ટ;
ઢાલરૂપ એ બાંધિયું, મન મોદે ગહગટ્ટ. ૩

અત્તાગમ ને અનંતરા, પરંપરાગમ જેહ;
ગ્રહ્યું વચન પ્રમાણ છે, તેહિજ નિસ્સંદેહ. ૪

આપમતિ અભિનિવેશીયા, અવિનયી ને [1]બહુમાય;
તેહનાં વચન પ્રમાણતાં, બહુ સંસારી થાય. ૫

જિનઆણા આગલ કરે, નયગમ ભંગ પ્રમાણ;
સ્યાદ્વાદી શુદ્ધ કથક જે, જ્ઞાન ક્રિયા અહિઠાણ. ૬

તેહનાં વચન પ્રમાણતાં, સમકિત નિર્મલ થાય;
સમકિતથી ચારિત્રના, ગુણ સઘલા ઠહરાય. ૭

## ॥ ઢાલ પંચાવનમી ॥

(રાગ ધન્યાશ્રી / તપગચ્છકો સુલતાન સોહાવે—એ દેશી)

તપગચ્છ નિર્મલ જેમ ગંગાજલ, લાયક નાયક તેહનાજી;
શ્રીઆનંદવિમલ સૂરીશ્વર, સંપ્રતિ સંવેગગુણ જેહનાજી. ૧

સુણજો ભવિયણ સાધુ તણા ગુણ, ભણજો ભાવ ધરીનેજી;
જિનદરિસન મુનિવંદન એ બેહુ, મહોટી કરણી ભવિનેજી. સુ૦ ૨

ક્રિયાઉદ્ધાર કરીને જેણે, શાસન શોભ ચઢાઈજી;
કુમતિ જલધિમાં પડતા જનને, બોધિ દીઓ સુખદાયીજી. સુ૦ ૩

શ્રી વિજયદાન સૂરીશ્વર સુંદર, તસ પટ દિનકર સરિખાજી;
અઢી લાખ જિનબિંબ પ્રતિષ્ઠા, જિનમતે સૂધા પરખ્યાજી. સુ૦ ૩

હીરો શ્રી હીરવિજયો સૂરિ, કીર્તિ સજી જેણે [2]ગોરીજી;
સાંઈ અકબરને નિજ વયણે, જિનમતશું મતિ જોરીજી. સુ૦ ૪

૧. બહુ માયાવાળા ૨. ઉજ્જ્વલ

સાંઈ સલિમ આગળ જયવરિયો, શ્રી વિજયસેન ગુણ દરિયોજી;
બિરુદ સવાઈ જગતગુરુ દરિયો, મતિ સુરગુરુ અધિકરિયોજી. સુ૦ ૫

શ્રી વિજયદેવ સૂરીશ્વર તસ પટે, ઉદયો અભિનવ ભાણજી;
આચાર્ય શ્રી વિજયસિંહ સૂરીશ્વર, જ્ઞાન ક્રિયા ગુણ ભાણજી. સુ૦ ૬

અનુક્રમે તે આચારજ સુર પ્રતે, પ્રતિબોધનને પહોતાજી;
શ્રી વિજયદેવ સૂરિ નિજ પટે થાપે, શ્રી વિજયપ્રભ સૂરિ વિનીતાજી. સુ૦ ૭

સંપ્રતિ જે જયવંતા હુંતા, તસ ગચ્છ શોભાકારીજી;
શ્રી આનંદવિમલ સૂરિ દીક્ષિત, કવિ ધર્મસિંહ મતિ સારીજી. સુ૦ ૮

તસ શિષ્ય શ્રીજયવિમલ વિબુધ વર, કીર્તિવિમલ શિષ્ય તેહનાજી;
શુદ્ધાચારી શુદ્ધ આહારી, બિરુદ કહીજે તેહનાંજી. સુ૦ ૯

શ્રીનયવિમલ પંડિત વૈરાગી, શિષ્ય તેહના લહીએજી;
શ્રી વિજયપ્રભ સૂરિની આણા, શીશ ધરી નિર્વહીએજી. સુ૦૧૦

ધીરવિમલ પંડિત તસ સેવક, સમયમાને શુદ્ધ વાણીજી;
શક્તિ પ્રમાણ ક્રિયા અનુસરતા, શીખવતા ભવિ પ્રાણીજી. સુ૦૧૧

વર્દ્ધમાન તપકારક તેહના, લબ્ધિવિમલ શિષ્ય તેહનાજી;
લઘુ સેવક નયવિમલ વિબુધની, બુધમાં સબલ જગીસાજી. સુ૦૧૨

સયણ સહાયે ચિત્ત નિરમાયે, ઉપ સંપદ કરી લીધુંજી;
આચારજપદે જ્ઞાનવિમલ ઇતિ, નામ થયું સુપ્રસિદ્ધુજી. સુ૦૧૩

નિધિ[૯] યુગ[૨] મુનિ[૭] શશિ[૧] (૧૭૨૯) સંવત્ માને,
ફાગુણ શુદિ પંચમી દિવસેજી;
પત્તન નયર તણે તસ પાસે, પદ પામ્યું શુભ દેશેજી. સુ૦૧૪

વિજયપ્રભ સૂરિને પાટે, પક્ખ સંવેગ સુહાયા જી;
જ્ઞાનવિમલ સૂરિ સંપ્રતિ દીપે, તેજે તરણી સવાયાજી. સુ૦૧૫

તેણે એ આનંદમંદિર નામે, રાસ કર્યો સુખહેતેજી;
સાગરવિજય બહુ સમવાયે, સુણવાને સંકેતેજી. સુ૦૧૬

રાધનપુર શહેરે પ્રારંભ્યો, સંપૂરણ થયો તિહાંહિજી;
નભ[૦] મુનિ[૭] મુનિ[૭] વિધુ[૧] (૧૭૭૦) સંવત્ માને,
અધિક અધિક ઉચ્છાહિજી. સુ૦૧૭

મહા શુદિ અજુઆલી તેરશ, પુષ્યારકને યોગેજી;
સ્નાત્રોચ્છવ દિને ચઢ્યો પ્રમાણે, એથી સુખીયો સવિ લોગજી. સુ૦૧૮

અરિહંત સિધ્ધ સુસાધુ ધર્મનાં, મંગલ એહી ચારજી;
એ આનંદમંદિરમાં તેહથી, સુખીયો સહુ સંસારજી. સુ૦૧૯

એક શત એકાદશ છે ઢાલા, નવ નવ બંધ રસાલાજી;
સેત છાંહોત્તેર ગુણયાલ ગ્રંથે, ભણતાં મંગલમાલાજી. સુ૦૨૦

॥ સર્વ ગાથા ૨૩૯૫ થઈ છે ॥

इतिश्री श्रीचंद्रप्रबंधे प्रवासचर्यायां १ तापस प्रतिजागर २ स्वर्णसिद्धिप्रापण ३
श्रीपर्वते गमन ४ भिल्लमोचन ५ अयकुंभ स्वर्णीकरण ६
स्थाने स्थाने कन्यापाणिग्रहण ७ करकोटद्वीपगमन ८ तत्र उमाखर्परामुखात्
ज्ञातपितृदुःखं तन्निराकरणार्थ निमित्तरूपधरण ९
पातालनगरी कन्यापाणिग्रहण १० चंद्रहास्यखड्गप्रापण ११ विद्यासाधन १२
तत्र वने अवधूभवन मातृमिलण १३ स्वरक्षण तत्र जंतुगृहांतज्वलन पितृरक्षण १४
गजवशीकरण १५ भिल्लधर्मोपदेशकथन १६
मोहनी प्रतिबोधन विविध विनोद विलोकन १७ भाटके पाणिग्रहण १८
राज्यपुत्रबंधमोचन १९ शीलदृढकरण २० राजामिलण २१
बंधुजन्मा महाकरण २२ सकलस्त्रीसमुदायीकरण २३ वैताढ्यगमन २४
तद्राज्यादि बहुलाभप्रापण २५ धर्मोपदेशश्रवण २६ स्वभव पृच्छन २७
श्राद्धधर्म अंगीकरण २८ राज्यस्थापन २९
प्रतापसिंहादि पितृ मातृ संयमग्रहण शिष्यासहन सुसढकथाकथन ३०
धर्मकरणीकरण ३१ सुतादीनां देशराज्यादि वितरण ३२ स्वयं दीक्षाग्रहण ३३
केवलज्ञान प्रापण ३४ परिवार दीक्षण ३५ आत्मनिर्वाण गमन आनंदमंदिर
गुणप्रगटन इत्याद्यनेकविचारसारमय आनंदमंदिरनाम्नि रासके
चतुर्थोऽधिकारः समाप्तः ॥
॥ समाप्तोऽयं ग्रंथः॥

**શ્રીચંદ્ર કેવલીનો રાસ**
**સમાપ્ત**

